વળી વખત ને ઘણે ઠેકાણે એમ પણ બને છે કે, વખત, પૈસો તથા બુદ્ધિબળ એ ત્રણે ચીજોની બક્ષીસ એક સાથે ઉતરેલી હોતી નથી. જેમકે ઘણા માણસો બુદ્ધિશાળી હોય છે અને વખત રોકી શકે તેવી સગવડવાળા પણ હોય છે છતાં પણ તેઓની પાસે પૈસાની છુટ હોતી નથી. તેમજ કેટલાક માણસો એવા હોય છે કે. જેઓની પાસે વખત તથા પૈસાની સગવડ હોય છે પણ બુદ્ધિબળ હોતું નથી. અને ઘણા માણસો એવા હોય છે કે, જેઓમાં બુદ્ધિબળ હોય છે અને પૈસા પણ હોય છે, પણ તેઓના કુદરતી સંજોગોજ એવા હોય છે કે તેઓને વખત મળતો નથી. આવી રીતે જુદા જુદા માણસોને જુદા જુદા પ્રકારની ખરેખરી અડચણો હોય છે, તેથી તેઓને જે બાબતની અડચણ હોય તે અંગમાં તેઓ પછાત રહી જાય છે. પણ એ અંગમાં પછાત રહે તેમા તેઓનો બહુ દોષ હોતો નથી. કારણ કે તેઓની આસપાસના સંજોગોજ એવા હોય છે, એટલે જેની પાસે કુદરતી રીતેજ ઓછાં સાધન હોય તે માણસ જો વધારે સાધનોવાળાના જેટલું ન કરી શકે તો તેમાં કાંઇ નવાઈ નથી. એટલુંજ નહીં પણ તેઓ થોડું કરે તોપણ પ્રભુ તેઓનું ઘણું માની લે છે. કારણ કે એમાં કાંઈ તેઓનો ખાસ વાંક હોતો નથી. તેથી વખત પૈસો કે બુદ્ધિબળ એ ત્રણમાંથી જે બાબત પોતાનામાં કુદરતી રીતે ઓછી હોય તે બાબત ઓછી વપરાય તોપણ ચાલી શકે છે. પણ એ ત્રણ-

જરૂર છે. અને વખત એ જીંદગી છે. માટે જીંદગી વધારવી તથા શરીરને આરોગ્ય રાખવું એ પણ ધર્મની ફરજ છે.

બીજું એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે, પૈસાથી તો નરકમાં જવાય છે. પૈસાથી તો મોહ ઉત્પન્ન થાય છે. પૈસાનો તો ત્યાગજ કરવો જોઈએ. અને પૈસાને તો અડવાની પણ જરૂર નથી. આવા વિચારો ત્યાગને નામે લોકોમાં ફેલાઈ ગયા છે. ને ઘર કરી ગયા છે, તેથી આપણે ધર્મના રસ્તામાં કે જગવ્યવહારમાં આગળ વધી શકતા નથી. માટે દરેક માણસે એમ સમજવું જોઈએ કે, પૈસા મેળવવા ને તેને પ્રભુને અર્થે સારાં કામોમાં ખરચવા એ પણ ધર્મની એક મોટામાં મોટી ફરજ છે. માટે પૈસા મેળવવા સારૂ જેટલા બને તેટલા વ્યાજબી પ્રયત્ન કરવા જોઈએ. કારણ કે પૈસાની મદદથી પણ ધર્મના રસ્તામાં બહુ જલદીથી આગળ વધી શકાય છે. માટે દરેક માણસે પૈસા કમાવાની ખાસ કાળજી રાખવી જોઈએ. કારણ કે પૈસા પોતે કાંઈ ખરાબ વસ્તુ નથી. પણ ઉલટું લક્ષ્મી એ તો ભગવાનનું અર્ધુ અંગ છે. એટલે ઐશ્વર્ય વિના તો ઈશ્વર પોતે પણ રહી શકે નહીં. ત્યારે માણસોનું શું ગજું છે કે તે લક્ષ્મીની મદદ વિના જીવી શકે ? કોઈને કોઈ રૂપમાં માણસને લક્ષ્મીની મદદની તો જરૂર છેજ. માટે તેને મેળવવાની દરેકે વ્યાજબી કોશિશ કરવી જોઈએ. કારણ કે તે પણ ભગવાનનું અંગ છે, અને ધર્મના રસ્તામાં આગળ વધારનાર છે. માટે પૈસા મેળવવા એ પણ ધર્મની ફરજ છે. એમ સમજીને તેને મેળવવા જોઈએ. તેમાં માત્ર સંભાળવાનું છે તે એટલુંજ કે, તેનો મોહ ન થઈ જાય, તથા તેના મોહમાં બીજી વસ્તુઓનું ભાન ન ભુલાઈ જાય, એટલું સંભાળવાનું છે.

ધર્મની ખાતર વખત અને પૈસા એ બે બાબત મેળવવાની જેટલી જરૂર છે, તે કરતાં પણ જ્ઞાન મેળવવાની ઘણી વધારે જરૂર છે. કારણ કે જો બુદ્ધિબળ હોય તો વખત પણ મેળવી શકાય છે. અને પૈસા પણ મેળવી શકાય છે. તથા તે બંનેનો સદુપયોગ પણ બુદ્ધિ બળથીજ થઈ શકે છે. માટે બુદ્ધિબળની સૌ કરતાં વધારે જરૂર છે. તેથી અસલના પવિત્ર ઋષિઓ પ્રાતઃ



૪૨–આપણી પ્રાર્થનાઓને સફળ કરવાના ઉપાયો.

માણસની જીંદગી અપૂર્ણતાવાળી છે. તેથી તેને પૂર્ણ
વા માટે ઘણાં સાધનોની મદદ લેવાની જરૂર પડે છે.
રણ કે મનુષ્ય જ્યારે પૂર્ણ થાય ત્યારેજ તેનો મોક્ષ થાય
. જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી તેનો મોક્ષ થઈ
કતો નથી. માટે પૂર્ણતા મેળવવાની જરૂર છે અને પૂર્ણતા
ળવવા સારૂ આસપાસનાં સારાં સાધનોની મદદની જરૂર છે.

આવાં સાધનોમાં પ્રભુની પ્રાર્થના કરવી અને તેની મદદ
ાગવી એ ઘણું ઉત્તમ પ્રકારનું સાધન છે. કારણ કે જેને
વી રીતે મદદ માગતાં આવડે છે અને જેને એવી રીતની
દરની મદદ મળે છે તેનું બળ બહુ વધી જાય છે, તેને
શ્વાસ બહુ વધી જાય છે. તેનું જ્ઞાન બહુ વધી જાય છે
અને તેનો સ્નેહ બહુ વધી જાય છે. કારણ કે તે એમ સમજે
કે, પ્રભુની કૃપા મારી ઉપર છે. તેથી એ વિશ્વાસને લીધે
નામા નવું બળ આવી જાય છે એ બળને લીધે બીજાં હજારે
ાણસો કરતા તે માણસ જરા નોખો પડી જાય છે. કારણ કે
ની મરજી કાંઈ ઓરજ પ્રકારની હોય છે. અને તે એક અજબ
તની ખુમારીમા રહે છે. એટલુંજ નહીં પણ બહારથી જોના
ઓને એમ લાગે કે, આ કાંઈ કરતો નથી અને તેમ છતાં
ની પાસે આટલું બધું કેમ ચાલ્યું આવે છે? એ જોઈને
ઓ અજબ થાય છે. એને જે બગતની પ્રાર્થનાઓ મંજુર
ની હોય તે ભક્ત પોતે પણ અજબ થાય છે કે, પ્રભુની
યા તો જો! આમ થવાથી તેનામા ધર્મનું જોર બહુ વધી
જાય છે, તથા તેની આસપાસના લોકોનાં પણ તેની અસરથી
ળ વધી જાય છે અને એ જોઈને બીજાં ઘણાં માણસો
ઉપર તેની ઘણીએ ભલી અસરો થાય છે. માટે આપણી
પ્રાર્થનાઓ મંજુર થાય એવા ઉપાયો આપણે કરવા જોઈએ.

આગળ વધવા માટે અનેક ચીજોની જરૂર પડે છે. તેથી
તે મેળવવા સારૂ ઘણા માણસો પ્રાર્થના કર્યા કરે છે. પણ

(૩) પ્રભુની ઇચ્છા પ્રમાણે માગવું, એટલે કે નિઃસ્વાર્થપણું રાખવું. આપણી ઇચ્છા પ્રમાણે માગવું નહીં. કારણ કે આપણી ઇચ્છાઓ વાંધા ભરેલી હોય છે. આપણી ઇચ્છાઓ તો બહુ નાની નાની હોય છે. આપણી ઇચ્છાઓ તો અધુરી અધુરી હોય છે. આપણી ઇચ્છાઓ તો બીજી ઇચ્છાઓની સાથે સેળભેળ થએલી હોય છે. આપણી ઇચ્છાઓ તો ઘડીકમાં બદલાઇ જાય તેવી હોય છે. આપણી ઇચ્છાઓ તો સ્વાર્થથી ભરેલી હોય છે અને આપણી ઇચ્છાઓ તો કોઈ વખત આપણું પોતાનુંજ બુરું કરે તેવી હોય છે. માટે આપણી ઇચ્છા પ્રમાણે માગણી કરવી નહીં, પણ એવી પ્રાર્થના કરવી જોઇએ કે, જો આ મારી પ્રાર્થના તને વ્યાજબી લાગે તો તે મંજુર કર–અમારી પ્રાર્થના જો તારી ઇચ્છા પ્રમાણેની હોય તો તે મંજુર કર અને અમારી પ્રાર્થનાઓ જો અમારૂં કલ્યાણ કરે તેમ હોય તો તે નું સ્વીકાર. પણ જો અમારી કાંઈ ભૂલ થતી હોય તો એવી ભૂલ ભરેલી પ્રાર્થના નું સ્વીકારીશ માં. એમ કરીને તથા એવી ભાવના રાખીને પછી પ્રાર્થના કરવી જોઇએ. અને તેમાં ધ્યાન કરીને એવોજ સુરો આવવો જોઇએ કે, તારી ઇચ્છા પ્રમાણે થાઓ કારણ કે પ્રભુ જેવો મહાન છે તેવીજ તેની ઇચ્છાઓ પણ મોટી છે. પ્રભુ જેવો દયાનો સાગર છે તેવી તેની ઇચ્છાઓ પણ મહાન દયાવાળી છે. પ્રભુ જેવો આનંદ સ્વરૂપ છે. તેવીજ તેની ઇચ્છાઓ પણ આનંદ આપનારી છે પ્રભુ જેવા પવિત્રમા પવિત્ર છે તેવી તેની ઇચ્છાઓ પણ પવિત્ર હોય છે પ્રભુ જેવો પ્રેમસ્વરૂપ છે તેવી તેની ઇચ્છાઓ પણ પ્રેમમાં ભીંજાએલી હોય છે. પ્રભુ જેવો ઉદાર છે તેવી તેની ઇચ્છાઓ પણ ઉદાર હોય છે પ્રભુ જેવો અભેદ ભાવવાળો છે તેવી તેની ઇચ્છાઓ પણ અભેદ ભાવવાળી હોય છે. અને પ્રભુ જેવો જ્ઞાનસ્વરૂપ છે તેવી તેની ઇચ્છાઓ પણ ઉંચી જાતના જ્ઞાનવાળી છે માટે પ્રભુની ઇચ્છા ઉપર લગામ છોડી દેવી અને તેની ઇચ્છામાં આપણી ઇચ્છા મિલાવી દેવી તેમાંજ આપણું કલ્યાણ છે માટે જો આવું નિસ્પૃહીપણું રાખતાં આવડે અને તેની ઇચ્છા પ્રમાણેનીજ માગણી કરીએ તો તે પ્રાર્થનાઓ બહુ સહેલાઇથી ને તુરતજ મંજુર થાય છે.

(૫) આપણી જે જે પ્રાર્થનાઓ હોય તે પ્રાર્થનાઓ વારંવાર કર્યા કરવી. તેમાં ખૂબ ઉંડાણથી, પ્રેમથી તથા ઉત્સાહથી લાગ્યા રહેવું ને પછી પ્રાર્થના સફળ થવા માટે ધીરજથી તેની રાહ જોવી. એથી ફતેહ મળે છે. પણ ઘણા ભક્તો ધીરજ રાખી શકતા નથી, અને ઘણા ભક્તો વારંવાર પોતાની માગણી કર્યા કરતા નથી, તેથી તેઓની પ્રાર્થના સફળ થતી નથી. કારણ કે જ્યારે પોતાની માગણી માટે પોતાનેજ લાગણી ન હોય ત્યારે તેમાં બેદરકારી રાખી કહેવાય, અને જે બાબતમાં આપણી પોતાનીજ બેદરકારી છે તે બાબત ઉપર પ્રભુ શા માટે ધ્યાન આપે ? માટે આપણી પ્રાર્થનાઓ વારંવાર કર્યા કરવામાં આપણે ઢીલાપોચાપણું ન રાખવું જોઇએ. પણ જેમ બને તેમ ઉત્સાહપૂર્વક વારંવાર જરૂરની પ્રાર્થનાઓ કર્યાજ કરવી જોઇએ.

પ્રાર્થનાનો જવાબ મળતાં વાર લાગે તો ધીરજ ખોઈ દેવી નહીં. કારણ કે ઘણી વખત એમ બને છે કે જે કામ કરવાની આપણી ઇચ્છા હોય છે તે કામ કરવાનો વખત આવેલો હોતો નથી, તેથી તે પ્રાર્થના મંજુર થતાં વાર લાગે છે. બીજું એકે પ્રાર્થનાના જવાબ માટે ઉતાવળા થવાથી મન ચંચળ થઈ જાય છે, તથા તર્ક વિતર્કના પ્રદેશમાં દોડવા મંડી જાય છે, તેથી ઉલટું નીચે ઉતરી જવાય છે માટે પ્રાર્થના મંજુર કરાવવાની બાબતમાં ઉતાવળા થઈ જવું નહીં. પણ ખૂબ ધીરજ રાખીને તથા ખરેખરી શાંતિ રાખીને તેની રાહ જોવી. એટલે વખત આવે એની મેળે મેળે આપણી પ્રાર્થનાઓ મંજુર થાય છે.

બંધુઓ ! ઉપર જણાવેલાં પાંચ અંગોમાંથી જો એક પણ અંગ બરોબર રીતે પળાય તો તુરતજ પ્રાર્થના મંજુર થાય છે. ત્યારે જે ભાગ્યશાળી ભક્તો એ પાંચે બાબતો સાચવે તેઓની પ્રાર્થનાઓ મંજુર થાય તેમાં તો નવાઈજ શું ? માટે જો પ્રાર્થના સફળ કરાવવાની ઇચ્છા હોય તો અનુભવી ભક્તોની આ બધી કુંચીઓ સમજીને તે પ્રમાણે વરતવા માંડો, એટલે પરમકૃપાળુ પરમાત્મા તમારી પ્રાર્થના સફળ કરશે. અને જેની

પ્રાર્થના સફળ થાય તે સુખી થઈ જાય તેમાં નવાઈ શું? માટે જો સુખ તથા કલ્યાણ મેળવવું હોય તો પ્રભુનો મહિમા સમજીને તેની ઈચ્છા પ્રમાણે પ્રાર્થના કરો ને ધીરજથી રાહ જુઓ, એટલે વખત આવે તે જરૂર મંજુર થશેજ. એમાં કાંઈ પણ શક નથી. માટે જીંદગી સુધારનારી ને આગળ વધારનારી પ્રાર્થના કરો. પ્રાર્થના કરો

૪૩–જે ડાહ્યા માણસો હોય છે તે પોતાના દોષ જુએ છે અને જે અજ્ઞાની હોય છે તેઓ બીજાના અવગુણો જોવામાંજ રહી જાય છે.

આ જગતમાં માણસોનું જે મુખ્ય કર્તવ્ય છે તે એ કે, તેણે પોતે જ્ઞાન મેળવવું જોઈએ, અને જીવાત્માને આગળ વધવામાં ઉપયોગી થાય તેવા અનેક જાતના અનુભવો મેળવી સંપૂર્ણતાએ પહોંચવું જોઈએ. અને એમ કરવા સારૂ સૌ સાથે ભલાઈ રાખવી જોઈએ તથા બીજાને યથાશક્તિ મદદ કરવી જોઈએ. આ બધું કેમ થાય છે એ તમને ખબર છે? જ્ઞાનીઓ કહે છે કે, આ બધી બાબતોના બે મુખ્ય મૂળ છે. પહેલું એ કે પોતાના અવગુણો તપાસવા, અને બીજું એ કે બીજાઓની ભૂલો જોવામાંજ રહી જવું નહીં, પણ તેમના દોષો માફ કરવા, અને તેઓની તરફ શુભ દૃષ્ટિથી જોવું. એ આગળ વધવાના મુખ્ય ઉપાય છે

આપણી પોતાની ભૂલો જોયા કરવાથી આપણાથી થતી ભૂલો સુધારવાની આપણને તક મળે છે પણ જો આપણી ભૂલો આપણે ન જોઈએ તો આપણામાં અભિમાન આવી જાય છે. જો આપણી ભૂલો આપણે ન જોઈએ તો આપણામાં એ ભૂલો લાંબા કાળ સુધી રહી જાય છે. જો આપણી ભૂલો આપણે ન જોઈએ તો એટલું આપણામાં અધુરાપણું રહી જાય છે. જો આપણી ભૂલો આપણે ન જોઈએ તો આગળ વધવાના ઘણાએ રસ્તાઓનાં બારણાં આપણા માટે બંધ રહે છે. જો આપણી

ભૂલો આપણે ન જોઇએ તો આગળ વધવાની તક ખોઈ નાખીએ છીએ. અને જો આપણી ભૂલો આપણે ન જોઇએ તો આપણો આત્મા અંદરથી રાજી થતો નથી. કારણ કે અંદર કચરો ભર્યો હોય ત્યાં સુધી તેને ચેન પડતું નથી. માટે જો જીંદગી સુધારવી હોય ને પ્રભુના વહાલા થવું હોય તો પ્રથમ પોતાની ભૂલો તપાસતાં શીખવું જોઇએ, અને તે ભૂલો દૂર કરવાના ઉપાયો કરવા જોઇએ. કારણ કે આપણામાં રહી ગએલી ભૂલો એટલે શું ? એ તમે જાણો છો ? મહાત્માઓ કહે છે કે, જે ભૂલો છે તે અણીદાર ખીલાઓ છે. તે ખીલાઓ હૃદયમાં ખુંચી જાય તેથી બહુ વેદના થાય છે. જે ભૂલો છે તે ઝેર પાએલાં તીર જેવી છે. તે તીરની આસપાસની જગ્યા સડવા માંડે છે અને પછી આખા શરીરને બગાડી દેય છે. આપણી અંદર રહેલી જે ભૂલો છે તે કલોરોફોર્મ જેવી ઘોડો વખત જીવને બેશુદ્ધ કરી નાખનારી છે. જે ભૂલો છે તે દેવતાના અંગારા જેવી છે. તેથી એ અંગારો જ્યાં પડયો હોય તે વસ્તુને બાળે છે અને જે તેના સંબંધમાં આવે તેને પણ બાળે છે. જે ભૂલો છે તે ઝેરી હવા જેવી છે તેથી તે સાદી આંખે દેખી શકાતી નથી, તેમ છતાં ભયંકર નુકશાન કર્યા કરે છે. જે ભૂલો છે તે ચેપી રોગ જેવી છે. તેથી આપણી ભૂલોનો ચેપ બીજાઓમાં પણ ફેલાય છે. જે ભૂલો છે તે દારૂના વ્યસન જેવી છે કારણ કે જ્યારે તે વ્યસનને વશ થઈ જાય છે ત્યારે એ ભૂલોનાથી ખોટી જાતની ખુમારી ચડે છે, અને પછી દીલાઠબ ને પોચાપચ થઈ જવાય છે. જે ભૂલો છે તે આમલેટ જેવી છે. તેથી તેની ખબખ બહેરો ફેલાય છે. અને તે જલદીથી જાગી ઉઠે છે અને આપણી અંદર રહેલી જે ભૂલો છે તે પ્લેગ કે કોલેરાના જંતુ જેવી છે, કે જે જંતુ થોડીવારમાં બહુજ વધી જાય છે અને નાની નાની સાધારણ દવાઓથી તે જંતુ મરતા નથી. તેમજ ભૂલો પણ બહુ જલદી જલદી વધી જાય છે અને પછી સાદા સાદા ઉપાયો કરવાથી તે નીકળતી નથી માટે બંધુઓ ? આપણી અંદર રહી ગએલી અથવા નવી દાખલ થતી ભૂલોથી બહુજ સંભાળજો.

--

આપણી પોતાની ભૂલો સુધારવા માટે શાસ્ત્રો વારંવાર તાકીદ કરે છે, અને મહાત્માઓ પણ ફરી ફરીને એની એજ વાતો કહ્યા કરે છે. કારણ કે ભૂલની અંદર કેટલી બધી ખરાબી રહેલી છે એ તેઓ સમજે છે. પણ ભૂલથી થતી ખરાબી વિષે આપણે આટલી બધી હકીકતો જાણતા નથી, તેથી આપણે એ બાબતમાં બેદરકાર રહીએ છીએ. પણ હવે એવી બેદરકારી રાખવાનો સમય નથી કારણ કે હવે આપણું જ્ઞાન વધ્યું છે, આપણી આનવાનના સાધનો વધ્યા છે, અને આપણી શક્તિઓ પણ ખીલતી જાય છે, માટે હવે આપણાથી આપણી જુની ભૂલોમાં પડ્યું રહેવાય નહીં.

જે ભક્તોને તથા જે સજ્જનોને પોતાની ભૂલો સમજાય છે તેને એમ લાગે છે કે, શું હજી સુધી અમારામાં આવા દોષો રહેલા છે? શું હજી સુધી અમે આવા અધમમાં રહી ગયા છીએ? શું હજી સુધી કાળજું કોરી ખાનારા આ કીડાઓ અમારા હૃદયમાં રહી ગએલા છે? શું હજી સુધી અમને આ જંજાળ વળગી રહેલી છે? શું હજી સુધી અમારા મનની સ્થિતિ આવી નબળી છે? અને શું હજી સુધી અમારામાં એટલી બધી નાલાયકી રહેલી છે કે જે નાલાયકીને લીધે અમારી ભૂલો પણ અમને સમજાતી નથી? શું અમે તેને દૂર ન કરી શકીએ? આમ લાગવાથી તેઓના અંતરમાં તરફડાટ થાય છે. તેઓને પશ્ચાત્તાપ થાય છે. અને પછી તેઓનો જીવ જાગ્રત થઈ જાય છે, તેઓ ખરેખરી લાગણીથી તથા ખરેખરી મહેનતથી તે પોતાના દોષોને દૂર કરવા મંડે છે. એટલે ધીરે ધીરે તેની જીંદગી બદલાતી જાય છે,

આવી રીતે પોતાની ભૂલો સુધારનારને શું ફાયદો થાય તે આપણે જોયું, હવે બીજાઓના અવગુણ જોવામાંજ જેઓ રહી જાય છે તેઓના શું હાલ થાય ?

જેઓ બીજાઓના વાંક જોતા

વધતા જાય છે.

દોષ ને ને ભૂલો

ભાવનાઓ રાખે તેવું ફળ મળે છે. માટે મનની ક્રિયા જાણનારા વિદ્વાનો એમ કહે છે કે, માણસો જેવા વિચારો રાખે છે તેવા તે થાય છે. આમ હોવાથી જે માણસો બીજાના દોષ જોયા કરે, તેમાં ને તેમાં લક્ષ રાખે, એની ને એની વાતો કર્યા કરે, એ બાબત ઉપર મીઠું મરચું લગાડ્યા કરે, એનાં ચિત્રો પોતાની નજર આગળ જોયા કરે, અને એની એ કલ્પના એ કર્યા કરે, તથા એને લગતી વધારે હકીકત જાણવા માટે તેમની તરફજ બુદ્ધિને દોડાવ્યા કરે, ને એજ જાતના સંકલ્પ વિકલ્પ કર્યા કરે, તેને આગળ જતાં એ બધી વાતો ઉલટી ગળી જાય છે, તેથી ધીરે ધીરે પોતાનામાં એ દોષ આવતો જાય છે, એટલે "દીકરો લેવા ગઈ ને વરને ખોઈ આવી." તેના જેવા તેઓના હાલ થાય છે. કારણ કે જે માણસ આવી રીતે બીજાઓની ભૂલોનું મનન કર્યા કરે ને તેને સુધારવાની ઈચ્છા રાખે તે માણસો ઉલટા પોતેજ એ જાતની ભૂલમાં ફસાઈ જાય છે. માટે યાદ રાખજો કે કોઈ પણ માણસોની ભૂલો જોવાના બહુ ઉંડાણમાં ઉતરી જશો માં, અને એવી ટેવ પાડશો ના નહીં તો એમાંથી હેરાન થઈ જશો.

આપણા લાગતા વળગતાઓની બહાર દેખી શકાય તેવી મોટી ભૂલો માટે તેઓને ઘટતી સૂચનાઓ આપવી એમાં કાંઈ ખોટું નથી, પણ બીજાઓની ભૂલોનો અભ્યાસ ન કર્યા કરવો જોઈએ તેમજ બીજાઓની ભૂલો આપણા અંતરમાં ઘુસી જાય એટલી બધી હદ સુધી તેના ઉંડાણમાં ન ઉતરવું જોઈએ. પણ જો જરૂર પડે તો જેમ ડાકટરો રોગીઓની સાથે રહે છે, તેમના રોગો તપાસે છે તથા દવાઓ આપે છે અને તેમ છતાં એ રોગનો ચેપ પોતાને ન લાગી જાય તેની સંભાળ લે છે. તેમજ તટસ્થ રહીને, ચોકસી રાખીને, અને ડહાપણ વાપરીને બીજાઓની ભૂલો તપાસી તેના ઉપાય કરવા એ જુદી વાત છે, અને બીજાઓની ભૂલો જોયા કરવામાં તરબોળ થઈ જવું તથા એવી રીતે ભૂલો જોવાની ટેવ પાડી દેવી અને એમાંજ રચ્યું પચ્યું રહેવું તથા એવી નકામી બાબતોમાંજ જીંદગી ખોઈ નાખવી એ જુદી વાત છે. એમ ન થવું જોઈએ.

બીજાઓના અવગુણ જોયા કરવાથી તથા એ જાતના વિચારો કર્યા કરવાથી અને તેની ટકોર કર્યા કરવાથી સામા માણસો ઉલટા બેશરમ બની જાય છે. તથા જે ચીજ આપણને ન ગમતી હોય તે આપણી સામે કરી બતાવવામાં તેઓને એક જાતની ગમત પડે છે. કારણ કે તેઓ એમ સમજે છે કે, આમ કરીને અમે તેઓને ચીડવીએ છીએ. તેથી ઉલટો આપણો ગુસ્સો વધતો જાય છે, અને તેઓની ખરાબ ટેવો કે ભુલો વધતી જાય છે બીજું એ કે આપણા મનમાં બીજાઓને માટે જે નબળા વિચારો હોય તે વિચારોનો ધકો તેઓને પહોંચે છે. તેથી તેઓ વધારે વધારે ભુલો કરતા જાય જાય છે. અને એ દોષના ભાગી આપણે પોતેજ થઇએ છીએ. કારણ કે આપણા વિ[illegible] તેઓને ધકો લાગે છે, તેથી તેઓ ખરાબ થાય છે અને એવી રીતે આપણા ખરાબ વિચારોનો ધ[illegible] [illegible] એ કાંઈ સારી વાત નથી. માટે આ[illegible] [illegible] જોયા કરવાની ભુલોમાંજ ન રહી જવું [illegible]

[illegible] જો આપણું આગળ વધવું હોય તો બીજાઓના [illegible] ન જોતા પણ તેઓના ગુણ જોવા. અને તે [illegible] જે દોષ રહેલા હોય તે જોવા, કે [illegible] સુધારી શકાય છે, આગળ વધી શકાય છે [illegible] થાય છે માટે દોષદૃષ્ટિ તજીને આત્માદી [illegible] તો તે બીજાઓના નહીં પણ [illegible] આગળ વધવાનો એક [illegible] છે. માટે તેનો લાભ લેવાની કોશિશ કરો.

૪૪–કુદરતના ભેદો, નિયમો ને હેતુઓ માણસો સમજી શકે તેમ છે, અને તે સમજવાથી જગતનું સુખ વધી શકે છે, માટે એ સમજવાની કોશિશ કરવી જોઇએ.

બંધુઓ ! હવે બુદ્ધિબળનો જમાનો આવતો જાય છે. તેથી હવે ચાલતા જમાનામાં વિદ્યા હુન્નરની બાબતમાં ઘણા મોટા સુધારા થઈ જશે. મોજ શોખનાં અનેક સાધનો વધી જશે. અનેક કળાઓ ખીલી નીકળશે. અને રસાયણ શાસ્ત્રની મદદથી તથા વીજળીની મદદથી આ જગતમાં મોટી ઉથલપાથલ થઈ જશે. કારણ કે હવે બુદ્ધિબળનો જમાનો આવી ગયો છે. તેથી પચાશ વરસ ઉપર માણસોને જે જાતની કલ્પનાઓ પણ આવી શકતી નહીં તેવા બનાવો આપણે આપણી નજર આગળ બનતા જોઈ શકીશું. અને તે કોઈ એકજ લાઈનમાં કે એકજ બાબતમાં નહીં, પણ સંસારી બાબતોમાં, રાજકીય બાબતોમાં, ધાર્મિક બાબતોમાં હુન્નરકળાની બાબતોમાં, નીતિના નિયમોની બાબતોમાં, વૈદક શાસ્ત્રની બાબતમાં અને બીજી અનેક ચીજોમાં દિન પ્રતિદિન બહુ મોટા મોટા સુધારા થઈ જશે, તે બધી બાબતોમાં ઝપાટાબંધ ફેરફાર થતા જશે, અને તે બધી બાબતોમાં થોડાં વર્ષોની અંદર મોટી ઉથલ પાથલ થઈ જશે. અને તે કાંઈ માત્ર આ દેશમાજ નહીં પણ આખી પૃથ્વીમા મોટા મોટા ફેરફારો થઈ જશે. કારણ કે હવે વિદ્યા હુન્નરનો, કળાકૌશલ્યનો, અને શોધખોળનો જમાનો આવતો જાય છે. તેથી થોડાં વર્ષોની અંદર ઘણું ચક્કર બદલાઈ જશે. અને એ ફેરફારમાં ઘણી પ્રજાઓના આચાર વિચાર બદલાઈ જશે, ધર્મના નિયમો બદલાઈ જશે, ગુજરાનનાં સાધનોની કામગીરીઓ બદલાઈ જશે, અને જુના વખતની સુસ્તી, કાઢીઆવડી ભલમનસાઈ, ખુશામત, ઉંચાપલું, મોટાઇમાં અભિમાન અને એવું એવું બીજું કાંઇ પણ નભી શકશે નહીં. એ વખતે તો જેનામાં જ્ઞાન હશે, બળ હશે, ઉત્સાહ હશે, હિંમત હશે અને સમય સમજી કામ કરતાં આવડશે તેજ માણસો ટકી શકશે, અને જે એ

બંધુઓ! હવે આ બુદ્ધિબળનો જમાનો આવતો જાય છે. તેથી દરેક ચીજમાં મોટી ઉથલપાથલ થઇ જશે. તેમજ ઈશ્વરની ભક્તિ કરવાના નિયમોની બાબતમાં પણ ઘણોએ ફેરફાર થઈ જશે. અને આજે જેમ આપણે એમ સમજીએ છીએ કે, પ્રભુના નામનું સ્મરણ કરવું એ આગળ વધવાનો ઉપાય છે. સંન્યાસ લેવો કે ત્યાગી થવું એ પ્રભુને રાજી કરવાનો ઉપાય છે. દર્શન કરવા, તીર્થ કરવા, માળાઓ પહેરવી, તિલકો કાઢવા અને આભડછેટના નિયમો પાળવા એ કલ્યાણનાં સાધનો છે, આવી આવી બાબતોને જેમ આપણે ધર્મનાં અંગ સમજીએ છીએ તેમ હવે પછીના જમાનામાં ઘણા માણસો એવી બાબતો ઉપર ભાર મૂકશે નહિ, અને તેને જરૂરની બાબતો સમજશે નહીં પણ એને બદલે તેઓ એમ સમજશે કે, કુદરતના નિયમો શોધી કાઢવા તેનું નામ ધર્મ છે. માણસ જાતના દુઃખો ઓછાં થાય તેમ કરવું એનું નામ ધર્મ છે. આપણા પોતાના દુર્ગુણોના [illegible] સુધારવા, આપણી તંદુરસ્તી જાળવવી અને [illegible] વધારવું તેનું નામ ધર્મ છે. જગતની [illegible] તેનો ઉપયોગ વધારવા [illegible] નામ ધર્મ છે. અને નવીન [illegible] મારવી તથા કુદરતના [illegible] તેનું નામ ધર્મ છે [illegible] આ ધર્મનાં અંગો [illegible] નહીં પણ તેનાં થી [illegible] ઉંચી નીકળેલાં છે. માટે [illegible] આ નવા ધર્મનું દરેક [illegible] કે આપણા બાળકોને અને [illegible] ધર્મ સમજાવવો છે. માટે સર્વ શક્તિ [illegible] મહિમા સમજવા માટે, જ્ઞાનનો [illegible] બુદ્ધિ વધારવા માટે, આ નવધર્મનું [illegible] જવા કોશિશ કરો! કોશિશ કરો!

નોકરીમાં તેઓ મઝે સમજતા હતા, કારણ કે ટાઈમ ઘણો મળતો હતો એટલે તેઓને એ નોકરી બહુ ગમતી હતી. પણ એટલામાં કાંઇ વિઘ્ન આવ્યું. બે ભાગીઆઓ વચ્ચે ટંટો થયો, તેથી તેઓ કોર્ટે ચડ્યા અને મિલકત બધી જપ્તીમાં ગઈ, એટલે દેશાઇભાઇને રજા મળી. આથી તેઓ દિલગીર થવા લાગ્યા કે, આવી સોનાના મૂલની નોકરી ગઈ હવે એવી સારી નોકરી બીજે કયાં મળશે ? એંે બેંે એંશી રૂપીઆ મહિનો મને કોણ આપશે? આવા વિચારથી તેઓ દિલગીર થવા લાગ્યા. એટલામાં તેઓના એક દોસ્તે કહ્યું કે, મારો ભાગીઓ ગુજરી ગયો છે અને તમારા જેવા હોંશિયાર માણસની મને જરૂર છે, માટે જો તમે કાનપુર જઈ શકો તો હું તમને મારી દુકાનમાં ચાર આના ભાગ આપું. એ વાત તેમણે કબુલ કરી, તેથી એંશી રૂપીઆને બદલે દર મહિને તેમને ચારસો રૂપીઆ મળવા લાગ્યા. અને વહેપારનો બહોળો અનુભવ થવા લાગ્યો. હવે વિચાર કરો કે જો તેઓની નોકરી કાયમ રહી હોત, તો તેઓ વેપારમાં જોડાઈ શકત નહિ. અને એંશી રૂપીઆને બદલે ચારસો રૂપીઆ મહિનો મેળવી શકત નહિ. પણ તેમ છતાંએ દેશાઇભાઇ હજી પણ એવી ફરિયાદ કર્યા કરે છે કે, મારી નોકરી બહુ સારી હતી. અને ફલાણો ભાગીઓ લડયો ન હોત તો મારી નોકરી જાત નહિ. પણ નોકરી જવાથી વેપારી લાઇનમાં જવાયું અને તેથી વધારે પૈસા મળવા લાગ્યા, એ બાબત ઉપર તેઓનું લક્ષ ખેંચાતું નથી, એટલે તેઓ નોકરી ગયાનું દુઃખ માન્યા કરે છે અને આપણાં પણ સોમાંથી પંચાણું દુઃખો ઘણું કરીને એવાજ પ્રકારનાં હોય છે. એટલે કે આપણને આગળ વધવાની તક મળવા સારૂ કોઇકને કોઇક પ્રકારનું દુઃખ આવે છે, જેમ કેઃ—

દેશાઇભાઇનું એક ઠેકાણે વેશવાળ થવાનું હતું, તે કન્યા ભણેલી ગણેલી ને રૂપાળી હતી, તેથી દેશાઇભાઇને એ ઠેકાણું બહુ ગમતું હતું. અને ત્યાં પોતાની સગાઈ થાય તો સારૂં એમ તેઓ ઇચ્છતા હતા, અને એ માટે પ્રયત્ન પણ

કરતા હતા, અને તેઓનો એ પ્રયત્ન લગભગ પાર પડવાની અણી ઉપર આવ્યો હતો, એટલામાં એક શ્રીમંત ગૃહસ્થની નેરી ગુજરી જવાથી તે ઠેકાણે દેશાઇભાઇએ પસંદ કરેલી કન્યા વરાઈ ગઈ તેથી દેશાઇભાઇને બહુ ગુસ્સો લાગ્યો ને એ માટે તેઓ અતિશય દિલગીર થવા લાગ્યા. તથા હવે કોઈ સાથે પરણવું નહિ. એવા વિચાર કરવા લાગ્યા. પણ ધીરે ધીરે તેઓના એ વિચાર નરમ પડયા, અને સગાં વહાલાંઓના આગ્રહથી બીજે એક ઠેકાણે તેઓએ લગ્ન કર્યું, એ બાઈ સાથે પ્રથમ તો તેઓને કાંઈ બહુ મજા પડતી નહિ, પણ પછી ચાર પાંચ વર્ષની અંદર તેઓએ જોયું કે, જે છોકરીને પોતે પસંદ કરી હતી અને જે બીજા શેઠીયા સાથે પરણી ગઇ હતી તે બાઈ તો પાછળથી ખરાબ ચાલની નીવડી હતી. તેની ઘેરેઘેર વાતો થતી હતી અને તેના વરે પણ તેની ખરાબ ચાલ જોઇને તેને તજી દીધી હતી. તેથી તેણે પોતાના વર ઉપર ભરણ પોષણની ફરિયાદી માંડી હતી. એ વખતે તેના વરે તે બીજા સાથે સંબંધ રાખતી તેના કાગળો કોર્ટમાં રજુ કર્યા હતા. આ બધું જોયા પછી દેશાઈભાઈને લાગ્યું કે આવી ખરાબ ચાલની સ્ત્રીના બંધનમાંથી છુટ્યા એ બહુ સારૂં થયું. પણ જ્યારે તે બાઈની સગાઈ બીજે ઠેકાણે થઈ ગઈ ત્યારે તેને જે દિલગીરી લાગતી હતી તે સામે જો જોયુ હોય તો આપણને પણ દિલગીરી લાગ્યા વિના રહે નહિ. પણ તેમ છતા કુદરતની ઇચ્છા એવી હતી કે દેશાઈભાઇને એવા ખરાબ બાઈના સંબંધમાં આવવા દેવા નહિ. તેથી એ બાઈની સગાઈ બીજે ઠેકાણે થઈ ગઈ હતી. અને તેમ છતા દેશાઇભાઇ દિલગીર થયા કરતા હતા. કારણ કે કુદરતના આવા ભેદો તેઓ જાણતા નહોતા અને આટલા બધા અનુભવ વીત્યા છતાં પણ સુખનેજ માટે દુઃખ આવે છે એમ તેઓની ખાતરી થઈ નહોતી, તેથી તેઓ દિલગીર થયા કરતા હતા.

આ પ્રસંગ વીતી ગયા પછી તેઓ પોતાની સ્ત્રી ઉપર વધારે વધારે હેત રાખવા મંડયા. અને જ્યાં સારી રીતે હેત

મ્યું એટલામાં સુવાવડના રોગમાં તેની વહાલી સ્ત્રી ગુજરી ઈ. તેથી તેઓ પોતાની હમેશની રીત મુજબ બહુજ હાય-ય ને અફસોસ કરવા લાગ્યા. પણ આ વખતે તેઓની જ આબરૂ વધી ગઇ હતી, અને તેઓની દુકાનમાં પણ ારી કમાણી થતી હતી, તેથી તેઓને એક મોટા લખપતિની કરી મળી. એ સગાઇ થવાથી તેઓની જીંદગીનું નવું ખાતું ઘડયું. કારણ કે એ બીજી બૈરીનો બાપ બહુ પૈસાદાર હતો અને તેને પોતાના જમાઈ દેશાઈભાઇ માટે બહુ સારા વિચાર તા, તેથી તેઓ બંને મળીને કાંઈ ધંધો કરવાનો વિચાર કરવા લાગ્યા. તેમાં અંતે ગરમ કાપડની મીલ કાઢવાનું નકકી થયું. તેથી એ મીલ તેઓએ કાઢી અને તેમાં બહુ મોટો નફો થવા લાગ્યો. દર વરસે પોણો લાખ રૂપીઆ દેશાઈભાઇને એ મીલના નફામાંથી મળવા લાગ્યા. હવે વિચાર કરો કે તેની પરહેલી બૈરી ન મરી ગઇ હોત અને બીજી લખપતિની દીકરી ન મળી હોત, તો તે કાંઈ મીલ કાઢવા જાત નહિ. તેને તો પોતાની દુકાનમાંથી ચારસો રૂપીઆ મહિને મળતા હતા તેમાં સંતોષ હતો. પણ તને આગળ વધારવો ને તેને હાથે પરમાર્થનાં કામો કરાવવાં એવી કુદરતની મરજી હતી, તેથી આવા આવા પ્રકારનાં દુઃખો તેની ઉપર આવી પડતાં હતા, અને એ દુઃખની પાછળ કેટલાક પ્રકારની ખાસ સગવડો પણ ખાસ ચાલી આવતી હતી. પણ એ સગવડો પ્રથમ દેખાતી નહિ. તે તો બહુજ ધીમે ધીમે લાંબે વખતે દેખાતી હતી, અને દુઃખ તો પ્રથમથીજ પ્રત્યક્ષ દેખાતું હતું. એટલુંજ નહિ પણ લાગણીઓ તથા વૃત્તિઓ અમુક રીતે ટેવાઈ ગએલી હોય અને તેમાં ઓચિંતા ફેરફાર થાય એથી દુઃખના ધકકા તો સ્વાભાવિક રીતે લાગ્યાજ કરે છે. એટલે માણસો દુઃખથી ડર્યા કરે છે. પણ ખરી રીતે જોતાં જ્ઞાનીઓને એમ લાગે છે કે, દુઃખમાં પણ કાંઇક ખાસ ખુબી હોય છે, એટલુંજ નહિ પણ સુખની ખાતરજ દુઃખ આવે છે. તથા આપણી વૃત્તિઓને કોમળ બનાવવા સારૂ અને આપણને આગળ વધારવા સારૂજ દુઃખો આવે છે. માટે ડાહ્યા માણ-

સો તો એમજ સમજે છે કે, જેમ સુખમાં ઈશ્વરની કૃપા રહેલી છે, તેમજ દુઃખમાં પણ ઈશ્વરના આશીર્વાદ રહેલા છે.

એ પછી દેશાઈભાઈની સમૃદ્ધિ જ્યારે કુદકે ને ભુસકે વધવા લાગી ત્યારે તેઓની સ્વર્ગવાસી વહાલી સ્ત્રીની યાદગીરી રાખવાનું તેમને મન થયું, તેથી તેમણે જુવાન ઉમરની પરણેલી તથા વિધવા સ્ત્રીઓને કેળવવા માટેનાં ખાતાં કહાડવા સારૂ બે લાખ રૂપીઆની રકમ નોખી કહાડી, અને તેમાંથી ઘણે ઠેકાણે એ અગત્યનાં પરમાર્થી ખાતાંઓ ચાલવા લાગ્યાં.

હવે વિચાર કરો કે જો એ સ્ત્રી ગુજરી ગઇ ન હોત તો તેને આટલો મોટો પરમાર્થ કરવાનું સૂઝત નહિ. તેમજ જે સ્ત્રીને પોતે પસંદ કરતો હતો તેનું ભોપાળું જાહેરમાં આવ્યું હોત નહિ, તો તેને પોતાની ભલી સ્ત્રી ઉપર અતિશય હેત આવી જાત નહિ. તેમજ પોતાની પહેલી સ્ત્રી સ્વર્ગવાસી થઇ ન હોત તો પોતાના હાલના સસરા સાથે આટલો બધો સંબધ થઈ શકત નહિ. અને તે એટલા બધા પૈસાવાળો થઇ શકત નહિ પણ આવા આવા દુઃખદાયક બનાવો બનવાથી પણ આગળ જતાં ઘણા ફાયદા થએલા છે, અને તેમ છતાં બિચારા દેશાઈભાઈ હજુ સુધી હમેશા એવીજ ફરિયાદી કર્યા કરે છે કે, હું તો જનમનોજ દુઃખીઆરો છું. નાની ઉમરમાં મા મરી ગઈ. મામીના ટલા ખાવા પડયા. પછી ઉગતી જુવાનીમાં બાપ ગુજરી ગયા, અને ઘરનો ભાર બધો મારા માથે આવી પડયો પછી જે ઠેકાણે સગાઈ થવાની હતી તે બીજે ઠેકાણે અપાઈ ગઇ જો એ કન્યા મને મળી હોત તો તે એવી ખરાબ થાત નહિ પછી સારી નોકરી મળી તે પણ ગઇ. એ પછી લગ્ન થયું, પણ તે બાઈડી બરાબર ગમતી નહોતી, અને જ્યારે તેનો ને મારો જીવ મળ્યો ત્યારે તે ગુજરી ગઈ. આવી રીતે મારા ઉપર તો ઉપરાઉપરી દુઃખજ પડયા કરે છે. અને હજીએ કોણ જાણે શું શું થશે એ કોને ખબર છે? આવી રીતે દુઃખોની ગણતરી કર્યા કરે છે પણ એ દુઃખોમાંથી જે સુખો ઉત્પન્ન [illegible] તેની ગણ કરતો નથી. આવીજ રીતે દરેક માણ[illegible]

"દુઃખ કોઇ આવીને દેતું હોય, અને સુખ તો જાણે આ-પણા બાપનું હોય" તેવીજ રીતે માણસો વર્તે છે, તેથી તેઓ વગર મફતના દુઃખી થયા કરે છે. પણ એવી રીતે વિના કારણે દુખી થવું અથવા નાનાં દુઃખોને મોટાં માની લેવાં એ એક જાતનો મોટામાં મોટો ઈશ્વરી અપરાધ છે. માટે આપણે તો ઠરાવ કર્યો છે કે, દુઃખ વખતે પણ પ્રભુનો ઉપકાર માનવો. અને હમેશાં મનમાં એવી ભાવના રાખતાં શીખવું કે, દુખમાં પણ કાંઇક ખુબી હોય છે. એ ભાવના કેળવવાથી મોટાં મોટાં દુઃખો પણ નાનાં થઈ પડે છે. અને નાનાં દુઃખોની બહુ દરકાર રહેતી નથી. માટે હે ભાઈ તમે એવા થવાની કોશીશ કરો.

આ સાંભળીને મારા મિત્રે કહ્યું કે, દુઃખ વખતે કેમ ઉપકાર માની શકાય? ત્યારે મેં કહ્યું કે, એ સંબંધી મેં એક મહાત્માની વાત સાંભળેલી છે, તે તમને કહી બતાવું છું. એટલે દુઃખ વખતે પણ ઈશ્વરનો ઉપકાર કેમ મનાય તે તમને સમજાશે.

એક મહાત્મા કોઈ શહેરની ગલીમાંથી ચાલ્યા જતા હતા. એ વખતે કોઇ ગાલાવેલી બાઇડીએ પોતાની ઉપરની બારીમાંથી નીચે જોયા વિના રાખનો ઢગલો ફેંક્યો. તે રાખ મહાત્માના માથા ઉપર પડી. તે જોઇને એ મહાત્મા ત્યાં ઉભા રહી ગયા અને ઈશ્વરનો ઉપકાર માનવા લાગ્યા. તે જોઇને તેની સાથેના બીજા માણસોએ પૂછયું કે, મહારાજ! આપ શા માટે હાથ જોડીને પ્રાર્થના કરોછો? આ ઠેકાણે કાંઈ તીર્થ નથી, આ ઠેકાણે કાંઈ મંદિર નથી, અને આ ઠેકાણે કાંઈ દેવદેવી નથી, કે કોઇ સંત મહાત્મા નથી, પણ અહીં તો ગટર છે. તેમાંથી ગંધાતી બાસ આવે છે. અહિં ઉભા રહીને તમે શામાટે બંદગી કરોછો? ત્યારે તે મહાત્માએ કહ્યું કે, ભાઈ, મારી ઉપર આ રાખનો ટોપલો પડયો તે માટે હું પ્રભુનો ઉપકાર માનુંછું. એ સાંભળીને સાથેના માણસો બહુ અજબ થયા અને કહેવા લાગ્યા કે આ શું ઉપકાર માનવાનો વખત છે? કે ઉપકાર માનવાની જગ્યા છે? કોઇ રાંડ કુવરે જોયા તપાસ્યા વિના આપના માથા ઉપર રાખનો ટોપલો નાંખ્યો તેમાં વળી

સુખને નવું ઉત્પન્ન કરવાની યુક્તિ છે. આવી રીતે હોવાથી પોતાના મનને વશ કરવું એજ સુખ મેળવવાનો સૌથી પહેલો ઉપાય છે કારણ કે જ્યારે મન વશ થાય છે ત્યારેજ સુખ મેળવવાના બીજા બધા રસ્તાઓ સુઝે છે જેમ કે મન વશ થાય ત્યારેજ ખરેખરૂં જ્ઞાન મળી શકે છે. મન વશ થાય ત્યારેજ ખરેખરાં એન્જી કામ કરી શકાય છે. મન વશ થાય ત્યારેજ ખરો [illegible] તથા ખરી હિંમત આવે છે. મન વશ થાય ત્યારેજ [illegible] શરીર [illegible] રહી શકે છે. મન વશ થાય ત્યારેજ જ્ઞાનીઓના ઉપદેશ [illegible] શકે છે. મન વશ થાય ત્યારેજ વસ્તુઓનું [illegible], કિંમત, તથા તેનું ખરૂં સ્વરૂપ સમજાતું જાય છે મન વશ થાય ત્યારેજ સુખ મેળવવાનો [illegible] છે અને જ્યારે મન વશ [illegible] છે તથા મન વશ [illegible] શકે છે, માટે પોતાના [illegible] પહેલો ઉપાય છે [illegible] તો પછી બીજા [illegible] પણ એ પ્રથમ એકડે [illegible] થઇ શકશે [illegible] ન હોય તો તે [illegible] થવું ન હોય [illegible] માટે એ વગે [illegible] હોય અને [illegible] મનને [illegible]

૪૭–અરે! આ અજાયબી તો જુઓ કે બીજાઓના જુલમમાંથી માણસો બચી શકે છે, પણ પોતાનું મન પોતાની ઉપર જે જુલમ ગુજારતું હોય તેમાંથી તેઓ છુટી શકતા નથી.

ઘણાએ હાહા માણસો એમ કહે છે કે આપણી ઉપર બીજા કોઈ દુષ્ટ માણસો જુલમ ગુજારતા હોય એવું તો બહુજ થોડું બને છે, અને ક્યારેકજ બને છે. કારણ કે કોઈ પણ જાતના જુલમની સામે થવાની દરેક જીવમાં કુદરતી શક્તિ રહેલી છે. તેથી કોઇ પણ માણસ કે પ્રાણી સહેલાઈથી જુલમ સાંખી શકતા નથી. કારણ કે આ દુનિયામાં જીવન ટકાવી રાખવા માટે જે લડત લડવી પડે છે તેમાં મદદગાર થાય તે સારૂ જુલમની સામે થવાની શક્તિ પરમકૃપાળુ પરમાત્માએ સૌ જીવોને આપેલી છે, અને તેમાં પણ માણસોમાં તો એ શક્તિ ખાસ ઘણી વધારે હોય છે. તેથી કોઇ પણ જાતના જુલમની સામે તેઓ અનેક યુક્તિઓ કરી શકે છે. નાની વાતને મોટી કરી બતાવે છે. સહેજ વાતમાં રોઈ પડે છે. સૌની આગળ એ માટે કકળાટ કરી ઉઠે છે. ઘણાં મંડળો આગળ એ માટે ફરિયાદ કરે છે. અને થોડોક જુલમ અટકાવવા માટે પોતાના અનેક સ્નેહીઓની તે મદદ માગે છે, તથા બુદ્ધિબળની પણ તે મદદ લે છે. આવાં આવાં કારણોને લીધે બીજા માણસોના જુલમમાંથી તે બહુ સહેલાઈથી છટકી જાય છે, પણ તેનું પોતાનું મન તેની પોતાની ઉપર જે જુલમ ગુજારે છે તેમાંથી તે છુટી શકતા નથી. માટે આપણે એ જાણી લેવું જોઇએ કે આપણું મન આપણી ઉપર કેવી રીતે જુલમ ગુજારે છે અને તેમાંથી કેમ છટકી શકાય એના ખુલાસામાં પંડિતો કહે છે કે–

આપણું મન આપણી ઉપર કેવી રીતે જુલમ ગુજારે છે તે આપણે પ્રથમ જાણવું જોઇએ. જ્યારે કોઇ પણ ચીજનું આપણને વ્યસન થઈ જાય છે ત્યારે તે ચીજ આપ

છીએ-સજ્જનો કહીએ છીએ-સારા માણસો કહીએ છીએ-અને અંગ્રેજીમાં તેમને જેન્ટલમેન કહે છે. તેઓને અસલના વખતમાં મહાજન કહેતા હતા. માટે દેશમાં ને દુનિયામાં જે એવા ઉત્તમ વર્ગના લોકો હોય તેનાં લક્ષણો આપણે જાણવા જોઈએ. એ માટે બહુ ટુંકામાં કહેવું હોય તો એમ કહી શકાય કે, "જે માણસો પોતે પોતાને સુધારવાની કોશિશ કરે છે અને પોતાની આસપાસનાઓને સુધારવાની કોશિશ કરે છે તેમને સજ્જનો સમજવા." કારણ કે આ બને બાબતમાં બીજી અનેક બાબતો આવી જાય છે.

મહાજનનું આવું લક્ષણ સાંભળીને કોઈ કોઈ માણસને કદાચ એમ લાગશે કે, મન [illegible] એટલીજ વાતમાં મહાજનપણું કે [illegible] આવી ગયું? એવા સવાલ [illegible] પંડિતો કહે છે કે, [illegible] અનેક ગુણોનો સમાવેશ [illegible] જોઈએ છીએ કે, [illegible] ગુણમાંથી એક ગુણ પણ [illegible] એમ કે [illegible] લક્ષણ એજ છે કે, પોતે [illegible] અને સુધરવા [illegible] અને તેમાંથી પણ [illegible] કે, એ જરા [illegible] એમ લાગે છે કે, [illegible] તથા સુધ[illegible] [illegible] તેઓની એ [illegible] ઉપકાર[illegible] પણાની હોય છે [illegible] ઇજ્જત કરે એવી હોય છે [illegible] કરવાની હોય છે. તેઓની એ [illegible] હોય છે તેઓની એ મહેનત [illegible] હોય છે તેઓની એ મહેનત [illegible] હોય છે તેઓની એ મહેનત [illegible] હોય છે ને તેઓની એ મહેનત કોઈ પણ [illegible] હોય છે. [illegible] પોતે પોતાને સુધારવા માટે જે મહેનત કરે તે મહેનત

પણ તેઓને બોજા જેવી લાગે છે. માટે થોડી પણી મહેનત કરવા છતાં પણ તેઓ સજ્જનોની ગણુતરીમાં ગણુવા લાયક થઇ શકતા નથી. કારણુ કે તેઓની એવી ઉપલક મહેનતમાંથી કાંઈ બહુ સંગીન પરિણામે નીપજતાં નથી, એટલે એવી ન ચાલે તેથી કરેલી કામચલાઉ મહેનતની કાંઇ બહુ કિંમત થતી નથી. કારણુ કે એમાંથી કાંઇ બહુ મોટાં ને સારાં પરિણામે નીપજતાં નથી. પણુ તેઓ માત્ર વહેવારની ઘરડમાં પડયાં રહે ને દુખી થઇ જેમ તેમ પોતાનું પેટ ભર્યા કરે એવીજ સ્થિતિમાં રહી જાય છે. તેઓ પોતે પોતાને બહુ ફાયદો કરી શકતા નથી. તેમજ પોતાના બીજા બંધુઓને પણ ખાસ ફાયદો કરી શકતા નથી. એટલે તેઓ મહાજનોના વર્ગમાં આવી શકતા નથી.

સાધારણુ ગામડી લોકો પોતાના પંડના સુધારા માટે પણ જ્યારે આવા બેદરકાર હોય છે ત્યારે તેને બદલે મહાજનો પોતાના પંડના સુધારા માટે કેટલા બધા કાળજીવાળા હોય છે એ તમે જાણો છો ? એ માટે અનુભવીઓ કહે છે કે-જે સજ્જનો છે તે પોતાના મનમાં પકી રીતે એમ સમજે છે કે, અમારે અમારી ફરજ બજાવવીજ જોઇએ. અને ફરજ બજાવવા માટે તથા ફરજે સમજી શકાય તે માટે પ્રથમ તો અમારે પોતે ખુબ સારી રીતે સુધરવું જોઇએ. અને આ કરતાં આગળ વધવું જોઇએ. કારણુ કે અમારી ઇચ્છા અમારા બંધુઓને મદદ કરવાની છે. પણુ મદદ કયાંથી થાય ? જો કૂવામાં હોય તો અવેડામાં આવે, પણુ જો કુવામાંજ ન હોય તો અવેડામાં કયાંથી આવે ? તેમજ અમે બીજાઓને મદદ કરવા ઇચ્છીએ છીએ પણુ જો અમારામાં મદદ કરવાનું સામર્થ્ય ન હોય તો અમે કયાંથી મદદ આપી શકીએ ? જેમ કે અમારી ઇચ્છા હોય કે. અમારે દુકાળમાં દુઃખી થતાં માણસોને ધનની ખુબ મદદ કરવી છે, પણુ જો અમારી પાસે ધન ન હોય તો અમે ધનની મદદ કયાંથી કરી શકીએ ? અમને એમ ઇચ્છા થાય કે, અમારા અજ્ઞાન બંધુઓને અમે જ્ઞાન આપીએ ને સીધે રસ્તે વાળીએ તો સારૂં, પણુ જો અમારામાં જ્ઞાન ન

હોય તો અમે બીજાઓને ક્યાંથી જ્ઞાન આપી શકીએ? અને અમારી એમ ઇચ્છા થાય કે, અમારા શરીર [illegible] અમારા બંધુઓની અમારે સેવા કરવી છે પણ જો અમે પોતેજ અજ્ઞાની [illegible] હોઈએ અને શરીર સારૂં ન હોય તથા [illegible] કરી શકે તેવું ન હોય તો ક્યાંથી મદદ કરી શકાય? માટે જો બીજાઓને મદદ કરવી હોય તો પ્રથમ આપણે [illegible] જોઈએ. એમ ધારીને [illegible] સુધારવા માટે [illegible] તેઓને પરદેશ [illegible] [illegible]

[illegible]

આકરી પ્રતિજ્ઞા લઈ લે છે. તથા એરે વખતે પોતાના મનને વશ કરવાની શકિત આપવા માટે તે પરમકૃપાળુ પરમાત્માની પ્રાર્થના કરે છે. આવી આવી અનેક રીતે પોતાના મનને સુધારવા માટે તેઓ મહેનત કરે છે. માટેજ તેઓ મહાજન કહેવાય છે, માટેજ તેઓ સજ્જન કહેવાય છે, માટેજ તેઓ ગૃહસ્થ કહેવાય છે, અને પોતે પોતાને સુધારવા માટે જે માણસો આવી મહેનત કરે છે તેનેજ આપણે સારા માણસો કહીએ છીએ. કારણ કે પોતાના પંડને સુધારવા માટે જેણે આટલી બધી મહેનત કરી હોય તેજ માણસ આ જગતમાં બહુ આગળ વધી શકે છે. અને જે માણસે જ્ઞાન મેળવવામાં તથા મનને વશ કરવામાં યોગ્ય રીતે યોગ્ય પરિશ્રમ કર્યા હોય તેનેજ ઘણી જાતની ફતેહો મળે છે. એટલુંજ નહિ પણ જે માણસ પોતે પોતાને માટે બેદરકાર હોય તેને ઈશ્વર પણ મદદ કરતો નથી, અને જે માણસ પોતે પોતાને મદદ કરે તેને પ્રભુ પણ મદદ કરે છે. માટે યાદ રાખજો કે જે માણસ પોતે પોતાના પંડને સુધારવા ઇચ્છે છે ને એ માટે અતિશય મહેનત કરે છે તે માણસોજ આબરૂ મેળવી શકે છે, તે માણસોજ ધન મેળવી શકે છે, તે માણસોજ સારી રીતથી ભોગવી શકે છે. તે માણસોજ જગતની ઘણી વસ્તુઓ તથા ઘણા માણસો ઉપર શેઠાઈ ભોગવી શકે છે, અને તે માણસોજ સારા શેઠેરી કહેવાય છે, તથા મહાજન કહેવાય છે. અને એવા માણસોજ આત્મિક સંતોષ મેળવી શકે છે, તથા પ્રભુના વહાલા થઇ શકે છે.

જે માણસો પ્રથમ પોતેજ સુધર્યા નથી અને જ્ઞાનમાં તથા માનસિક બળમાં આગળ વધેલા નથી તેઓ બીજાઓને કયાંથી સુધારી શકે ? અને કદિ દેખાદેખીથી કે બીજા કારણસર એવી ઇચ્છાઓ થાય તો પણ તે બિચારા શું કરી શકે? કારણ કે તેઓએ પોતે જ્ઞાન મેળવેલું ન હોય એટલે બીજાઓને કેમ ઉપયોગી થઇ પડવું, તથા શા માટે બીજાઓને મદદ કરવી ને કુંચીઓ તેઓ જાણતા નથી, તેથી તેઓ ખરે ખરને કામ કરી શકતા નથી. તેથી તેઓ ખરેખરા જાતથી કામ

કરી શકતા નથી. તેથી તેઓ ખરેખરી લાગણીથી કામ કરી શકતા નથી. અને તેથી તેઓના કામની જગત ઉપર કાંઇ બહુ અસર થતી નથી. તેમજ આવા ઉપરચોટીયા કામથી તેઓને પોતાને પણ બહુ મોટો લાભ થઈ શકતો નથી. પણ એને બદલે જેઓએ પોતે પોતાના પંડને સુધાર્યો છે ને જ્ઞાન મેળવવા માટે તથા હૃદયબળ મેળવવા માટે ભગીરથ પ્રયત્ન કરેલા છે, તે માણસ પોતાના બીજા બંધુઓને મદદ કરવા માટે પણ અતિશય જોરથી કામ કરી શકે છે, અને તેની તુરત અસર થાય છે, અને એ અસર ઘણે દૂર સુધી પહોંચી શકે છે, તથા લાંબા વખત સુધી એ અસર ટકી શકે છે. કારણ કે તેઓ પોતાના બંધુઓ માટે જે કાંઇ ભલાં કામ કરે છે તે માત્ર બહારના જરાક વારના વખાણને ખાતરજ કરતા નથી, તેઓ જે કાંઇ કરે છે તે ફક્ત લોક લાજને ખાતરજ કરતા નથી, તેઓ જે કાંઇ કરે છે તે બીજાઓની દેખાદેખી કરતા નથી તેઓ જે કાંઇ કરે છે તે માનપાન મેળવવા સારૂ કરતા નથી અને તેઓ જે કાંઇ કરે છે તે કાંઇ પોતાનો સ્વાર્થ સાધી લેવા સારૂ કે કોઇની ખુશામત સારૂ કરતા નથી પણ તેઓ જે કાંઇ કરે છે તે અંતરના ઉમળકાથી કરે છે તેઓ જે કાંઇ શુભ કામો કરે છે તે પોતાની ફરજ સમજીને ખાતર કરે છે તેઓ જે કાંઈ કરે છે તે માત્ર ભાઇઓને ખાતર નહિ પણ પોતાના આત્માના સંતોષને ખાતર કરે છે તેઓ જે કાંઇ કરે છે તે પોતાની અંદરના [illegible] ને [illegible] કરે છે ને કોઈ પણ અંતરના [illegible] પ્રભુ પ્રીત્યર્થે કરે છે. કારણ કે જ્યારે એવા [illegible] નિ[illegible]તાથી, ઉંડાણથી, અને ખરેખર મનથી કામ કરે ત્યારેજ તેઓના આત્માને સંતોષ થાય છે માટે પોતાના આત્માના મનોબળને ખાતર તેઓ બીજાઓને સુધારવાની ને મદદ કરવાની કોશિશ કરે છે, એટલે તેઓમાં ઘણું વધારે બળ હોય છે. અને તેને લીધે તેઓ બહુ જલદીથી ફાવી શકે છે, પણ જે વહેવારી લોકો પરમાર્થનાં કામો કરે છે તેઓ બીજાઓને મદદ કરવા સારૂ

કામ કરવા ઇચ્છે છે, તેથી તેઓના કામમાં કાંઈ બહુ દમ હોતો નથી. કારણ કે મનુષ્યનો તથા પ્રાણી માત્રનો એવો કુદરતી સ્વભાવ હોય છે કે તેઓ જેટલું પોતાના આત્માને ખાતર કરી શકે તેટલું બીજાઓને ખાતર કરી શકેજ નહિ. માટે જેઓ બીજાઓને ખાતર કરવા જાય તેઓના કામમાં અને જે પોતાના આત્માને ખાતર કરે તેઓના કામોમાં ઘણો તફાવત હોય છે. તેવોજ તફાવત સાધારણ માણસોના તથા મહાજનોના કામ વચ્ચે પણ હોય છે, અને આવા તફાવતને લીધેજ તેઓ મહાજન કહેવાય છે. માટે જો સારા માણસ થવું હોય અને આત્મિક શાંતિ મેળવવી હોય તો પ્રથમ તમે પોતે સુધરવાની કોશિશ કરો, અને પછી બીજાઓને આગળ વધારવાની કોશિશ કરો. એમ કરવું એનુંજ નામ કેળવતા છે. એજ જીંદગીની સાર્થકતા છે. એજ ધર્મની ફરજ છે અને જે એ પ્રમાણે વરતી શકે તેજ મહાજન છે. માટે એવા મહાજન થવાની કોશિશ કરો.

૪૬—હવે આપણે એમ સમજવું જોઇએ કે અજ્ઞાનપણામાં પડયું રહેવું એ પણ એક જાતનો બહુ મોટો ગુનોહ છે, ને એ ગુનાહની સખત શિક્ષા ભોગવવી પડે છે માટે અજ્ઞાની ન રહી જવાય એ સંભાળજો

આજ દિન સુધી લોકો એમ સમજતા કે ચોરી કરવી એ ગુનોહ છે, વ્યભિચાર કરવો એ ગુનાહ છે, હિંસા કરવી એ ગુનોહ છે, જુઠું બોલવું એ ગુનોહ છે, દારૂ પીવો એ ગુનોહ છે, વિશ્વાસઘાત કરવો એ ગુનોહ છે, કોઇની ઉપર જુલમ ગુજારવો એ ગુનોહ છે, કોઈ નિર્દોષના હક ડુબાવી નાખવા કે લુટી લેવા એ ગુનોહ છે. જુઠી સાક્ષી આપવી એ ગુનોહ છે, અને લોકોના રાજ્યના તથા ધર્મના કાયદા પ્રમાણે ન વરતવું એ ગુનોહ છે. આમ લોકો સમજતા હતા પણ હવે જાણી

ગુનાહો જેમાંથી પેદા થાય છે તે ગુનાહોનું મૂળ જે અજ્ઞાનપણું તેને ચોખ્ખીરીતે લોકો ગુનાહ સમજતા ન હતા, પણ હવે જમાનો બદલાયો છે, તેથી જેમ દરેક વસ્તુનાં સ્વરૂપ બદલાતાં જાય છે તેમજ ગુનાહોનાં સ્વરૂપ પણ હવે બદલાશે અને અગાઉના વખતમા જે જાતના ગુનાહોને આપણે ગુનાહ તરીકે માનતા નહોતા તેને પણ હવે ગુનાહ તરીકે માનવા પડશે. તેમજ જે ચીજો કે જે બાબતો અગાઉના વખતમાં ગુનાહ જેવી મનાતી હતી તેમાની કેટલીએક હાલના વખતમાં ગુનાહ તરીકે મનાશે નહીં. સમયના ફેરફાર સાથે એવા ફેરફારો થયા કરે છે માટે હવે આપણે હાલના જમાનાનો મોટામાં મોટો ગુનોહ સમજી લેવો જોઇએ અને તે એ કે અજ્ઞાન રહેવું. આજના વખતમા અજ્ઞાન રહેવું એ મોટામા મોટો ગુનોહ છે. કારણ કે પરમકૃપાળુ પરમાત્માએ કૃપા કરીને આપણને અદ્-ભુત [illegible] બુદ્ધિ આપેલી છે એટલુંજ નહિ પણ મહાન [illegible] ચમત્કાર કરી બતાવનારી અને બધા કર્મો [illegible] માંથી લઇ જનારી ઇંદ્રિયો આપેલી છે. [illegible] ક્ષણમા પૃથ્વીમા ભ્રમણ કરી શકે એવું ચપળ મન આપેલ છે, પોતાનું પોતાપણું જાણી શકે એવો અહંભાવ આપેલો છે, [illegible] જગતની સ્થિતિઓને બધ બેસતુ [illegible] મનુષ્ય શરીર આપેલું છે. એટલુંજ નહીં પણ કદિ [illegible] નાશ ન પામે તેવો અજર અમર સ્વપ્રકાશ આત્મા આપેલો છે, અને એ બધું પણ જાણે [illegible] પોતે આપણા અંતરમાં અંતર્યામી રૂપે તથા સાક્ષી રૂપે રહેલો છે અને તેમ છતાં આવી આવી અનુકૂળતાઓ છતાંપણ જો આપણે અજ્ઞાન રહીએ તો એ આપણી ભૂલ નહીં કે? તે આપણી નાલાયકી નહીં કે? અને એટલા બધા સાધનો છતા પણ જંગલી રહેવું એ શું મોટામાં મોટો ગુનોહ નહીં કે? બેશક યાદ રાખજો કે અજ્ઞાન રહેવું એ બહુ મોટામાં મોટો અપરાધ છે અને એ અપરાધની બહુ સખત શિક્ષા ખમવી પડે છે. કારણ કે જેમ ગુનોહ મોટો તેમ તેની શિક્ષા પણ મોટી હોય છે, અને અજ્ઞાનપણું એ

સૌથી મોટો ગુનોહ છે. કારણ કે બધી જાતનાં પાપ અજ્ઞાનપણામાંથી પેદા થાય છે, બધી જાતનો મોહ અજ્ઞાનપણામાંથી પેદા થાય છે. બધી જાતના વિકારો અજ્ઞાનપણાને લીધે જોરમાં આવી જાય છે, બધી જાતના જુસ્સાઓ અજ્ઞાનપણાને લીધેજ કાબુમાં રહેતા નથી અને આ સંસારમાં આવીને તેમાંથી સારામાં સારો સાર લેવો જોઈએ, તથા આ સંસારમાં સ્વર્ગ ભોગવવું જોઇએ તેને બદલે અજ્ઞાનને લીધે આ સંસારમાં સ્વર્ગ દેખાવાને બદલે પોતાની આસપાસ જ્યાં ત્યાં નરક દેખાય છે. એવી દશામાં પડયા રહેવું એ શું ગુનોહ નથી? બેશક એ બહુ મોટો ગુનોહ છે.

આજના જમાનામાં છાપાનાં સાધનો, રેલ્વેનાં સાધનો, તારનાં સાધનો, પ્રજાના રક્ષણ માટે પોલિસ તથા લશ્કરનાં સાધનો, જુદા જુદા દેશ વચ્ચે સુલેહના કોલકરારો અને અનેક જાતનાં યંત્રોનાં સાધનો છતાંપણ અજ્ઞાનતાને લીધે એ બધી બાબતોની આપણે જરાપણ ખબર ન રાખીએ અને " હું ને મારી વહુ ને એમાં આવ્યું સહુ " એમ કરી બેસીએ ને દુનિયાથી અજ્ઞાન રહીએ એ શું ગુનોહ નથી?

આજના વખતમાં એવી સારી સગવડો છે કે, આપણા ઓરડામાં બેઠેબેઠે આખી દુનિયાની દરેક મોટી મોટી હકીકત બહુજ સહેલાઇથી જાણી શકીએ તેમ છે. જેમ કે દેશમાં શું શું સુધારાઓ થાય છે, જુદી જુદી લાઇનમાં કયા કયા આગેવાન માણસો મુખ્યત્વે કામ કરે છે કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, કઇ જાતના નવા હુન્નરો ખીલતા જાય છે, આપણી ઉપર જે રાજા કે અમલદારો સત્તા ભોગવે છે તેઓને માટે દુનિયામાં કેવા વિચારો ચાલે છે, પરદેશમાં શું શું ઉથલપાથલ થાય છે, ચાલુ વરસમાં દેશની ઉપજ કેવી છે, જુદા જુદા ભાગનાં હવાપાણી કેવાં છે, દેશમાં કઇ જાતની ખાણો નીકળી શકે તેમ છે,કઈ જાતના વિદ્યાર્થીઓ ઉત્તેજન આપવા લાયક છે, પરદેશ સાથેનો સંબંધ વધારવા માટે શું શું ઉપાયો કરવા જોઇએ, રાજ્યવ્યવસ્થામાં સુધારા વધારા કરવા માટે કેવી રીતે તથા કોને અરજ કરવી જોઇએ, પોતાની નાતનાં બાળકો કેમ આગળ વધી શકે, સ્ત્રીઓના મોઢા ઉપર માખીઓ ઉડયા -

નહિ. કારણ કે બુદ્ધનો જન્મ પાટલીપુત્રમાં થયો હતો, ત્યાંના એ વખતના રીત રીવાજો અને સંજોગો કાંઈ હાલના જાપાનમાં હોય નહિ. હાલના જાપાનીઓને તો જો પોતાનો મુલક [illegible] હોય [illegible] [illegible] સાથે ફરજીઆત લડવું પડે. અને [illegible] તો [illegible] હુકમ છે કે, બધું તજી દેવું જોઈએ તોજ નિર્વાણ મળી શકે [illegible] એ હુકમ હાલના ચીનાઓને તથા જાપાનીઓને કેમ [illegible] લાગે ? કારણ કે એ વખતના પાટલીપુત્રની સ્થિતિ [illegible] અને હાલના ચીન જાપાનની સ્થિતિ કઈ ? માટે [illegible] કે, જેમ જેમ સ્થિતિ બદલાય તેમ તેમ મત [illegible] પણ ધીરે ધીરે એની મેળે મેળે ફેરફાર થતો જાય છે. પણ એ ફેરફાર બહુ ધીમો થાય છે. અને [illegible] સમજીને ફેરફાર કરવામાં આવે તો એ ફેરફાર જલદીથી થઈ શકે છે [illegible] ધર્મને વળગી રહેવા સારૂ અને તેમાંથી લાભ મેળવવા સારૂ તથા ધર્મને વધારે વિશાળ ને વધારે ઉંચો બનાવવા સારૂ આપણે આવી આવી ચોખ્ખી વાતો પણ સમજી લેવી જોઈએ. જેમ કે:-

જ્યારે ઈસુખ્રિસ્તે ધર્મ ચલાવ્યો ત્યારે એ દેશમાં કાંઈ હાલના યુરોપમાં જેવી વિદ્યાઓ ખીલેલી છે તેવી વિદ્યાઓ ખીલેલી નહોતી, તેથી તેણે જે કાંઈ વાતો તેના વખતમાં સાંભળી હોય ને કરી હોય તે બધી વાતો કાંઈ હાલના સાયન્સ સામે ટકી શકે નહિ. અને તેમ છતાં જો બાઇબલના બોલે બોલને વળગી રહેવામાં આવે તો માનસિક ગોટાળો થયા વિના રહેજ નહિ. અને આગળ પણ વધી શકાય નહિ. જેમ કે મહાત્મા ઈસુખ્રિસ્તે તો એમ કહેલું છે કે, જે તારા ડાબા ગાલ ઉપર તમાચો મારે તેની પાસે જમણો ગાલ પણ ધર, જે તારી પછેડી લઈ લે તેને તારો ડગલો પણ લઈ જવા દે. અને જે [illegible] ગાઉ વેઠે પકડી જાય તેની સાથે બે ગાઉ વેઠે જ[illegible] [illegible]યુરોપ અમેરિકાના ખ્રિસ્તિ રાજાઓ અત્યારે પા[illegible] [illegible] એ નિયમો પાળે તો દુનિયામાં તે[illegible] વિસ્તાર હો[illegible] કે ?

આવીજ રીતે હજરત મહમદ સાહેબે જ્યારે અરબસ્તાનમાં તે વખતના જંગલી આરબોને સુધારવા સારૂ ધર્મ ચલાવ્યો ત્યારે જે કાયદાઓ કર્યા તે બધા કાયદાઓ કાંઇ હાલના વખતના લોકો પૂરેપૂરા માની શકે ખરા કે? જેમ કે ચાર બીબીઓ પરણવાની છૂટ, વ્યાજ ન ખાવાનો હુકમ, કુરેબાની કરવી જોઇએ એવો ઠરાવ, બીબીઓને ઓઝલપડદામાં રાખવી જોઇએ એવો હુકમ. તથા મૂર્તિપૂજક કાફરોને મારવા જોઇએ ને તેની સાથે દોસ્તી ન રાખવી જોઇએ. એવા હુકમો કાંઈ આજના વખતમાં બધા લોકોને ગળે ઉતરી શકે નહિ. ઘણા મુસલમાનોને હવે એમ સમજાતું જાય છે કે, આજના વખતમાં વ્યાજ લીધા વિના વેપાર ધંધો ચાલી શકે નહિ. કારણ કે આપણી પાસેથી બીજા વેપારીઓ તો વ્યાજ લઈ મૂકે, પણ આપણે બીજાઓની પાસેથી વ્યાજ લઇએ નહિ એ કેમ પાલવે? સ્ત્રીઓને પડદામાં રાખવાની બાબતમાં પણ લોકોના વિચારો જુદા પડતા જાય છે. અને એ બાબતમાં પણ યુરોપ અમેરિકાના છુટાપણાની અસરો લાગતી જાય છે. તેમજ વેજીટેરીયન ઘણા મુસલમાન ભાઇઓને પશુઓની કુરબાની કરવાનું કામ પણ ગમતું નથી. અને એકથી વધારે સ્ત્રીઓને પરણવાનો રિવાજ પણ ઓછો થતો જાય છે. આવી રીતે જમાના પ્રમાણે દરેક ધર્મના મતોમાં કાંઇક કાંઇક ફેરફાર થતો જાય છે.

તેમજ જંતુવિદ્યાએ જૈનોના મતો ઉપર પણ કેટલીક અસર કરેલી છે, અને જીવદયાના નિયમો પાળવા એ ઘણી સારી વાત છે, છતાં પણ તેમાં જે અતિશય અતિશયોક્તિ થાય છે તે તરફ સુધરેલા જૈન ભાઇઓનું પણ લક્ષ ખેંચાતું જાય છે. આવી રીતે દુનિયાના દરેક ધર્મવાળાઓ સમજતા જાય છે કે, આપણા મતમાં જે જે ક્રિયાઓ બતાવેલી છે તથા જે જે હુકમો કરેલા છે તે બધું કાંઈ હમેશને માટે નથી. કારણ કે એ બધું કાંઇ આત્માના ઉંડાણમાંથી નીકળેલું નથી, તેમજ ત્રણે કાળમાં ટકી શકે એવા એ મતો નથી, પણ દેશકાળ પ્રમાણે તથા આસપાસના સંજોગો પ્રમાણે એ ધ

નથી, જેણે જુદા જુદા વિષયનાં શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો નથી, અને જેણે જગતમાં થતા ફેરફારોનો તથા મનુષ્યના મનમાં થતા ફેરફારોનો અભ્યાસ કર્યો નથી તેને કુદરતની દરેક વસ્તુમાં ક્ષણે ક્ષણે થતા ફેરફારની ખબર પડતી નથી. પણ જે માણસો આગળ વધેલા છે, જે માણસોએ નકામી વસ્તુઓના મોહમાંથી બચીને આવા આનંદદાયક વિષયોમાં પોતાનો વખત રોકેલો છે, અને જે માણસોએ સર્વશક્તિમાન મહાન ઈશ્વરની અદ્ભુત લીલા સમજવાનો પ્રયત્ન કરેલો છે, તેવા જ્ઞાનીઓને દરેક વસ્તુના સૂક્ષ્મ ફેરફારોની પણ થોડી ઘણી ખબર પડી જાય છે. પણ એટલી સૂક્ષ્મ દષ્ટિવાળા મહાત્માઓ બહુજ થોડા હોય છે, અને જે એવા હોય તેઓ બહુ જલદીથી આગળ વધી શકે છે. માટે આગળ વધવા સારૂ આવી સૂક્ષ્મ દષ્ટિ મેળવતાં શીખવું જોઇએ. વહેવારી માણસોમાં આવી ઊંડી દષ્ટિ ને સૂક્ષ્મ બુદ્ધિ ન હોય તો પણ તેઓએ પોતાની ચાલતી સ્થિતિ તો સમજી લેવી જોઇએ. જેમ કે હમણાં આપણા શરીરની પ્રકૃતિ કેવી છે, આપણા કુટુંબની સ્થિતિ કેમ છે, હમણાં આપણી આવક કેટલી છે, હમણાં આપણું ખરચ કેટલું છે, હમણાં આપણા મિત્ર કેવા છે, હમણાં ધંધામાં આપણો કેવાં છે, હમણાંનો વખત કેવો છે, હમણાં આપણા દેશની કે આપણા ગામની સ્થિતિ કેવી છે, હમણાં આપણા મનનું ચક્કર કઈ બાજુ તરફ ઢળેલું છે, હમણાં ધર્મની બાબતની આપણી વૃત્તિ કેવી છે, હમણાં આપણે કઇ જાતના દોસ્તોને પસંદ કરીએ છીએ, હમણાં આપણા શોખ કઈ જાતના છે, હમણાં આપણા કુટુંબના માણસોના સ્વભાવ કેવા છે, હમણાં આપણને કઈ જાતનાં પુસ્તકો વાંચવાં ગમે છે, હમણાં આપણી આસપાસ જાણવા જેવા શું શું બનાવ બન્યા કરે છે, હમણાં આપણા ધંધામાં આપણને આગળ વધવા જેવું દેખાય છે કે નહિ, અને કઈ કઇ બાબતમાં કઈ કઈ જાતની અનુકૂળતાઓ છે તથા કઈ કઈ જાતની અગવડો છે, તે દરેક માણસે જાણવું જોઇએ. કારણ કે આ બધી બાબતો બહુજ સહેલાઇથી જાણી શકાય તેવી છે, અને

સાદી સમજથી પણ સમજી શકાય તેમ છે. આટલું સમજવા માટે કાંઈ અલાકિક બુદ્ધિ જોઈતી નથી પણ જો માત્ર જરાકજ વધારે ધ્યાન આપીએ તો આ બધી બાબત બહુ સહેલાઈથી સમજી શકાય તેમ છે. પણ અફસોસ કે હજી આપણાં કરોડો ભાઈ બ્હેનો પોતાના દરરોજના બનાવોમાંથી આવી મોટી મોટી બાબતો પણ જાણી શકતા નથી. અને જે બનાવો પોતાની આસપાસ બની રહ્યા છે તથા જે સ્થિતિ પોતે ભોગવી રહ્યા છે તેનો પણ વિચાર કરતાં નથી કે તેમાંથી પણ અનુમાન ખેંચતા તેઓને આવડતું નથી, આટલા બધા આપણે અજ્ઞાનપણામાં ડુબી ગએલા છીએ. માટે આપણાં ભાઈ બ્હેનો પોતાની ખરી સ્થિતિ સમજતાં થાય એમ આપણે કરવું જોઈએ.

બંધુઓ! આગળ વધવા માટે ઉન્નતિ મેળવવા માટે અને મોક્ષ મેળવવા માટે એટલે કે સંપૂર્ણતાએ પહોંચવા માટે પોતાની હાલની સ્થિતિ સમજવી એટલુંજ કાંઈ બસ નથી, પણ એ માટે મહાત્માઓ એમ કહે છે કે, જેમ હાલમાં શું છે તે આપણે જાણીએ છીએ તેમજ હવે પછી શું થવું જોઈએ તે પણ આપણે જાણવું જોઈએ. કારણ કે જો એ બાબત બરાબર રીતે સમજાય તોજ આપણે જલદીથી આગળ વધી શકીએ. જો આપણને એમ ખબર પડે કે, હવે આ પ્રમાણે થવું જોઈએ તો આપણો રસ્તો સરળ થઈ પડે. જો આપણને એમ ખબર પડે કે હવે આપણને અમુક અમુક ચીજોની જરૂર છે તો એ ચીજો મેળવવા માટે મહેનત કરી શકાય અને જો આપણને એમ ખબર પડે કે અમુક ઠેકાણે આપણે પહોંચવું છે, તો એ ઠેકાણું કેટલું દૂર છે ત્યાં કેટલા વખતમાં જઈ શકાશે, અને કયા સાધન વડે આપણે ત્યાં જઈ શકીશું, એ બધું બહુ સહેલાઈથી સમજી શકાય છે. તેથી ઝપાટાબંધ આગળ વધી શકાય છે. માટે જેમ આપણી હાલની સ્થિતિ કેવી છે એ બાબત આપણે બરાબર રીતે સમજીએ છીએ તેમજ હવે પછી આપણે શું કરવું જોઈએ તે બાબત માટે પણ આપણે ચોખ્ખી રીતે સમજી

સાદી સમજથી પણ સમજી શકાય તેમ છે. આટલું સમ-
જવા માટે કાંઈ અલૌકિક બુદ્ધિ જોઈતી નથી પણ જો માત્ર
જરાકજ વધારે ધ્યાન આપીએ તો આ બધી બાબત બહુ
સહેલાઈથી સમજી શકાય તેમ છે પણ અફસોસ કે હજી
આપણા કરોડો ભાઈ બહેનો પોતાના દરરોજના બનાવોમાંથી
આવી મોટી મોટી બાબતો પણ જાણી શકતા નથી. અને જે
બનાવો પોતાની આસપાસ બના[illegible] સ્થિતિ
[illegible] નથી કે
[illegible] નથી.
આટલા [illegible] છીએ
માટે [illegible] થાય
[illegible]

[illegible] માટે
[illegible] ઈશ્વર
માટે [illegible]
નથી. [illegible] કે. [illegible]
હાલના [illegible] શું
[illegible] જો
[illegible] જલદીથી
[illegible] પડે કે [illegible]
આ [illegible]
[illegible]
[illegible] નહિ
[illegible] પડે કે
[illegible] કેટલું
[illegible] સાધન
વડે આપણે [illegible] સહેલાઈથી સમજી
શકાય છે. તેથી ઝપાટાબંધ આગળ વધી શકાય છે માટે જેમ
આપણી હાલની સ્થિતિ કેવી છે એ બાબત આપણે બરોબર
રીતે સમજીએ છીએ તેમજ હવે પછી આપણે શું કરવું
જોઈએ તે બાબત માટે પણ આપણે ચોખ્ખી રીતે સમજી

લેવું જોઇએ. કારણ કે શું કરવું જોઇએ તે બાબત સમજી જવાથી આપણા જીવનનું બંધારણ નક્કી થઈ જાય છે. આપણને કામ કરવાની કુંચીઓ મળી જાય છે, અને એ પછી આપણામાં એક જાતની મજબુતાઈ આવી જાય છે. તેથી આપણે જેમનો પવન લાગે તેમના ગબડતા નથી, પણ આપણે આપણી જગ્યા ઉપર જોરથી ઉભા રહી શકીએ છીએ. પણ જે માણસો આ બધી બાબતોનો વિચાર કરતા નથી, અને શું થવું જોઇએ તથા કયાં પહોંચવું જોઇએ તેનો ખ્યાલ કરતા નથી. તેઓ સોડાવોટરની બાટલી જેવા રહી જાય છે. અને જેમના હડદોલા લાગે તેમના ગબડયા કરે છે. તેઓ લંગર વિનાના વહાણના જેવા છે, એટલે જેમ પવન આવે તેમ તણાયા કરે છે. આવા માણસો કાંઇ જગતમાં મોટા માણસો થઈ શકતા નથી, કે મોટા લાભ મેળવી શકતા નથી. કારણ કે જેણે પોતાની દિશા નક્કી કરેલી નથી, જેણે પોતાનું સુકાન પોતાના હાથમાં રાખ્યું નથી, જેણે પોતાનો પાયો મજબુત નાખ્યો નથી, જેણે પોતાની શક્તિઓને ખીલવવાની કોશિશ કરી નથી, જેણે પોતાના બુદ્ધિબળને સારી રીતે વાપરવાની નજદી લીધી નથી, અને જેને પોતાના પ્રભુનો મહિમા સમજવાની દરકાર નથી તે માણસો કયાંથી આગળ વધી શકે? નજ વધી શકે. માટે જો આગળ વધવું હોય તો હાલમાં શું છે એ જેમ જાણ્યા છો તેમ હવે પછી શું થવું જોઇએ તે જાણવાની પણ ખાસ કોશિશ કરો, એટલે બહુ નહેલાઈથી આગળ વધી શકશો.

હવે શું થવું જોઇએ તેનો વિચાર કરવા માટે પ્રથમ આપણી સ્થિતિ કેવી છે તેનો વિચાર [illegible], [illegible] શક્તિ કેટલી છે તેનો વિચાર [illegible] આપણા જ્ઞાનના કે આપણા [illegible], [illegible] બીજાની વધારે [illegible] છે, અથવા [illegible] તેનો વિચાર [illegible] કેટલી બધી મહાન શક્તિઓ [illegible] છે, [illegible] મુજબ આપણે આપણી કેટલી થોડી શક્તિઓ વાપરીએ છીએ

કિંમત નથી, આપણને મહાન બુદ્ધિતત્ત્વ મળેલું છે તેની કાં
કિંમત નથી, અને જીંદગીને જરૂરની અનેક સગવડો આપ
ણને મળેલી છે તે બધાં સુખને આપણે કાંઈ હિસાબમ
ગણતા નથી, અને કોઈ દિવસ જરા કાંઇ મનમાન્યું ન થા
તેને મોટું દુઃખ માની લઇએ છીએ. જેમ કે કાન આપ્યા
તેમાં સાંભળવાની શક્તિ આપી એ ઉપકાર તો બાજુએ રહે
ને એ સુખ તો બાજુએ રહ્યું, પણ થોડાક જે શબ્દો આપ
ણને ન ગમતા હોય તે શબ્દો આપણા વિરોધી માણસ
મુખમાંથી સંભળાઈ જાય તો તેને આપણે બહુ મોટું દુઃ
માન્યા કરીએ છીએ. પણ હવે વિચાર કરો કે, તમે તમા
જીંદગીમાં તમારા વખાણના શબ્દો વધારે સાંભળો છો
અપમાનના શબ્દો વધારે સાંભળો છો ? જ્ઞાનના, ઉપદેશના
ધર્મના અને નીતિના શબ્દો વધારે સાંભળો છો કે મૂર્ખાઇન
શબ્દો વધારે સાભળો છો ? કબુલ કરો કે આપણા કાં
હમેશાં ઘણું કરીને સારાજ શબ્દો વધારે સંભળાય છે અં
ખરાબ શબ્દો તો કયારેકજ સંભળાય છે, અને તે પણ બ
થોડા હોય છે, તથા ખરાબ શબ્દો કાંઈ ખાસ સ્વાભાવિ
હોતા નથી પણ અમુક સંજોગોને લીધેજ હોય છે, અં
જ્યારે એ સંજોગો બદલાઈ જાય ત્યારે એવી જાતના શબ્દ
પણ મટી જાય છે. મંદિરોના ઘંટ મફત સંભળાય છે
વાજાંઓ અને ઉસ્તાદી ગવૈયાના ગાયનો ઠેકાણે ઠેકાણે હોનો
રાક્મમાં તથા બીજે ઘણે ઠેકાણે મફત સંભળાય છે. ટેલિફોન
અવાજ, મેના પોપટના અવાજ, પાણીના ખળખળ થત
અવાજો, લગ્નમા ગવાતા ગીતો, જાહેર ઠેકાણે વાગતાં બેં
અને ઘણાં મંદિરોમાં વંચાતી કથાઓ તથા દરેક જાહેર સભા
ઓમાં થતાં કિંમતી ભાષણો મફત સાંભળવા મળે છે. એ
સિવાય સ્નેહીઓના આદરભાવ, મિત્રોનાં લાગણી ભરેલાં વચનો
નાનાં બાળકોના કાલાકાલા શબ્દો અને જીગરના સ્નેહીઓન
પ્રેમ ભરેલાં વચનો સાભળી સાંભળીને આપણને વારંવા
આનંદ થાય છે, પણ શરમની વાત તો જુઓ કે બધ
બાબતોને તથા એ બધા સુખને ભુલી જઇને કોઈ વખત

કોઈ ખરાબ માણસ તરફથી કડવાં વચનો સંભળાઈ જાય તેને આપણે સદા દુઃખ માન્યા કરીએ છીએ. આવી રીતે આપણે દુઃખ સમજીએ છીએ, તેથી પેલી મોટી મોટી વસ્તુઓનું સુખ તથા દરરોજ મળતું વારંવારનું સુખ હવામાં ઉડી જાય છે. કારણ કે એ સુખની આપણને કિંમત નથી, પણ દુઃખની કેમ જાણે આપણને કિંમત હોય તેમ તે આપણા અંતરમાં ખુંચી જાય છે. તેથી નાનાં નાનાં દુઃખને પણ બહુ મોટું મોટું માન્યા કરીએ છીએ. ને તેથી આપણે હેરાન થયા કરીએ છીએ.

હવે બીજો વિચાર કરો કે, આપણી નજરે સારા દેખાવો વધારે પડે છે કે ખરાબ દેખાવો વધારે પડે છે? જુઓ કે જ્યાં જોઈએ ત્યાં સર્વના સુંદર રંગ ફુલવાળાં ઝાડો દેખાય છે. મકાનો સામું જોઈએ તો મનુષ્યની ઉત્તમ કારીગીરીના સુંદર મકાનો ઠેકાણે ઠેકાણે દેખાય છે. પક્ષીનાં ટોળાં ઉડતાં હોય તેના સામે જો જોઈએ તો એ જોવાને પણ એક પ્રકારનો આનંદ થાય છે. [illegible] તેના સામે જોઈએ તેને પણ એક પ્રકારનો આનંદ થાય [illegible] પાણીના [illegible] નદીઓ [illegible] કે સમુદ્ર જોઈએ તો તે જોઈને પણ અનેક જાતનો કુદરતી આનંદ થાય છે. [illegible] જોઈએ તો તેના સુંદરતા [illegible] અનુભવ [illegible] આકાશ સામું જોઈએ તો [illegible] અનેક તારાઓ જોઈને આપણને સ્વાભાવિક રીતે [illegible] જાતનો [illegible] આનંદ થાય છે [illegible] જોઈએ તો ઉપર [illegible] જીવનના [illegible] કહો આવી જાય કે [illegible] નાનાં બાળકોને, [illegible] નાનાં બચ્ચાંઓને, પશુઓના નાના બચ્ચાંઓને, પક્ષીઓના નાના બચ્ચાંઓને અથવા માણસોના નાના બાળકોને જોઈએ તો તેઓની નિર્દોષતા જોઈને કારણ વિના તેઓની ઉપર આપણને પ્રેમ આવી જાય છે. અને તેઓને રમાડવાનું મન થઈ જાય છે તેમ તેમાંથી એક જાતનો કુદરતી આનંદ મળ્યા કરે છે એ સિવાય જ્યાં

બજારમાં જઈએ ત્યાં પણ માણસોની બનાવટની તથા કુ
રતની બનાવટની અનેક કળાઓ તથા સુંદર નમુનાઓ ઘ
પણી નજરે પડે છે. આવી રીતે જ્યાં જ્યાં આપણી દૃષ્ટિ
ત્યાં ત્યાં ઘણું કરીને કાંઈક ખાસ સુંદરતાજ દેખાય છે. અ
તેમ છતાં આપણું કમનસીબપણું તો જુઓ કે આટલી બ
સુંદરતાને દાબી દઈને કોઈ વખત કાંઈ નહિ ગમતી ચી
નજરે પડી ગઈ હોય તેનીજ આપણે વાતો કર્યા કરીએ છી
અને તેનાંજ દુઃખો રડયા કરીએ છીએ. એટલુંજ નહિ
કોઈક વખત કાંઈ ખરાબ ચીજ દેખાઈ ગઈ હોય તેમાં
જાણે શું નું શું થઈ ગયુ હોય તેમ એજ વસ્તુના સંસ્ક
મનમાં પાડી દઈએ છીએ, પણ આટલાં બધાં સુખને છે
દઈને જરાક દુઃખમાં જીવને ઘાલી રાખવો એ કેટલું
ખોટું છે? તે આપણે જાણતા નથી. અને જેઓ જાણે
તેઓ પણ તે પ્રમાણે પાળતા નથી. તેથીજ દુઃખો વધ
દેખાય છે.

આવીજ રીતે ખાવાની બાબતનો વિચાર કરો કે આ
ણને હમેશાં સારું ખાવાનું મળે છે કે હમેશાં ખરાબ ખાવા
મળે છે? જો આપણે આપણી સ્થિતિ બરોબર રીતે સ
જતા હોઇએ અને આપણે આપણા સંતોષની લાગણીને સ
રીતે સમજતા હોઇએ તો આપણને એમ ખાતરી થાય
ઈશ્વરની કૃપાથી દરરોજ ઘણું કરીને આપણને આપણી લાય
પ્રમાણેજ ખાવા પીવાનું મળે છે, તેમાં ખાસ ખરાબ તો કો
કજ વખત હોય છે, અને તેમ છતાં જો કોઈક વખત
થઈ ગએલી હોય તેને આપણે મોટી વાત માન્યા કરીએ છી
અને કોઈકજ વખત જો સગવડ ન સચવાણી હોય તે
દુઃખોને આપણે રડયા કરીએ છીએ. જેમ કે ઘરમાં
કદી સારી થતી હોય તે સુ... ... હિસાબમાંજ
પણ મહિનામાં એકાદ ... જ્યારે
જાય ત્યારે તેનું દુઃખ અ ... ખોટું
... તે સારૂ બાઈડી ... કરી
... ં સુ ... છે.

પનનાં દુઃખો માટે પણ આવીજ જાતનું પોલાણુ હોય છે. જેમ કે ઈશ્વરકૃપાથી ઘણા પૈસા મળ્યા હોય અથવા ખર્ચ ચાલ્યું જાય તેટલા જરૂર જેટલા પૈસા મળતા હોય તેની તો કાંઈ કિંમત હોતી નથી, પણ એમાંથી કાંઈ જરાતરા કોઇ કારણસર ખોવાઇ જાય કે જતું રહે તો એ મહાભારત દુઃખ થઇ પડે છે.

બંધુઓ ! યાદ રાખજો કે, આવીજ રીતે આપણને બીજાં અનેક જાતનાં મોટાં સુખોની કિંમત નથી, એટલુંજ નહિ પણ બીજાં નાનાં નાનાં દુઃખોને આપણે બહુ મોટાં મોટાં માન્યા કરીએ છીએ, તેથીજ આપણે દુઃખી છીએ. બાકી ખરેખરૂં દુઃખ બહુજ થોડું છે. માટે જેમ બને તેમ સુખોની કિંમત સમજતાં શીખો, અને ખાતરી પૂર્વક એમ સમજી લો કે, આ જગતમાં ઈશ્વરનાં આપેલાં દુઃખો બહુજ ઓછાં હોય છે. બાકી તો ઘણાં દુઃખો માણસો પોતાના અજ્ઞાનપણામાંથી ઉભાં કરી લે છે. એટલુંજ નહિ પણ જે દુઃખો મરી ગએલાં હોય તેને પણ માણસો ફરી ફરીથી જીવતાં કરે છે. અને ન ઉઠતાં હોય તેને પણ આર ઘોંચી ઘોંચીને ઉઠાડે છે. એમ કહેવાય છે કે અસલના જમાનામાં સંજીવિની વિદ્યા હતી, તેથી માણસો મુડદાંઓને જીવતાં કરી શકતા હતા. પણ હાલમાં એ સંજીવિની વિદ્યા નાશ પામી છે, તેથી મુડદાંઓને આપણે જીવતા કરી શકતા નથી. પણ સંજીવિની વિદ્યા નાશ પામી છે એ વાત અમે માનતા નથી. મુડદાંઓને જીવતાં કરવાની વિદ્યા નાશ પામી હોય એ જુદી વાત છે. પણ મરી ગએલાં દુઃખોને ફરીથી જીવતા કરતાં આવડે એવી સંજીવિની શક્તિ તો આપણી ઘણીએ નાદાન ડોસીઓના પણ છે. તેથી તેઓ બહુ કાળ ઉપર મરી ગએલા દુઃખોને જીવતાં કરી શકે છે અને તેને વિલાપ કરે છે. બંધુઓ ! અમૂલ્ય સંજીવિની શક્તિનો આવો દુરુપયોગ ન થાય એ સંભાળજો. અને સુખોની કિંમત સમજતાં શીખજો પણ દુઃખોની કિંમત વધારે કરવાનો હુન્નર શીખશો નહિ અને નાના નાના દુઃખોને મોટા મોટા કરી નાખવાની ભૂલ કરશો ના. કારણ કે દુઃખ

છે તે સ્વર્ગ તરફ લઈ જાય છે, અને દુઃખ છે તે નરક તરફ લઈ જાય છે. માટે સુખનો રસ્તો સહેલો થાય તેમ કરજો, પણ દુઃખનો રસ્તો સહેલો થાય તેમ કરશો માં. એજ પ્રાર્થના છે.

૫૩–નશીબ ઉપર આપણા સુખનો આધાર છે એમ માનવું એ નબળા મનની નિશાની છે. માટે નશીબ ઉપર સુખનો આધાર છે એમ માનવાને બદલે જ્ઞાન ઉપર તથા ઉદ્યોગ ઉપર સુખનો આધાર છે, એમ માનતાં શીખો, એટલે જલદીથી સુખ મેળવી શકશો.

આપણા ઘણા બંધુઓ તથા લાખો બ્હેનો અતિશય દીલાંપોચાં હોય છે. તેઓની રહેણી કરણી ઢંગધડા વગરની હોય છે. તેઓની જીંદગીનું વહાણ સુકાન વિનાનું તથા લંગર વિનાનું હોય છે. કઈ દિશાએ જવું છે, કયે ઠેકાણે જવું છે, કેટલા વખતમાં જવું છે, કયા સાધનો વડે જવું છે અને શા હેતુસર જવું છે તે માટે કાંઇ પણ તેઓએ ધ્યાન આપેલું હોતું નથી. પણ પવન જેમ રસ્તાનાં પીછાંને અથવા રૂને ઉડાવે તેમ તેઓ સંજોગોને આધારે ભટક્યા કરે છે. અથવા ફૂટ બોલ રમતી વખતે દડાને જેમ ચોતરફથી જેના ઝપાટામાં આવે તે ઠોકર મારી લે, કે બેટ મારી લે તેના જેવી એ લોકોની સ્થિતિ હોય છે. કારણ કે તેઓ જ્ઞાનની કિંમત સમજતા નથી, અને ઉદ્યોગની કિંમત પણ સમજતા નથી, ત્યારે તેઓ આત્માના બળની કિંમત તો ક્યાંથીજ સમજી શકે? અને સર્વ શક્તિમાન મહાન પરમાત્માની કૃપાની મદદ તો ક્યાંથીજ સમજી શકે? નજ સમજી શકે. તેથી બિચારા - - લોકો નસીબને આધારે રહી જાય છે. અને નસીબ એ

એક એવો ગોટાળાવાળો શબ્દ છે, એટલો બધા વિશાળ અર્થવાળો શબ્દ છે અને લોકોના અંતરમાં એટલો બધો જામી ગએલો તથા સૌનો માનીનો થઈ ગએલો શબ્દ છે કે તેની વિરૂદ્ધની દલીલો માણસો સહેલાઇથી માની શકતા નથી. માત્ર અજ્ઞાન માણસોજ માની શકતા નથી એમ નથી, પણ મોટા મોટા ભણેલા માણસો પણ નસીબની પોકમાં પડયા રહે છે. કારણ કે જુના સંસ્કૃત ગ્રંથોમાંથી એવી જાતનાં ઘણાં વચન મળી આવે છે, અને કથા વાંચનારા ભટજી મહારાજો પણ એ વાતને પુષ્ટિ આપ્યા કરે છે. તેથી નસીબ શબ્દ દરેકના મનમાં ખુંચી ગએલો છે. તેથી જ્યાં કાંઇ પણ વાતચીત થતી હોય ત્યાં આપણે નસીબને આડું મૂકી દઇએ છીએ. જેમ કે કોઈને ધંધામાં નુકશાન જાય તો આપણે કહીએ છીએ કે, એના નસીબનો વાંક. પણ કોઇ માણસો એમ કહેતા નથી અથવા એમ તપાસતા નથી કે એમાં એની પોતાની કોઈ ભૂલ છે કે નહિ? કોઈ છોકરાનાં માબાપ મરી જાય તો લોકો કહે છે કે એના નસીબનો વાંક, એને લેણાદેણી નહિ. કોઈની નોકરી જાય તો કહે કે નસીબનો વાંક. નાતમાં કન્યા ન હોય ને ટુંકી નાત હોય તેથી પરિણામે વાંઢા રહેવું પડતું હોય તો પણ કહે છે કે એના નસીબનો વાંક. એના નસીબમાં હશે ત્યારે બાઈડી મળી રહેશે, પણ એના નસીબમાં બાઈડી ક્યાંથી આવી પડશે? તેનો કોઈ વિચાર કરતું નથી. કોઇ બાઈડીને છોકરૂં ન થતું હોય તો કહે કે એના નસીબનો વાંક. પણ ઘટતી દવા કરાવવાની જરૂર સમજાય નહિ ને નસીબનો વાંક સમજાઈ જાય એ પણ એક ખુબી કે નહિ? કેટલાક છોકરાઓ અભ્યાસમાં ધ્યાન રાખે નહિ, તોફાન મસ્તી કરે, લેસન કરે નહિ અને પછી નાપાસ થાય ત્યારે તેનાં માબાપ કહે કે એના નસીબનો વાંક. આવી રીતે આપણી જીંદગીના દરેક કામકાજોમાં આપણે આપણા નસીબને વચ્ચે લાવીએ છીએ. પણ જે નસીબને આપણે એટલું બધું મોટું સમજીએ છીએ તે નસીબને માટે યુરોપના વિદ્વાનોનું શું કહેવું છે તે તમે જાણો છો? તેઓ કહે છે કેઃ—

નસીબ એટલે વંશપરંપરાથી ચાલ્યો આવતો એક જાતનો ગોટાળાભરેલો શબ્દ, નસીબ એટલે નબળા મનના માણસોને દિલાસો લેવાની જગ્યા. નસીબ એટલે પોતાની નાલાયકીને ઢાંકવાનો પડદો, નસીબ એટલે અમુક પ્રકારની પોલંપોલ, નસીબ એટલે એક જાતના અજ્ઞાનપણાનો દેખાવ, નસીબ એટલે જ્ઞાનને તથા મહેનતને અટકાવી દેવાની ખીલી. નસીબ એટલે અજ્ઞાનીઓને વળગેલું એક જાતનું, ઘડીકમાં નહિ નીકળી શકે તેવું ભૂત. નસીબ એટલે માણસોની નબળાઈઓને ઉત્તેજન આપવાની બારી. નસીબ એટલે નવીન શોધખોળને અટકાવી દેવાની કુંચી. નસીબ એટલે પોતાનો કક્કો ખરો કરાવવાની સહેલામાં સહેલી યુક્તિ, નસીબ એટલે બિચારી બુદ્ધિને તકલીફ ના આપવી પડે એવી યુક્તિ, નસીબ એટલે બની શકે તેવા બનાવોને પણ અશક્ય બનાવોની સાથે ભેળસેળ કરી નાખવાની કસરત, નસીબ એટલે ઉદ્યમહીન માણસોની આંખો આડે નાખનારૂં જાદુ, નસીબ એટલે સહેલી બાબતોને પણ કઠણ બનાવનાર તથા મુશ્કેલ બાબતોને પણ સહેલી બનાવનાર એક જાતનો કીમીઓ. નસીબ એટલે આપણી બાજી આપણા હાથમાં નથી પણ કોઈ બીજાના જ કબજામાં છે એમ સમજાવનાર ઉપદેશક, નસીબ એટલે સટ્ટો અથવા એક જાતનો જુગાર. નસીબ એટલે ખોટા ઉપકાર કરનારનો દોસ્ત, નસીબ એટલે પોતાના બળથી ઊંચે ઊડનાર બહાદુર માણસોની પાંખોને કાપી નાખનાર યંત્ર, નસીબ એટલે માણસોને ઘણી જાતની ગુલામગીરીમાં નાખનારી બેડી, નસીબ એટલે ઈશ્વરથી વિમુખ થવા માટે શેતાને ખિલાવેલી ભાંગ, અને નસીબ એટલે કુદરતના નિયમનો, આત્માના બળનો, તથા ઈશ્વરના સર્વશક્તિમાનપણાનો અનાદર.

બંધુઓ! આપણે જેને હમણાં નસીબ કહીએ છીએ તે બિચારા નસીબના તો બૂરા હાલ છે. કારણ કે તે બિચારૂં અજ્ઞાનીઓને હાથ ચડેલું છે. માટે તેના આવા હાલ થાય છે. પણ એને બદલે એજ નસીબ જ્યારે જ્ઞાનીઓના હાથમાં

જાય છે, જ્યારે ઉદ્યોગી પુરૂષોના હાથમાં જાય છે, જ્યારે સમયની કિંમત સમજનાર સજ્જનોના હાથમાં જાય છે, અને જ્યારે તે નસીબ મહાત્માઓના હાથમાં જાય છે ત્યારે તેની સ્થિતિ કેવી હોય છે, એ તમે જાણો છો? એ માટે પંડિતો કહે છે કેઃ—

જ્ઞાનીઓ પોતાના નસીબને પોતાની મૂઠીમાં લઇને ફરે છે. કારણ કે તેઓ બહુજ ચોખ્ખી રીતે એમ સમજે છે કે, અમારૂં નસીબ કાંઈ ભગવાન બનાવતા નથી પણ અમે પોતે બનાવીએ છીએ. અમારાં પોતાનાંજ કામોમાંથી અમારૂં નસીબ બંધાયું છે, અને હવે પછી અમે જેવાં જેવાં કામો કરશું તેવુંજ અમારૂં ભવિષ્યનું નસીબ બનવાનું છે. આમ હોવાથી ખરી રીતે જોતાં અમે નસીબના હાથમાં નથી, પણ નસીબ અમારા હાથમાં છે. કારણ કે નસીબે કાંઇ જીવોને ઉત્પન્ન કર્યા નથી પણ જીવોએ પોતાનાં કામોમાંથી નસીબને બનાવેલું છે. માટે નસીબ અમોને પોતાની મરજી પ્રમાણે નચાવી શકે નહિ, પણ અમે અમારી મરજી પ્રમાણે અમારા નસીબને ફેરવી શકીએ છીએ. આવી રીતે નસીબને માટે મહાત્માઓ સમજે છે.*

બીજા પંડિતો નસીબ માટે એમ કહે છે કે, માણસ પોતાની ગમે એટલી ચતુરાઇ ચલાવે અને તે જ્ઞાનમાં, ઉદ્યોગમાં તથા ભક્તિમાં ગમે તેટલો આગળ વધે છતાં પણ તેનામાં કાંઇક અધુરાપણું રહી જાય છે, તેનાથી સંપૂર્ણતાએ પહોંચી શકાતું નથી. કારણ કે મનુષ્યના શરીરની રચના એવી છે કે તેને આગળ વધવામાં અનેક જાતની અડચણો પડે છે અને તેમ છતાં કોઈ પણ વસ્તુનું પૂરેપૂરૂં યથાર્થ જ્ઞાન થઇ શકતું નથી. કાંઇકે ને કાંઇકે વસ્તુ તેના બાકી રહી

* નસીબ સંબંધી વધારે હકીકત જાણવી હોય તો "નસીબ ફેરવવાની કુંચી" વાંચી જુઓ. એ કિંમતી પુસ્તક નામદાર મુંબઇ ઇલાકાના કેળવણી ખાતાના ડિરેક્ટર સાહેબે મંજુર કરેલ છે. અને તે ખાસ જાણવા જેવું પુસ્તક માત્ર સાડાત્રણ આને સસ્તા સાહિત્યની ઓફિસમાં મળે છે.

જાય છે. કારણ કે કુદરતની દરેક ચીજમાં એટલું બધું મહાન તત્ત્વ ભરેલું છે કે, એનો કાંઇ પત્તોજ લાગી શકતો નથી. તેમજ એકજ વસ્તુમાં બીજાં એટલાં બધાં તત્ત્વો છે અને તેમાંથી એટલા બધા બનાવો બની શકે છે કે જેની કાંઇ હદજ નથી. આવી રીતે કુદરતની વિશાળતાનો તથા ગહનતાનો અંતજ નથી, ત્યારે બીજી તરફથી મનુષ્યનું આયુષ્ય બહુજ થોડું છે. અને તેમાં વળી મનુષ્યનું મન બહુજ ચંચળ છે, તેથી તે એકને એક બાબતને પકડી શકતું નથી. તેને જુદી જુદી અનેક બાબતોમાં રમવું જોઇએ છે, તેથી કુદરતના છેલ્લામાં છેલ્લા ભેદ સુધી તે પહોંચી શકતો નથી. એ સિવાય આ વાત પણ આ પ્રસંગે જાણી લેવા જેવી છે કે, મનુષ્યને મળેલી બુદ્ધિની અલૌકિક શક્તિ એવી મહાન છે અને તેનું પેટ એટલું બધું મોટું છે કે, તેમાં આપણો એક સમુદ્ર તો શું પણ અનંત બ્રહ્માંડો પચી જાય એવી તેનામાં શક્તિ છે. તેથી તળાવમાં કાંકરો નાખીએ ત્યારે તેમાં જેમ કુંડાળાં પડતાં જાય છે અને તે વધતા જાય છે, તેમ બુદ્ધિને પણ જ્યારે બરોબર રીતે વાપરીએ ને કસોટી ઉપર ચડાવીએ ત્યારે તેમાંથી પણ અનેક જાતના નવા નવા રંગ નીકળતા જાય છે. અને તેનાં કુંડાળાંઓ વધતા જાય છે, અને તેની હદ મોટી મોટી થતી જાય છે. વળી આ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે, આપણે જે જે કામો કરીએ તે દરેક કામોને આપણી આસપાસની દુનિયાની અનેક જાતની નાની મોટી અસરો નડે છે તેમાં કેટલીક અસરો સીધી રીતે સમજી શકાય તેવી હોય છે અને કેટલીક અસરો આડકતરી હોય છે. તથા આપણને નહિ સમજી શકાય તેવી અદૃશ્ય હોય છે. ન સમજાય તેનું કારણ એટલુંજ છે કે, હજી સુધી આપણું જ્ઞાન એટલી હદ સુધી પહોંચેલું નથી, અને કદિ એટલી હદ સુધી કોઈનું જ્ઞાન પહોંચેલું હોય તોપણ એ અસરો તોળવા માટે, માપવા માટે અને તેનું પૃથક્કરણ કરવા માટે જે જે જાતનાં યંત્ર જોઇએ તથા તેને લગતી બીજી સામગ્રીઓ ને તૈયારીઓ જોઇએ તે આપણી પાસે હજી સુધી નથી, એટલુંજ

નહિ પણ જુદી જુદી ગ્રહોના બળથી, તથા આપણી જુદી જુદી જાતની ભાવનાઓથી, અને આપણા કામોના જે બધા ગ્રહે પ્રેરેલ યોગાયોગમાંથી એક જાતની ઇચ્છાથી ક્રિયા ઉત્પન્ન થાય છે, અને તેમાંથી કોઈ વખત કોઈ અણધાર્યું પરિણામ નીકળી આવે છે. આ બધાં કારણોને લીધે આપણે જે કામો કરીએ તેમાં કાંઈ ફેરફાર કરી જાય છે, તેથી તેનાં ફળ મળની વખત કામોમાં આપણું ધારેલું બન્યું નથી. પણ કોઈ કોઈ વખત તેમાં કાંઈ મોટો ફેરફાર થઇ જાય છે. તેને લોકો નસીબ કહે છે. હજી આ બાબતમાં બીજી ઘણીએ વધારે બાબતો લખી ઉંડી વાતો કરી શકાય તેમ છે, પણ સાધારણ માણસોને એટલા બધા ઉંડાણમાં ઉતરવાની ટેવ હોતી નથી, તેથી તેઓને કંટાળો લાગે છે માટે આટલેથીજ બંધ કરીએ છીએ.

ત્રીજા પ્રકારના આનસ વર્ગ. લોકો નસીબ માટે કહે છે કે, આપણાથી બનતાં સુધી એટલી મહેનત કરી ચુકીએ અને તેમ છતાં જ્યારે આપણું ધાર્યું ન થાય ત્યારે દિલગીરી ન થાય અને દિલાસો રહે. આ માટે તે માટે, તથા કાંઈ નહિ જાણેલા કારણોને લીધે કોઈ વખત ઓચિંતો કાંઈ બહુ મોટો લાભ મળી જાય તે વખતે અભિમાન ન આવી જાય ને છકી ન જવાય તે માટે મહાત્માઓએ સમતોલનપણું [illegible] યુક્તિ જણાવી દીધેલી છે તેનું નામ નસીબ છે [illegible] વખતે તથા દુઃખને વખતે દિલાસો [illegible] માટે મહાત્માઓએ નસીબને [illegible] માનવું એટલે દરરોજ માનવું છે

નસીબના [illegible] પત્રિકા કે છે, પણ એ બધા [illegible] સાધુઓને કાંઈ જરૂર નથી. આટલા મુખ્ય અને [illegible] તેનાથી [illegible] હોવાય તો પણ ચાલે છે જ્ઞાનીઓ [illegible] હેતુ સમજે છે અને અજ્ઞાનીઓ હેતુ સમજે છે, એ બંને વાત જો બરોબર સમજાઈ જાય તો તેનાથી [illegible] થઈ જાય તેમ છે માટે

જરા ઉંડા ઉતરીને આટલી વાત બરોબર રીતે સમજી લો[illegible] આપણું નશીબ બીજું કોઈ બનાવતું નથી, પણ આપણા પોતાના કામોમાંથીજ આપણું નશીબ બને છે. જેવાં કામો આપણે અગાઉ કરેલાં છે તેવું તેમાંથી આપણું હાલનું નશીબ બંધાએલું છે અને હવે આપણે જેવાં કામો કરીશું તેવું આપણું ભવિષ્યનું નશીબ બંધાશે. કારણ કે પ્રભુ કાંઇ આપણું નશીબ બનાવતો નથી, પણ આપણે સારા કે માઠા જે કર્મો કર્યાં હોય તેનું ફળ પ્રભુ આપે છે, પણ તે કાંઇ કોઈનું નશીબ બનાવતો નથી. જો પ્રભુ જીવોના નશીબને બનાવે તો પ્રભુમાં પક્ષપાત આવી જાય પણ પ્રભુ તો ન્યાયી છે માટે તે કોઈના નશીબને બનાવતો નથી પણ [illegible] કર્મ પ્રમાણે ફળ આપે છે. રાજા જેમ કોઈને [illegible] વિના [illegible] હોતો નથી કે કાંઇ [illegible]

[illegible]

[illegible]ુમાંથી તારવી કાઢેલો અર્ક છે. જ્ઞાન એ પરમાત્માના [illegible]નંત બ્રહ્માંડોમાં ઉડવાનું વિમાન છે. જ્ઞાન એ દેવોની ઉપર [illegible]ઇથા જવાની સડક છે. અને જ્ઞાન એટલે કુદરતના ઉંડામાં [illegible]ડા ભેદોના ભીતરમાં ઘુસી જવાની ચાવી છે. આવા ઉત્તમ [illegible]ાનને તથા આવા મહાન ઉદ્યોગને છોડીને, જે લોકો "પોલં-[illegible]ાલચાળા તથા જેમ ફેરવીએ તેમ ફેરવાઇ જાય એવા નશી-[illegible]ની હદમાં બંધાએલા રહે ને એનેજ મોટું મોટું માન્યા કરે [illegible]ેઓ બહુ નબળા મનના માણસો છે. અને યાદ રાખજો કે, નબળું મન રાખીને દુનિયામાં ફતેહ મેળવી શકાતી નથી કે પ્રભુના વહાલા થઈ શકાતું નથી, માટે મજબુત મન રાખીને જ્ઞાન મેળવો, અને ઉદ્યોગ કરો. એટલે ધીરે ધીરે તમારૂં નશીબ તમારા હાથમાં આવી જશે. અને જ્યારે એમ થશે ત્યારેજ તમે ખરેખરી રીતે આગળ વધી શકશો. માટે અજ્ઞા-નીઓ માને છે તેવા રૂપમાં નશીબને ન માનો, પણ જ્ઞાનીઓ માને છે તે રૂપમાં નશીબને માનતા શીખો. એટલે તમારૂં નબળું નશીબ પણ [illegible] વખતના [illegible] નશીબના રૂપમાં બદલાઈ જશે. અને એમ કરવાનું [illegible] [illegible] પરમાત્મા તમોને બળ આપે એમ અમારી પ્રાર્થના છે.

૫૪–કુદરતની દરેક ચીજનું વલણ દહાપણને
ઉત્તેજન આપવા તરફ તથા તેને વધારવા તરફ
છે, અને કુદરત પોતે પણ ડાહ્યા માણસોની
તરફેણમાં છે. કારણ કે અજ્ઞાન તેને
ગમતું નથી. તેથી અજ્ઞાની લોકોનો
વહેલો મોડો નાશ થયા વિના
રહેતો નથી, માટે જ્ઞાન મેળ-
વવાની કોશિશ કરો.

આજકાલ [illegible]
[illegible]
કેળવણી [illegible]

થાય તેમ કરવું જોઇએ. તે સારૂ યુરોપ, અમેરિકા, જાપાન, વગેરે સુધરેલા મુલકોમાં અતિશય દોડધામ ચાલી રહી છે, દરેક દેશની યુનિવર્સિટીઓના આગેવાનો એવોજ વિચાર કરે છે કે, અમારા દેશમાં કેળવણી વધારવા માટે તથા તેને સંગીન બનાવવા માટે શું શું ઉપાયો યોજવા જોઇએ ! તે સંબંધી અનેક પ્રકારની તજવીજો લોકો કરી રહ્યા છે. કોઈ હુન્નરની કેળવણી ઉપર ભાર મૂકે છે. કોઈ ખેતીવાડીની કેળવણી ઉપર ભાર મૂકે છે. કોઈ નવીન શોધખોળની કેળવણી ઉપર ભાર મૂકે છે. કોઇ વેપારની કેળવણી ઉપર ભાર મૂકે છે. કોઈ ખાણોની કેળવણી ઉપર ભાર મૂકે છે. કોઈ ફાઈન આર્ટની કેળવણી ઉપર ભાર મૂકે છે. કોઇ કાયદાની કેળવણી ઉપર ભાર મૂકે છે. કોઈ ઈજનેરી કેળવણી ઉપર ભાર મૂકે છે. કોઈ ધર્મની કેળવણી ઉપર ભાર મૂકે છે. કોઇ નીતિની કેળવણી ઉપર ભાર મૂકે છે. કોઈ રાજકીય કેળવણી ઉપર ભાર મૂકે છે. કોઈ લશ્કરી કેળવણી ઉપર ભાર મૂકે છે. કોઇ સાહિત્યની કેળવણી ઉપર ભાર મૂકે છે. કોઈ પ્રાચીન ભાષાઓની કેળવણી ઉપર ભાર મૂકે છે. કોઈ નવી નવી જાતનાં ચાલતા વખતનાં જ્ઞાન શિખવવા ઉપર ભાર મૂકે છે. કોઈ શરીર સુધારાની કેળવણી ઉપર ભાર મૂકે છે. કોઈ ભાતૃ ભાવની કેળવણી ઉપર ભાર મૂકે છે અને કોઈ સંયમ કેળવણી ઉપર ભાર મૂકે છે. આવી રીતે જુદા જુદા દેશમાં જુદી જુદી સંસ્થાઓ જુદી જુદી જાતની કેળવણી વધારવા પોતાનાથી બનતી મહેનત કરે છે. કારણ કે કેળવાએલા લોકોને જાતિ અનુભવથી એવી ખાતરી થએલી છે કે, જ્ઞાન એ બહુ મોટી વસ્તુ છે, અને તેનાં ફળ બહુજ રૂડાં છે. માટે એનો તો જેમ બને તેમ ખૂબ ખુશીથી ફેલાવો કરવામાંજ લાભ છે. આવી સમજણને લીધે તથા આવા અનુભવને લીધે સુધરેલા મુલકોમાં કેળવણી વધારવા પાછળ દર વર્ષે અબજો રૂપીઆનાં ખર્ચ થાય છે. તેમાં કોઈ ગૃહસ્થો લાયબ્રેરીઓ ખોલવા માટે મોટી રકમો કાઢી આપે છે. કોઈ ગૃહસ્થો પુસ્તકો લખાવવા બાદશાહી રકમો કાઢી આપે છે. કોઇ ગૃહસ્થો સ્કુલો

ખોલવા માટે મોટી મોટી રકમો આપે છે. કોઇ ગૃહસ્થો કોલેજો ખોલવા માટે લાખો રૂપીઆની રકમો કાઢી આપે છે. કોઇ ગૃહસ્થો કન્યાશાળાઓ માટે સારી રકમો આપે છે. કોઇ ગૃહસ્થો કોઇ વિદ્યાર્થીને સ્કોલરશીપ આપવા માટે ખૂબ પૈસા ખરચે છે. કોઇ ગૃહસ્થો સ્ત્રીઓને માટે સેવાસદન જેવાં ખાતાંઓ મારફત જ્ઞાન આપવા સારૂ તેમાં ખૂબ પૈસા વાપરે છે કોઇ ગૃહસ્થો રાત્રિશાળા ઉપર ઘણો ખર્ચ કરે છે, કોઇ ગૃહસ્થ અનાથ બાળકોને કેળવણી આપવા માટે મહેનત તથા ખર્ચ કરે છે. કોઇ સજ્જનો સાધુઓને સુધારવા માટે બહુ મહેનત કરે છે. કોઇ ગૃહસ્થ ગુનેહગારોને સુધારવા પાછળ પોતાના પૈસાનો ઉપયોગ કરે છે. કોઇ ગૃહસ્થ ગાંડાઓને સુધારવા સારૂ મોટી રકમો ખરચે છે. કોઇ હરિજનો નાસ્તિક માણસોને આસ્તિક બનાવવા સારૂ મહેનત કરે છે. ને ખર્ચ કરે છે, અને ઘણા માણસો એથી પણ આગળ વધીને ગાય, ઘોડા, કુતરા, બિલાડાં, વાઘ, ચીતા, સાપ વગેરે જંગલી પ્રાણીઓને પણ સુધારવાની કોશિશ કરે છે કારણ કે તેઓ એમ સમજે છે કે, જ્ઞાન એ બહુજ મોટી વસ્તુ છે જ્ઞાનની મદદથીજ બધાં સુખો ઉત્પન્ન થઇ શકે છે જ્ઞાનથીજ આગળ વધી શકાય છે અને જ્ઞાનથીજ આનંદ [illegible] થઇ શકે છે માટે જ્ઞાન જેવી દુનિયામાં બીજી કોઇ વસ્તુ નથી માટે [illegible] જેમ બને તેમ દરેક [illegible] કોઇએ અને દરેક [illegible] બહુ પ્રેમથી તથા [illegible] જ્ઞાનથી જેટલો [illegible] જગતની બીજી કોઇ [illegible] કારણ કે બીજી જડ વસ્તુ [illegible] તે કરતાં જ્ઞાનને [illegible] નહિ પણ પોતાના [illegible] જ્ઞાનસ્વરૂપ છે અને [illegible] માટે આત્માને જ્ઞાન [illegible] દુનિયાના દરેક મુખ્ય [illegible]

રાખવી હોય તો હાલના જમાનાની અનુકૂળતાઓનો લાભ લઈ જેમ બને તેમ કોઈપણ જાતનું ખાસ જ્ઞાન મેળવો, જ્ઞાન મેળવો. એ વિના હવેના વખતમાં ટકી શકાશે નહિ, એ વાત બરોબર રીતે ધ્યાનમાં રાખજો.

૫૫—આપણા કાંઈ પણ વાંક વિના પણ વખતે આપણા શરીરને કોઈ પણ જાતની ઈજા થઈ જાય પણ આપણા વાંક વિના આપણા મનને દુઃખ થાય નહિ, માટે આપણી ભૂલ ન થઈ જાય એ ખાસ સંભાળજો.

[illegible]

થએલાં હોય છે. કેટલાંક દુઃખો વહેમને લીધે થએલાં હોય છે. કેટલાંક દુઃખો સ્નેહીઓને રાજી રાખવાને ખાતર ખરીદી લીધેલાં હોય છે. અને કેટલાંક દુઃખો આપણા અભિમાની-પણામાંથી તથા અજ્ઞાનપણામાંથી ઉત્પન્ન થએલાં હોય છે. આવી રીતે શરીરનાં બધી જાતનાં દુઃખો ઘણું કરીને આપણી પોતાની ભૂલમાંથીજ ઉત્પન્ન થાય છે. પણ એ સિવાય બીજાં કેટલાંક દુઃખો એવાં પણ છે કે, જેમાં આપણી કાંઈ પણ ભૂલ ન હોય છતાં પણ આપણા શરીરને બીજાઓની ભૂલથી પણ દુઃખ થાય છે. જેમ કે આપણે ટ્રેનમાં મુસાફરી કરતા હોઈએ ને કાંઈ અકસ્માત થાય તેથી આપણા શરીરને ઇજા થાય તો એ વખતે એમાં આપણી કાંઈ ભૂલ હોતી નથી. આપણે રસ્તામાં ચાલ્યા જતા હોઈએ ને ત્યાં ઓચિંતું કુતરૂં કરડી લેય ને તેથી શરીરને ઇજા થાય એમાં આપણો કાંઈ વાંક હોય નહિ. આવી રીતે ઘણી બાબતો એવી હોય છે કે જેમાં આપણા કાંઈ વાંક વિના બીજાઓના વાંકને લીધે પણ આપણા શરીરે દુઃખ થાય છે. પણ મહાત્માઓ એમ કહે છે કે, આપણા વાંક વિના બીજાઓના વાંકથી આપણા મનને દુઃખ થઈ શકતું નથી. આપણું મન તો આપણી પોતાની ભૂલોથીજ દુઃખી થાય છે. બીજાઓની ભૂલોથી મનને જે ધકકો લાગે છે તે ધક્કામાં અને મનને ખરેખરૂં દુઃખ થાય તે ધક્કામાં મોટો ફરક હોય છે. બીજાઓની ભૂલથી મનને જે દુઃખ થાય તે દુઃખ ઉપલકપણાનું હોય છે. તે દુઃખ સ્વાર્થનું હોય છે અથવા તે દુઃખ પરમાર્થની લાગણીને ખાતર થએલું હોય છે. અને તે દુઃખ મનને ભારે પડી જાય નહિ તેવું હોય છે. પણ આપણી પોતાની ભૂલથી આપણને મનમાં જે દુઃખ થાય છે તે દુઃખ તો બહુજ મોટું હોય છે, બહુજ ભયંકર હોય છે, બહુજ ઉંડાણનું હોય છે, અને એ દુઃખને કાઢી નાખતાં પણ બહુજ મહેનત પડે છે. એટલુંજ નહિ પણ આપણી પોતાની ભૂલોને લીધે આપણા મનને જે દુઃખ થાય તે દુઃખ ઘણું સખત હોય છે. કારણ કે એ દુઃખની સાથે આપણી ભૂલોનો પશ્ચાત્તાપ મળેલો હોય છે, અને

પશ્ચાત્તાપ એ એવી વસ્તુ છે કે તે હૃદયને કોરી ખાય છે. અને જીવને હચમચાવી નાખે છે. પશ્ચાત્તાપમાંથી જે વેદના ઉત્પન્ન થાય છે તે બહુ વિકટ હોય છે. તેથી એ વેદના મનને બેહાલ કરી નાખે છે, ને ભ્રમિત કરી દેય છે. આવું દુઃખ બીજાઓની ભૂલોથી મનને થતું નથી, પણ પોતાની ભૂલથીજ થાય છે. માટે એવી ભૂલ ન થાય એ સંભાળજો.

શરીરનાં દુઃખો જલદી મટી જાય તેવાં હોય છે, અને તે દુઃખ જેમ બીજાઓની ભૂલથી પણ થઈ શકે છે તેમજ બીજાઓના મલમપટાથી કે દવાદારૂથી તે સારાં પણ થઈ શકે છે. પણ મનની બાબતમાં એમ બનતું નથી. બીજાઓની ભૂલોથી ખરેખરી રીતે તે કદી પણ દુઃખી થતું નથી અને બીજાઓના મલમપટાથી કે કહેવા સાંભળવાથી તેનું દુઃખ મટતું પણ નથી પણ એ તો જ્યારે પોતાના મનનું બરોબર રીતે સમાધાન થઈ જાય ત્યારેજ મટે છે.

બીજાઓની ભૂલથી આપણા મનને ખરેખરૂં દુઃખ થતું નથી, પણ બીજાઓની ભૂલથી શરીરને દુઃખ થઈ શકે છે. તેનું કારણ એ છે કે, શરીર જડ છે અને તે થોડો વખત રહેવાનું છે, એ પછી તેનો નાશ થઇ જવાનો છે, તેથી તેમાં જે સુખ દુઃખ હોય છે તેની અસરો જલદીથી ભુંસાઈ જાય છે માટે શરીરના બીજાઓની ભૂલથી કોઈ વખત કદી કાંઈ દુઃખ થઇ જાય તો તે નિભાવી લેવાય, પણ મનની બાબતમાં કાંઈ એમ નથી. મન તો બહુ ઉંચું તત્વ છે. શરીરનો નાશ થયા પછી પણ તે રહી શકે છે. શરીરને તથા ઇન્દ્રિયોને ચલાવનાર મન છે. અને મનમાં સુખ દુઃખની જે અસરો પહોંચે તે અનરો લાંબા કાળ સુધી રહી શકે છે. માટે જો બીજાઓની ભૂલોનાં દુઃખો આપણા મનને થતાં હોય તો પછી માણસોના દુઃખનો પાર રહે નહિ, અને જો એમ થતું હોય તો પછી સુખ ભોગવવાનો દિવસ આવે નહિ, અને શાન્તિમા મન નજ રહી શકે. માટે પરમ કૃપાળુ પરમાત્માએ એવી યોજના કરેલી છે કે, આપણા પોતાના વાંક વિના આપણા મનને ખરેખરૂં દુઃખ થાય નહિ.

માટે જ્યારે આપણા મનને ખરેખરૂં દુઃખ થાય ત્યાં
સમજવું કે, આપણીજ ભૂલનું પરિણામ છે. એટલુંજ
પણ બીજાઓના વાંકથી આપણા મનને દુઃખ થતું હે
એ પણ આપણીજ ભૂલ છે. કારણ કે આપણા અજ્ઞાન
લીધે આપણને દુઃખ થાય છે. પણ બીજાઓની ભૂલથ
બચવું, મનમાં કઇ જાતના વિચારોને આવવા દેવા
જાતના વિચારોને ન આવવા દેવા, કઇ જાતના વિચ
અભ્યાસ કરવો અને કઈ જાતના વિચારોથી બ્હીતા ર
બધી વાતો આપણે જાણતા નથી. અને આપણા મન
શરીરને કેટલો સંબંધ છે તથા મનનાં દુઃખોમાં અને
રનાં દુઃખોમાં શું ફરક છે, શરીરનાં દુઃખો શા કા
ઉત્પન્ન થાય છે અને મનનાં દુઃખો શા કારણસર (
થાય છે? શરીરનાં દુઃખો કેટલી વાર રહેનારાં છે,
મનનાં દુઃખો કેટલી વાર રહેનારાં છે? શરીરનાં
જીવાત્મા ઉપર કેટલી અસર કરે છે, અને મનનાં
કેટલી અસર કરે છે. એ બધી બાબતો બરોબર રીતે
જાણી જોઇએ. એ સમજવાથી ઘણી જાતનાં દુઃખો
કરી શકાય છે, બહુ મોટાં મોટાં લાગતાં દુઃખોને
નાનાં કરી શકાય છે. આ દુઃખો તો હવે નહિજ મ
લાગતું હોય તેવાં દુઃખોને પણ દૂર કરી શકાય છે.
જ્યારે આપણને એમ ખાતરી થઈ જાય કે, "આ
વાંક વિના આપણા મનને દુઃખ થાયજ નહિ." ત્યારે
પણે બહુજ ચેનીને ચાલી શકીએ છીએ, તથા બીજા
ભૂલો કાઢતાં અટકીએ છીએ. માટે જો ધર્મમાં જીંદગી
હોય, સજ્જનના મેળવવી હોય અને પરમ કૃપાળુ
ત્માના વહાલા થવું હોય તો ચોખ્ખી રીતે એમ
લો કે, આપણા વાંક વિના આપણા મનને દુઃખ
નહિ. માટે આપણી પોતાની ભૂલો સુધારવાની કોશિશ
આપણી પોતાની ભૂલો સુધારવાની કોશિશ કરો.

૫૬–કોઇ પણ ભૂલભરેલા વિચારમાંથી પોતાનો છુટકારો કરવો તે એક જાતની ગુલામગીરી-માંથી છુટવા બરોબર છે.

આપણે એમ સમજીએ છીએ કે, કોઇ માણસ કેદમાં પડેલો હોય અથવા કોઈ માણસને કોઇએ વેચાતો લીધો હોય અથવા કોઈ માણસ ઉપર તેનો શેઠ કે ઘરનાં માણસો અતિશય જુલમ ગુજારતાં હોય તેને આપણે ગુલામગીરી સમજીએ છીએ, અને કહીએ છીએ કે, એ બિચારાને બહુ દુઃખ છે, ને ગુલામગીરીની સ્થિતિ ભોગવે છે. આવી રીતે તેવા માણસોની આપણે દયા ખાઈએ છીએ, પણ સંતો કહે છે કે, ઉપર જણાવી તે ગુલામગીરી તો બહુ નાની છે ને હલકા પ્રકારની છે. પણ આપણે સૌ તો એ કરતાં પણ ઘણી વધારે સખત ગુલામગીરીમાં સપડાએલા છીએ. અને તેમ છતાં એ ગુલામગીરી કઇ ? તે આપણને ખબર પડતી નથી. એ ખરેખરી ગુલામગીરી છતાં પણ તે ગુલામગીરીનું દુઃખ આપણને દેખાતું નથી. તેથી બીજાઓની બહુ નાની નાની ગુલામગીરીઓમાંથી પણ છુટી શકીએ છીએ, પણ આપણી મેળે આપણે પોતેજ ઉત્પન્ન કરેલી બહુ મોટી ગુલામગીરીમાંથી આપણે છુટી શકતા નથી. કારણ કે એ ગુલામગીરી એટલે શું ? તથા એ ગુલામગીરી કઇ જાતની છે ? તે આપણે જાણતા નથી, માટે પ્રથમ આપણે જાણવું જોઇએ કે, જે મોટામાં મોટી ગુલામગીરીની વાત થાય છે અને જેમાં આપણે પોતે પડેલા છીએ તે ગુલામગીરી કઈ ?

એના જવાબમાં વિદ્વાનો કહે છે કે, કોઇ પણ જાતના ખોટા કે ભૂલ ભરેલા વિચારમાં પડયા રહેવું અને તે પ્રમાણે ચાલ્યા કરવું એ સૌથી મોટામાં મોટી ગુલામગીરી છે. કારણ કે ચોકસપણે જે વિચારો મગજમાં બહુ જોરથી ઠસી ગયા હોય તે વિચારો સહેલાઈથી નીકળી શકતા નથી. અને તે વિચારોને તજી દેવાનું પોતાની મેળે સુઝતું નથી, એટલુંજ નહિ પણ એવા જામી ગએલા વિચારોને તજી દેવાનું કદી

કોઇ કહે તોપણ તેઓની એ વાત આપણને ગળે ઉતરતી નથી. કારણ કે મનુષ્યનો સ્વભાવ એવો છે કે, તેના મનમાં જે વાત ઠસી ગઈ હોય તે પાછી સહેલાઇથી નીકળી શકતી નથી. એટલુંજ નહિ પણ જે વાત મગજમાં ઠસી ગઇ હોય તે પ્રમાણેજ વરતવાનું મન થાય છે. અને જે વાત જે વિચાર, જે કલ્પના કે જે સિદ્ધાંત મનમાં ઘુસી ગયો હોય તે પ્રમાણે ફરજીઆત રીતે વરતવું પડે છે. કારણ કે સારા કે માઠા જે વિચારો મનમાં જામી ગયા હોય તે વિચારોનો માણસ ગુલામ બની જાય છે. અને દરેક માણસોની જીંદગીમાં ઘણું કરીને હમેશાં એમજ બને છે કે, કોઈ ને કોઈ ભૂલભરેલા વિચારો મગજમાં ઠસી ગએલા હોય છે. તેમાં કેટલાક વિચારો માબાપ તરફથી મળેલા હોય છે, કેટલાક વિચારો નાત જાતના બંધનમાંથી ઉપજેલા હોય છે. કેટલાક વિચારો રાજ્યના કાયદાઓમાંથી થએલા હોય છે, કેટલાક વિચારો ધર્મમાંથી મળેલા હોય છે. કેટલાક વિચારો પુસ્તકોમાંથી મળેલા હોય છે. કેટલાક વિચારો મિત્રો પાસેથી મળેલા હોય છે, કેટલાક વિચારો આસપાસના સારા માઠા સંજોગોમાંથી ઉપજેલા હોય છે, કેટલાક વિચારો અધૂરી તપાસમાંથી નીકળેલા હોય છે, અને કેટલાક વિચારો પોતપોતાની પ્રકૃતિઓમાંથી તથા મગજમાંથી નીકળેલા હોય છે. આવી રીતે ઘણાં કારણોસર માણસોના મનમાં ભૂલભરેલા વિચારો દાખલ થઈ જાય છે, અને એક વખત એવા વિચારો મગજમાં દાખલ થઈ ગયા પછી તેને કાઢવા મુશ્કેલ પડે છે. પછી તો તે વિચારો ધીરે ધીરે ઉલટા મજબુત થતા જાય છે, તથા અંતરના ઉંડાણમાં તે વિચારો જામી જાય છે; એ પછી તે વિચારો પ્રમાણે વરતવાનું મન થાય છે. અને આગળ જતાં ફરજીઆત રીતે તે પ્રમાણે આપણને વરતવું પડે છે. એટલુંજ નહિ પણ જાણે કોઈ આપણને પરાણે પરાણે ખેંચીને ઢસડી જતું હોય તેમ આપણી ઇચ્છા ન હોય છતાં પણ એવા વિચારોને આધીન થવું પડે છે, એ પછી કોઈ મિત્ર, ઉપદેશકો કે પુસ્તકો આપણને સમજાવે કે, તમે જે વિચાર

ધરાવો છો તે વિચાર ભૂલભરેલા છે, અને આપણો અનુભવ પણ આપણને એમ કહે કે, આપણે જે વિચારોમાં રહીએ છીએ ને તેને લીધે જે આચારો પાળીએ છીએ તે બરાબર નથી. તેથી તેમાં આપણે સુધારો કરવો જોઇએ. છતાં પણ સહેલાઈથી તે વિચારોને તજી શકતા નથી. આવી સ્થિતિ થઇ પડે તેનું નામ મોટામાં મોટી ગુલામગીરી છે. કારણ કે બહારની ગુલામગીરી કરતાં આવી અંતરની ગુલામગીરી ઘણું વધારે દુઃખ દઇ શકે છે. એના દાખલાઓ જોવા હોય તો તે કાંઈ દૂર નથી. આપણા પોતાના જીવનમાંથી પણ એવા ઘણા દાખલા મળી આવે છે. જેમ કે આપણને ચોખ્ખી રીતે એમ દેખાતું હોય કે, પરદેશ જવામાં આજના વખતમાં કોઈ પણ જાતની હરકત નથી, એટલુંજ નહિ પણ પરદેશ જવું એ ખાસ જરૂરનું છે, છતાં પણ આપણા મનમાં નાત જાતના બંધનોના જે વિચારો ઘુસી ગયા છે તેને લીધે આપણે એવો લાભ લઇ શકતા નથી. આપણે જાણીએ છીએ કે આભડછેટની બાબત બહુ દમ જેવી નથી, છતાં પણ એ જાતના સંસ્કારોના ચીલા આપણા અંતરમાં પડી ગએલા છે, તેથી આપણે એ પોલમાંથી છુટી શકતા નથી. આપણે જાણીએ છીએ કે, જે ધર્મગુરૂઓ નાલાયક હોય તેઓને માનવાની કે મદદ કરવાની જરૂર નથી. છતાં પણ જુના સંસ્કારોને લીધે આપણે એ બાબતમાં પણ પોલેપોલું ચલાવે જઇએ છીએ. આવી રીતે દરેક જાતના ભુલભરેલા વિચારો આગળ જતાં આપણી ઉપર સ્વાર થઈ જાય છે. અને પછી એ વિચારો આપણને પોતાના કબજામાં લઇ લેય છે. આવી સ્થિતિ થાય તેનું નામ ગુલામગીરી છે. કારણ કે એવે વખતે પછી આપણે આપણી સ્વતંત્રતા સાચવી શકતા નથી. એવે વખતે આપણે નિષ્પક્ષપાતપણે વિચાર કરી શકતા નથી. એવે વખતે આપણને ખરૂં સત્ય સમજી શકાતું નથી, અને સમજાય તોપણ તે પાળી શકાતું નથી. કારણ કે આવી રીતે ખોટા વિચારોની ગુલામગીરીમાં પ્રથમથીજ આપણે સપડાઈ ગયેલા હોઇએ છે તેથી ઘણો વખત સુધી બીજાનું સત્ય પણ દબાઈ જાય છે અને સત્ય દબાઈ જાય એ શું દિલગીરીની વાત નથી?

હવે વિચાર કરો કે આ બધું શેમાંથી થાય છે? યાદ રાખજો કે તે બધું ભૂલભરેલા ખોટા વિચારો મનમાં જામી જાય તેમાંથી થાય છે. માટે કોઈ પણ જાતના ભૂલભરેલા વિચારોમાંથી આપણે આપણો છુટકારો કરવો તે એક જાતની મોટામાં મોટી ગુલામગીરીમાંથી છુટવા બરોબર છે. માટે જો એવી રોજની ગુલામગીરીમાંથી તથા પોતાની ખુશીથી કબુલ કરેલી મહાન ગુલામગીરીમાંથી છુટવું હોય તો જેમ બને તેમ ભૂલભરેલા ખોટા વિચારોનો ત્યાગ કરો, ત્યાગ કરો.

૫૭—આપણા સ્વભાવને કાબુમાં રાખવાનો મજબૂત ઉપાય.

દુનિયાના તમામ ધર્મો તથા તમામ મહાત્માઓ આપણને એમ શીખવે છે કે, તમારે તમારા સ્વભાવને કાબુમાં રાખવો જોઇએ. કારણ કે જેનો સ્વભાવ કાબુમાં હોય તે ફતેહ મેળવી શકે છે, અને બહુ સારી રીતે ધર્મ પાળી શકે છે. પણ એને બદલે જે માણસનો સ્વભાવ પોતાના અખત્યારમાં ન હોય તે માણસથી અનેક જાતની ભૂલો થઇ જાય છે. જે માણસનો સ્વભાવ કાબુમાં ન હોય તેનાથી ન કહેવાનાં વચનો કહેવાઈ જાય છે. જે માણસનો સ્વભાવ પોતના કબજામાં ન હોય તેનાથી અનેક જાતનાં પાપ થઇ જાય છે. અને સગાંવહાલાંમાં કે લોકોમાં તેની આબરૂ રહેતી નથી. તેને સારા મિત્રો મળતા નથી, અને તેને અંતરની શાંતિ મળતી નથી. કારણ કે પોતાના સ્વભાવને પોતે હાથમાં રાખી શકે નહિ તેથી દરેક ઠેકાણે તથા દરેક પ્રસંગે તેનાથી કાંઇકનું કાંઇક આડું વેતરાઇ જાય છે, તેથી એવા માણસો સૌ લોકોમાં અળખામણા થઇ પડે છે. અને એ પછી આગળ જતાં બીજી ઘણી રીતે તેને નુકશાન થાય છે. આ બધી ખરાબીમાંથી બચવા માટે તથા રૂડી રીતે ધર્મ પાળી શકાય, આત્માનો સંતોષ મેળવી શકાય, અને પ્રભુના પ્યારા થઇ શકાય તે માટે પોતાના સ્વભાવને કાબુમાં રાખવાની જરૂર છે, પણ આપણે

હારી વિચારોમાં પણ ફેરફાર હોય; છે. કોઈ માણસોને ચાલતા આવેલા જુના વિચારો ગમે છે અને કોઈને તે ગમતા નથી. આમ હોવાથી દુનિયામાં મતભેદ તો રહેવાનોજ. એવા મતભેદથી આપણે આપણા સ્વભાવને ખોઈ નાંખવો જોઇએ નહિ. કારણ કે જેમ આપણને આપણી મરજી મુજબના વિચારો ધરાવવાનો હક છે, તેમજ આપણી આસપાસ જે સગાં વહાલાંઓ તથા બીજા માણસો છે તેઓને પણ પોતપોતાના સ્વતંત્ર વિચારો ધરાવવાનો હક છે. માટે ન્યાયની રીતે હદમાં રહીને તેઓ જે વિચાર ધરાવતા હોય તેને કાંઈ આપણે તેઓના વિચારોમાંથી ફેરવી શકીએ નહિ. સમજાવીને ફેરવીએ એ જુદી વાત છે, પણ ગુસ્સો કરીને આપણો સ્વભાવ બગાડીને કાંઈ તેઓને સુધારી શકાય નહિ. બીજું એ કે એવા મતભેદ ને એવી જુદાઈ તો રહેવાનીજ, કારણ કે સૌના સ્વભાવ ને સૌની પ્રકૃતિ કાંઈ એક સરખી થઈ જાય નહિ. એમાં તો જુદાઇ રહેવાનીજ. અને એવી દરેક જુદાઇ વખતે જો આપણે સૌની સાથે વિરોધ કર્યા કરીએ, ગુસ્સો કર્યા કરીએ, ને મન બગાડયા કરીએ તો કયાં આરો આવે ? માટે બંધુઓ ! જગતને પોતાના કબજામાં રાખવાની તથા પોતાની આસપાસના માણસોને પોતાનીજ મરજી પ્રમાણે ચલાવવાની અભિમાની ઈચ્છાને બાજુએ મુકી તમે પોતે સુધરો. તમે પોતે પોતાના સ્વભાવને કાબુમાં રાખતાં શીખો. અને સામાન્ય કારણોથી જે સાધારણ મતભેદ થયા કરે તેથી દિલગીર થઈ જાઓ માં. પણ એવા મતભેદ તો થોડા ઘણા રહેવાનાજ, એમ સમજી પોતાના સ્વભાવને કાબુમાં રાખવાની કોશિશ કરો.



સારી વસ્તુઓ તથા વિદ્યા હુન્નરો, ઉત્પન્ન થએલા છે, અને ઈન્દ્રાસન આપી દીધા છતાં પણ જે વખતની એક ક્ષણ પણ પાછી મળી શકતી નથી તે વખત ઈશ્વરભજન વિના જાય, અને આપણું કોઈ પણ કલ્યાણ કર્યા વિના જાય એ શું દિલગીરીની વાત નથી !

ભાઈઓ અને બ્હેનો ! યાદ રાખજો કે આ જગતમાં જે કોઈ મોટામાં મોટા મહાત્મા થયા છે, જે કોઈ સારામાં સારા ધર્મગુરૂ થયા છે, જે કોઈ મોટામાં મોટા ચક્રવર્તી રાજાઓ થયા છે, જે કોઈ મહાન બુદ્ધિશાળી અદ્‌ભુત નવીન શોધ કરનારા શોધકો થયા છે, જે કોઇ મહાન પંડિતો, દરજ્જ કવિઓ કે સમર્થ વિદ્વાનો થયા છે તે સૌ વખતનો સદુપયોગ કરવામાંથીજ તેવા થએલા છે. માટે જો આપણે પણ જગતનાં કલ્યાણનાં મહાન કામો કરવાં હોય તથા જીંદગીની સાર્થકતા કરવી હોય તો આપણે વખતનો સદુપયોગ કરતાં શીખવું જોઈએ, અને એક સેકંડ પણ નકામી ન જાય તેની ખાસ સંભાળ રાખવી જોઇએ. કારણ કે મનુષ્યનો કોઈ પણ હુન્નર કે કુદરત પોતે પણ ગએલો વખત પાછો આપી શકતી નથી, માટે જેમ બને તેમ વખતનો સદુપયોગ થાય તેમ કરો, વખતનો સદુપયોગ થાય તેમ કરો.

૫૯—કામ કરવાથી માણસો મરી જતાં નથી, પણ ફીકરથી માણસો મરી જાય છે, માટે ખોટી ફીકર ન રાખો.

ઘણા માણસોને એવો વ્હેમ હોય છે કે, બહુ કામ કરવાથી થાક ચડે છે, તેથી શક્તિ ઘસાઈ જાય છે, અને આયુષ્ય ઓછું થઈ જાય છે. આવા વિચારો શ્રીમંતવર્ગમાં બહુ ફેલાએલા હોય છે, તેથી કામ કરવામાં તેઓ બેદરકાર રહે છે, અને ખોટી આસાએશમાં તથા આળસાઇમાં પોતાનો વખત ગુમાવી દેય છે. પણ એમ કરવું એ બહુ મોટું પાપ છે. કારણ કે ફરજ બજાવવાને ખાતર, કર્તવ્ય કરવાને

ખાતર અને કામ કરવાને ખાતરજ આપણને આ જીંદગી આપવામાં આવી છે. કારણ કે કામ કરવામાંથીજ બધું થવાનું છે. આ જગતમાં જે કાંઇ સારી વસ્તુઓ છે તે તમામ કામ કરવામાંથીજ ઉત્પન્ન થએલી છે. એટલુંજ નહિ પણ પરમકૃપાળુ પરમાત્માએ આપણા શરીરનો બાંધોજ એવો બનાવેલો છે કે, કોઈ પણ જાતનું સારૂં કે માઠું કર્મ કર્યા વિના એક ક્ષણ પણ રહી શકાય નહિ. આવું કુદરતનું બંધારણ છે. અને તે નિયમ માત્ર માણસોમાંજ છે, એમ નહિ પણ એ નિયમ પશુ પક્ષીમાં, બારીક જંતુઓમાં, ઝાડપાનમાં અને ખનિજ પદાર્થોમાં પણ ચાલી રહેલ છે. તેથી આકાશના કોઇપણ ગોળાઓ પોતપોતાનું કામ કર્યા વિના એક નિમિષ માત્ર પણ રહી શકતા નથી. પવન, અગ્નિ, સમુદ્ર અને પૃથ્વીના પડની અંદર થતા ફેરફારો પણ દરેક ક્ષણે અમુક રીતે પોતાનું કામ કર્યા કરે છે. આવી રીતે જડમાં જડ વસ્તુઓ પણ જ્યારે કામ વિનાની રહી શકતી નથી. ત્યારે બુદ્ધિશાળી માણસોથી કામ કર્યા વિના કેમ રહી શકાય? અને જો માણસો કામ વિનાનાં રહે તો પછી તેઓની કિંમત શું? માટે કામ કરવું એ આપણી જીંદગીનો મહાન હેતુ છે. કામ કરવું એ આપણી જીંદગીનો મહા નિયમ છે અને કામ કરવાને ખાતરજ આપણને ઉત્તમ મનુષ્ય અવતાર આપવામાં આવેલો છે. માટે આપણે નાનામાં નાનાં કામો કરવાં જોઈએ. અને કામ કરવામાંથી ઉત્પન્ન થતા થાકની અંદર પણ એક જાતનો દિલાસો છે. એ થાકની અંદર તો કીર્તિ છે. એ થાકની અંદર તો તંદુરસ્તી છે. એ થાકની અંદર તો ઈશ્વરની દયા છે અને એ થાકની અંદર તો આનંદ વધારનાર છે. માટે કામ કરવામાંથી ઉપજેલા થાકને તો બહુ ખુશીથી બોલાવવો જોઈએ. કારણ કે એ તો ફરજ બજાવ્યાનો થાક છે. એ તો પ્રભુના રસ્તામાં ચાલ્યાનો થાક છે. એ તો નવી રોશની આપનારો થાક છે. એ તો નવા અનુભવ આપનારો થાક છે. અને એ તો પ્રભુને વહાલો લાગે તેવો થાક છે. માટે કામ કરવામાંથી ઉત્પન્ન

મન, શરીરને આપણે સામે પણજવો જોઈએ. અને એવો હિંમતી મદદ આપણને મળે છે કે આપણું ધન્યભાગ્ય છે, એમ સમજી એ થાય માટે પરમ કૃપાળુ પરમાત્માનો ઉપકાર માનવો જોઈએ.

આ ઉપરથી સમજી શકાશે કે, કામ કરવામાંથી જે થાક ઉત્પન્ન થાય તેનાથી માણસ મરતું નથી, પણ માણસ મરાઈ જાય છે ને મરી જાય છે તેનું કારણ તો જુદુંજ છે, અને તે પણ જાણવા જેવું છે. કારણ કે એ જાણવાથી કામ કરવાનું આગ્રહ જોઈતું થાય છે, અને ખરી હકીકત જાણવાથી ખોટા વહેમમાંથી મુકાય છે. માટે આજથી સમજી લો કે, માણસને મારી નાખનાર કામ નથી, પણ માણસોને મારી નાખનાર ફીકર છે. અને તેમ છતાં પણ આપણે તો અનેક જાતની ખોટી ફીકરો કર્યા કરવામાંજ આપણો વખત તથા જીંદગી ગુમાવી નાખીએ છીએ. એટલુંજ નહિ પણ જે જાતની ફીકરો કરવાની હાલમાં આપણને જરૂર ન હોય તે જાતની ફીકરો પણ આપણે કર્યા કરીએ છીએ. અને બાળકપણાની વાતો યાદ કરી કરીને તથા ઘડપણની ફીકર કરી કરીને આપણે હમણાંથીજ કોમળના રોયા કરીએ છીએ, અને જીંદગીને ટુંકી કરી નાખીએ છીએ આપણે જાણીએ છીએ કે ફીકર બહુજ ખરાબ છે, ફીકર એ એક જાતની દાઝરી છે. ફીકર એ લોહી ચુસી લેનાર જળો છે. બુદ્ધિબળને ઢાંકી દેનાર ફીકર એ કાળો પડદો છે. ફીકર એ આત્મવિશ્વાસની કબ્રીને કચરી નાખનાર જબરો પથરો છે. ફીકર એ માણસોના સાહસનું બગાડ કરનાર કીડો છે ફીકર એ માણસોના સદ્ગુણોને હરી લેનાર શત્રુ છે. અને ફીકર એ શેતાનનો સાથી છે. માટે જીંદગી ટુંકી કરનારી ખોટી ફીકરમાંથી જેમ બને તેમ બચવું જોઈએ. અને પોતાની શક્તિના પ્રમાણમાં, તથા દેશકાળના પ્રમાણમાં ઉત્સાહ પૂર્વક કામો કરવા જોઈએ, એજ આગળ વધવાનો તથા જીંદગી વધારવાનો સહેલામાં સહેલો તથા સારામાં સારો ઉપાય છે. માટે ચિંતા ત્યજીને કામ કરો, કામ કરો.

પોતાનો પવિત્ર સ્નેહ આપવામાં કેટલી બધી ઉદારતા વાપરી છે ! એ જરા જુઓ તો ખરા ? એટલુંજ નહિ પણ મનુષ્યને અનંત કાળનાં મોક્ષસુખ આપવામાં પ્રભુ કેટલી બધી ઉદારતા વાપરે છે અને માણસોનાં પાપ માફ કરવામાં પ્રભુ કેટલી બધી ઉદારતા વાપરે છે ! એ જરા જુઓ તો ખરા ! ઓહો ! પ્રભુ તો પ્રભુજ છે ! એની ઉદારતાને કોઈ પણ પહોંચી શકે તેમ નથી.

એ સાંભળીને ત્યાં બેઠેલા એક ભગતે કહ્યું કે, પ્રભુ જેવો લોભીઓ બીજો કોઇ પણ નથી.

ત્યારે પેલા ભગતે કહ્યું કે, અરરરરર ! મારા પ્રભુને તમે લોભીઓ કહો છો ? એનો લોભ બતાવો તો ખરા ? પ્રભુ લોભીઓ હોયજ નહિ, અને જો તે લોભીઓ હોય તો તે પ્રભુ કહેવાયજ નહિ.

એ સાંભળીને બીજા ભગતે કહ્યું કે, બીજી બધી બાબતો આપવામાં પ્રભુ ઉદાર છે, પણ વખત આપવામાં તે બહુજ લોભીઓ છે. જો તમે મારી વાત ન માનતા હો તો તમારા પ્રભુને કહો જોઇએ કે તે મારો ગએલો વખત પાછો આપે.

આ સાંભળીને પેલા ભગતે કબુલ કર્યું કે, તમારી એ વાત તો સાચી, એ બાબતમાં તો પ્રભુ લોભીઓ ખરો. ગએલ વખતને તો તે પણ પાછો આપી શકે નહિ. એટલી ઉદારતા તેનામાં નથી. ઓહો ! તમે તો ભારે કરી ! મારા પ્રભુને તમે લોભીઓ ઠરાવ્યો ? એમ કહીને હવે વધારે શું જવાબ દેવો તેના વિચારમાં તે ભગત પડી ગયો.

બંધુઓ ! આ દાખલો આપીને એક હરિકથા કરનાર એમ સમજાવતા કે, પ્રભુ બધું આપવામાં બહુ ઉદાર છે પણ વખત આપવામાં તે પણ લોભીઓ છે. અને પ્રભુ પોતે પણ જ્યારે વખત આપવાની બાબતમાં લોભીઓ છે ત્યારે બીજા કોની તાકાત છે કે આપણને ગએલો વખત પાછો મેળવી આપે ? અથવા નિર્માલ્ય થઈ ચુકેલા વખત કરતાં બીજો વધારે વખત મેળવી આપે ? યાદ રાખજો કે એવી તાકાત કોઈનામાં

પોતાનો પવિત્ર સ્નેહ આપવામાં કેટલી બધી ઉદારતા વાપરી છે! એ જરા જુઓ તો ખરા? એટલુંજ નહિ પણ મનુષ્યને અનંત કાળનાં મોક્ષસુખ આપવામાં પ્રભુ કેટલી બધી ઉદારતા વાપરે છે અને માણસોનાં પાપ માફ કરવામાં પ્રભુ કેટલી બધી ઉદારતા વાપરે છે! એ જરા જુઓ તો ખરા! ઓહો! પ્રભુ તો પ્રભુજ છે! એની ઉદારતાને કોઈ પણ પહોંચી શકે તેમ નથી.

એ સાંભળીને ત્યાં બેઠેલા એક ભગતે કહ્યું કે, પ્રભુ જેવો લોભીઓ બીજો કોઇ પણ નથી.

ત્યારે પેલા ભગતે કહ્યું કે, અરરરરર! મારા પ્રભુને તમે લોભીઓ કહો છો? એનો લોભ બતાવો તો ખરા? પ્રભુ લોભીઓ હોયજ નહિ, અને જો તે લોભીઓ હોય તો તે પ્રભુ કહેવાયજ નહિ.

એ સાંભળીને બીજા ભગતે કહ્યું કે, બીજી બધી બાબતો આપવામાં પ્રભુ ઉદાર છે, પણ વખત આપવામાં તે બહુજ લોભીઓ છે. જો તમે મારી વાત ન માનતા હો તો તમારા પ્રભુને કહો જોઇએ કે તે મારો ગએલો વખત પાછો આપે.

આ સાંભળીને પેલા ભગતે કબુલ કર્યું કે, તમારી એ વાત તો સાચી, એ બાબતમાં તો પ્રભુ લોભીઓ ખરો. ગએલ વખતને તો તે પણ પાછો આપી શકે નહિ. એટલી ઉદારતા તેનામાં નથી. ઓહો! તમે તો ભારે કરી! મારા પ્રભુને તમે લોભીઓ ઠરાવ્યો? એમ કહીને હવે વધારે શું જવાબ દેવો તેના વિચારમાં તે ભગત પડી ગયો.

બંધુઓ! આ દાખલો આપીને એક હકિકત કહેનાર એમ સમજાવતા કે, પ્રભુ બધું આપવામાં બહુ ઉદાર છે પણ વખત આપવામાં તે પણ લોભીઓ છે. અને પ્રભુ પોતે પણ જ્યારે વખત આપવાની બાબતમાં લોભીઓ છે ત્યારે બીજા કોની તાકાત છે કે આપણને ગએલો વખત પાછો મેળવી આપે? અથવા નિર્માણ થઈ ચુકેલા વખત કરતાં બીજો વધારે વખત મેળવી આપે? યાદ રાખજો કે એવી તા[illegible] નાં

તે બીજાઓને આપી શકતા નથી. એ બાબતમાં આપણે બહુ લોભીઆ છીએ. પણ એને બદલે જો કોઇ કોઇ રમતગમતમાં કે મોજશોખમાં વખત ગુમાવવો હોય તો તેમાં આપણને જરાય ગેરવાજબી લાગતું નથી. વખતને તો ખુશીથી ગુમાવી દઇએ છીએ. આવી રીતે ખાવા પીવામાં, રીત રીવાજોમાં, નાતજાતના વિવેકોમાં અને બીજી ઘણીએ નજીવી નજીવી બાબતોને જાળવવામાં તથા તેને બહુ ચીવટપણે વળગી રહેવામાં આપણે લોભીઆ છીએ. પરંતુ અમૂલ્ય વખતને ગુમાવી દેવાની બાબતમાં બહુજ ઉદાર છીએ. એ આપણી મૂર્ખાઇ સામે તો જરા જુઓ! અરે જે અમૂલ્ય વસ્તુ આપવામાં પ્રભુ પોતે પણ લોભીઓ છે, તે બાબતમાં આપણે ઉદાર છીએ, અને જે બાબતો બહુ ઉપયોગી નથી તથા નજીવા જેવી છે તેવી બાબતોને પકડી રાખવાનો આપણે લોભ કરીએ છીએ, અને તેમ છતાં આપણે પોતે આપણને ધર્મવાળા સમજીએ છીએ! અને મોક્ષની આશા રાખીએ છીએ! પણ જરા વિચાર તો કરો કે, વખતનો દુરૂપયોગ કરીને કોઇપણ માણસો આગળ વધી શકયા છે? કદિ પણ નહિ. માટે જો કલ્યાણની ઇચ્છા હોય તો જેમ બને તેમ વખતની કિંમત સમજો અને તેનો સદુપયોગ થાય તેમ કરો.

૬૧–માફી આપવામાં જેટલી મુશ્કેલી છે, તેના કરતાં માફી આપવામાં ખુબી ઘણી વધારે છે.

આ દુનિયાના દરેક માણસના આચાર વિચાર જુદા જુદા હોય છે, તથા રીતરિવાજો પણ જુદા જુદા હોય છે. અને જુદા જુદા ધર્મની ક્રિયાઓ તથા રિવાજો પણ જુદા જુદા હોય છે, અને લોકોનું જ્ઞાન પણ ઓછું વધતું અથવા ચઢતું ઉતરતું હોય છે. આથી દુનિયામાં મતભેદ તો થાયજ. એમાં કાંઇ નવાઇ નથી. કારણ કે આપણી આસપાસના બધા માણસો કાંઇ આપણા જેવા વિચારના હોય નહિ. ને જે ચીજો તથા જે બાબતો આપણને ગમતી હોય તે કાંઇ બધાઓને ગમે

એના જવાબમાં મહાત્માઓ કહે છે કે, હા, તેવો એક સહેલામાં સહેલો ઉપાય છે, અને તે એ કે, બીજાઓએ આપણા જે અપરાધ કર્યા હોય તેની તેઓને માફી આપવી. કારણ કે માફી એટલે શું? એ તમે જાણો છો? માફી આપવી એ મોટા મનનું કામ છે. માફી આપવી એ ડહાપણનું કામ છે. માફી આપવી એ ધર્મનું કામ છે. માફી આપવી એ આત્માના કલ્યાણનું કામ છે અને માફી આપવી એ પ્રભુનું બહુ વહાલું કામ છે. કારણ કે આપણા દુશ્મનને માફ કરવાથી આપણા હૃદયનો ભાર હલકો થઈ જાય છે, આપણા અંતરમાં જે એક તીવ્ર કાંટો ખુંચી ગયો હોય તે નીકળી જાય છે, અને માફી આપવાથી સામા માણસને પણ બેહદ ફાયદો થાય છે. તેથી જ્યારે આપણે ખરા દિલથી માફ કરીએ ત્યારે તેજ ઘડીએથી આપણા આચાર વિચારો બદલાવા માંડે છે, અને તેમાં ઉચ્ચતા આવતી જાય છે. કારણ કે માફી એ સ્વર્ગની વસ્તુ છે. તે દેવોમાં હોય છે, ત્યાંથી પ્રભુએ થોડીક આ દુનિયામાં મોકલેલી છે. માટે જેને માફી દેવી ગમી જાય તેનાં ધન્યભાગ્ય છે.

એ સાંભળીને એક હરિજને કહ્યું કે, એ બધી વાત સાચી, પણ તે કેમ બની શકે? એ તો બહુ મુશ્કેલ કામ છે. કારણ કે જે માણસોએ અમોને ગાળો દીધી હોય, જે માણસોએ બીજા માણસોની આગળ અમારી નિંદા કરી હોય, જે માણસોએ અમારી વિરૂદ્ધમાં ખોટી ખોટી અફવાઓ ફેલાવી હોય, જે માણસો અમારે માટે પોતાના મનમાં હમેશાં ખરાબ વિચારો કર્યા કરતા હોય, અને જે માણસો અમારૂં ખરાબ કરવા તૈયાર થઈ રહ્યા હોય તથા તેવી તક શોધ્યા કરતા હોય, અને બીજાઓને પણ અમારી વિરૂદ્ધમાં ઉશ્કેરતા હોય તેવા માણસોને અમે કેમ માફી આપી શકીએ? [illegible]? એ તો બહુ મુશ્કેલ વાત છે.

ત્યારે એમ કહેનાર ભગતને બીજા ભગતે કહ્યું કે, ભાઈ, "માફી આપવામાં જેટલી મુશ્કેલી છે તે કરતાં માફી ન આપવામાં ઘણી વધારે છે" કારણ કે માફી ન આપવાથી

૩—દરેક ધર્મમાં અનેક નામે અને અનેક રૂપે ઈશ્વરની ઓળખાણ કરેલી હોય છે. તેથી કાંઇ એમ ન સમજવું કે જગતના ધર્મો સમજણ વિના પ્રગટ થએલા છે.

માણસો બીજી બધી બાબતોમાં ભલે ગમે એટલા ડહાપણે સમજુ હોય તથા ઉદાર વિચારો ધરાવનારા હોય પણ ધર્મ સંબંધી બાબતોમાં તો તેઓમાં બહુજ સાંકડાપણું હોય છે. એટલુંજ નહિ પણ એ બાબતમાં થોડીક પણ છુટ તેઓ મૂકી શકતા નથી. તેથી દરેક ધર્મવાળાઓ ઘણું કરીને કૂવાના દેડકાઓ જેવા સાંકડા વિચારના થઈ જાય છે, ને પોતાના [illegible] સરકલમાંજ રાજી થયા કરે છે. આમ થવાથી તેઓ દુનિયાના બીજા ધર્મોની ખુબી જોઈ શકતા નથી. તથા બીજા ધર્મો તરફ માનની નજર રાખી શકતા નથી. કારણ કે દરેક ધર્મના ધર્મગુરૂઓ પોતાના શિષ્યોને હમેશાં એમજ ઠસાવે છે કે, દુનિયાના બીજા બધા ધર્મો ખરાબ છે. તથા પાપથી ભરેલા છે. માત્ર આપણો એકજ ધર્મ સૌથી [illegible] સારો છે. આવી જાતના વિચારો નાનપણથીજ બાળકોના મગજમાં ઠસાવવામાં આવે છે. તેવી ઘણું કરીને બધા ધર્મવાળાઓ એવાજ વિચાર ધરાવે છે કે, 'અમારો ધર્મ સારામાં સારો છે.' અને બીજાના ધર્મો ખરાબ છે એવી માન્યતા ફેલાવવાથી ધર્મગુરૂઓને લાભ થાય છે, પણ તેથી બિચારા અજ્ઞાન લોકો કૂવાના દેડકા જેવા થઈ જાય છે કારણ કે આવી જાતની સમજણને લીધે તેઓ બીજાઓના ધર્મોની ખુબી સમજવાની તજવીજ કરતા નથી કે [illegible] લેતા નથી. તેથી અનેક જાતના લાભ [illegible] તથા તેને જાણી શકતા નથી. એટલુંજ નહિ પણ જુદા જુદા ધર્મવાળાઓ એક બીજાની નિંદા કરે છે અને એક બીજાને દ્વેષ કરે છે તથા તેમાંથી લડાઈ ટંટા ઉત્પન્ન થાય છે એવું ન થાય માટે દુનિયાના દરેક ધર્મની ખુબી સમજવા તજવીજ કરવી જોઈએ.

ધર્મનો અભ્યાસ કર્યા પછી બીજા ધર્મનો પણ થોડો ઘણો અભ્યાસ કરજો. અને તેનું રહસ્ય તમારા બંધુઓને સમજાવવાની કોશિશ કરજો. જો એમ કરી શકો તો એ પણ આ દુનિયાની તથા પ્રભુની બહુ મોટી સેવા છે. કારણ કે એમ કરવાથી ઘણી જાતના લડાઈ ટંટા ઓછા થાય છે, અને જુદા જુદા ધર્મવાળાઓ વચ્ચે ભાઈબંધી વધતી જાય છે. માટે દુનિયાના સૌ ધર્મ તરફ માનની નજરે જોતાં શીખો. માનની નજરે જોતાં શીખો.

૬૪-એ વાત ધ્યાનમાં રાખજો, કે અંતે આપણે એક એવે ઠેકાણે જવું છે કે, "જ્યાં ઉંચ નીચ સર્વે બરાબર છે, માટે ઉંચ નીચપણાના અભિમાનમાં રહી જશો માં.

આપણી જીંદગીનો કેટલોક ભાગ ઉંચ નીચપણાની તકરારોમાં તથા એ જાતની ભાવનાઓ રાખવામાં જાય છે. એટલુંજ નહિ પણ આપણા મગજમાં પણ એ જાતના ઘણા વિચારો ભરાઈ ગએલા હોય છે, તેથી એવી સાધારણ કે નજીવી બાબતોમાં પણ અમૂલ્ય મગજનો ઘણો ભાગ રોકાએલો રહે છે. માટે એ સંબંધમાં પણ કેટલીક ચોખ્ખી વાતો આપણે જાણી લેવી જોઇએ. જેમ કે:—

પવિત્રતા જાળવવાની ઈચ્છાઓમાંથી ઉંચ નીચપણાની ભાવનાઓ પેદા થએલી છે, એટલે એ ભાવનાઓના હેતુ ઘણા સારા છે, પણ હાલના વખતમાં ઉંચ નીચપણું જે રૂપમાં વપરાય છે તે રૂપ ઘણું ખરાબ છે. કારણ કે અમે ઉંચા છીએ અને બીજાઓ નીચા છે એમ સમજવાથી આપણામાં એક જાતનું ખોટું અભિમાન આવી જાય છે. અને બીજાઓનો તિરસ્કાર કરવાનું વલણ તેમાંથી ઉત્પન્ન થઇ જાય છે. બીજું એ કે, "અમે ઉંચા છીએ ને બીજાઓ નીચા છે," એમ સમજવાથી તેઓની તથા આપણી વચ્ચે જુદાઈ

છીએ અને અંતે એકજ ઠેકાણે જવાના છીએ. અને જે ઠેકાણે જવું છે તે ઠેકાણે—પરમ કૃપાળુ પિતા પરમાત્માના ધામમાં ઉંચ નીચપણું નથી. ત્યાં તો સર્વે સરખાં છે. માટે આ બધી વાતો ધ્યાનમાં લઈને જેમ બને તેમ ઉંચ નીચપણાના અહંકાર ભરેલા ભેદભાવ ઓછા થાય તેમ કરજો, ને પવિત્રપણું જળ‍ાય તેમ કરજો.

૬૫–આપણો જે વખત જાય છે તે ઈશ્વર પાસે જાય છે માટે તેને ખાલી હાથે અથવા માઠી ખબર લઈને જવા દેશો માં.

આપણો દેશ બહુ દુઃખી હાલતમાં છે, અને આપણા લોકો બહુ અજ્ઞાન દશામાં છે, તેનું એક મુખ્ય કારણ એ છે કે, આપણા લોકોને વખતની કિંમત નથી, તેથી આપણે જંગલી દશામાં રહી જઈએ છીએ. કારણ કે આપણને વખતની કિંમત ન હોવાથી આપણે વખતનો સદુપયોગ કરી શકતા નથી, અને જગતમાં આગળ વધવાનાં જે કાંઈ કામો થાય છે તે તો વખતની મદદથીજ થાય છે. એટલે જેમ બને તેમ વખતનો સારામાં સારો ઉપયોગ કરવો જોઈએ. અને એક ક્ષણ પણ નકામી ન જાય તેની ખાસ સંભાળ લેવી જોઈએ. તેને બદલે આપણા લોકોની સ્થિતિ એવી છે કે, નિંદા સાંભળવાની તેઓને જેટલી દરકાર છે તેટલી વખતની દરકાર નથી ઊંઘ ન આવે તોપણ એદી થઈને પથારીમાં પડયા રહેવાનું તેઓને જેટલું ગમે છે તેટલું વખતનો લાભ લેવાનું ગમતું નથી. નાતમાં કે સગા વહાલાઓને ત્યાં એક ટંક જમવા જવા સારૂ આપણે જેટલો વખત ગુમાવીએ છીએ તેના દશમો ભાગ પણ કોઈ કિંમતી યોજનાઓ પાછળ લાગવામાં લગાડતા નથી. મરણના રૂદનોમાં, રોગોના હાય અફસોસમાં તથા લગ્નનાં ગીતોમાં ને ક્રિયાઓમાં જેટલો વખત ગુમાવીએ છીએ તેનો ચોથો ભાગ પણ જમાનાને અનુસરતા નવીન વિચારો લેવામાં કાઢતા નથી. સગાં વહાલાંઓની, પાડોશીઓની અને

છીએ અને અંતે એકજ ઠેકાણે જવાના છીએ. અને જે ઠેકાણે જવું છે તે ઠેકાણે—પરમ કૃપાળુ પિતા પરમાત્માના ધામમાં ઉંચ નીચપણું નથી. ત્યાં તો સર્વે સરખાં છે. માટે આ બધી વાતો સમજીને જેમ બને તેમ ઉંચ નીચપણાના અહંકાર ભરેલા ભેદભાવ ઓછા થાય તેમ કરજો, ને પવિત્રપણું જળવાય તેમ કરજો.

૬૫–આપણો જે વખત જાય છે તે ઈશ્વર પાસે જાય છે માટે તેને ખાલી હાથે અથવા માઠી ખબર લઈને જવા દેશો માં.

આપણો દેશ બહુ દુઃખી હાલતમાં છે, અને આપણા લોકો બહુ અજ્ઞાન દશામાં છે, તેનું એક મુખ્ય કારણ એ છે કે, આપણા લોકોને વખતની કિંમત નથી, તેથી આપણે જંગલી દશામાં રહી જઈએ છીએ. કારણ કે આપણને વખતની કિંમત ન હોવાથી આપણે વખતનો સદુપયોગ કરી શકતા નથી, અને જગતમાં આગળ વધવાનાં જે કાંઇ કામો થાય છે તે તો વખતની મદદથીજ થાય છે. એટલે જેમ બને તેમ વખતનો સારામાં સારો ઉપયોગ કરવો જોઇએ. અને એક ક્ષણ પણ નકામી ન જાય તેની ખાસ સંભાળ લેવી જોઇએ. તેને બદલે આપણા લોકોની સ્થિતિ એવી છે કે, નિંદા સાંભળવાની તેઓને જેટલી દરકાર છે તેટલી વખતની દરકાર નથી ઊંઘ ન આવે તોપણ એદી થઇને પથારીમાં પડયા રહેવાનું તેઓને જેટલું ગમે છે તેટલું વખતનો લાભ લેવાનું ગમતું નથી. નાતમાં કે સગાં વહાલાંઓને ત્યાં એક ટંક જમવા જવા સારૂ આપણે જેટલો વખત ગુમાવીએ છીએ તેનો દશમો ભાગ પણ કોઈ કિંમતી યોજનાઓ પાછળ લગાવવામાં લગાડતા નથી. મરણના રૂદનોમાં, રોગીના હાય અફસોસમાં તથા લગ્નનાં ગીતોમાં ને ક્રિયાઓમાં જેટલો વખત ગુમાવીએ છીએ તેનો ચોથો ભાગ પણ જમાનાને અનુસરતા નવીન વિચારો જોવામાં કાઢતા નથી. સગાં વહાલાઓની, પાડોશીઓની

હવે વિચાર કરો કે, જ્યાં આવી સ્થિતિ હોય અને જ્યાં વખતની આવી કિંમત હોય ત્યાંના લોકો દુઃખી હોય, દરિદ્રી હોય, અને અજ્ઞાન હોય તેમાં નવાઈ શું?

આવી રીતના વખતના અટકળીઆ વાયદા ચાલે છે, એટલુંજ નહિ પણ જે વાયદાઓ કર્યા હોય તે વાયદા પ્રમાણે પણ લોકો જતા નથી. અને વાયદા કરનાર પોતે પણ ટાઈમસર હાજર રહેતા નથી. આવું તો આપણા ઘરસંસારમાં દરરોજ ઠેકાણે ઠેકાણે બને છે. એટલુંજ નહિ પણ જાહેર સભાઓમાં પણ જે ટાઈમ અગાઉથી આપ્યો હોય તે કરતાં પણ કલાક અર્ધો કલાક મોડું થાય છે. આવી આપણને વખતની કિંમત છે! હવે વિચાર કરો કે જે સભાઓમાં વિદ્વાનો હોય, આગેવાનો હોય, ને મોટા મોટા ગૃહસ્થ હોય તેઓ પણ જ્યારે બરોબર ટાઈમ સાચવી શકે નહિ, ત્યારે પછી જંગલી ગામડીઆ લોકોના ટાઈમની તો વાતજ શું કહેવી?

જ્યાં આવી રીતે વખતની મુદલ કિંમતજ ન હોય ત્યાં વખત ફોગટ જાય, ત્યાં વખત ખાલી હાથે જાય, અને ત્યાં વખત માઠી ખબર લઈને જાય તેમાં નવાઈ શું? પણ યાદ રાખજો કે, આપણો જે વખત જાય છે તે ઈશ્વર પાસે જાય છે, માટે તેને ખાલી હાથે ન જવા દેવો જોઈએ, અથવા માઠા ખબર લઈને ન જવા દેવો જોઈએ. પણ તેનો સારામાં સારો ઉપયોગ કરવો જોઈએ. એજ આગળ વધવાનો ઉપાય છે, એજ ફતેહ મેળવવાનો ઉપાય છે, અને એજ વખતનો સદુપયોગ કરવો એ ઈશ્વરને રાજી કરવાનો ઉપાય છે. માટે જેમ બને તેમ વખતનો સદુપયોગ થાય તેમ કરો.

૬૬—જે જોરથી આ દુનિયામાં તથા પરલોકમાં ફાવી શકાય છે અને જીંદગી લંબાવી શકાય છે તે જોર કયું? તેનો ખુલાસો.

મહાત્માઓનો એવો સિદ્ધાંત છે કે, આપણી જીંદગી તે એક પ્રકારની મહાન લડાઈ છે. કારણ કે તેમાં પરસ્પર

હોય છે, કે વસ્તુ બહુ ઉપયોગી ન હોય, કે વસ્તુ સુંદ-
રતા વિનાની હોય, કે વસ્તુ કુદરતની કે કુદરતનાં બીજાં
મહાન તત્ત્વોની મદદ વગરની હોય, કે વસ્તુ જગતમાં હોવું
તત્ત્વ ગ્રહણ કરી શકતી હોય, કે વસ્તુ ઉન્નતિપ્રિય ન હોય.
કે વસ્તુ ભિન્નભિન્ન કસોટીઓમાં અપ્રમાણિક હોય, કે વસ્તુ
મહાત્માઓએ બહુ વખોડેલી હોય, કે વસ્તુ ખરી કસોટીમાં
પાસ થઈ શકે તેવી ન હોય, અને જે વસ્તુનાં બધાં અંગોમાં
બહુ વિસંગતતા દેખાતી હોય તે વસ્તુ અસત્ય કહેવાય છે. વળી
જે અંશે તે જગતની ક્ષણિક વસ્તુ હોય, અને તે દેહને લગતી
વસ્તુ હોય અને અંતે તો મનને લાગતી વસ્તુ હોય, તો પણ
જે નાશ થનારી વસ્તુ હોય તે અસત્ય કહેવાય છે, અને તેનો
નાશ થાય છે.

હવે જે વસ્તુ લાંબા કાળ સુધી ટકી રહે છે અને જે
સત્ય વસ્તુ કહેવાય છે તે શું? તેનો વિચાર કરીએ. એ માટે
મહાત્માઓ કહે છે કે, ખરું સત્ય તો કાંઈક જુદું જ છે, અને
તે સત્ય સુધી પહોંચવું એ બહુ દૂરની વાત છે. એ બ્રહ્મ
જ્ઞાનીઓનું કામ છે. જાણે કે ઈશ્વરનું મહાન તત્ત્વ છે અને
જેને બ્રહ્મ, પરબ્રહ્મ, પરમાત્મા, ઈશ્વર કે ભગવાન કહે છે, તે
સત્ય એ તો એક જુદી જ વાત છે. પણ એવા મહાન સત્યને
મદદ કરનારી તથા તેના રસ્તામાં લઈ જનારી જે વસ્તુઓ છે
તેને પણ મહાત્માઓ સત્ય વસ્તુ કહે છે. કારણ કે એવી જે
સત્ય વસ્તુઓ છે તે પણ બહુ સારી હોય છે. ઘણો વખત
ટકી શકે તેવી હોય છે અને મહાન સત્યના નિયમ પ્રમાણેની
એ વસ્તુઓ હોય છે. માટે તે પણ અમુક હદ સુધી સત્ય કહે-
વાય છે. એવી વસ્તુઓ તે હૃદયના સદ્ગુણો છે જેમ કે દયા,
ક્ષમા, સરલતા, શાન્તિ, સંતોષ, ઇન્દ્રિયનિગ્રહ, બ્રહ્મચર્ય, સત્ય,
અહિંસા, બંધુભાવ, આત્મજ્ઞાન, પ્રભુભાવ, આત્માનું અમર
પણું, સ્વાર્થત્યાગનો વૈરાગ્ય, જ્ઞાન ઉપરનો તથા સત્ની ઉપ
રનો સ્નેહ, વિચારોની એકાગ્રતા, મનની દૃઢતા, સાધુતા,
આરાધના, નિયમિતપણું, મિતાહારિપણું, સત્સંગ, શાસ્ત્રોનો
અભ્યાસ, પવિત્રતા અને આત્મશ્રદ્ધા તથા હૃદયબળ વગેરે

[illegible]

[illegible]

બીજાઓની આગળ બહુ સારી રીતે કરી શકે છે. એટલે તેમની વાતો સાંભળનાર માણસોને બહુ આનંદ થાય છે, પણ તેમ છતાં તેઓ પોતે જેવો જોઇએ તેવો ધર્મ પાળી શકતા નથી, તેથી તેમની આસપાસના ધાર્મિક લોકો કે જેઓ તેઓની રીતભાત જાણતા હોય ને આચાર વિચાર સમજતા હોય, તેઓને બહુ અજાયબી લાગે છે કે, આ શું ? ધર્મની વાતો તો બહુ સારી સારી કરે છે, અને ધર્મ પાળવામાં આવું ઢીલાપણું કાં ? આવી વિરૂદ્ધતાનો ખુલાસો તેઓથી થઈ શકતો નથી તેથી તેઓ પોતાના મનમાં મુંઝાયા કરે છે. અને એ માટે અનેક જાતના તર્ક વિતર્ક કર્યા કરે છે, પણ કાંઇ મન માનતું સમાધાન થતું નથી.

પંડિતો, કથા વાંચનારાઓ, શાસ્ત્રીઓ, ધર્મ ગુરૂઓ, ઉપદેશકો અને હરિકથા કરનારાઓ વગેરે પંડિતાઈવાળા લોકોમાં આ જાતનો અવગુણ બહુ વધારે હોય છે; અને તેમ છતાં એ અવગુણ માટે તેઓને પશ્ચાત્તાપ થતો નથી કે દિલગીરી લાગતી નથી, પણ જે હરિજનો હોય છે તેઓને આવે વખતે પોતાના મનમાં બહુ દુઃખ થાય છે. કારણ કે તેઓ એમ સમજી શકે છે કે, અમે જે પ્રમાણે બોલીએ છીએ તે પ્રમાણે પાળી શકતા નથી. અમને હજી માત્ર ધર્મની વાતો કરતાંજ આવડે છે, પણ ધર્મનાં આચરણો પાળી બતાવતાં આવડતું નથી, માટે અમારો ધર્મ હજી અધૂરો છે, અને જુઠો છે. કારણ કે એવા વાતોના ધર્મથી, એવા મોઢાના ધર્મથી, એવા સંકલ્પ વિકલ્પના ધર્મથી અને એવા બહાર દેખાડવાના ધર્મથી કાંઇ હૃદયની ગાંઠો છુટી જાય નહિ. એવા વાણીના ધર્મથી કાંઇ અંતરના સંશયો છેદાઈ જાય નહિ. અને એવા પોપટના રામરામ જેવા જીભના ધર્મથી કાંઇ મોક્ષ મેળવી શકાય નહિ. પણ જો અનંત કાળનાં સુખો મેળવવાં હોય, અંતરની તૃપ્તિ મેળવવી હોય, અનેક જાતનાં બંધનોમાંથી છુટી જવું હોય તો અંતઃકરણના ઉંડાણમાંથી સત્ય રીતે ધર્મની ખાતર ધર્મ પાળવો જોઈએ. સ્વાર્થની ખાતર ધર્મ પાળવો જોઇએ નહિ, કારણ કે તેવા સ્વાર્થીપણામાં કાંઈ વળે નહિ. લોકલાજને ખાતર જે ધર્મ



ધર્મની વાતો કર્યા કરે અને ધર્મનાં વખાણ કર્યા કરે પણ પોતે તે પ્રમાણે વર્તી શકે નહિ, તે માણસનું કાંઈ કલ્યાણ થાય નહિ. પણ જ્યારે ધર્મ સારી રીતે પળાય ત્યારેજ કલ્યાણ થાય. માટે ભાઈઓ અને બહેનો! બહારના લુખાલુખા ખાલી વાતોના ધર્મમાં રહી જશો મા. પણ ધર્મ અંતરમાં ઉતરે તેમ કરજો. અને અંતરના ધર્મમાં બનાય તેમ કરજો. તોજ ધર્મનો ખરો લાભ મળી શકશે, અને તોજ અંતરની શાંતિ મળી શકશે, તથા સર્વ શક્તિમાન પરમ કૃપાળુ પરમાત્માને જાણી શકશો. એ વિના ધર્મનાં ખાલી વખાણ કર્યા કરવાથી કાંઈ વળવાનું નથી, એ યાદ રાખજો, અને એવી પોલમાં ન પડવું રહેવાય એ સંભાળજો.

૬૮—ઘણાએ સારા માણસો મોટાં પાપો કરતા નથી, પણ તેઓ પોતાના વૈભવો તથા સગવડોનો ખોટો ઉપયોગ કરે છે, અને તેમ છતાં તેઓ જાણતા નથી કે "આ ખોટો ઉપયોગ થાય છે," તેથી તેઓ પાછળ રહી જાય છે.

ઘણાએ સારા સારા તથા મોટા મોટા માણસો પણ એમ સમજ્યા કરે છે કે, આપણાથી પાપ ન થાય એટલે બસ. જો આપણાથી પાપ ન થાય તો આપણા જેવું નસીબદાર બીજું કોઈ નહિ. તેથી તેઓ પાપથી ડરતા રહે છે, પણ પાપનો અર્થ સમજવામાં તેઓની થોડી ભૂલ થાય છે. કારણ કે તેઓ બહુ મોટાં પાપોનેજ પાપ સમજ્યા કરે છે. જેમ કે હિંસા ન કરવી, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો. વિશ્વાસઘાત ન કરવો, કોઈને દુઃખ ન દેવું, જૂઠું ન બોલવું, દારૂ ન પીવો, જુગાર ન રમવો વગેરે મોટાં મોટાં પાપોથી તેઓ બચે છે, પણ બીજી નાની નાની ભૂલોની તેઓ દરકાર રાખતા નથી. તેથી તેઓ બહુ આગળ વધી શકતા નથી. * કે

ગુંચવાઈ જાય છે, અને શરીરની નાની નાની સગવડો વધારી મૂકવામાં તથા તેને સાચવવામાં એટલું બધું બારીક ધ્યાન આપે છે કે તેમાંથી તેઓ નીકળી શકતા નથી. એટલે એમાં ને એમાં છેવટ સુધી પડયા રહે છે. અને આટલા વાગે ચા પીવી જોઇએ, આટલા વાગે ફલાણા માણસને મળવુંજ જોઇએ આટલા વાગે ફલાણે ઠેકાણે જવુંજ જોઈએ, આટલા વાગે જમવુંજ જોઇએ, આટલા વાગે ફ્રુટ ખાવુંજ જોઈએ, આટલા વાગે દૂધ પીવુંજ જોઈએ, આટલા વાગે ફરવા જવુંજ જોઇએ ફલાણે વખતે ફલાણી જાતનાં કપડાં પહેરવાંજ જોઇએ, અમુક માણસને મળતી વખત અમુક જાતની ભાષા વાપરવીજ જોઇએ અમુક ઠેકાણે જતી વખત અમુક જાતના ઠાઠમાઠ રાખવાજ જોઇએ, જમવામાં આટલી જાતનાં શાક તથા આટલી આટલી ચીજો તો દરરોજ થવીજ જોઈએ, આવી આવી નાની નાની બાબતોમાં તેઓ એટલા બધા રોકાઈ જાય છે કે બીજી અગત્યની મોટી બાબતમાં તેઓ ધ્યાન આપી શકતા નથી. ભલમનસાઈ હોવા છતાં, સદ્‌ગુણો હોવા છતાં, સામાન્ય જ્ઞાન હોવા છતાં, અને મનમાંથી આગળ વધવાની ઉમેદ હોવા છતાં પણ વધારી મૂકેલા વૈભવોને લીધે સદ્‌ગુણો ખીલવવાની તક ન મળવાને લીધેજ તેઓ પાછળ રહી જાય છે. અને એવી ફુરસદ તેઓને મળી શકતી નથી, તેનું એ એકજ કારણ હોય છે કે, તેઓ પોતાના વધારી મૂકેલા વૈભવોમાં ને સગવડો સાચવવામાંજ પડયા રહે છે. તેથી તેઓ આગળ વધી શકતા નથી અને છતાં સાધનોએ આવી નાની નાની ભૂલોથી બહુજ પાછળ રહી જાય છે. માટે પરમ કૃપાળુ પરમાત્માએ આપેલી શુભ તકોનો લાભ લેવાય તેમ કરજો, અને નકામા ખોટા વૈભવોમાં તથા વગર જરૂરની સગવડો સાચવવાની લોલુપતામાં ઉંચી વસ્તુઓ ન ચુકી જવાય તે સંભાળજો. જો એટલું ધ્યાન રાખશો તો પણ ધીરે ધીરે આગળ વધી શકશો. માટે પ્રભુકૃપાથી મળેલા વૈભવો તથા સગવડોનો ખોટો ઉપયોગ ન થાય એ સંભાળજો. પણ પ્રભુને ખાતર ને પોતાના આત્માના કલ્યાણને ખાતર તેનો સદુપયોગ થાય તેમ કરજો.

રહેનારો છે. માટે આત્માના કલ્યાણની ખાસ તજવીજ રાખવી જોઈએ. પણ તેને બદલે આપણે તદન તેથી ઉલટીજ રીતે વરતીએ છીએ, અને દેહની જેટલી દરકાર રાખીએ છીએ તેના દશમા ભાગની પણ આત્માની દરકાર રાખતા નથી, જેમ કે, ખાવામાં, પીવામાં, સુવામાં, બેસવામાં, ફરવામાં, કપડાં પહેરવામાં, ભણવા ગણવામાં અને મોજશોખ ભોગવવામાં આપણે જેટલી દેહની દરકાર રાખીએ છીએ, તેના સોગમા ભાગ જેટલી પણ એવી બાબતોમાં આપણે આત્માની દરકાર કરતા નથી. જો દેહના કરતાં આપણે આત્માની વધારે દરકાર રાખીએ તો આપણી સ્થિતિ કાંઈક જુદીજ હોય

આ સાંભળીને કેટલાક લોકો પૂછશે કે, શું અમોને અમારા આત્માની દરકાર નથી? એના જવાબમાં અમો આપણને કહીએ છીએ કે, ના, તમને આત્માની દરકાર નથી. જો તમને આત્માની દરકાર હોય તો તમે આવી હલકી દશામાં ન હો! જુઓને તમારા શરીરને મચ્છર ન કરડે તે સારૂ કેટલી બધી તજવીજ રાખો છો? અને તેમ છતાં મચ્છર કરડે તો કેટલા બધા દિલગીર થાઓ છો? તથા એને માટે કેટલા બધા ઉપાયો કરો છો!

જેમ કે–પ્રથમ તો ઘરમાં મચ્છર ન થાય તે સારૂ ફળીઆમાં ગંદકી રહેવા દેતાજ નથી. ખાળ સાફ રાખો છો, ભેજવાળી જગ્યા ન રહે તે માટે કાળજી રાખો છો, તેમ છતાં કદિ મચ્છરો થાય તો મચ્છરદાની રાખો છો, તથા ઓઢવાનો બંદોબસ્ત રાખો છો, તથા મચ્છર ન કરડે તે સારૂ શરીરે તેલ ચોળો છો, અને તેમ છતાં કદિ મચ્છર કરડી જાય તો પછી ઘણી જાતના ઉપાયો કરો છો. જેમ કે કોઈ ખાસ જાતનાં તેલ ચોપડો છો, અથવા જંતુનાશક દવાઓ વાપરો છો, અથવા ક્વિનાઈનની ગોળી લઈ લો છો. આવી રીતે મચ્છર ઉત્પન્ન ન થાય તે સારૂ તજવીજ રાખો છો, અને તેમ છતાં જો મચ્છર ઉત્પન્ન થાય તો તેનો નાશ કરવા તજવીજ રાખો છો તથા મચ્છર કરડી ન જાય તેની સંભાળ લો છો, ને મચ્છર કરડે કે તરત દવા કરો છો. પણ આવી રીતે મચ્છર કરતાં

લાખો ગણા વધારે ભયંકર કામ, ક્રોધ, લોભ, મોહ, અભિમાન, અદેખાઇ, આળસ વગેરે ઘણા મોટા શત્રુઓ જીવને વળગેલા છે. અને તેને અતિશય હેરાન કરે છે, તેમને દૂર કરવા કોઈ દિવસ ખરેખરૂં ધ્યાન આપ્યું છે ? કહો કે નહિજ!!

હવે વિચાર કરો કે થોડા વખતની અંદર જે દેહ મસાણમાં કુંકાઈ જવાનો છે, તેવા દેહને માટે અને એક નાનકડા મચ્છર જેવા જંતુ સારૂ પણ કેટલી બધી કાળજી છે ? અને આત્મા હમેશાં અમર રહેવાવાળો છે, જે આત્મા ઈશ્વરની હજુરમાં જઇ શકે તેવો છે. જે જીવ ઈશ્વરનો અંશ છે, જે જીવની સત્તાથી અનેક દેહો થયા છે અને અનેક દેહો થશે, તથા જે જીવને પાપ પુણ્ય ભોગવવાં પડે છે, તે જીવને કામ ક્રોધ, લોભ, જેવા ભયંકર રાક્ષસો વળગેલા છે છતાંપણ તેની કાંઈ દરકાર નહિ. એ શું હરિજનોનું લક્ષણ છે ? એ શું ધર્મ પાળવાનું લક્ષણ છે ? અને એ શું પ્રભુને રાજી કરવાનું લક્ષણ છે ? નહિજ. માટે બંધુઓ ! જો ખરો ધર્મ પાળવો હોય અને પ્રભુના માર્ગમાં ચાલવું હોય તો જેટલી દેહની દરકાર રાખો છો તે કરતાં આત્માના કલ્યાણની વધારે દરકાર રાખતાં શીખો. એજ ધર્મની કુંચી છે. અને જો એ કુંચી મળી જાય તો ધર્મના રસ્તામાં બહુ સહેલાઇથી આગળ વધી શકાય છે. માટે દેહ અને આત્મા વચ્ચેનો ફરક સમજો, અને હમણાં દેહ ઉપર વધારે ધ્યાન આપો છો તેને બદલે જો ભક્ત થવું હોય તો આત્મા ઉપર વધારે ધ્યાન આપતાં શીખો. એટલે તમારામાં નવું બળ આવી જશે, અને સહેલાઇથી ઉંચા પ્રકારના ધર્મ પાળી શકશો. માટે આજ દિવસ સુધી જેમ ફક્ત એકલા દેહ સામે જુઓ છો તેમ નહિ કરતાં હવેથી જરા તમારા પોતાના આત્મા સામે પણ જોવાની મહેરબાની કરો. એજ અમારી પ્રાર્થના છે. કારણ કે એમાંજ સૌનું કલ્યાણ છે. માટે આત્મા સામું જુઓ. આત્મા સામું જુઓ.

૭૦–ઘડીયાળનું એક ચક્કર બગડે તો તેથી આખું ઘડીયાળ બગડે છે, તેમજ જો પૈસાનો ખોટો ઉપયોગ થાય તો તેમાંથી આરોગ્યતાનો, વખતનો, શક્તિનો અને બીજી બધી ચીજોનો ખોટો ઉપયોગ થાય છે. એમ ન થાય માટે ધનનો સદુપયોગ કરતાં શીખજો.

આપણા લોકોને ધર્મ બહુ ગમે છે, કારણ કે આપણા પૂર્વજો બહુજ ધાર્મિક જીવન ગાળનારા હતા, તેથી તેમના વંશપરંપરાના સંસ્કારો આપણામાં ચાલ્યા આવે છે. બીજું એ કે આપણા પૂર્વજો ધર્મ સંબંધી બાબતમાં બહુ ઉંડા ઉતરેલા હતા, તેથી આપણા દેશમાં ધર્મનાં અનેક પુસ્તકો છે, એટલુંજ નહિ પણ આખી દુનિયાના બીજા કોઈ પણ ધર્મ માટે ધર્મ સંબંધી જેટલું લખાણ હોય તે કરતાં હિંદુ ધર્મ સંબંધી બહુ ઊંડાણનું અને ઘણુંજ વધારે સાહિત્ય આપણા દેશમાં છે. ત્રીજું એ કે જુદા જુદા દેશમાં ને જુદા જુદા ધર્મમાં વહેવારને અને ધર્મને જુદા જુદા રાખેલા હોય છે, તેથી અમુક દિવસોએ તથા મંદિરોમાં અને કોઈ કોઈ બાબતોમાંજ તેઓની પાસે ધર્મ વિચારો આવી શકે છે. પણ આર્યોના જીવનમાં તો પડે પડનાં ધર્મ ગુંથાઈ ગએલો છે અને જીંદગીનાં દરેક કામમાં મુખ્યત્વે ધર્મ રહેલો છે, એટલે આપણા લોકોમાં ધર્મનું જોર વધારે હોય છે. ચોથું એ કે બીજા મુલકોમાં ઋતુઓના ફેરફારને લીધે, ચરદી ગરમીને લીધે તથા અનાજ અને ફળફુલની કુદરતી ઓછી ઉપજને લીધે ધર્મ પાળવામાં ઘણી જાતની મુશ્કેલીઓ નડે છે, પણ આપણા દેશમાં ઈશ્વરકૃપાથી એવી જાતની મુશ્કેલીઓ બહુજ થોડી હોય છે, તેથી ધર્મ પાળવાની ઘણી વધારે સગવડો આપણા લોકોને મળી શકે છે, તેથી દુનિયાની બીજી પ્રજાઓ કરતાં ને બીજા ધર્મો કરતાં આર્યો પોતાનો ધર્મ વધારે સારી રીતે પાળી શકે છે. પાંચમું કારણ એ છે કે, આપણા દેશમાં

બાવાઓ ઘણા વધારે છે અને તે બધા મુખ્યત્વે ખાસ કરીને વૈરાગ્યનીજ વાતો કરનારા હોય છે, અને ગામમાં લોટ માગવા જાય ત્યાં પણ દરેક ઘેર એવા શબ્દો બોલે છે કે "ધર્મની જય" આવા શબ્દો દરેક માણસને કાને દરરોજ ઘણી વખત પડયા કરે છે, તેથી પણ ધર્મને નામે વૈરાગ્યના વિચારો વધારે વધારે ફેલાતા જાય છે. આ બધાં કારણોને લીધે આપણા લોકોમાં ને આપણા દેશમાં ધાર્મિકપણું ઘણુંજ વધારે છે. અને ધર્મ વધારે હોય ને તે જો ખરા રૂપમાં પળાતો હોય તો એ બહુ ખુશીની વાત છે. પણ આપણે ત્યાં બને છે એમ કે, ખરો ધર્મ દબાઇ જાય છે, અને ધર્માંધપણું વધી જાય છે. ધર્મઘેલછા વધી જાય છે, અને ધર્મને નામે ચાલતા બહારના આડંબરો તથા પોલંપોલો વધી જાય છે. અને એ બધાને લીધે પરિણામ એ થાય છે કે, ધર્મના કોઇ એકાદ અંગ ઉપર માણસો બહુજ ઉતરી જાય છે, અને બીજાં અંગોની બાબતમાં બેદરકાર બની જાય છે. જેમ કે કોઈ લોકો વૈરાગ્ય ઉપર અતિશય ભાર મૂકે છે, તેથી વગર મફતની અનેક જાતની અગવડો ભોગવે છે, અને પૈસા સંબંધી બાબતમાં બહુજ બેદરકારી રાખે છે. આ પ્રમાણે માત્ર સાધુઓજ વરતે છે એમ નથી, પણ સ્ત્રીઓમાં તથા ગૃહસ્થોમાં પણ તેનો ચેપ ફેલાય છે, તેથી તેઓ પણ પૈસા તરફ બેદરકારી રાખે છે. અને ખોટા સંતોષમાં પડયા રહે છે. તેથી બહુ છુટથી આપણા લોકો પૈસા મેળવી શકતા નથી. મેળવ્યા હોય તો તે સાચવી શકતા નથી, અને સાચવ્યા હોય તો તેનો સદુપયોગ કરી શકતા નથી. કારણ કે એ બધી બાબતોમાં શરૂઆતની ખરાબીનો ધકકો ચાલ્યો આવે છે, તેથી થોડું થોડું પોલાણ હોય છે. આમ થવાથી પૈસાનો માઠો ઉપયોગ થાય છે. એટલે કે પૈસાની જરૂર હોય છતાં પણ પૈસા રાખતા નથી, અથવા તો જ્યાં પૈસાની જરૂર ન હોય તેવે ઠેકાણે પણ, તેવા ગુરૂઓને પણ, અને તેવાં મંદિરોમાં પણ તેઓ પૈસા આપી દે છે. તેથી એવે ઠેકાણે પૈસાની બહુ છુટને લીધે તથા અજ્ઞાન [illegible] લીધે અધર્મ વધતો જાય છે. અને જે ખાતાંઓને

પૈસાની ખાસ જરૂર હોય તેવાં ખાતાંઓને પણ પૈસાની મદદ મળતી નથી; તેથી બહુજ ઉપયોગી ખાતાંઓ શરૂ થતાં નથી, તથા જે ચાલતાં હોય તે પણ ધીરે ધીરે બંધ પડે છે. જેમ કે ઘણાએ સાધુઓ પરદેશ જાય તો ત્યાં આપણા ધર્મ માટે ઘણુંયે કામ કરી શકે તેમ છે, અને ત્યાંના લોકો ઉપર તથા ત્યાંના ધર્મો ઉપર બહુ સારી અસર કરી શકે તેમ છે, પણ તેમાં અડચણ એ આવે છે કે તેઓને પૈસા ખપતા નથી એટલે પૈસાની મદદ વિના તેઓ એવે ઠેકાણે જઈ શકતા નથી. અને જે ધર્મગુરૂઓના પગમાં પૈસાના ઢગલા થાય છે, તે ગુરૂઓ એટલા બાધા આંકડા વિચારના હોય છે કે તેઓ પોતાનાં મંદિરો છોડીને બહાર પરદેશ નીકળતા નથી. બીજી તરફ જે મંદિરોને પૈસાની જરૂર ન હોય ત્યાં પણ લોકો તેનેજ પૈસા આપ્યા કરે છે, ને એ પૈસાનો સદુપયોગ ન થતો હોય તો પણ લોકો તેનેજ પૈસા આપ્યા કરે છે. તેથી એવે ઠેકાણે લાખો ને કરોડો રૂપીઆ વગર મકતના તદન હોમટ પડયા રહે છે. અને કેળવણીના ખાતામાં, સ્ત્રીઓને સુધારવાની બાબતમાં, અનાથ બાળકોને મદદ કરવાની બાબતમાં, સસ્તી કિંમતે સારૂં વાંચન ફેલાવવાની બાબતમાં, હુન્નર કળા શિખવા માટે પરદેશ જવાની બાબતમાં, માંદાઓને દવા આપવાની બાબતમાં અને એવાંજ બીજાં પરમાર્થના અનેક ખાતાંઓમાં પૈસાની બહુજ તાણ પડે છે. કારણ કે એવી બાબતોની કિંમત લોકો સમજતા નથી તેથી તેમાં છુટથી પૈસા આપતા નથી, એટલે એવાં ઉપયોગી ખાતાંઓ મુફલીસ સ્થિતિમાં રહે છે. અને જેને ખાસ જરૂર ન હોય તેવા મંદિરો તથા તેવા ગુરૂઓને જોઈએ તે કરતાં ઘણું વધારે મળે છે.

આવી રીતે ધનનો દુરૂપયોગ થવાથી અનેક સારી બાબતોને પણ બહુ મોટો ધકકો પહોંચે છે. આ સિવાય અજ્ઞાનપણાને લીધે ઘણા લોકો બહુ મોજશોખમાં ખોટી રીતે પોતાના પૈસા ઉડાવી દે છે. કારણ કે પૈસા કેમ કમાવા, કેમ સાચવવા ને તેનો કેમ સદુપયોગ કરવો, તે બાબત ઉપર ખાસ ભાર મૂકવામાં આવતો નથી, પણ માત્ર વૈરાગ્યના વિચારો ઉપરજ

૭૨–પારસમણિમાં ને સંતમાં બહુ ફેર છે. કારણ કે પારસમણિ તો માત્ર લોઢાનું સોનુંજ બનાવી શકે છે, પણ કાંઈ લોઢાનો પારસ બનાવી શકે નહિ, પણ સંતો તો અજ્ઞાનીઓને પણ પોતાના જેવાજ બનાવી દે છે, માટે પારસમણિ કરતાં પણ સંતો શ્રેષ્ઠ છે.

ધર્મના માર્ગમાં પ્રભુને પગલે પગલે ચાલનારા સંતોની જેટલી કિંમત સમજીએ તેટલી થોડીજ છે. કારણ કે તેઓ પોતાનું તથા પોતાના બંધુઓનું એટલું બધું ભલું કરી શકે છે કે જેની કાંઈ હદજ નથી. કોઈ સગાં વહાલાં બહુ મહેરબાની કરે તો વહેવારી કામોમાં કાંઇ કાંઇ મદદ કરી શકે. જેમ કેઃ—લગ્ન વખતે કામ લાગે, મંદવાડ વખતે આંટા ફેરા ખાવા લાગે, ક્યાંઇ બહારગામ જવું હોય તો સાથે આવે, કોઈ વખત કાંઇ પૈસાની મદદ જોઇતી હોય તો આપે, કોઈ વખત કોઈ સાથે વાંધો વઢિ થાય તો તે વખતે આપણી તરફેણમાં રહે, આપણા કુટુંબમાં કોઈનું વેવશાળ કરવું હોય તો તે કામમાં મદદ કરવા લાગે, અને કોઈ મરી ગયું હોય તો આભડવા જવા સારૂ જલદી જલદી દોડયા આવે. આવી આવી મદદો વહેવારી લોકો આપી શકે છે, પણ સંતો જે મદદ કરે છે, તે તો જુદીજ જાતની હોય છે જેમ કે સંતો તો આપણા દુર્ગુણોને ઓછા કરે છે, સંતો તો આપણા પાપને કાપી નાખે છે સંતો તો આપણને પ્રભુને પગલે પગલે ચાલતાં શીખવે છે. સંતો તો [illegible] કરે છે, સંતો તો આપણી જીંદગીના અનંત ફેરા [illegible] સંતો તો આપણને નવો જન્મ આપે છે, અને નવા મનુષ્ય બનાવી દે છે, સંતો તો આપણા મનના સંશયો કાપી શકે છે, સંતો તો આપણને આત્મિક શિક્ષણ આપી શકે છે, સંતો તો આપણા હૃદયના અંદરના દરવાજા ખોલી શકે છે, સંતો તો આપણા અંતરમાં સ્નેહની જ્યોતિ પ્રગટાવી શકે છે માટે

ધર્મના માર્ગમાં બહુ આગળ વધી શકશો. પણ સંત કેવા હોય અને તેઓ કયાં રહેતા હોય એ બાબતમાં ઠગાઇ જશો માં. લુગડાના રંગ ઉપરથી કે મંદિર ને ગુફા ઉપરથી સંતની કિંમત ધારી લેશો માં. પણ ચોખ્ખી રીતે એમ સમજી લેજો કે, દરેક દેશમાં સંતો હોય છે. દરેક ધર્મમાં સંતો હોય છે. દરેક ભાષામાં સંતો હોય છે. દરેક જાતના ધંધાદારીઓમાં સંતો હોય છે. વહેવારની ઉપાધિમાં પણ કોઈ કોઇ સ્થળે સંતો હોય છે. સ્ત્રીઓમાં પણ સંતો હોય છેએટલે કે સંતના લક્ષણવાળી ઘણીએ સ્ત્રીઓ હોય છે. બાળકોમાં પણ કોઈ કોઇ વખત કોઇ કોઈ કેમણે સંતપણું હોય છે. શ્રીમંતોમાં પણ કોઈ કોઇ વખત સંતો હોય છે. રાજાઓમાં પણ કોઈ કોઈ વખત સંતો હોય છે. ભિખારીઓમાં પણ કોઈ કોઈ વખત સંતો હોય છે અને હલકી જાતના ધંધા કરનારા ઉતરતા વર્ગમાં પણ કોઇ કોઇ વખત સંતો હોય છે. માટે જગ્યાના દેખાવથી, કે કપડાંના દેખાવથી કે શબ્દોની ચતુરાઈથી ઠગાઈ જશો માં. પણ સંતની ઓળખાણ સમજી લેવા માટે ધ્યાનમાં રાખજો કે, જેનામાં શાંતિ હોય, અને જે પોતાની શાંતિ બીજાઓને આપી શકે તે સંત છે. જે સમતા રાખી શકે તે સંત છે. દેશકાળ સમજીને નિસ્પૃહીપણે શુભ કાર્યો કરી શકે તે સંત છે. જે પોતાના બંધુઓના કલ્યાણ માટે પોતાના સ્વાર્થનો ત્યાગ કરે તે સંત છે. જે ધર્મના કે બીજા શાસ્ત્રના બહુ ઊંડો અભ્યાસ કરે અને તેનો અર્ક ખેંચી પોતે પી જાય તથા બીજાને પાઈ દે તે સંત છે. જે સ્નેહના સાગરના ડુબકી મારે અને બીજાઓને પણ તેમાં તરબોળ કરે તે સંત છે. જેનાં અંતરનાં તાળાં ખુલી ગયાં હોય અને જે બીજાઓનાં અંતરનાં તાળાં ખોલી શકે તે સંત છે. જે પોતાના વિકારો કાબુમાં રાખી શકે અને બીજાઓના વિકારોને પણ અંકુશમાં રાખવાની શક્તિ ધરાવે તે સંત છે, જે બધી ઇન્દ્રિયોથી શુભ કાર્યો કર્યાજ કરે ને તેના ફળની ઇચ્છા રાખે નહિ તે સંત છે. અને જેના ચ્હેરા ઉપર એક જાતની ભલાઈનું કુદરતી તેજ છવાઈ રહ્યું હોય, જેની વાણીમાં મીઠાશ હોય, જેના અંત-

દયા આય છે. કારણ કે તેઓ તેના ચહેરા ઉપરથી જાણી લે છે કે આ રોગી છે. તેના બોલવા ઉપરથી સમજી જાય છે કે આ રોગી છે. તેના શ્વાસ ઉપરથી સમજી જાય છે કે આની શક્તિ ઘટતી જાય છે. તેના ખોરાક ઉપરથી સમજી જાય છે કે આ માણસ રોગી છે. અને તેની વર્તણુંક ઉપરથી જોઈ લે છે કે આને ક્ષય રોગ થયો છે. અને તેમ છતાં કહે છે કે મને કાંઇ થયું નથી, માટે કાં તો તે લુચ્ચાઇને લીધે અથવા તો પોતાનો કાંઇ સ્વાર્થ સાધવાને લીધે ક્ષય રોગ છુપાવે છે. અથવા તો તે એવો મૂર્ખ છે કે તેને પોતાના રોગની ખબર પડતી નથી. આ બેમાંથી એક કારણ જરૂર હોવું જોઇએ, એમ હોંશિયાર દાક્તર સમજી જાય છે. તેમજ ઘણા માણસો ઘણી જાતના પાપની અંદર ફસાએલા હોય છે, તે પાપને જ્ઞાની મહાત્માઓ જોઇ શકે છે, તેથી તેઓ એવા લોકોને કહે છે કે, તમે પાપી છો. અને પાપ બહુ ખરાબ વસ્તુ છે માટે જલદી ચેતો, નહિ તો માર્યા જશો. પણ તેના જવાબમાં એવા લોકો કહે છે કે, અમે પાપી નથી. કેટલાક લોકો પાપ કબુલ કરતાં શરમાય છે તેને લીધે આમ કહે છે. કેટલાક લોકો અભિમાની હોય છે. તેઓ પોતાના અભિમાનને લીધે પાપ કબુલ કરતા નથી. કેટલાક લોકો બહુ વહેવારચતુર હોય છે તેઓ મનમાં એમ સમજે છે કે, આપણી વાત આપણે મનમાં સમજીએ ને બીજાઓને જાણવા દઈએ નહિ તેમાં ખુબી છે. બીજાઓની આગળ શા માટે કબુલ કરીએ કે અમે પાપી છીએ? અને કેટલાક લોકો બિચારા એટલા બધા અજ્ઞાન હોય છે કે, તેઓને પોતાના પાપની ખબર પડતી નથી, કારણ કે પાપ પણ ઘણી જાતનાં હોય છે.

(૧) શરીરનાં. (૨) વાણીનાં, (૩) ને મનનાં. એમ ત્રણ જાતનાં પાપ કહેવાય છે. તેમાં શરીરનાં પાપને ઘણું કરીને બધા લોકો સમજી શકે છે, પણ ઘણા લોકો તો વંશપરંપરાના સંસ્કારોને લીધે તથા ચાલતા આવેલા રિવાજોને લીધે શરીરનાં સ્થૂલ પાપોને પણ સમજી શકતા નથી. જેમ કે જે લોકો માંસાહારી હોય તેઓ એવી મલિન વસ્તુ ખાવામાં

લાંબું ટાયવું કર્યા કરીએ છીએ. જ્યાં કાંઇક આવી વાતો કહી લેવાની જરૂર હોય ને ઠેકાણે પણ સ્વાર્થની ખાતર, બડાઈની ખાતર અથવા બીજાઓને માઠું ન લગાડવાની ખાતર બોલતા નથી. સુધારાના જે કામમાં ટેકો દેવાની જરૂર હોય ને કામમાં પણ ચુપ રહીએ છીએ. જે ઠેકાણે પ્રેમના શબ્દો વાપરવા જોઈએ તે ઠેકાણે પ્રેમને બદલે ઝેરના શબ્દો બોલી દઈએ છીએ. જે છોકરાંને રમાડને રમાડને તેના કાનમાં સારા શબ્દો નાખવા જોઈએ તેને બદલે નીચનાબરેલા હલકા શબ્દો તેના કાનમાં નાખીએ છીએ. જેમ કે નાની દીકરીને રમાડને રમાડતે એમ પણ કહી શકાય કે, અહા! દીકરી! તું તો દેવી છે કે! તું બહી થશે! તું દયાની દેવી થશે! તું મોટાં કામો કરી શકે તેવી છે, એમ કહેવાને બદલે આપણે કહીએ છીએ કે, લે! લે! રાંડ કેવી હસે છે? આ છોકરી બહુ લુચ્ચી થશે! એ એની માને નહિ ગણે, એ એની સાસુના કાન પક ડાવશે. એ એના વરનું નહિ ચાલવા દે. આવી આવી વાતો આપણે તેના કાનમાં વિના કારણ નાખીએ છીએ આ બધા વાણીનાં પાપ છે. અને એવા પાપમાંજ આપણે ગાલ તો પડેલા છીએ. અને તેમ છતાં મનમાં એમ સમજ્યા કરીએ છીએ કે, અમે કાંઇ પાપ કરતા નથી. કારણ કે બહુ મોટાં પાપોનેજ આપણે પાપ સમજીએ છીએ, પણ દરરોજ આવી આવી જાતની ઘણી ભૂલો થાય છે, તેનો આપણને ખ્યાલ રહેતો નથી.

આવીજ રીતે મનનાં ઘણાં પાપો જાણે અજાણે થયા કરે છે. જેમ કે આપણે આપણા મનમાં અનેક જાતના નકામા નકામા સંકલ્પ વિકલ્પ કર્યા કરીએ છીએ. કોઈ કોઈ સ્ત્રી પુરૂષો માટે આપણા મનમાં જે ખરાબ વિચારો બેસી ગયા હોય તે માટે તેની ખોદણી કર્યા કરીએ છીએ, અને તેને લગતા બૂરા વિચારો કર્યા કરીએ છીએ. જુની વખતે જે જાતના વિચારો કરવાની જરૂર ન હોય તે જાતના વિચારો તે વખતે કરીએ છીએ. મંદિરોમાં જે જાતના વિચારો ન કરવા જોઈએ તે જાતના વિચારો તે ઠેકાણે કરીએ છીએ. કોઇના

ખૂન જુદી જાતનાં હોય છે, ક્ષત્રિયોના અધિપતિઓનાં પાપો જુદી જાતનાં હોય છે, સામાન્ય ગામડીયાઓનાં પાપો જુદી જાતનાં હોય છે, અને ભણેલા ગણેલા ઈંગ્રેજ વગેરે લોકોનાં પાપો જુદી જાતનાં હોય છે. અલબત્ત કે માણસોની જુદી જુદી સ્થિતિઓમાં જુદા જુદા પ્રકારનાં જાતે અજાણ્યે કેટલાંક પાપો થઈ જાય છે. એ બધાં પાપો માટે જવાબદારી સરખી નથી, ને જુદી જુદી છે, પણ જેને ઈશ્વરનું જ્ઞાન થયું હોય, જેને પ્રભુના રસ્તામાં ચાલવું હોય, અને જેને પોતાના આત્માનું કલ્યાણ કરવું હોય, તથા ખરા હૃદયથી આત્મિક આનંદ મેળવવો હોય તેનાથી કોઈ એવી જાતનાં પાપોમાં પડવું પોસાય નહિ કારણ કે ક્ષય રોગમાં જેમ રોજ રોજ વધારો થતો જાય છે તેમજ પાપ એ ક્ષય રોગ કરતાં પણ ઘણું વધારે ભયંકર છે અને તેમાં જે વધારો થાય તે બહુજ ભારે પડી જાય તેવો છે, માટે પાપની બાબતમાં બેદરકાર રહો માં, પણ જેમ બને તેમ પાપને તેના ખરા સ્વરૂપમાં સમજીને તેને દૂર કરવાની કોશિશ કરો, એટલે જલદીથી જીંદગી સુધારી શકશો, ને અંતરનો આનંદ ભોગવી શકશો.

૭૩—મ્હારૂં નસીબ સારૂં છે એમ જાણવાથી પણ માણસમાં મહાન શક્તિ આવી જાય છે, માટે મ્હારૂં નસીબ સારૂં છે એવી ખાતરી રાખતાં શીખો.

મનુષ્ય સ્વભાવમાં એક એવી જાતની ઈચ્છા રહેલી છે કે, તેને ભવિષ્ય જાણવાની ઈચ્છા થઈ જાય છે એ ઈચ્છા જ્યાં સુધી હદમાં રહેલી હોય ત્યાં સુધી બહુ ફાયદો કરે છે, પણ જ્યારે તે ઈચ્છા હદ બહારની થઈ જાય ત્યારે તે માણસ વહેમી બની જાય છે, અને ભવિષ્ય જાણવા માટે અનેક જાતનાં ફોકટનાં ફાંફાં મારે છે, તથા જે વસ્તુમાં કાંઈ માલ ન હોય તે વસ્તુમાં પણ મોટી મોટી બાબત સમજ્યા કરે છે. જે બાબતોને ભવિષ્ય સાથે કાંઈ પણ સંબંધ ન હોય તે-

ગુણીયલ જોઈએ, રાજ્યના કાયદાઓ સમસ્ત પ્રજાને ગમી જાય તેવા જોઇએ, ધર્મની બહારની સંબંધ વગરની ક્રિયાઓ ઓછી થવી જોઇએ. ગુરૂઓનાં વધારે પડતાં જે લાકડાંઓ ઘુસી ગએલાં છે તે નીકળવાં જોઇએ, હુન્નરકળા વધારવાં જોઇએ, અને પવિત્ર ઈશ્વરી રસ્તામાં ચાલવાનું બળ આવે તેમ થવું જોઇએ. આ બધી ઇચ્છાઓ શું સ્વાભાવિક નથી? અને તેમ છતાં એટલું પણ ક્યાં બને છે? ત્યારે બીજી મોટી ઇચ્છાઓ કે જે અશક્ય હોય તે તો ક્યાંથીજ બની શકે? જેમ કે કોઇને ચંદ્ર ઉપર મુસાફરી કરવાનું મન થાય, કોઇને સમુદ્રના તળીઆમાં ઘર બાંધી ત્યાંજ રહેવાની ઇચ્છા થાય, કોઇને જુદા જુદા ગ્રહો ઉપર સહેલ કરી આવવાનું મન થાય. કોઇને પવન ખાઇને જીંદગી ટકાવી રાખવાની ઇચ્છા થાય, કોઇને આ દુનિયામાંથી સૂરજનો પ્રકાશ ખુટેજ નહિ એમ કરવાની ઇચ્છા થાય, એટલે કે રાતે પણ દિવસની માફકજ સૂર્યનો પ્રકાશ ને ગરમી મળ્યા કરે એવી ઇચ્છા થાય, કોઇને આ પૃથ્વી ઉપર બીજી નવી દુનિયા શોધી કાઢવાની ઇચ્છા થાય, કોઇને પૃથ્વીની આરપાર કાણું પાડવાની ઇચ્છા થાય, કોઇને પોતાની મરજી પ્રમાણે વરસાદ વરસાવવાની ઇચ્છા થાય, કોઇને સમુદ્રમાં થતાં તોફાનો અટકાવી દેવાની ઇચ્છા થાય અને કોઈને મનુષ્ય જાતમાં રહેલા બધી જાતના રોગોને દૂર કરવાની ઇચ્છા થાય, તો તે શું બની શકે તેમ છે? મહાત્માઓ કહે છે કે, હા, એ બધું અને એ કરતાં પણ ઘણું વધારે બની શકે તેમ છે, જે હાલમાં તમારી કલ્પનામાં પણ આવી શકતું નથી તેવા બનાવો પણ બની શકે તેમ છે. પણ એમ થતાં પહેલાં દેશકાળની મદદની જરૂર છે. કુદરતી બુદ્ધિબળને પૂરેપૂરૂં ખીલવવાની જરૂર છે, અને આખી દુનિયાના દરેક માણસો તથા દરેક વસ્તુઓ જુદા જુદા રૂપમાં કાંઇ ને કાંઈ બહુ મોટી મદદ કરવા લાગે ત્યારેજ એ બધી બાબતો બની શકે તેમ છે. પણ એમ થવા માટે બહુ લાંબો કાળ જોઇએ છે. તથા એવા બનાવો બનતાં પહેલાં તેને માટે જે જે સાધનો જોઇએ તે બધાં સાધનો અગાઉથી તૈયાર થએલાં જોઇએ છે. એ પછી જ્યારે કોઇ

ઓચિંતા કે એકદમ પોતાની મેળે મેળે બની જતા નથી, પણ જગતના બધા બનાવો ક્રમે ક્રમે બને છે. બધા બનાવોનાં બીજો અગાઉથી રોપાઇ ગએલાં હોય છે. ભવિષ્યમાં બનતા બધા બનાવો માટે અગાઉથીજ થોડી ઘણી તૈયારી થઈ ગએલી હોય છે. અને દરેક બનાવો કોઈક પણ નિયમના આધારે બને છે. કોઇ પણ બનાવ અકસ્માત રીતે બનતો નથી જેને આપણે અકસ્માત કહીએ છીએ તેમાં પણ કાંઇક નિયમ હોય છે. કારણ કે દુનિયા નિયમને આધીન છે. આમ હોવાથી જો આપણા કર્મના નિયમો આપણને સમજાઈ જાય આપણી કામ કરવાની કુંચીઓ આપણા હાથમાં આવી જાય અને આપણું જ્ઞાન એટલું વધારીએ કે દુનિયાના બનતા ઘણા બનાવોનો ક્રમ સમજી શકીએ તો પછી આપણા નશીબને સમજી લેવું તેમાં કાંઇ મોટી વાત નથી. વનસ્પતિશાસ્ત્રવાળાઓ કોઈ પણ છોડવો કે બીજ જોઈને જેમ તેની જાત નક્કી કરી શકે છે, તથા જમીનની જાત, ખાતરની જાત [illegible] જાત, બીજની જાત અને માળીનું જ્ઞાન એ [illegible] ભવિષ્ય નક્કી કરી શકે છે પ્રાણીશાસ્ત્રવાળાઓ જેમ જુદી જુદી જાતનાં પ્રાણીઓ માટે નવી નવી હકીકતો અગાઉથી જાણી જાય છે, અને રસાયણી શાસ્ત્રીઓ જેમ પોતાના [illegible] ઘણી પ્રયોગોનું ફળ અગાઉથીજ સમજી લેય છે, તેમ જ [illegible] માણસો પણ પોતાનું નશીબ અગાઉથીજ જાણી લે છે અને તેમાં જ્યારે તેઓને એમ જણાય છે કે, અમારૂં નશીબ બહુ સારૂં છે ત્યારે તેઓ ઘણા વધારે જોરથી કામ કરી શકે છે તેથી બહુ જલદીથી આગળ વધી જાય છે માટે આપણું આપણું નશીબ કેવું છે? તે જાણવાની કુંચી મેળવવી જોઇએ

જે ડાહ્યા માણસો છે તેઓ બાવા સાધુના કહેવા ઉપર નશીબનો આધાર રાખતા નથી, જે ડાહ્યા માણસો છે તે રમલના પાસા ઉપર પોતાના નશીબનો આધાર રાખતા નથી. જે ડાહ્યા માણસો છે તે મૂર્ખદાન જેવા અગડબગડ જેવા જોશીના મીન મેખ ઉપર પોતાના નશીબનો આધાર રાખતા નથી અને જે ડાહ્યા માણસો છે, તે મૂર્તિઓ ઉપર જંતર મંતર

તેઓને પાલવતું નથી. તેમજ કોઈ માણસ તેઓનાથી પાછળ પડી ને છેટે રહી જાય તે પણ તેઓને પાલવતું નથી. તેઓ તો બધા માણસોને પોતાના જેવાજ આચાર વિચારોવાળા જોવા ઇચ્છે છે. તેથી જેઓ વહેવારમાં પાછળ રહી જાય તેની પણ તેઓ નિંદા કરે છે, અને જે લોકાચાર તોડીને આગળ નીકળી જાય, તેની પણ તેઓ નિંદા કરે છે. જેમ કે લગ્ન કે મરણ વખતે નાત જમાડવાનો રિવાજ હોય તેમ છતાં જો કોઈ માણસ નાત ન જમાડે તો તેઓ તેની નિંદા કરે છે. અને બની શકે તો તેઓ તેને ધમકી આપે છે, તથા શિક્ષા પણ કરે છે. અને વખત આવે તેની પાસેથી નાતનો ખરચ લઈ મૂકે છે. કારણ કે કોઈ પણ માણસ તેઓના વહેવારમાં એટલા પાછળ રહી જાય તે તેઓને ગમતું નથી. તેમજ કોઇ પણ માણસ તેઓના રિવાજોની આગળ નીકળી જાય એ પણ તેઓને ગમતું નથી. જેમ કે એક જાતના બ્રાહ્મણો બીજી જાતના બ્રાહ્મણોનું જમતા ન હોય તેઓ જો પ્રસંગોપાત બીજાઓનું જમે તો તે તેની નાતવાળાઓને પાલવતું નથી. પરદેશ જવાનો રિવાજ ન હોય ને નાતનું માણસ પરદેશ જાય તો તેની નાતવાળાઓને પાલવતું નથી. કારણ કે તેઓના રિવાજો કરતાં જુદો પડીને કોઈ પણ માણસ એટલો આગળ વધી જાય તે તેઓથી ખમાતું નથી; માટે એવે વખતે તેઓ બહુ મોટું તોફાન કરી મૂકે છે. પણ આજના જમાનાના આગળ વધેલા પંડિતો કહે છે કે, આપણે હાલમાં જેને લોકાચાર કહીએ છીએ અને લોકલાજ કહીએ છીએ તે બધું એક જાતનું પોલાણ છે. એમાં કાંઈ બહુ મોટી વાત નથી. આપણે લોકલાજને બહારથી જોઇએ તો તે મોટા ડુંગર જેવી દેખાય છે, પણ અંદરથી જોતાં તે ખાલી હવાનાં વાદળાં જેવી છે. તે કાંઇ બહુ નડી શકતી નથી. અને તેનામાં કાંઇ બહુ માલ હોતો નથી. તે બહારથી બહુ મોટી મોટી દેખાય છે પણ એક જબરી ફુંક મારીએ તો તે ઉડી જાય તેવી હોય છે. અને ફરીથી સુધરેલા નવા રૂપમાં તે જન્મ પામે છે. તેનો કાંઇ નાશ થતો નથી. માટે જે માણસોએ આગળ વધવું હોય

—

હોત તો તે કૃશિઅનોને હરાવી શકત ખરા કે? જો યુરોપનાં લોકો પોતાના જુના રિવાજોને વળગી રહ્યા હોત અને ખોટી લોકલાજના બંધનોમાં પડયા રહ્યા હોત તો તેઓ જગતમાં ઉથલપાથલ કરનારી મહાન શોધો કરી શકત ખરા કે? યાદ રાખજો કે આપણે જેને જેને મોટા માણસો માનીએ છીએ, જે લોકોએ પોતાનું તથા જગતનું ભલું કરેલું છે, અને જે લોકો નમુના રૂપ થઈ ગયા છે તથા એવા જે માણસો હાલમાં હયાત છે, અને જેમનાં જીવનચરિત્રો આપણે બહુ પ્રેમથી વાંચીએ છીએ તે દરેક માણસને લોકલાજની તથા લોકાચારની સામે થવું પડયું છે. અને હવે પછી પણ જે માણસો એવા બહાર પડશે તથા એવી અદ્ભુત શક્તિવાળા નીવડશે તેઓને લોકાચારની સામે થવુંજ પડશે. કારણ કે તેઓ નાડરીઆ પ્રવાહમાં કયાં સુધી પડયા રહી શકે? અને કયાં સુધી સાંકડા વાડાઓમાં પુરાઈ રહી શકે? એ કાંઇ એવા વિમાનમાં ઉડનારાઓથી બની શકે નહિ. માટે યાદ રાખજો કે, ગામડી લોકોનાં ચાલતાં આવેલાં જે બંધનો છે તે તેઓના જેવા માણસો માટે છે. અને તેમને માટે લોકાચાર તથા લોકલાજ જરૂરનાં છે. એથી સંકુચિત વૃત્તિના લોકોને બહુ ફાયદો થાય છે. એથી અજ્ઞાનીઓ અંકુશમાં રહી શકે છે, અને એથી તેઓના વહેવારમાં સરળતા થાય છે, માટે તેઓને એવાં બંધનોની જરૂર છે. પણ જેના જીવ જાગેલા હોય, જેનાં મન મજબુત હોય, જેની બુદ્ધિ વિશાળ હોય, જેનાનાં ભવિષ્યના બનાવો તથા પરિણામો જાણવાની શક્તિ હોય અને જે પોતે વહેવારી લોકોના કરતા સેંકડો દરજ્જે આગળ વધી શકે તેવા હોય અને એવી રીતે ઝપાટાબંધ વધવા માટે જેનો આત્મા અંદરથી નાચી કુદી રહ્યો હોય તથા જોર કરી રહ્યો હોય, અને તરફડી રહ્યો હોય તેવા વિરલ માણસો કાંઈ ગામડી લોકોના આચાર વિચારમા પડયા રહી શકે નહિ. તેઓની જરાક જેટલી નાનકડી લોકલાજના બંધનમાં તેઓનો પુષ્ટ થએલો આત્મા બંધાય નહિ. અને એવા ટુંકી નજરના સ્વાર્થી લોકોના વાડામાં તેઓ પુરાઈ રહી શકે નહિ. માટે તેઓ ?

તેઓની ઈચ્છાઓ અંતરાત્માના ઉંડાણમાંથી નીકળેલી હોય છે, તેઓ પોતાના સ્વાર્થની ઉપર પૂળો મૂકીને પરમાર્થનાં કાર્યો બજાવવા તૈયાર થએલા હોય છે. અને એમ કરવા તેઓનો આત્મા અંદરથી તેઓને ધક્કો મારે છે. તેઓ અંતરના ઈશ્વરી અવાજને એટલે કે કુદરતી પ્રેરણાને ઓળખનારા હોય છે. તેઓ જેમ વર્તમાન દશા જોઈ શકે છે તેમજ ભવિષ્યની સામે પણ જોઈ શકે છે. અને તેની પણ કાંઈક ગણતરી કરી શકે છે. તેઓ બીજાઓને દોરી શકે તેવા હોય છે. તેઓને પોતાના અંતરમાંથી કાંઈક પ્રકાશ મળી ગએલો હોય છે. અને બીજા વહેવારી લોકોમાં જે બળ હોય તે કરતાં સેંકડોગણું તેઓના અંતરમાં વધારે બળ હોય છે. એટલુંજ નહિ પણ તેઓ ભાવનાના પ્રદેશમાં રમવાવાળા હોય છે. સ્નેહના તરંગો સાથે નાચનારા હોય છે. અને જ્ઞાનના સાગરમાં ડુબકીઓ મારનારા હોય છે. એટલે તેઓ વહેવારી સામટી લોકોની સાથે રહી શકતા નથી, તેથી તેઓ એવા લોકોના આચાર વિચારમાં તથા લોકલાજમાં રહી શકતા નથી. અને એમ થાય તેમાં કાંઈ નવાઈ પણ નથી, કારણ કે તેઓની સ્થિતિ બીજાઓના કરતાં જુદીજ હોય છે. માટે તેઓ લોકાચારને લાત મારી શકે છે. માટે તમારી સ્થિતિનો તમે વિચાર કરજો, તમારા અંતઃકરણનો તમે તોલ કરજો, અને પછી જેમ વાજબી લાગે તેમ વરતજો, એમ અમારી તમને ભલામણ છે. અમે કાંઈ એમ કહેતા નથી કે તમારો અધિકાર ન હોય તો પણ તમે લોકલાજ તજી દો, અથવા અમે કાંઈ એમ પણ કહેતા નથી કે તમે લોકલાજ તજવાની જરૂર હોય છતાં તેમાં પડયા રહો, પરંતુ અમે જે કહીએ છીએ તે એટલુંજ કે, કેટલાક માણસોને માટે લોકાચાર તથા લોકલાજ તજી દેવી એ પણ સારી વાત છે, અને ઘણા માણસોને માટે લોકલાજ રાખવી તથા લોકાચાર પ્રમાણે વરતવું એ પણ સારી વાત છે. માટે એ બંનેમાંથી જે વાત તમોને ઠીક લાગે અને જેવો તમારો અધિકાર હોય તે પ્રમાણે વરતો એજ અમારી વિનતિ છે.

પણ સમજીએ છીએ કે, જો આપણે ધારીએ તો હજી ઘણા માણસો ઉપર ઘણું વધારે હેત રાખી શકીએ તેમ છીએ, તેમ છતાં આપણાથી વધારે હેત રાખવાનું બની શકતું નથી, અને વધારે હેત ન રખાય એટલે વધારે ભલાઇ પણ કરી શકતા નથી. કારણ કે જેટલું હેત વધારે તેટલી ભલાઇ વધારે, અને જેટલું હેત ઓછું તેટલી ભલાઈ ઓછી. કારણ કે ભલાઇનું મૂળ પ્રેમ છે. ભલાઈનો પાયો પ્રેમ છે. અને ભલાઈની ઉત્પત્તિ પ્રેમમાંથી છે. માટે જેટલે દરજ્જે પ્રેમ વધારે હોય તેટલે દરજ્જે ભલાઈ વધારે હોય છે. માટે સૌ સાથે ભલાઇ રાખવા સારૂ પ્રથમ આપણે સૌની ઉપર પ્રેમ વધારવો જોઈએ અને તે પ્રેમ કેમ વધતો નથી ? તેનાં કારણો જાણવાં જોઈએ એ માટે જન સ્વભાવ સમજનારા પંડિતો કહે છે કે,—

માણસો ઉપર આપણે પ્રેમ રાખી શકતા નથી તેના બે મુખ્ય કારણો છે.

(૧) પહેલું કારણ એ છે કે આપણા પોતાના મનને જ્ઞાનના બળથી તથા અનુભવના હથોડાથી મજબુત બનાવ્યું નથી, તેથી આપણાં મન હજી બહુ નબળાં છે, એટલે વાત વાતમાં આપણા મનને ધક્કો લાગી જાય છે, અને જે વાતને જેટલી નઠારી ન માનવી જોઇએ તે વાતને તેટલી નઠારી માની લઈએ છીએ, તથા જે વાતને જેટલી સારી ન સમજવી જોઈએ તેટલી સારી તેને સમજી લઇએ છીએ, તથા જોઈએ તે કરતાં આપણા મનમાં તેના વધારે ખ્યાલો બેસી જાય છે.

(૨) જે જાતની બીક ન રાખવી જોઇએ તે જાતની બીકો આપણા મનમાં બહુ ઘલેલી હોય છે. જેવી ટેવો ન રાખવી જોઈએ તેવી ટેવો આપણને પડી ગઈ છે, જેવા સ્વભાવ ન રાખવો જોઇએ તેવો સ્વભાવ રાખવાના આપણામાં સંસ્કારો પડી ગયા છે. ઉંચી જાતની જાંખના કેવી હોય અને મજબુત મનના માણસો કેવા હોય તેના દાખલાઓ આપણે જોયેલા નથી, પણ તેને બદલે નબળા મન વાળાં માણસોની સોબતમાં જ આપણને ઘણું કાળ રહેવું પડે

છે. જનસ્વભાવની ખુબીઓ આપણે સમજતા નથી, માણ
લાગણીઓનું બળ આપણે જાણતા નથી, માણસોની અવસ
બળ આપણે જાણતા નથી, માણસોની સ્થિતિઓનું તથા
જોગોનું બળ આપણે જાણતા નથી, અને વંશપરંપરાના
સ્કારો તથા નાતજાતના રીવાજોનું બળ આપણે જાણતા
તેથી ઘણા માણસોમાં ઘણી જાતના દોષો આપણને દેખાય
એટલે તે જોઇને આપણું મન વધારે વધારે સાંકડું થતું
છે, આવાં આવાં ઘણાં કારણોને લીધે આપણું મન સ
બની જાય છે; એટલું જ નહિ, પણ બીજો એક મોટો
ગુણ આપણામાં એ ભરાઇ બેઠેલો છે કે, નજીવી વસ્તુ
પણ આપણે મોટી મોટી માન્યા કરીએ છીએ. જે વસ્તુ
ઉપયોગની ન હોય તેને માટે પણ આપણે અતિશય
રાખીએ છીએ, અને જે વસ્તુઓને મનમાં જરા પણ
ન આપવું જોઈએ તે વસ્તુઓને પણ મનમાં ભરી મૂ
છીએ. તેથી ધીરે ધીરે આપણાં મન સાંકડાં બનતાં જાય
એટલે આપણે કોઇની ઉપર પૂરેપૂરો પ્રેમ રાખી શકતા
અને પ્રેમ ન રખાય એટલે ભલાઇ થઇ શકતી નથી. કા
ભલાઇ કરવાનો આધાર પ્રેમની ઉપર છે.

આપણે સૌની ઉપર જેવો જોઈએ તેવો પ્રેમ ર
શકતા નથી. તેનું બીજું કારણ એ છે કે, આપણા સંબં
આવતા લોકોની આપણે ભૂલો જોયા કરીએ છીએ, પણ
તેઓની ભૂલો જોઈએ છીએ તેમ બીજી તરફથી તેના
આપણે જોતા નથી, તેથી આપણે તેઓની ઉપર પ્રેમ ર
શકતા નથી. પણ આપણે વિચાર કરવો જોઇએ કે,—

જેમ માણસોની અંદર કોઈ કોઈ પ્રકારની ભૂલો હોય
તેમજ તેનામાં કોઈ કોઇ પ્રકારની ખાસ ખુબીઓ પણ
છે. એટલુંજ નહિ પણ કેળવાએલા વર્ગના દરેક લોકે
જેટલા અવગુણો હોય છે તે કરતાં કુદરતી રીતેજ તેએ
ગુણો ઘણા વધારે હોય છે. કારણકે કુદરતનો એવો પણ નિ
છે કે, જે વસ્તુ ખરેખરી ખરાબ હોય છે, પૂરેપૂરી અવ
વાળી હોય, અને જે વસ્તુમાં ગુણો કરતાં અવ

વધારે હોય તે વસ્તુ કુદરતમાં ટકીજ શકે નહિ. કુદરત પોતેજ તેનો નાશ કરે છે. આવો ઈશ્વરી નિયમ હોવાથી જગતની દરેક નાનામાં નાની વસ્તુઓમાં પણ અવગુણો કરતાં ગુણો ઘણાજ વધારે રહેલા હોય છે. એટલુંજ નહિ પણ જે વસ્તુઓને આપણે ખરાબમાં ખરાબ સમજીએ છીએ તેમાં પણ અવગુણ કરતાં ગુણો વધારે હોય છે. પણ આપણે આપણા અજ્ઞાનપણાને લીધે ખરાબ કહેવાની વસ્તુઓની અંદર રહેલા ગુણોનો શોધ કરતા નથી, તેનો અભ્યાસ કરતા નથી, તેનું પૃથક્કરણ કરતા નથી અને તેને ખરેખરી કસોટીએ ચડાવતા નથી, પણ માત્ર જે મત ચાલ્યા આવતા હોય તેજ મત માન્યા કરીએ છીએ, તેને લીધેજ આપણે ઘણી વસ્તુઓને ખરાબ સમજ્યા કરીએ છીએ, પણ જો આપણે વિદ્યા હુન્નરની મદદ લઇએ, જો આપણે રસાયન શાસ્ત્રની મદદ લઈએ, જો આપણે સાયન્સની મદદ લઈએ, અને જો આપણે આપણું દિલ ખુલ્લું રાખીને કોઈ પણ મત માની લીધા વિના નવેસરથી ખરાબ ગણાતી વસ્તુએની તપાસ કરીએ તો તેમાંથી કાંઈક નવું તત્વ નીકળી પડે, અને જે વસ્તુને આજ દિવસ સુધી આપણે ખરાબ માન્યા કરીએ છીએ તેજ વસ્તુમાં આપણને અનેક ગુણો તથા અનેક ખુબીઓ દેખાય, અને તે વસ્તુ જગતને આગળ વધારવાના કામમાં તથા જગતનું સાંદર્ય વધારવાના કામમાં ઉપયોગી થઇ પડે. આ સિવાય એ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે, કોઇ કોઈ વસ્તુઓમાં કોઇ કોઇ જાતના ખાસ મોટા મોટા અવગુણો હોય છે, પણ એ અવગુણોને બહુજ સહેલાઈથી દૂર કરી નાખવાની કળા માણસોની બુદ્ધિમાં રહેલી છે. તેથી જો આપણે ધારીએ તો અવગુણવાળી વસ્તુઓમાંથી પણ અવગુણો કાઢીને તેમાં ગુણો લાવી શકીએ તેમ છીએ, અને તે પણ બહુજ સહેલાઈથી બની શકે તેમ છે. કારણ કે કુદરતી રીતેજ જગતની દરેક વસ્તુઓમાં ગુણો વધારે રહેલા હોય છે. અને અવગુણો થોડા રહેલા હોય છે. જો એમ ન હોય તો સંસાર ટકી શકે નહિ. જો દુનિયામાં અવગુણો વધારે હોય ને ગુણો ઓછા હોય તો જગ-

તનો નિર્વાહ થઈ શકે નહિ. અને તે કરોડો વરસો
ટકી શકે નહિ, પણ તેમાં ગુણોજ વધારે છે ને અવ
થોડાકજ છે, તેથીજ જગત ટકી શકે છે. એ જ્ઞાનીઓ
સિદ્ધાંત છે.

હવે વિચાર કરો કે, જ્યારે જગતની દરેક વસ્તુએ
અવગુણો કરતાં ગુણો વધારે રહેલા છે, ત્યારે મનુષ્ય જા
અંદર અવગુણો કરતાં ગુણો ઘણા વધારે હોય તેમાં તો
ઇજ શું? કારણ કે જગતની દરેક વસ્તુઓ કરતાં ને
પ્રાણીઓ કરતાં મનુષ્ય શ્રેષ્ઠ છે. અને જગતની દરેક વસ્
તથા પ્રાણીઓ ઉપર મનુષ્યની સત્તા ચાલી શકે છે, કારણ
મનુષ્યમાં અગાધ બુદ્ધિબળ રહેલું છે. તે તે માટે નોખી
છે, એટલે તેનામાં ગુણો વધારે હોય અને અવગુણો
હોય એ સ્વાભાવિક છે એટલુંજ નહિ પણ જે અવ
હોય તે અવગુણોને દૂર કરવાની યુક્તિઓ, સામર્થીઓ
બીજી ઘણી બાબતો તેઓની પાસે તૈયાર છે, એટલે તે
જો ધારે તો બહુ સહેલાઈથી દુર્ગુણોને દૂર કરી શકે તેમ
તથા બીજાઓનાથી દુર્ગુણોને દૂર કરાવી શકે તેમ છે
[illegible]

આપણને કંટાળો લાગ્યા કરે છે, પણ તેનામાં જે પૈસા સાચવવાની આવડત હોય, કુટુંબ પર પ્રેમ હોય, ઉદ્યોગ કરવાની આવડત હોય, જાત મહેનત કરવાનું બળ હોય, કોઇ પણ ખરાબ રસ્તે પૈસો ન ખરચવાની તેનામાં જે શક્તિ હોય, અને બીજાઓ તેને લોભીઓ લોભીઓ કહીને અપમાન કરે તે અપમાન પણ સહન કરવાની તેનામાં શક્તિ હોય તે બધી બાબતો તરફ આપણે જોતા નથી. આવીજ રીતે કોઈ માણસ ક્રોધી હોય તો તેના ક્રોધ સામે આપણે જોયા કરીએ છીએ, પણ તેનામાં જે સત્યતા હોય, તેનામાં જે ભોળાપણુ હોય, તેનામાં જે એક જાતની તીવ્રતા હોય, તેનામાં જે બીજાઓની સામે થવાનું બળ હોય, તેનામાં જે ઉદારતા હોય, તેનામાં જે એકાંતવાસ ભોગવવાની શક્તિ હોય, અને તેની લાગણીઓમાં જે બળ હોય તે સામે આપણે જોતા નથી. આવીજ રીતે દરેક બાબતો માટે જરા ઊંડા ઉતરીને વિચાર કરીએ તો આપણને ચોખ્ખી રીતે એમ સમજાઇ જાય કે, માણસોની અંદર દુર્ગુણો કરતાં ગુણો ઘણા વધારે રહેલા હોય છે. માટે તેઓ તિરસ્કાર કરવા યોગ્ય નથી પણ પ્રેમ કરવા યોગ્ય છે. બીજું એ પણ ધ્યાનમાં રાખવું કે, કોઇ માણસમાં કોઈ જાતનો અવગુણ હોય પણ આપણી સાથેની તેની વર્તણુંક ઘણીજ સારી હોય, તથા તેના અવગુણથી આપણને ખમવું પડે તેમ ન હોય તો તેના નાનકડા અવગુણ સામે જોયા કરવાની આપણને કાંઈ જરૂર નથી. બેશક એટલું ખરૂં કે જ્યારે લાગ મળે ત્યારે આપણા સ્નેહીઓને કે આપણા સમાગમમાં આવનાર લોકોને તેઓના અવગુણો માટે પ્રસંગોપાત ચેતવી દેવા એ આપણી ફરજ છે, અને તેઓની ભૂલ સુધરે એવા યોગ્ય ઉપાયો અજમાવવા એ પણ આપણી ફરજ છે, પરંતુ નાની નાની ભૂલો માટે તેઓ ઉપરનો સ્નેહ ઓછો કરી નાખવો એ કાંઈ વાજબી નથી. એ કાંઇ લાયકીની વાત નથી, અને એ કાંઇ પ્રભુને ગમી જાય તેવી વાત નથી, માટે આપણે આપણા બંધુઓના ગુણ જોતાં શીખવું જોઇએ, અને તેઓના દોષ તરફ ઉદાર દૃષ્ટિ રાખવાની મહેરબાની કરવી જોઇએ,

તથા પ્રભુ આપણને આપણા વાંક માફ કરે તે સારૂ આપણે આપણા બંધુઓના વાંક માફ કરતાં શીખવું જોઈએ. અને તેઓની ઉપરનો સ્નેહ વધારવો જોઈએ. એમાંજ આપણું કલ્યાણ છે, ને એમાંજ પ્રભુ રાજી છે. માટે જેમ માણસો ઉપર તથા સૌ જીવો ઉપર હેત પ્રીત વધે તેમ કરો. હેત પ્રીત વધે તેમ કરો.

૭૬–સંસાર એ પાપ ધોવાનું તીર્થ છે, માટે તેમાં પાપ ધોવાની કોશિશ કરજો અને નવાં પાપ ન થાય એ સંભાળજો.

ડાહ્યા લોકોએ આ દુનિયાનું નામ સંસાર પાડેલું છે. કારણ કે જો તેમાંથી સાર લેતાં આવડે તો ઘણોજ સાર લઈ શકાય તેમ છે. એટલુંજ નહિ પણ તેમાં સારામાં સારો સાર ભરેલો છે માટે તે સંસાર કહેવાય છે. સંસારમાં શું સાર છે એ તમે જાણો છો? મહાત્માઓ કહે છે કે, સંસાર એ મોટામાં મોટું તીર્થ છે. દુનિયામાં જે અનેક તીર્થ છે તે બધાં તીર્થોનો સંસારમાં સમાવેશ થઇ જાય છે, માટે સંસાર એ મોટામાં મોટું તીર્થ છે. અને તીર્થની કામગીરી શું છે? તીર્થનો હેતુ શું છે? તીર્થ કોને કહે છે? અને તીર્થથી શું શું લાભ થાય છે? આ બધું જાણવું જોઈએ. કેમ કે સંસાર એ મોટામાં મોટું તીર્થ છે, માટે એ તીર્થના સંબંધમાં જ્ઞાનીઓ કહે છે કે, જે ઠેકાણે શાંતિ મળે છે તેનું નામ તીર્થ છે. જે ઠેકાણે જીવ ઠરે તેનું નામ તીર્થ છે. જે ઠેકાણેથી આગળ વધવાના ઉપાયો મળે તેનું નામ તીર્થ છે. જે ઠેકાણે મહાત્માઓ રહેતા હોય અથવા રહી ગએલા હોય તેનું નામ તીર્થ છે. જે ઠેકાણે નવા નવા અનુભવો મળે તેનું નામ તીર્થ છે. જે ઠેકાણે હૃદયના સંશયો મટે તેનું નામ તીર્થ છે. જે ઠેકાણે ઉત્તમ પ્રકારના સરખા વિચારના સ્નેહીઓ મળે તે તીર્થ છે. જે ઠેકાણે જ્ઞાનીઓના સંસર્ગનો લાભ મળે ને સત્સંગ થાય તે તીર્થ છે. જે ઠે[illegible]નાં દુઃખો ભૂલી જવાય ને ઓછાં કરી શકાય

તે તીર્થ છે. જે ઠેકાણેથી પવિત્રતા મળે તેનું નામ તીર્થ છે. જે ઠેકાણે પોતાની ખામીઓ સમજાય ને એ ખામીઓ દૂર કરવાના ઉપાયો મળે તે તીર્થ છે. જે ઠેકાણે જવાથી પોતાના સ્વાર્થનો ભોગ આપતાં શીખાય તે તીર્થ છે. જે ઠેકાણે બહારનું તથા અંદરનું કુદરતી અદ્દભૂત સૌંદર્ય હોય તે તીર્થ છે, જે ઠેકાણે આત્મિક બળ મળે તે તીર્થ છે. જે ઠેકાણે દૃષ્ટિ ખુલી જાય અને ઉત્તમતા જોવાનું બળ આવી જાય તે તીર્થ છે. જે ઠેકાણે ઈશ્વરનો મહિમા સમજાય તે તીર્થ છે. જે ઠેકાણે જગતની વસ્તુઓની હાલના કરતાં ઘણીજ વધારે કિંમત સમજાય અને તે પ્રમાણે કરી બતાવતાં આવડે તે તીર્થ છે. અને જે ઠેકાણે પોતાનાં તથા બીજાઓનાં પાપ કપાય તે તીર્થ છે. આ બધું અને આના કરતાં બીજું ઘણું વધારે સંસારમાં થઇ શકે છે, માટે સંસાર એ સૌથી વધારે મોટું તીર્થ છે, અને આપણા ધર્મનો તથા દુનિયાના બીજા સૌ ધર્મનો એ મુખ્ય સિદ્ધાંત છે કે, બીજે ઠેકાણે જે પાપ કરેલાં હોય તે પાપ તીર્થમાં જવાથી છુટી જાય છે, પણ તીર્થમાં જે પાપ થાય તે પાપ તો વજ્રના જેવાં સખત બનીને ચોંટી જાય છે. એ પાપનું નિવારણ સહેલાઇથી થઇ શકતું નથી. આમ હોવાથી બીજે ઠેકાણે જે પાપો થએલાં હોય તેની માફી મળી શકે છે, પણ તીર્થમાં જે પાપ થાય તેની માફી મળી શકતી નથી. માટે તીર્થમાં કદિ પણ કોઇ પણ કારણસર પાપ ન કરવું જોઈએ.

હવે વિચાર કરો કે નાનાં નાનાં તીર્થોમાં પણ પાપ કરાય નહિ અને જો કદિ પાપ થઇ જાય તો તે પાપ વજ્રલેપ જેવું થઇ જાય છે, ત્યારે જે સૌથી મોટામાં મોટું તીર્થ કે જેની અંદર જગતનાં બધાં તીર્થો આવી જાય છે તેવા મહાન તીર્થમાં પાપ કરવાથી તે પાપ કેટલું બધું ભયંકર થઇ પડે? એ જરા ખ્યાલ તો કરો! માટે સંસારરૂપી તીર્થમાં કોઇ પણ જાતનાં પાપ ન થાય એ સંભાળજો.

આપણને આપણા આત્માનું કલ્યાણ કરવાની તક મળે તે સારૂ પરમકૃપાળુ પરમાત્માએ આ સંસારરૂપ તીર્થમાં આપણને મોકલેલા છે. કારણકે શાસ્ત્રમાં એમ કહેલું છે કે, આ

સંસાર છે તે કર્મભૂમિ છે. એટલે કે સારાં સારાં કામો કરી લેવાની આ જગ્યા છે. સંસાર તથા દેહ એ બે વિનાની સ્થિતિમાં જ્યારે જીવ હોય ત્યારે તે કાંઇ કરી શકતો નથી, પણ જીવને જ્યારે દેહની મદદ મળે તથા સંસાર સમુદ્રરૂપી મહાન તીર્થ મળે ત્યારે તે પોતાની ફરજો બરોબર રીતે બજાવી શકે છે, અને ત્યારેજ તે પ્રભુના પગલે પગલે ચાલીને અંતે મોક્ષ મેળવી શકે છે. માટે યાદ રાખજો કે દેહ તથા સંસાર એ કાંઈ નકામી વસ્તુ નથી, એ કાંઇ દુઃખ દેવાની વસ્તુ નથી, એ કાંઇ માણસોને પાછળ પાડવાનાં સાધનો નથી, એ કાંઈ જીવને બંધનમાં રાખી મૂકવાનાં સાધનો નથી, અને એ કાંઈ ગમે તેમ ઉડાવી દેવા જેવી બાબત નથી. પણ જેની અંદર સર્વ તીર્થ રહેલાં છે એવો સંસાર સમુદ્ર છે, માટે તે સૌથી મોટામાં મોટું તીર્થ છે, અને એ સમુદ્રને તરવા માટે દેહરૂપી વહાણ મળેલું છે, માટે એનો દુરૂપયોગ થવા દેશો માં, પણ જેમ બને તેમ તેનો સદુપયોગ કરજો અને મહાન સંસાર તીર્થમાં પાપ ધોવાઇ જાય ને પવિત્રતા આવી જાય તેમ કરજો, કારણકે એમ કરવું એ જીંદગીની સાર્થકતા છે. અને તે સારૂજ પરમકૃપાળુ પરમાત્માએ આપણને આ સંસારરૂપી તીર્થ આપેલું છે માટે ઘણાએ અજ્ઞાનીઓ કહ્યા કરે છે તેમ સંસારને અજ્ઞાનતાજ ફળ રૂપ સમજશો મા, અને દેહને પાપનું ફળ સમજશો માં, પણ ચોખખી રીતે એમ સમજી લેજો કે, મનુષ્ય અવતાર એ બહુ મોટા પુણ્યનું ફળ છે અને મોક્ષ મેળવવાની અમૂલ્ય તક આપવા સારૂજ સંસાર રૂપી તીર્થ આપણને મળેલું છે. માટે એ મહાન તીર્થમા જેમ ખુબ દાન પુણ્ય થાય તેમ કરવું જોઈએ. એ મહાન તીર્થમા જેમ ખુબ જપ, તપ, ધ્યાન, વ્રત, સેવા આદિ થાય તેમ કરવું જોઇએ, એ મહાન તીર્થમા જેમ બને તેમ વધુમાં વધુ પવિત્ર રહેવાય તેમ કરવું જોઈએ, એ મહાન તીર્થમાં જેમ ખુબ નવા નવા અનુભવો મળે તેમ કરવું જોઈએ, અને એ મહાન તીર્થમાં જેમ આ-ત્માને શાન્તિ મળી શકાય તેમ કરવું જોઈએ. એમ કરવું એ આપણી ફરજ છે, અને એ માટે જીંદગી છે. માટે જેમ બને

તેમ સંસારરૂપી તીર્થમાં સારી રીતે વરતાય અને તેનો ખુબ લાભ લેવાય તેમ કરશો. એજ અમારી પ્રાર્થના છે.

૭૭–જે બંદુકમાં ગોળી ન હોય તે બંદુકના
ધડાકાથી કાંઈ ધારેલું નિશાન પાડી શકાય
નહિ, તેમજ જે ભક્તના હૃદયમાં પ્રભુ
પ્રેમ ન હોય તેનાં વચનોથી કાંઇમોટાં
કામો થઇ શકે નહિં, કારણ કે પ્રભુ-
પ્રેમ એ ગોળી છે, તે જેનામાં હોય
તે પોતાની વાણીના બળથી ફતેહ
મેળવી જાય છે.

કેટલાક ઉપદેશકો, કેટલાક ધર્મગુરૂઓ, કેટલાક કથા કરનારાઓ તથા કેટલાક વક્તાઓ એવી અચોટ અસર કરનારા હોય છે કે તેઓ બહુ સહેલાઇથી લોકોને ફેરવી શકે છે, અને કેટલાકો એવા હોય છે કે દરરોજ માથાકુટ કર્યા કરે છે તેમ છતાં કાંઈ પણ અસર કરી શકતા નથી. આનું કારણ શું? તે જાણવાની ઘણા માણસોને ઇચ્છા થાય એ સ્વભાવિક છે. માટે તેનો ખુલાસો જાણી લેવો જોઈએ. તે માટે વિદ્વાનો કહે છે કે,—

જેનાં હૃદય ભીંજાયલાં હોય તેની વાણી લોકોપર અસર કરી શકે છે. જેને આત્માના હુકમો સમજાતા હોય ને તે યોગ્ય શબ્દોમાં કહેતાં આવડતા હોય તેની વાણી લોકો ઉપર અસર કરી શકે છે. જેના અંતરમાં ઇશ્વરની પ્રેરણાઓ થતી હોય અને એ પ્રેરણા પ્રમાણે વાતો કરતા હોય તેની વાણી અસર કરી શકે છે. જે પોતે પવિત્ર થયેલ હોય તેની વાણી અસર કરી શકે છે. જેના હૃદયમાંથી સ્નેહનો ઝરો વહેતો હોય તેની વાણી અસર કરી શકે છે. લોકોનું કલ્યાણ ઇચ્છવાની ભાવનાઓને જેણે મજબુત બનાવી હોય તેની વાણી અસર કરી શકે છે. જેણે મહાત્માઓના ચરણ સેવ્યા હોય તેની વાણી અસર કરી શકે છે. જેની બુદ્ધિમાં કોઇક ખાસ અલૌકિક ચમ-

કારો હોય તેની વાણી અસર કરી શકે છે. જેણે કુદરતના ગુપ્ત ભેદો સમજવા મહાન યત્ન કરેલા હોય ને તેમાંથી કાંઈક નવો નિયમ શોધી કાઢયો હોય તેની વાણી અસર કરી શકે છે. બીજા સામાન્ય લોકો જેટલું જોઈ શકે છે તે કરતાં ઘણું વધારે આગળનું કે પાછળનું જોવાની જેનામાં શક્તિ હોય અને એ શક્તિને જેણે સારી રીતે ખીલવી હોય તેની વાણી અસર કરી શકે છે. લોકો જેટલું જાણતા હોય તે કરતાં તેઓને એક નવું પગથીયું બતાવે અને એ પગથીએ ચડવાની સહેલી યુક્તિઓ બતાવે તેની વાણી અસર કરી શકે છે. જેણે જનસ્વભાવનો અભ્યાસ કરેલો હોય અને એ અભ્યાસના બળથી લોકોની સ્થિતિ, રીતિ, તથા રહેણી કરણી બરોબર રીતે જાણતા હોય અને તે પાછું યોગ્ય શબ્દોમાં ને સહેલી ભાષામાં કહી બતાવતાં આવડતું હોય તેની વાણી લોકોને અસર કરી શકે છે. જેણે પોતાના અનુભવમાંથી તથા બીજાઓના અનુભવમાંથી ઊંચા તત્વો જુદા તારવી કાઢયાં હોય ને એ તત્વો બીજાઓને સમજાવતાં આવડતું હોય તેની વાણી અસર કરી શકે છે. જેને પોતાના અંતરમાં ઊંડું ઉતરતાં આવડતું હોય તેની વાણી અસર કરી શકે છે. જેણે શબ્દોના બળનો અભ્યાસ કરેલો હોય અને જેને પ્રસંગ જોઈને શબ્દનું બાણ ફેંકતાં આવડતું હોય તેની વાણી અસર કરી શકે છે. જેણે પોતાની ઈંદ્રિયોને કબજામાં રાખી હોય તથા પોતાના મનને વશ રાખેલું હોય તેની વાણી અસર કરી શકે છે. જેણે સત્ય ધર્મમાં પોતાની જીંદગી ગાળી હોય અને જેને ધર્મનું તત્વ સમજાઈ ગયું હોય તેની વાણી અસર કરી શકે છે. જે વખતની કિંમત સમજતા હોય અને જે ભગીરથ પુરૂષાર્થ કરતા હોય તેની વાણી અસર કરી શકે છે. ધનનું બળ, સત્તાનું બળ ને શરીરનું બળ તથા બુદ્ધિનું બળ અગર એવાંજ બીજાં કોઈ મહાન બળ જેનામાં હોય અને એ રીતે બીજાઓના કરતાં જેનામાં ઈશ્વરનું ઐશ્વર્ય વધારે હોય તેની વાણી અસર કરી શકે છે. જે નિર્ભયતાથી ખરેખરાં ગ્રંથો સ્પષ્ટ રીતે કહી શકતા હોય તેની વાણી અસર કરી શકે છે, અને જે પ્રભુમાં તલ્લીન થયેલા હોય, જેણે પોતાનું જીવન પ્રભુને અર્પણ કરેલું હોય અને જે પ્રભુનો મહિમા સમજીને

તેની સાથે એકના અનુભવતા હોય તે મહાત્માની વાણી લોકો ઉપર અસર કરી શકે છે. કારણકે આ બધા સજ્જનો જે કાંઈ કરે છે તેનો મોટો ભાગ લોકોનો ગમી હ્રદય લેવો હોય છે. તેમાં ઘણુંએ નવું નવું શીખવા સમજવાનું હોય છે તેમાં ઘણી સ્રે ઉપયોગી કુંચીઓ બતાવેલી હોય છે અને તે વાતો તેમના હૃદયના ઊંડાણમાંથી તથા જોરથી નીકળેલી હોય છે. એટલે એ વાણીમાં તેઓની કાર્યસાધકતાનું કાંઈક બળ પણ રહેલું હોય છે. તેથી એવા લોકો બહુ સહેલાઈથી લોકોની ઉપર અસર કરી દેય છે. કારણ કે તેઓની વાણીરૂપી બંદુકમાં આંવી બનની ગોળીઓ ભરેલી હોય છે, તેથી તેઓ ધારેલું નિશાન પાડી શકે છે. એટલે કે પોતાની વાણીના બળથી પોતાની ઇચ્છા પ્રમાણે લોકોની ઉપર અસર કરી શકે છે, અને તેમને જેમના ફેરવવા હોય તેમના ફેરવી શકે છે.

હવે જે લોકોની વાણી બીજા લોકો ઉપર અસર કરી શકતી નથી તેવા લોકો કેવા હોય તે સાંભળો. એવા બંદુકમાં ગોળી વિનાના માણસોની વાણી કેવી હોય છે તે પણ જરાક જાણી લો, એટલે તમારી બંદુકમાં તમોને ગોળી નાખતાં આવડે, તથા ગોળી વિનાના ધડાકા કરનારી બંદુકો કઈ છે? અને ગોળીવાળી બંદુકો કઇ છે? તે સમજી શકો માટે હવે બીજી બાજુ પણ જોવાની તસદી લેવા મહેરબાની કરો.

જેને પોતાની જીંદગીમાં કોઈ પણ જાતનો નવો રંગ ન આવેલો હોય કે ખાસ મીઠાશ ન આવેલી હોય તેની વાણી અસર કરી શકતી નથી. જેની બુદ્ધિનો વિકાસ થએલો ન હોય તેની વાણી અસર કરી શકતી નથી. જે ગાડરીયા પ્રવાહમાં પડયા રહ્યા હોય તેની વાણી અસર કરી શકતી નથી. જે બાપના કુવામાં બુડી મરનારા હોય તેની વાણી અસર કરી શકતી નથી. જે બીજાનું ગાએલું ગાઈ બતાવતા હોય ને બીજાનું કરેલું કરી બતાવતા હોય પણ જેના પોતામાં એ માંહેનું કાંઇ પણ ન હોય તેની વાણી અસર કરી શકતી નથી. જે વહેવારની ઉપાધિમાંજ પડયા રહેલા

હોય અને તેમાંજ સર્વસ્વ માનતા હોય તેની વાણી અસર કરી શકતી નથી. જેણે સંસારના સારા માઠા ઘણા અનુભવો ન લીધા હોય ને માત્ર ચોપડીઓ વાંચીનેજ વાતો કરતા હોય તેની વાણી અસર કરી શકતી નથી. જેના હૃદયમાં બળ ન હોય, શ્રદ્ધા ન હોય, પ્રેમ ન હોય અને ડહાપણ ન હોય તેની વાણી અસર કરી શકતી નથી. જેનામાં અતિશય સ્વાર્થ હોય અને સ્વાર્થને ખાતરજ બધાં કામો કરતા હોય તેની વાણી અસર કરી શકતી નથી. જે હાએ હા કરતા હોય ને સૌની ખુશામત કરતા હોય, તેની વાણી અસર કરી શકતી નથી. જેણે પોતાના જીવનમાં કોઈ પણ ગુહ્ય તત્વો ઉતારેલાં ન હોય તેની વાણી અસર કરી શકતી નથી. જે પોતે બોલ્યા પ્રમાણે પાળી શકતા ન હોય તેની વાણી અસર કરી શકતી નથી જે પઢાવેલા પોપટ જેવા હોય અથવા ફોનોગ્રાફની નળીઓ જેવા હોય તેઓની વાણી અસર કરી શકતી નથી. જેઓ સમજણ વિના તથા દેશ કાળ જોયા વિના રૂઢીની ધરડ પ્રમાણે વાતો કર્યા કરતા હોય તેની વાણી અસર કરી શકતી નથી. જેનામાં ધર્મનું બળ ન હોય, જેના આચરણોમાં પવિત્રતા ન હોય, જેના હેતુઓમાં ઉચ્ચતા ન હોય અને લોકોને દોરવાની જેનામાં શક્તિ ન હોય તેવા માણસોની વાણી લોકો ઉપર અસર કરી શકતી નથી. અને જેનામાં પ્રભુપ્રેમ ન હોય, જેના પ્રભુ પોતાના અંતરમાં ન હોય પણ વિષ્ણુલોકના, ગોલોકમાં, બ્રહ્મ લોકમા અગર ધામમાં છે એવા અનુમાનના બેઠા હોય તેની વાણી અસર કરી શકતી નથી. ટુંકામાં એજ કે જેઓ ઉપરછલી બાબતોમાં રહી ગયા હોય અને પક્ષપાતમાં પડયા રહ્યા હોય તેની વાણી અસર કરી શકતી નથી તેઓના ઘણાક એવી સ્થિતિની અંદર જતા હોય છે. માટે એમ ન રહી જવાય એ મુંઝવણમાંથી અને વમળોના બળથી બહાર કામ પાર પડી શકવા તેવા શક્તિવાન થવાની કોશિશ કરજો એ એ માટે મંડયા રહેજો તો સર્વશક્તિમાન મહાન પરમાત્મા તમારા મદદગાર થશે, એટલે તેની તમે બનુંએ મેળવી શકશો. માટે એની મદદ લઈને

વાણીનું બળ વધે તેમ કરો, વાણીની શક્તિ વધે તેમ કરો, અને વાણીના બળથી લોકોની ઉપર ચમત્કારિક અસર થાય તેમ કરો.

૭૮–ગુરૂની મદદ વિના આગળ વધી શકાતું નથી માટે ગુરૂ તો જોઇએજ, ત્યારે હવે એ જોવાનું રહ્યું કે કયા ગુરૂને પસંદ કરવા ? તેનો ખુલાસો.

બંધુઓ ! આગળ વધવા માટે આપણને પોતાના સદ્‌ગુરૂનો લાભ આપે તેવા સદ્‌ગુરૂની જરૂર છે. કારણ કે ગુરૂ શબ્દનો અર્થ શ્રેષ્ઠ એવો થાય છે. ગુરૂ શબ્દનો અર્થ અંધારામાંથી ઉદ્ધારનાર એવો થાય છે. અને ગુરૂ એટલે કાંઇક અદ્‌ભુત ખજાનાની ચાવી સોંપી દેનાર એમ લોકો સમજે છે. અને એમાં કાંઇ ખોટું પણ નથી. જેઓ ખરેખરા ગુરૂઓ હોય છે તેઓ એવાજ હોય છે. અને એવા ગુરૂની મદદ લેવાથી બહુ જલદીથી આગળ વધી શકાય છે, એમાં કાંઈ પણ શક નથી. કારણકે તેઓ જે બાબતના ગુરૂ હોય તે બાબતમાં તેઓ બહુ પ્રવીણ હોય છે. અને આપણા કરતાં એ બાબતમાં તેઓ બહુ આગળ વધેલા હોય છે, માટે તેઓની સલાહ આપણને બહુ ઉપયોગી થઇ પડે છે અને તેઓના અનુભવનો લાભ આપણને મળી જાય છે. તેથી બહુ સહેલાઇથી આપણે આગળ વધી શકીએ છીએ માટે ગુરૂની જરૂર છે જગતનાં નાનાં નાનાં વહેવારી કામો શીખવા માટે પણ તે ખાતાંના અનુભવી માસ્તરોની જરૂર પડે છે. જેમકે ચિત્રકામ શીખવા માટે કોઇ સારા ચિતારા પાસે રહેવું પડે છે સુતાર કામ શીખવા માટે કોઈ હોશિયાર મીસ્ત્રી પાસે રહેવુ પડે છે ઘર બાંધવાની કળા શીખવા માટે કોઇ સારા ઇજનેરના હાથ નીચે કામ કરવુ પડે છે દરજીનું કામ શીખવા માટે કોઇ હોશિયાર દરજીની મદદ લેવી પડે છે. ગુંથવા ભરવાનું કામ શીખવા માટે તે કામ જાણનારની મદદ લેવી પડે છે. અને વેપાર શીખવા માટે કોઈ હોંશિયાર વેપારીના હાથ નીચે રહી

તેના અનુભવનો લાભ લેવો પડે છે. આવી રીતે વહેવારની મોટી મોટી બાબતોમાં પણ અનુભવી માણસોની મદદની જરૂર પડે છે, ત્યારે આધ્યાત્મિક પરના જ્ઞાન માટે મહાન ગુરૂની મદદની જરૂર પડે તેમાં કાંઈ નવાઈ નથી.

આ બધી વાતો ઉપરથી આપણને એમ તો લાગી જાય છે કે, એ ધર્મના રસ્તામાં આગળ વધવું હોય ને પ્રભુને પ્રાપ્ત કરવો હોય તો સદગુરૂની મદદની જરૂર છે, માટે હવે [illegible] કારણકે ગુરૂ [illegible] ગુરૂ થઈ બેઠેલા છે [illegible] છે, [illegible] છે [illegible] [illegible]

આપણે સદ્ગુરૂની ઓળખાણ કરી લેવી જોઇએ, સદ્ગુરૂ કેવા હોય તે સમજી લેવું જોઈએ, અને જે ખરેખરા લાયક હોય તેઓનેજ ગુરૂ તરીકેનું માન આપવું જોઇએ.

ગુરૂઓ અનેક છે, અને તેમાં સાચા ખોટા સેળભેળ થઇ ગયેલા છે. માટે કયા ગુરૂ સાચા છે ને કયા ગુરૂ કાચા છે તેનો ખુલાસો જાણવો જોઇએ. તે માટે જ્ઞાની જાતો કહે છે કે, જે પોતે તરી ગયેલા હોય તે બીજાઓને તારી શકે છે. જેનાં પોતાનાં બંધન છુટી ગયેલાં હોય તે બીજાઓનાં બંધન તોડી શકે છે. જે પોતે વસ્તુ સમજી ગયેલા હોય તે બીજાઓને વસ્તુ સમજાવી શકે છે. જે પોતે જીતેલા હોય તે બીજાઓને ફતેહની કુંચી આપી શકે છે અને જે પોતે બચેલા હોય તે બીજાઓને બચાવી શકે છે. પણ એને બદલે જે પોતેજ મોટી ખાડમાં પડેલા હોય તે બીજાઓને ખાડમાંથી કયાંથી બહાર કહાડી શકે ? જે પોતેજ વિકારોના ગુલામ હોય તે બીજાઓના વિકાર કેવી રીતે મુકાવી શકે ? જે પોતે લોભીદાસ હોય ને કાંઇ કાંઇ બાનાંઓ તથા લફરાંઓ ઉભાં કરી લોકો પાસેથી પૈસા ઓકાવતા હોય તેઓ બીજાઓને ત્યાગ કે નિસ્પૃહીપણું કયાંથી શીખવી શકે ? જે પોતે બીજાઓને અદેખાઈ થાય તેવા વૈભવો ભોગવતા હોય અને એ વૈભવો વધારવાનાં ફાંફાં મારતા હોય તેઓ બીજાઓને મોહ ઓછો રાખવાનું કેવી રીતે સમજાવી શકે ? અને જે પોતેજ ધર્મની કાંઇ પણ ખુબીઓ સમજતા નહોય તે બીજાઓને કયાંથી સમજાવી શકે ? ન જ સમજાવી શકે. અને તેમ છતાં હાલના વખતમાં વધુ ભાગે આવાજ માણસો ગુરૂ થઇ બેઠેલા છે, પરંતુ તેમાં પણ હિંદુસ્થાનમાં તો એ બાબતમાં બહુ અંધેર ચાલે છે. માટે એવા અંધેરમાં ન પડયા રહેતાં આપણે સદ્ગુરૂની શોધ કરવી જોઇએ, અને સદ્ગુરૂ કેવા હોય તે સમજી લેવું જોઈએ.

સદ્ગુરૂ કેવા હોય તે સમજાવવા માટે એક ભક્ત મહારાજ સત્સંગ મંડળીમાં કહેતા કે, જે સદ્ગુરૂ હોય તેણે બખ્તર પહેરી લીધેલું હોય છે, તેથી તેને કોઈ પણ જાતના હથીયારના ઘા વાગતા નથી, કે કોઇ પણ જાતનાં સુખદુઃખની

તેવા બખ્તરવાળાઓનાંજ બખ્તર આપણે ખરીદ કરવાં જોઈએ. અને જે માત્ર મોઢેથી એમ કહે કે, અમારાં બખ્તર બહુ સારાં છે, પણ જ્યારે પરીક્ષાનો વખત આવે ત્યારે પરીક્ષા આપી શકે નહિ, કે ખાતરી આપે નહિ તેઓનાં બખ્તરને આધારે કાંઇ રહેવાય નહિ. કારણ કે આપણી જીંદગીમાં દૈવી ને આસુરી સંપત્તિનું યુદ્ધ તો હમેશાં ચાલ્યાજ કરે છે. તેમાંથી બચવા માટે આપણને મજબુત બખ્તરની જરૂર છે. અને તે બખ્તર આપનાર ગુરૂ છે. માટે જે પોતે પોતાનું બખ્તર પહેરીને તે ઉપર બીજાઓને હથિયારો મારવા દે અને તેમ છતાં તેને કાંઇ પણ ઇજા ન થાય ત્યારેજ તે ખરૂં બખ્તર કહેવાય. તેમજ જે ગુરૂઓએ એવાં બખ્તર પહેરી લીધાં હોય કે જેને કામ, ક્રોધ, લોભ, મોહ, વગેરે દુશ્મનો નડી શકે નહિ ને તેઓના ઘા તેમને વાગી શકે નહિ તેવા ગુરૂઓનોજ ઉપદેશ લેવો કામનો છે. પણ જેને પોતાનાં બખ્તરો કામ લાગતાં નથી, જેને પોતાનાં બખ્તરો ઉપર વિશ્વાસ નથી, અને જે પોતાનાં બખ્તરોની ખાતરી આપી શકતા નથી, તેનાં બખ્તર તે કોણ લેય? એટલે કે તેનો ઉપદેશ તે કોણ સાંભળે? અને તેના કહેવા પ્રમાણે તે કોણ ચાલે? માટે સદ્‌ગુરૂની પરીક્ષા કરવાની કુંચી એ છે કે, જેના બખ્તરમાં ગોળી વાગી શકે નહિ અને જે પોતે એવું બખ્તર પહેરીને તે ઉપર ગોળી વ્હાર કરાવવા તૈયાર થાય તેનું બખ્તર સાચું સમજવું, અને તેનું બખ્તર આપણને મળે તેમ કરવું, એ આપણી ફરજ છે. માટે એવા બખ્તરવાળા ગુરૂ મેળવો. એવા બખ્તરવાળા ગુરૂ મેળવો.



૭૯–ગામડાના જે ખેડુતો બહુ ડાહ્યા હોય તે આસ-
પાસનાં ઘણાં ગામડાંઓના રસ્તાઓ જાણે છે
પણ તે દરિયાના રસ્તાઓ કયાંથી જાણે ?
તેમજ જે માણસો વહેવારચતુર હોય છે
તે દુનિયાદારીના રસ્તાઓ બતાવે, પણ
પ્રભુના રસ્તાઓ કયાંથી બતાવે ? એ
રસ્તા તો સંતજ બતાવી શકે. માટે
જો એ રસ્તા જાણવા હોય તો
સંતને શરણે જાઓ.

દુનિયાના દરેક ધર્મમાં સંતોનાં બહુ વખાણ કરેલાં છે, એટલુંજ નહિ પણ શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને પણ કહેલું છે કે બધી જાતના ભક્તો બહુ ઉદાર છે મને બહુ વહાલા છે, પણ તેમાં જ્ઞાની તો મારો આત્માજ છે. માટે ચોખ્ખી રીતે બહુ ભાર મૂકીને પ્રભુએ ગીતામાં હુકમ કરેલો છે કે, "જ્ઞાન મેળવવા સારૂ જ્ઞાનીઓને શરણે જાઓ ! અને તેની સેવા કરો, આવી રીતે પ્રભુનો હુકમ હોવાથી જે જે હરિજનો હોય છે તે તે. સંતોની ઉપર પ્રેમ રાખે છે, અને તેઓનો દાખડો જોઈને દુનિયાના બીજા વહેવારિક લોકો પણ સંતોની ઉપર પ્રેમ રાખે છે, પણ તેમ છતાં ઘણી વખત ઘણે ઠેકાણે એ બાબતમાં કેટલીક ભૂલ થાય છે, અને તે એ કે, કે. તો જેને પોતે સંત સમજતા હોય તેના દેહની અતિશય ખુશામત કરે છે. અને તે એટલી બધી કે જેની કાંઈ હદજ નહિ અને કાતો એમ બને છે કે ઘણાએ ઢોંગી સાધુઓ, ઢોંગી ધર્મ ગુરૂઓ, તથા ઢોંગી ભક્તો હોય, તેઓને લીધે સારા સારા સંતોને પણ એજ હારમાં ગણી કાઢે છે, તેથી મદદ કરવા યોગ્ય ને લાયકીવાળા પ્રભુપ્રેમી સંતોની તરફ પણ બેદરકારી રાખવામાં આવે છે, એમ ન થાય માટે સંતો કેવા હોય તથા સંતોને આપણે શામાટે માન આપવું જોઈએ; તે આપણે જાણવું જોઈએ, અને તેઓની સાથે

આપણે કેવી રીતે વરતવું જોઈએ, એ હકીકત પણ શીખી
રીતે જાણી લેવી જોઈએ.

સંતો કેવા હોય તે સંબંધમાં શાસ્ત્રો કહે છે કે, જે
સંત હોય તે શાંતિવાળા હોય છે. જે સંત હોય તે ઠરેલી બુદ્ધિ-
વાળા હોય છે. જે સંત હોય તે વિકાર વિનાના હોય છે. જે
જે સંત હોય તે ભય વિનાના હોય છે. જે સંત હોય તે
સૌ જીવોનું કલ્યાણ ઈચ્છનારા હોય છે. જે સંત હોય તે સમ
દૃષ્ટિવાળા હોય છે. જે સંત હોય તે પવિત્ર આચરણવાળા
હોય છે. જે સંત હોય તે સંશય વિનાના હોય છે, જે સંત
હોય તેણે પોતાના ખાનગી સ્વાર્થોને બાળી નાખેલા હોય છે.
જે સંત હોય તે સુખદુઃખમાં સરખી વૃત્તિ રાખી શકે છે. જે
સંત હોય તે ટુંકામાં પોતાનો નિર્વાહ કરી શકે છે. જે સંત હોય
તે મિતાહારી હોય છે. જે સંત હોય તે બીજા સંતોની કિંમત
સમજનારા હોય છે. જે સંત હોય તે અજ્ઞાન લોકોની ઉપર
બહુજ કરૂણા રાખનારા હોય છે. જે સંત હોય તે જગતની
વસ્તુઓ કેટલી હદ સુધી કામની છે તે બાબત સમજી ગયેલા
હોય છે. જે સંત હોય તે પ્રભુના નિયમ પ્રમાણે વરતી શકે
છે જે સંત હોય તેના અંતરના ખુલાસા થઈ ગયેલા હોય
છે જે સંત હોય તેનો અહંકાર ગળી ગયેલો હોય છે જે
સંત હોય તેનામાં અતિશય ઉદારતા આવી ગયેલી હોય છે,
જે સંત હોય તેના મ્હોંના ઉપર એક જાતનું કુદરતી તેજ
હોય છે જે સંત હોય તેની વાણીમાં મીઠાશ હોય છે. તથા
[illegible]પણું હોય છે જે સંત હોય તેની [illegible]
અંતરમાં હોય છે જે સંત હોય તેના [illegible] ને આત્મા
[illegible] એકતા હોય [illegible] હોય તેનામાં [illegible] જગતના
[illegible] અને
[illegible] હોય તેમાં [illegible] હોય છે [illegible]
[illegible] હોય છે [illegible]
[illegible] હોય છે તેઓના [illegible] હોય છે
અને પ્રભુના [illegible] તેઓને [illegible] હોય છે [illegible] આચરણો
જેનામાં હોય આવી [illegible] જેનામાં હોય, અને આવા સદ્

ગુણો જેનામાં હોય, તે સંત કહેવાય છે. પછી તે ગમે તે દેશમાં હોય, ગમે તે કાળમાં હોય, ગમે તે જાતના હોય, ગમે તે ભાષા બોલતા હોય, અને ગમે તે ધર્મ પાળતા હોય, પણ જેનામાં આવાં લક્ષણ હોય તે સંત કહેવાય છે. અને અમે જે સંતની વાત કરીએ છીએ તે મુંડ મુંડાવેલાઓની નહિ, જટા રખાવેલાઓની નહિ, ભગવાં કપડાંવાળાઓની નહિ, વંશપરંપરાના ધર્મગુરૂઓની નહિ, પોતે પોતાની મેળે ગુરૂ બની ગયેલાની નહિ, અને બહારના આડંબરવાળાની નહિ, પરંતુ જે ઉપર જણાવ્યા તેવા સંતો હોય તેમની વાતો કરીએ છીએ, અને તેમને શરણે જવાનું કહીએ છીએ.

સંત કેવા હોય તે જાણ્યા પછી હવે આપણે એ જાણવું જોઈએ કે, આપણે શામાટે સંતને માન આપવું જોઈએ ? કે શામાટે તેને શરણે જવું જોઇએ ? એના જવાબમાં આગળ વધેલા ભક્તો તથા શાસ્ત્રો કહે છે કે, આપણે મોક્ષ મેળવવા સારૂ જે માર્ગે જવું છે તે માર્ગની હમણાં આપણને ખબર નથી. અનંતકાળનાં સુખો ભોગવવા માટે આપણને જે રસ્તામાં ચાલવું જોઈએ તે રસ્તાની આપણને ખબર નથી ધર્મના જે માર્ગમાં ચાલવું જોઇએ તે માર્ગની આપણને ખબર નથી. નીતિના જે માર્ગમાં ચાલવું જોઇએ તે માર્ગ આપણે જાણતા નથી. અને આપણા અંતઃકરણને સંતોષ થાય તેવો માર્ગ હજી સુધી આપણને મળેલો નથી, પણ એવો માર્ગ સંતોને મળેલો હોય છે, અને એ માર્ગ તેઓ આપણને બતાવવા તૈયાર છે, માટે તેઓ નમવા યોગ્ય છે. માન આપવા યોગ્ય છે, અને શરણે જવા યોગ્ય છે. કેમકે ગામડાના ખેડુતો ગમે તેટલા ચતુર હોય તોપણ તે કાંઇ સમુદ્રના રસ્તા બતાવી શકે નહિ. એ રસ્તા તો દરિયો ખેડનારા વહાણવટીઓજ જાણે. તેમજ વહેવાર ચતુર માણસો આપણને સંસારના અનેક રસ્તાઓ દેખાડી શકે, જેમકે શેર બજારની ગલી કુંચીઓ સમજાવી શકે, વહાણની દલાલી કેમ કરવી તે વાત સમજાવી શકે, રૂનો વેપાર કેમ કરવો એ વાત સમજાવી શકે, અફીણનો

ઝરો કેમ થાય છે એ વાત કહી શકે, કાગળનાં કારખાનાં કાઢવાથી કેટલો બધો ફાયદો થાય તે કહી શકે, રબરની ખેતી કરવાથી કેટલો બધો નફો થાય તે વાત કહી શકે, રંગનાં કારખાનાં કાઢવાથી કેટલો બધો ફાયદો થાય તે કહી શકે, જુદી જુદી જાતના તેલભ બનાવવાથી હુનર કળાના કામમાં કેટલો બધો ફાયદો થાય તે સમજાવી શકે, દેશી તથા પરદેશી દવા બનાવવાનાં કારખાનાં કાઢવાથી કેટલો બધો નફો રહે તે સમજાવી શકે, કળવાળાં રમકડાંઓ બનાવવાથી તેમાં કેટલો બધો નફો રહી શકે એ બતાવી શકે, કાચનાં કારખાનાં કાઢવાથી કેટલો બધો ફાયદો થાય તે સમજાવી શકે, સીમેંટ બનાવવાથી કેટલો બધો ફાયદો થાય તે કહી શકે, પાણીના ઝરાઓનો ઉપયોગ કરવાથી તેમાંથી કેટલું બધું બળ મેળવી શકાય તે સમજાવી શકે, ઓછો વરસાદ થાય ત્યારે પાણીની તાણ ન પડે માટે જથાબંધ પાણીને કેમ સાચવી રાખવું તેના ઉપાયો બતાવી શકે. છોકરાંના વરવેશવાળ કરવાં હોય તો કઈ કન્યા સારી છે અથવા કયો વર સારો છે તે બાબતની સૂચના કરી શકે નોકરી ચાકરી જોઈતી હોય તો એ માટે લાગ મળે ત્યારે કાંઈક કરી શકે, અને કોઈ સાથે કાંઈ વાંધો પડયો હોય તો વચ્ચે પડીને તેનું સમાધાન કરાવી શકે, આવી રીતે વહેવારી માણસો વહેવારની ઘણી લાઈનમાં ઉપયોગી થઈ શકે, પણ ઈશ્વરી જ્ઞાન મેળવવાની બાબતમાં તેઓ કાંઈ ખરી મદદ આપી શકે નહિ. કારણકે તેઓએ પોતેજ એ રસ્તો દીઠેલો નથી, એટલે તેઓ આપણને કયાંથી દેખાડી શકે? એ રસ્તે તો માત્ર સંતજ મદદ કરી શકે, કારણકે તેઓએ વારંવાર એ રસ્તો જોએલો હોય છે. અને તેની ખુબી તથા મુશ્કેલીઓ સમજતા હોય છે, એટલે તે આપણને બહુ સહેલાઈથી બતાવી શકે છે. તેઓ એ રસ્તાના ભોમીયા હોય છે એટલુંજ નહિ, પણ બીજાઓને તે રસ્તો દેખાડવાથી તેઓને બહુ આનંદ થાય છે. એ સિવાય તેઓ બીજાઓને એ રસ્તો દેખાડે તે માટે પ્રભુ તરફથી પણ તેઓને મોટાં મોટાં ઇનામ મળે છે. તેથી જેમ દિલ્હી, આગ્રા વગેરે શહેરોમાં



સારાં સારાં વાહનો પુરાં પાડવાં, અને તેમના કપાળમાં તિલક કરી તેમની આરતી ઉતારવી તેમાંજ આપણે રાજી થઇ જઇએ છીએ, અને એમ માનીએ છીએ કે, એથી તેઓ પણ રાજી થાય છે. પણ એમ સમજવું એ ભૂલભરેલું છે. કારણ કે એવી બહારની વસ્તુઓથી સંતો રાજી થતા નથી, પણ જ્યારે આપણે તેઓનો ઉપદેશ આપણા હૃદયમાં ઉતારીએ ત્યારે તેઓ રાજી થાય છે. તેઓના ઉપદેશ પ્રમાણે વરતીએ ત્યારે તેઓ રાજી થાય છે. તેઓ પોતે જેવી રહેણી કરણીથી રહેતા હોય તેવી રહેણી કરણીથી રહેતાં આપણે શીખીએ ત્યારે તેઓ રાજી થાય છે. તેઓમાં જેવું ભગવાન ઉપર હેત હોય તેવું હેત જ્યારે આપણા હૃદયમાં આવે ત્યારે તેઓ રાજી થાય છે. તેઓના અંતરમાં સૌ જીવોના ભલા માટે જેટલી કાળજી હોય તેટલી કાળજી આપણા અંતરમાં આવે ત્યારે તેઓ રાજી થાય છે. તેઓ સૌને અર્થે જેટલો પુરૂષાર્થ કરે છે તેટલો પુરૂષાર્થ કરતાં આપણને આવડે ત્યારે તેઓ રાજી થાય છે. તેઓ ધર્મની બાબતમાં જેટલા ઊંડા ઉતરેલા હોય છે તેટલા ઊંડા જ્યારે આપણે ઉતરીએ ત્યારે તેઓ રાજી થાય છે. અને તેઓમાં જેટલી પવિત્રતા હોય છે તેટલી પવિત્રતા આપણામાં આવે ત્યારે તેઓ રાજી થાય છે, એટલુંજ નહિ પણ તેઓમાં જેટલી દયા છે, ક્ષમા છે, ઇન્દ્રિય-નિગ્રહ છે, આત્મબળ છે, અભેદભાવ છે અને સત્ય જ્ઞાન છે, તે બધું જ્યારે આપણામાં આવે ત્યારે તેઓ રાજી થાય છે એટલુંજ નહિ પણ જ્યારે પ્રભુના પોતાના મહાન ગુણો અને તેનું ઐશ્વર્ય આપણામાં આવે ત્યારેજ તેઓ ખરેખરા રાજી થાય છે મતલબ કે, પ્રથમ તેઓ આપણને સંત જોવા ઇચ્છે છે, અને પછી તેઓ આપણને પ્રભુ સાથે તન્મય થયેલા અને ભગવદ્રૂપ બનેલા જોવા ઇચ્છે છે તેઓ કાંઇ આપણને તેઓના દેહની સેવામાજ પડયા રહેલા જોવા ઇચ્છતા નથી, માટે આજથી સમજી લેજો કે, જેઓ માત્ર શરીરની સેવામાંજ રાજી થઇ જાય તે સંતો હલકા પ્રકારના છે, અને જે

છે અને મોક્ષવાદી માણસોની ભાવનાઓ જુદી હોય છે. ભક્તોની રીતભાત જુદી હોય છે અને સંસારીઓની રીતભાત જુદી હોય છે. ભક્તોના આચાર વિચાર એકજ પ્રકારના હોય છે. અને સંસારીઓના આચાર વિચાર જુદા જુદા હોય છે. ભક્તોનાં અંતરનાં ચક્કરો જુદી રીતે ફરે છે અને સંસારી લોકોનાં અંતરનાં ચક્કરો જુદી રીતે ફરે છે આમ હોવાથીજ ભક્તોની કેટલીક બાબતો વાજબી હોય છતા પણ તે સાધારણ લોકોને ગમતી નથી. તેથી તેઓ ભક્તોની ભૂલો કાઢ્યા કરે છે. આવી રીતે હોવાથી ખરી રીતે સંતનાં ભક્તોમાં જે જાતની ભૂલો ન હોય તે જાતની ભૂલો પણ તેનામાં માની લેવામાં આવે છે ન રે એવી [illegible] માન્યતાઓ ન [illegible] જવાય એ [illegible]

ભક્તોમાં જે જાતની ભૂલો ન હોય તે જાતની ભૂલોના પણ તેમનામાં આરોપ થાય છે, એ વાત જાણ્યા પછી હવે બીજુ [illegible] પણ [illegible] ઘણી વખત કેટલાક ભક્તોમા [illegible] પણ [illegible]

[illegible]

દુર્ગુણોથી ચેપ લાગે નહિ. કારણ કે તેઓમાં બહુ મોટા દુર્ગુણો હતી શકે નહિ, અને જેનામાં બહુ મોટા દુર્ગુણો હોય તે જાતનાં ફેરવાયજ નહિ. એમ હોવાથી ઘણું કરીને કોઈ કોઈ જાતોમાં બીજા અંશાથી લોકોના પ્રમાણમાં બહુ નાની નાની ભૂલો હોય છે, અને તે ક્ષમા કરવા યોગ્ય છે, કારણ કે તેઓની નાની નાની ભૂલો પણ ઘણા વખત રહી શકતી નથી. માટે તેઓની નાની ભૂલો માફ કરીને તેઓના મોટા ગુણોનો લાભ લેવા ચૂકવો નહિ. કારણ કે જગત તે તો આમજ છે. તેની જાત સ્વાદીઓ કરતાં જુદીજ છે. તેની ખુબી હરિજનો, સમજી શકે છે, માટે તેઓની ભૂલને બાજુએ રાખી તેઓના સદ્ગુણોનો લાભ લો, તેઓના સદ્ગુણોનો લાભ લો.

૮૧—આપણામાં કઇ જાતનો મુખ્ય અવગુણ છે તે જાણવાની કુંચીઃ—ભજન કરવા બેસો ત્યારે અથવા બીજા કોઈ ઉંચા વિચારમાં ચિત્તને એકાગ્ર કરવા ઇચ્છો ત્યારે વારંવાર જે માઠા વિચારો એની મેળે મેળે આપણા મનમાં આવે તે જાતના મુખ્ય અવગુણ આપણામાં છે એમ જાણવું.

દરેક માણસમાં કોઈ ને કોઈ જાતના મુખ્ય અવગુણો હોય છે. એ અવગુણોને ડાહ્યા માણસો પકડી શકે છે. પણ જે સાધારણ નાનકી લોકો છે તેઓ બીજાઓની ભૂલો જોઈ શકે છે પણ પોતાની ભૂલો, પોતાના દોષો જોઈ શકતા નથી. તેથી તેઓની ખરાબી થાય છે. કારણ કે જ્યારે આપણે બીજાઓના દોષોનો બહુ વિચાર કર્યા કરીએ ત્યારે એ જાતના દોષ આપણામાં આવી જાય છે. એટલુંજ નહિ પણ આપણા પોતાના દોષ તો આપણે સમજી શકતા નથી, તેથી એ

છે એમ જાણવું. જેમ કે, એ વખતે જો આપણા મનમાં વારંવાર લોભના વિચારો આવે તો આપણામાં લોભ વધારે છે એમ સમજવું. જો એવે વખતે વિષયવાસનાના વિચારો વધારે આવે તો આપણામાં એ જાતની લાગણી વધારે છે એમ સમજવું. જો એવે વખતે આપણા મનમાં અદેખાઈના વિચારો વધારે આવે તો આપણામાં એ જાતનો દુર્ગુણ છે એમ જાણવું, જો એવે વખતે આપણા મનમાં ગુસ્સાના વિચારો વધારે આવે તો એમ જાણવું કે આપણામાં ક્રોધનું જોર વધારે છે, અને જો એ વખતે ઘરનાં નાનાં નાનાં કામકાજો તથા બાયડી છોકરાંઓના વિચારો વારંવાર આવે તો એમ સમજવું કે એવી બાબતોનો મોહ આપણામાં હજી વધારે છે. આ પ્રમાણે વિચાર કરીને જોવાથી ભજન વખતે વિકારોને પકડી શકાય છે. આપણી ભૂલો જાણી શકાય છે. અને કઈ જાતનું મુખ્ય પાપ આપણામાં રહેલું છે તે સમજી શકાય છે. કારણ કે જે જાતના વિચારો વારંવાર કરેલા હોય, જે જાતના વિચારો અંતઃકરણના ઉંડાણમાં ખુંચી ગયા હોય, જે જાતના વિચારોના અંતરમાં ચીલા પડી ગયા હોય, જે જાતના વિચારો સાથે મન રમ્યા કરતું હોય, અને જે જાતના વિચારો આપણી અંદર રચીપચી ગયા હોય તેજ જાતના વિચારો ધ્યાન વખતે આવી શકે છે. કારણ કે તે જોરાવર થઇ ગયેલા હોય છે, પણ બીજા વિચારો એવે વખતે બહુ આવતા નથી. કારણ કે તેઓમાં જોર હોતું નથી, અને આપણે આપણા મનને પણ એવે વખતે કાંઇક ખાસ દૃઢ બનાવેલું હોય છે, એટલે તેમાં બહારના ફાલતુ વિચારો એ વખતે દાખલ થઈ શકતા નથી. પણ જે વિચારો મગજમાં રમી રહેલા હોય તેજ વિચારો એવે વખતે વારંવાર આવી શકે છે. અને તેથી તેઓ પકડાઈ જાય છે, માટે જો દુર્ગુણોમાંથી છુટવું હોય તો ઇશ્વરના ધ્યાનમાં અથવા બીજા કોઇ પણ પ્રકારના ઉત્તમ વિચારોમાં મનને એકાગ્ર કરો. અને એ વખતે જે વિચારો વારંવાર આવે તે જાતના દુર્ગુણો તમારામાં છે, એમ સમજી તે દુર્ગુણોને દૂર કરવાની કોશિશ કરો. એટલે જલદીથી—

સંસારમાં ઘણો વખત એકની એક દશામાં રહી શકીએ તેમ નથી. કારણકે સંસાર પણ સરી જવાના સ્વભાવવાળો છે અને આપણું શરીર પણ સરી જવાના સ્વભાવવાળું છે, એટલે એકની એક દશામાં રહી શકાય તેમ નથી. એટલું જ નહિ પણ આપણા મનની અંદર અનેક જાતના વિકારો રૂપી દુશ્મનો ભરેલા છે, અને રોગ, ઘડપણ તથા જન્મ મરણ રૂપી મહાન યોદ્ધા આપણી પાછળ લાગેલા છે. માટે મહાત્માઓ કહે છે કે, આ જાગવાની જગ્યા છે તે ઠેકાણે સૂઈ ન જાઓ, અને નાસવાની જગ્યા છે તે ઠેકાણે વિસામો ન લો.

આ જાગવાની જગ્યા છે તે શામાટે? એ તમે જાણો છો? એનું કારણ એ છે કે, આ સંસાર પાર લેવા માટે છે. આ મનુષ્ય અવતાર તરવા માટે છે. આ ઉત્તમ દેહ આપણા બંધુઓની સેવા કરવા માટે છે આ અનેક જાતની અનુકૂળતાઓ આપણા આત્માને તેનું અસલ સ્વરૂપ સમજાવવા માટે છે. અને આ જગતની અનેક વસ્તુઓ આપણને મદદ કરવા માટે છે. આમ હોવાથી જે જાગેલા મહાત્માઓ હોય તેઓને એમ લાગે છે કે, આ જાગવાની જગ્યા છે. કારણકે આવી અનુકૂળતાઓ કાંઇ વારે વારે મળતી નથી. આવી અનુકૂળતાઓ કાંઈ દરેક જાતના જીવોને મળતી નથી, અને આવી અનુકૂળતાઓ મળે તે મહાભાગ્યની વાત છે. માટે એનો તો જેમ બને તેમ સારામાં સારી રીતે લાભ લેવો જોઇએ, તેને બદલે વહેવારી લોકો આવા જાગવાને ઠેકાણે સૂઇ જાય છે, એ જોઇને તેઓને દિલગીરી લાગે છે. માટે દયાને લીધે તેઓ ભલામણ કરે છે કે, ભાઈઓ! આ જાગવાની જગ્યાએ સૂઇ ન જાઓ. પણ આપણાં નસીબ ફુટેલાં છે તેથી આપણે તેઓની એ વાત માનતા નથી, ને સૂઇ રહીએ છીએ, તે તેની ખરાબીઓ ભોગવ્યા કરીએ છીએ. એમ ન થાય માટે હવે આપણે એ જાણવું જોઇએ કે, સૂઈ જવું એટલે શું? તેના જવાબમાં સંતો કહે છે કે,—

પોતાના કલ્યાણની બાબતમાં બેદરકારી રાખવી તેનું નામ સૂઈ જવું છે. સર્વ શક્તિમાન પરમાત્માના અખૂટ સમૃદ્ધિ ભરેલી છે છતાં એમાંથી કાંઈ લાભ

ફેરફાર થાય છે અને તે બધી વસ્તુઓ આગળ વધે છે ત્યારે આપણે પણ તેઓની સાથે સાથે આગળ વધવું જોઇએ. આપણાથી કોઇ ત્યાંનું ત્યાં પડ્યું રહેવાય નહિ. કારણકે, આ નાસવાની જગ્યા છે. એટલે કે અહીં આપણી સાથે અનેક જાતની જોખમદારીઓ રહેલી છે. મોહમાં ફસાઈ જવાય તેવી જાતની લાલચો રહેલી છે. સારા સંજોગો બદલાઇ જાય ને ખરાબ સંજોગો આવી પડે એવો ભય રહેલો છે, અને જો હાથમાં આવેલી તકને જવા દઇશો તો પાછો અનેક જન્મ સુધી આરો આવે નહિ તેવી મુશ્કેલીઓ રહેલી છે. તેથી આ જગ્યા તો નાસવા જેવી છે, એટલે કે એનીએ સ્થિતિમાં પડ્યું રહેવા જેવી આ જગ્યા નથી, પણ ઉદ્યમ કરીને તથા જ્ઞાન મેળવીને હમેશાં આગળ વધવા જેવી આ જગ્યા છે–કારણકે આ સંસારમાં આપણે કાંઈ હમેશાં રહેવાનું નથી, પણ અહીં તો આપણે થોડીવારના મુસાફર છીએ. આ સંસાર એ તો એક જાતની ધર્મશાળા છે. એ કાંઇ આપણા બાપનું ઘર નથી. બાપનું ઘર તો જ્યાં અનંત કાળનાં સુખો રહેલાં છે તે મોક્ષધામ છે, અને ત્યાં આપણે જવાનું છે, કાંઇ અહીં પડ્યું રહેવાનું નથી. માટે આ જગ્યાને મહાત્માઓ નાસવાની જગ્યા કહે છે. કારણકે જો નાસવાની ઉતાવળ ન કરીએ તો અનેક પ્રકારના ભય આપણી સામે ઉભેલાજ છે. માટે જેમ બને તેમ ઉતાવળ કરી જીંદગીની મુસાફરીમાં, ઉન્નતિના રસ્તામાં, પ્રભુના રસ્તામાં, જલદી જલદી આગળ વધવું જોઈએ, કારણકે મોક્ષધામ એ વિશ્રાંતિનું સ્થાન છે, કાંઈ સંસાર એ વિશ્રાંતિનું સ્થાન નથી, એ તો આગળ વધવાનું સ્થાન છે. માટે મહાત્માઓ કહે છે કે,—

ઓ ભાઇઓ! તમારી પાછળ રોગ, ઘડપણ, મોત ને જન્મ મરણનો ફેરો એ ચોરો લાગેલા છે, માટે આ જાગવાની જગ્યાએ સૂઇ ન જાઓ, અને આ નાસવાની જગ્યાએ વિસામો ન લો. જો એ બે બાબત સંભાળશો તો પરમકૃપાળુ પરમાત્મા તમારા મદદગાર થશે અને તમે સદ્‌માર્ગમાં જલદીથી આગળ વધી શકશો.

ને વાદીઓની રચના, કોઇથી આત્માઓમાં સંયુક્ત નવું અમ-
લું પડ્યું છે, એ યંત્રની મદદથી જાણીને, અહીંયાં કરેલી
શોધોનો ઉપયોગ કેવો છે, અને તેથી કઈ જાતની ત્રણ
કે કેટલું ઉપયોગ થયું છે તે નવી શોધ્યું છે, ત્યાં એ
કેટલા પ્રમાણમાં છે, એટલે કે જ્યારે તે કે ક્યારે છે
પણ નથી કહી શકાય છે, એ યંત્રની મદદથી આત્મિક
ની અનુભવો તથા તેની અંદરનાં તત્ત્વો. અને
પ્રગતિનાં ગુપ્તતત્ત્વ શાસ્ત્રીય રીતે બતાવેલ છે.
આવી રીતે દરેક જમાનામાં ચમત્કારિક યંત્ર નવું શોધાઈ
પડે છે. જ્યારે, આપણું આખું યંત્ર અદ્ભુત એવું કામ
કરી જાય ત્યારે એ આપણા પોતાના ચિત્તની એકાગ્રતા કેવી
ચમત્કારિક યંત્ર આપણને જમાનાની મદદે તો તેમાંથી કેટલું
મોટું કામ થઈ શકે ? તે કામના ચમત્કારિક યંત્ર કેવાં
તીવ્ર કેટલાં બધાં અનેક જાતનાં નવાં નવાં યંત્રો બની જાય?
તે જરા ખ્યાલ તો કરો ! કારણ કે આજ જાણીએ છે કે હાલમાં
દુનિયા આખી જે જે જાતનાં યંત્ર છે તે બધાં યંત્રો ચિ-
ત્તની એકાગ્રતાથી ચમત્કારિક યંત્રમાંથી બનેલાં છે. જેમ
કે ટેલિગ્રાફની શોધ ચિત્તની એકાગ્રતા સાધનામાંથી
સંભવી છે. ટેલિફોનની શોધ, ઈલેક્ટ્રિક લાઈટની
શોધ, વાયરલેસ ટેલીગ્રાફની શોધ, ટેલીવિઝનની શોધ, દૂર-
બીનની શોધ, રેડીયમની શોધ, જુદા જુદા હથિયાર
બનાવવાની શોધ, વિમાનની શોધ, પાણીને ઉંચકનાર વગેરે
ઉડાવવાની શોધ, અનેક જાતના દારૂગોળાની શોધ, ખાણખાણની
શોધ, ખાણોની શોધ, અનેક જાતનાં નવાં નવાં ધાતુઓના
શોધ, વેદ શાસ્ત્રની શોધ, અને એવી બીજી અનેક જાતના
ભંડારની શોધો તથા મનુષ્યમાં અંદર રહેલી મહાન શક્તિ
ઓની આધ્યાત્મિક શોધો ચિત્તની એકાગ્રતાથી થએલી છે
કારણ કે ચિત્તની એકાગ્રતા કરવી એ બહુજ મોટી વાત છે
એટલી બધી મોટી વાત છે કે, જેનો કોઈ પાર નથી કારણ
કે દુનિયાના દરેક શાસ્ત્રોનો એજ સિદ્ધાંત છે કે, જો અનંત
સુખનાં અખંડ સુખો મેળવવાં હોય તો ચિત્તની એકાગ્રતા
કરવી જોઈએ. જેમ શાસ્ત્રમાં કહેલું છે કે:

દથી શરીરની રચના સંબંધી બાબતોમાં ઘણુંએ નવું અજ-
વાળું પડયું છે, એ યંત્રની મદદથી પૃથ્વીના પડમાં રહેલી
વસ્તુઓનાં પૃથક્કરણ થયાં છે, અને તેથી કઇ જાતની ધાતુ
કયે ઠેકાણે હોવા સંભવ છે તે જાણી શકાયું છે; તથા એ
ધાતુ કેટલા પ્રમાણમાં છે, એટલે કે વધારે છે કે ઓછી છે
તે પણ નક્કી કરી શકાય છે. એ યંત્રની મદદથી આકાશના
ગ્રહોની બનાવટો તથા તેની અંદરનાં તત્વોનો, ખરતા તારા-
ઓના પથ્થરોનાં પૃથક્કરણ મારફત કાંઇક ખ્યાલ મળેલ છે.
આવી રીતે દરેક બાબતમાં સૂક્ષ્મદર્શક યંત્ર બહુ ઉપયોગી
થઇ પડે છે. જ્યારે કાચનું નાનકડું યંત્ર આટલું બધું કામ
કરી જાય ત્યારે જો આપણે પોતાના ચિત્તની એકાગ્રતા રૂપી
સૂક્ષ્મદર્શક યંત્ર આપણને બનાવતાં આવડે તો તેમાંથી કેટલું
મોટું કામ થઇ જાય? ને કાચના સૂક્ષ્મદર્શક યંત્ર જેવાં
બીજાં કેટલાં બધાં અનેક જાતનાં નવાં નવાં યંત્રો બની જાય?
એ જરા ખ્યાલ તો કરો! કારણ કે યાદ રાખજો કે હાલમાં
દુનિયા પાસે જે જે જાતનાં યંત્ર છે તે બધાં યંત્રો ચિ-
ત્તની એકાગ્રતારૂપી સૂક્ષ્મદર્શક યંત્રમાંથી બનેલાં છે. જેમ
કે ફોનોગ્રાફની શોધ ચિત્તની એકાગ્રતા રાખવામાંથી
થએલી છે. સીનેમેટોગ્રાફની શોધ, એક્સરેઝ કિરણોની
શોધ, વાયરલેસ ટેલીગ્રાફની શોધ, ટેલીફોનની શોધ, દુર-
બીનની શોધ, કેપ્રીયનની શોધ, વીજળીને જુદા જુદા કામોમાં
વાપરવાની શોધ, મોટરની શોધ, ગરમને ઠંડુંને ઠંડુંને ગ-
રમ કરવાની શોધ, અનેક જાતના દારૂગોળાની શોધ, નૌકાશાસ્ત્રની
શોધ, અણુની શોધ અનેક જાતની નવી નવી ધાતુઓની
શોધ, વૈદક શાસ્ત્રની શોધ અને એવી બીજી અનેક જાતની
ગ્રહોની શોધો તથા મનુષ્યની અંદર રહેલી મહાન શક્તિ-
ઓની આધ્યાત્મિક શોધો ચિત્તની એકાગ્રતામાંથી થએલી છે
કારણ કે ચિત્તની એકાગ્રતા કરવી એ બહુજ મોટી વાત છે
એટલી બધી મોટી વાત છે કે, જેની કાંઇ હદજ નહિ. કારણ
કે દુનિયાના દરેક શાસ્ત્રોનો એજ સિદ્ધાન્ત છે કે, જો અનન્ત
કાળના અખંડ સુખો મેળવવા હોય તો ચિત્તની એકાગ્રતા
કરવી જોઇએ યોગ શાસ્ત્રમાં કહેલું છે કેઃ

योगश्चित्तवृत्तिनिरोधः।

ચિત્ત વૃત્તિઓને રોકી દેવી તેનું નામ યોગ છે. મતલબ કે ચિત્તને એકાગ્ર કરવું તેનું નામ યોગ છે. અને તેમાંજ યોગની અંદરની અનેક પ્રકારની મહાન સિદ્ધિઓ રહેલી છે. આટલું બધું ચિત્તની એકાગ્રતામાં બળ છે. માટે મહાત્માઓ વારંવાર કહે છે કે, મનનો નિગ્રહ કરતાં શીખો, એટલુંજ નહિ પણ દુનિયામાં જેટલા ધર્મો છે, અને તે દરેક ધર્મમાં જે જે જાતની ઉપયોગી ક્રિયાઓ છે તથા વિધિનિષેધ છે તે સર્વ ચિત્તની એકાગ્રતાને માટેજ છે. આટલું બધું ચિત્તની એકાગ્રતાનું કામ મહાન છે, અને ગહન છે, માટે તેનું નાશી [illegible] સારૂં સૂક્ષ્મદર્શક યંત્ર થઇ શકે છે. એટલે તેમાંથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ વસ્તુઓ પણ જોઈ શકાય છે. અને વિચારોનાં રૂપો, રંગની અસરો, અવાજની અસરો, આકર્ષણના [illegible] આગલા જન્મની હકીકતો, બુદ્ધિના વિકાસના નિયમો, સૃષ્ટિની ઉત્પત્તિના નિયમો, જીવન વધારવાના ઉપાયો, આકાશતત્વ (ઇથર) ની ખુબીઓ અને એવીજ બીજી કરોડો નવી નવી ઉપયોગી બાબતો ચિત્તની એકાગ્રતાના સૂક્ષ્મદર્શક યંત્રમાંથી જોઈ શકાય છે એટલુંજ નહિ પણ વળીવારમાં તથા [illegible] [illegible] બીજા અનેક જાતનાં નવાં નવાં [illegible] પણ [illegible] છે તથા નવી નવી શોધો પણ કરી [illegible] છે [illegible] જે ચિત્તની એકાગ્રતા છે તે [illegible]

[illegible] ચિત્તની એકાગ્રતામાંથી [illegible] છે અને મનના કુંદન એટલે [illegible] પણ ચિત્તની એકાગ્રતામાંથી નહીં શકે તેમ છે [illegible] જે [illegible] મુખ્ય તત્વ છે. જે [illegible] જે [illegible] તત્વ છે, જો [illegible] છે અને જે તત્વની મદદ વડે બધું બની શકે છે, તે [illegible] તત્વને [illegible] બનાવાનું કામ પણ ચિત્તની એકાગ્રતામાંથીજ થઇ શકે છે. માટે [illegible]

ચિત્તની એકાગ્રતા રૂપી સૂક્ષ્મદર્શક યંત્ર મેળવો, એટલે જ્યાં જાઓ અને જે કામ કરો, તેમાં તમારીજ ફતેહ છે, એમ નક્કી સમજજો.

૮૪–ગાયો સારૂ પાણીના અવેડા બંધાવ્યા હોય તેમાંથી ગધેડાં, શીયાળીયાં, ઘોરખોદાં, ડુક્કરો વગેરે પાણી પી જાય તે સારૂ કાંઇ અવેડા બંધ કરાય નહિ, તેમજ જ્ઞાનનો, ધર્મનો અને પરોપકારનો પણ દુરૂપયોગ તો થાયજ. તોપણ તેથી કાંઇ એ ચીજોને અટકાવાય નહિ.

કેટલાક માણસો એવા હોય છે કે જેઓ દુર્ગુણો સામે જોયા કરે છે, તેથી તેઓને સદ્ગુણની બાબતમાં પણ અભાવો થાય છે, ને સદ્ગુણો માટે પણ તેઓના મોઢાપાણું આવી જાય છે. જેમ કે કોઇ માણસ જ્યારે બે ચાર ધર્મગુરૂઓને બદચાલ રિધનિમા દેખી તેઓના સાક્ષાત્ પણ જુએ. તેઓમાં અનીતિ દેખે, તેઓના અજ્ઞાનપણું જુએ, એટલે ધર્મજ ખોટો છે એમ માની લે છે તથા બધાએ ગુરૂઓ આવા ગાંડ જેવા છે ને દાંભિક છે એમ માની લે છે, તેથી [illegible]

એવાં કામો તજી દેવાય નહિ. તેમજ કોઈક ઠેકાણે બહુ પોલં-પોલ હોય તેથી કાંઈ આ ઠેકાણે એમજ હશે એમ માની લેવાય નહિ. એમ સમજીને ભલાં કામો કરતાં અટકી પડવું હશે તો એક જાતની બહુજ મોટી નબળાઈ છે. માટે એવી નબળાઈમાં પડયા રહેવું નહિ, પણ જેમ બને તેમ ચોકસાઈથી પરમાર્થનાં કામો કરો, જ્ઞાન મેળવો, અને ધર્મ પાળવાની તથા ધર્મ વધારવાની કોશિશ કરો. એમાંજ પ્રભુ રાજી છે. ને અને એમાંથી કલ્યાણ છે.

૮૫—એક ભકતનો હેવાલ, તેઓ કેમ આગળ વધી શકયા તેનો ખુલાસો.

હરિભુવા બહુ જાણીતા ભકત હતા. તેમને માટે લોકોમાં બહુ માન હતું. કારણ કે તેમની વાણીમાં તથા તેમના ચરિત્રમાં અજબ જેવું બળ હતું. તેથી જ્યાં જ્યાં તેઓ જાય તે દરેક ઠેકાણે તેઓને હાથે કાંઈ ને કાંઈ નાનાં મોટાં શુભ કામો થયાજ કરતાં હતાં. અને એમ થાય તેમાં કાંઈ નવાઈ પણ નહોતી. કારણ કે તે ભકતરાજની આંખોમાં જ્ઞાનનો પ્રકાશ હતો. તેના ચહેરા ઉપર જ્ઞાનની ગંભીરતા હતી. તેની વાણીમાં અજબ જેવી મીઠાશ હતી તથા ખાસ આકર્ષણ હતું. તેની રહેણીકરણીમાં સાદાઈ ને તેમ છતાં અમીરાઈ હતી. તેની સૌ સાથેની વર્તણુંક અદબ ભરેલી તથા માન ભરેલી હતી. તેના ચહેરા ઉપર ભક્તિની શાંતિ છવાઈ રહી હતી. તેની ઊંડી આંખો ઊંડા અભ્યાસની ખાતરી આપતી હતી. તેનું પાતળું શરીર તથા બહાર દેખાતી નાડીઓ તેના તપની ખાતરી આપતી હતી. તે બહુ વિચારશીલ હતા, તેણે પોતાની જીંદગી જનસેવામાં તથા પ્રભુસેવામાં અર્પણ કરેલી હતી. અને દરેક ઠેકાણે તથા દરેક વર્ગના લોકોમાં કંઈપણ સારી અસર કેમ ફેલાય અને હું તેઓને કેમ મદદગાર થાઉં? એજ તેની મુખ્ય ભાવના હતી. તેથી તેના જીવનમાં અનુપમ રહસ્ય તથા કુદરતી મીઠાશ આવી ગઇ હતી. કારણ કે કોઈ પણ

૨૩. ૨. ૨૫

રૂડાં વાનાં થયાં છે. એ સિવાય બીજી કાંઇ પણ બાબતો હું જાણતો નથી. **મારી જીંદગી તો ખાસ વાંચનથીજ સુધરેલી છે.**

એ સાંભળીને તે જીજ્ઞાસુએ અજબ થઈને પૂછયું કે, શું ફક્ત વાંચનથીજ આટલું બધું થઇ શકે? તમને તો કેટલીક જાતની રિદ્ધિ સિદ્ધિ મળી ગએલી છે. એ બધું શું વાંચનથી થઇ શકે? મને તો એમ લાગે છે કે, આ બધું યોગનું પરિણામ છે, અથવા પૂર્વના શુભ સંસ્કારોનું પરિણામ છે. બાકી કાંઈ એકલા વાંચનથી આટલું બધું થાય નહિ. ને આવી મોટી કીર્તિ મળે નહિ. ત્યારે એ ભક્તે કહ્યું કે, વાંચન એટલે શું? એ તમે જાણતા નથી, તેથી એમ કહો છો. પણ ભાઈ યાદ રાખજો કે, સારૂં વાંચન એ બહુજ મોટી વાત છે. એ માટે અમારા ગુરૂજી તો એમજ કહેતા કેઃ—

જેનાં પુણ્ય ઉદય થયાં હોય તેને સારાં પુસ્તકો વાંચવાનું સૂઝે છે. જેનું નસીબ સુધરવાનું હોય તેનેજ વાંચવાનું સૂઝે છે. જેની વિધાત્રી પાધરી હોય તેને વાંચવાનું મન થાય છે. જેના ગ્રહો સારા હોય તેને સારાં પુસ્તકો વાંચવાનું સૂઝે છે. અને જેની ઉપર ભગવાનની કૃપા હોય તેને વાંચવાનું સૂઝે છે. કારણ કે વાંચન એટલે શું? તે વાત પ્રથમ જાણવી જોઇએ. એ માટે અસલના પવિત્ર ઋષિઓએ એમ કહેલું છે કે, જે વેદ છે એટલે કે જ્ઞાન છે તે પ્રભુના શ્વાસોશ્વાસ છે. પુસ્તકો તે દેવો છે. પુસ્તકો તે મહાત્માઓની પ્રસાદી છે. પુસ્તકો તે વિદ્વાનો, પંડિતો તથા સંતો તરફથી મળેલો સીધો કિંમતી વારસો છે. પુસ્તકો તે જ્ઞાનનો ભંડાર છે પુસ્તકો તે જુદા જુદા વિદ્વાનોની બુદ્ધિનું પ્રદર્શન છે. પુસ્તકો તે જુદા જુદા દેશને તથા જુદા જુદા કાળને એક સાંકળમાં જોડનારી કડી છે, પુસ્તકો તે તેના અધિકારીઓના હૃદયમાં ઉથલપાથલ કરનાર રસાયન છે. પુસ્તકો તે નવી જીંદગી આપનાર ફિરસ્તા છે. પુસ્તકો તે જીંદગીમાં અમૃત રેડનાર મહાન ગુરૂ છે. પુસ્તકો તે જીવાત્માના બહુનમાં સ્થામ નાર યંત્ર છે. અને જગતમાં કોઇ પણ માણસ કે જે

આ શ્લોકમાં " પ્રભુ અર્જુનને કહે છે કે, જો તું દરેક જનમના બધા પાપીઓ કરતાં પણ વધારે પાપી હોઈશ તો પણ જ્ઞાનરૂપી વહાણથી તું સર્વ પાપને સહેલાઈથી તરી જઈશ."

આટલું કહેવા છતાં પણ પ્રભુને હજી તૃપ્તિ થતી નથી, તેથી આગળ વધીને દાખલા સહિત તે સમજાવે છે કેઃ—

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥

અધ્યાય ૪ થો શ્લોક ૩૭ મો.

હે અર્જુન ! જલદી બળી જાય એવાં લાકડાંથી ખુબ બળતો હોય અગ્નિ જેમ લાકડાંને ભસ્મ કરી નાખે છે તેમ જ્ઞાનરૂપી અગ્નિ બધાં કર્મોને બાળી નાખે છે.

જ્ઞાનમહિમાનો આટલો ખુલાસો કર્યા છતાં પણ હજુ પ્રભુને સંતોષ થતો નથી, તેથી જ્ઞાનમહાત્મ્ય સમજાવવા માટે એથી પણ આગળ વધીને પ્રભુ ઢોલ આપીને કહે છે કેઃ—

नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विंदति ॥

અધ્યાય ૪ થો શ્લોક ૩૮ મો.

ખચિત આ જગતમાં જ્ઞાન જેવું પવિત્ર બીજું કાંઈ પણ નથી, તે જ્ઞાન ધીરે ધીરે અભ્યાસ કરનારાઓને એની મેળે મેળે મળતું જાય છે.

બંધુઓ ! યાદ રાખજો કે, ગીતાનો આ મહાન સિદ્ધાંત સર્વ દેશને માટે છે. સર્વ લોકોને માટે છે, અને સર્વ કાળને માટે છે. આમ દેવતાઓની પેઠે તથા મંત્રોની પેઠે કળિયુગમાં કામ ન આવે તેવો આ સિદ્ધાંત નથી, પણ જ્ઞાનથી કલ્યાણ થાય એ સિદ્ધાંત તો સર્વ કાળમાં સર્વ લોકોને કામ લાગે તેવો છે. માટે હું તમોને જ્ઞાન મેળવવાનું કહું છું, અને તે જ્ઞાન જુદી જુદી જાતનાં સારાં સારાં પુસ્તકો વાંચવાથી મળે છે, માટે પુસ્તકો વાંચવા વિનતિ કરૂ છું. અને પુસ્તકો વાંચવાથી જેમ મારી જીંદગી સુધરી તેમ તમારી જીંદગી પણ પસ-

એવોજ બનાવ બન્યો હતો. વાત એમ થઈ હે, તે શ્રીમં-
તને ત્યાં એક બક્તરાજ દુકાળને લીધે ગરીબોને મદદ કરવા
સારૂ ફાળો ભરાવવા આવ્યા હતા, ત્યારે તે શેઠે કહ્યું કે,
તમારા જેવા તો છપનસો જણા ચાલ્યા આવે છે. અમે તે
કેટલાકને આપીએ? ગામમાં બીજા કોઈ છે કે અમે એકલાજ
છીએ? સો અમારે ત્યાંજ ચાલ્યા આવો છો તે કાંઇ વિચાર
કરો છો કે નહિ? અમે કાંઇ તમોને તેડાવવાની કંકોત્રી નહોતી
લખી. ભિખારીઓને ઉત્તેજન આપીએ તો લોકો આળસુ થઈ
જાય, ફાળા ભરી ભરીને હું તો તોબા થઇ ગયો, હવે કોઈને
એક પાઈ પણ આપવાનો નથી. લેવો પણ ગપેડા જેવો છે,
ભિખારીઓને ઘરમાં શામાટે આવવા દે છે? જાઓ! જાઓ!
જ્યારે તેડાવીએ ત્યારે આવજો, ને જ્યારે તમારા વિના નહિ
ચાલે ત્યારે તમને તેડાવશું. આવી આવી ઘણીએ આડી ઉભી
વાત કરી તે બિચારા પરમાર્થી બક્તને કાઢી મૂક્યો. આ વખતે
તે શેઠના એક માનીતા વિદ્વાન શાસ્ત્રી ત્યાં બેઠેલા હતા, તે
શાસ્ત્રી સારા લાગવગવાળા હતા અને જ્યાં પોતાનું માન જળ
વાય તેમ હોય ત્યાં જરા સ્પષ્ટતાથી સારી વાતો કરી દેય તેવા
હતા. બાકી જ્યાં પોતાનું ન ચાલે ત્યાં તો પોલંપોલ ખરીજ,
તેમજ શ્રીમંતાઈના તેજમાં અંજાઇ જાય એવો સ્વભાવ પણ
ખરો, જરા લાલચુપણું પણ ખરૂં, થોડીક ખુશામત પણ ખરી,
પણ તેમ છતાં બીજા ઘણા પંડિતોના કરતાં તે બહુ સારો
માણસ હતો. તેણે તે શેઠને જરા ઠંડા પડયા પછી કહ્યુ કે,-

શેઠ કુવાની પાસે પાણી પીવા માટે સૌ લોકો પોતાની મેળેજ
જાય, કાંઇ કુવો એઓને કહે નહિ કે તમે મારી પાસે આવો.
તેમજ જે શ્રીમંતો છે તે કુવા જેવા છે, અટલે તરસ્યા ગરીબો
વગર બોલાવે પોતાની ગરજે તેઓની પાસે જાયજ, એમાં કાઇ
નવાઈ નથી. કારણકે શ્રીમંતાઈ એટલે શું? તે તમે જાણો છો?
શેઠ! શ્રીમંતાઇ એ ઈશ્વરની કૃપાનું ફળ છે. શ્રીમંતાઇ એ
સારા નસીબનું ચિહ્ન છે. શ્રીમંતાઈ એ આગલા જન્મોનાં
શુભ કર્મોનું ફળ છે. શ્રીમંતાઈ એ જીંદગી સુધારવાની તક છે.
શ્રીમંતાઇ એ ગરીબોના આશીર્વાદો મેળવવાની તક છે. શ્રીમં-

તાઇ એ કીર્તિ મેળવવાની તક છે, શ્રીમંતાઈ એ પ્રભુના માનીતા થવાની તક છે. શ્રીમંતાઇ એ જગતમાં સૌન્દર્ય ફેલાવવાની તક છે. શ્રીમંતાઇ એ ઈશ્વરનું ઐશ્વર્ય ફેલાવવાની તક છે. શ્રીમંતાઇ એ દેવોને તેમના હક ચુકાવી રાજી કરવાની તક છે. શ્રીમંતાઈ એ ભવિષ્યની જીંદગી સુધારવાની તક છે. શ્રીમંતાઈ એ સ્વર્ગનું બારણું છે. શ્રીમંતાઇ એ મહાત્મા બનવાનું સાધન છે. શ્રીમંતાઈ એ અનેક જાતના મીઠા અનુભવો લેવાની અમૂલ્ય તક છે. અને શ્રીમંતાઇ એ હાથ કારી જવાની ને આત્મિક સંતોષ મેળવવાની ઉત્તમ તક છે. હવે વિચાર કરો કે જે શ્રીમંતાઈમાં આટલું બધું તત્ત્વ રહેલું હોય, આટલું બધું મહત્ત્વ રહેલું હોય, અને આટલું બધું તત્ત્વ રહેલું હોય તે શ્રીમંતાઈ રૂપી મધની પાછળ ગરીબો રૂપી મધમાખીઓ ભમે તેમાં શું નવાઈની વાત છે? શેઠ! યાદ રાખજો કે મદદની આશાએ જે ગરીબો તમારે ત્યાં આવે છે તે કાંઈ તમને ઉકા રૂપાળા જોઈને આવતા નથી, પણ તમારી પાસે ઈશ્વરનું જે ઐશ્વર્ય રહેલું છે, તમારી પાસે પ્રભુની પ્યારી જે લક્ષ્મી રહેલી છે, અને તમારી પાસે ઐશ્વર્ય રૂપે ઈશ્વરની જે કૃપા રહેલી છે તેનો લાભ લેવા માટે ગરીબો તમારી પાસે આવે છે. માટે યાદ રાખજો કે, ગરીબો કાંઈ તમારી પાસે આવતા નથી, પણ તેઓ તો ઈશ્વરના ઐશ્વર્ય પાસે આવે છે, અને તે [illegible] જોઈને નહિ પણ લક્ષ્મીના જે સ્વાભાવિક આકર્ષણ રહેલું છે અને લક્ષ્મીવાનોની ઉપર જે કૃપા રહેલી છે તેની [illegible] જોઈને તેઓ તમારી પાસે આવે છે [illegible] કૃપા છે. તેનાથી [illegible] તમારી સમૃદ્ધિ તુટી જવાની નથી, ઉલટા [illegible] તમારી વૃદ્ધિ [illegible] ને [illegible] વધતા રહેશે. વળી [illegible] મેળવી શકશો તથા પ્રભુની કૃપા મેળવી શકશો. માટે [illegible] તિરસ્કાર કરો મા, પણ તેઓને યથાશક્તિ મદદ કરવાની મહેરબાની કરો.

શાસ્ત્રીજીની આ વાત સાંભળી તે શેઠ ઉપર સારી અસર થઈ, અને તે દિવસથી તેણે ઠરાવ કર્યો કે, કોઈને કદાચ કાંઈ

એ ભાવી શકાય તેની ફિકર નહિ, પણ કોઇ ગરીબ માણસનો તિરસ્કાર કરવો નહિ, એમ તેણે નક્કી કર્યું. અને તેજ પ્રમાણે બીજા શ્રીમંતો પણ પોતાની શ્રીમંતાઇની કિંમત સમજે એમ અમે ઇચ્છીએ છીએ. અને એ સમજવાની પ્રભુ તેઓને સદ્બુદ્ધિ આપે એમ પ્રાર્થના કરીએ છીએ.

૯૭—સંતો સૌની ઉપર પ્રેમ રાખી શકે છે તેનું કારણઃ—જેમ વાછડાંઓ લોહીને તજીને દૂધ પીએ છે તેમ માણસોના અવગુણો છોડીને સંતો તેઓના ગુણ જુએ છે, તેથી તેઓ સૌની ઉપર પ્રેમ રાખી શકે છે.

આ જગતમાં સૌથી સારા માણસ કોણ? સૌથી મોટા માણસ કોણ? સૌથી ડાહ્યા માણસ કોણ? અને સૌથી સાચા ભક્ત કોણ? એ તમે જાણો છો? એના જવાબમાં આખી દુનિયાનાં ધર્મશાસ્ત્રો, આખી દુનિયાના સર્વ કાળના તથા સર્વ દેશના મહાત્માઓ અને આપણો પોતાનો જાતિ અનુભવ આપણને એમ કહે છે કે, જે માણસો મનુષ્ય જાત ઉપર તથા જગતના જીવો ઉપર સૌથી વધારેમાં વધારે પ્રેમ રાખી શકે ને તે પ્રમાણે વરતી શકે તેજ માણસ જગતમાં સૌથી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. તેજ માણસ પૂજનીય છે. અને તેજ માણસ પોતાના આત્માનું તથા જગતનું ભલું કરનાર છે. માટે જે માણસ સૌની ઉપર વધારેમાં વધારે પ્રેમ રાખી શકે તેજ માણસ મહાત્મા કહેવાય છે, અને તેજ માણસ નમુના રૂપ છે. તથા અનુકરણ કરવા યોગ્ય છે. કારણકે પ્રભુપ્રેમ એ બહુજ અલૌકિક વસ્તુ છે, તે પ્રેમમાંથી મનુષ્ય જાત ઉપરનો પ્રેમ જ્યારે બહુ આગળ વધી જાય ત્યારે જગતના સૌ જીવો ઉપરનો પ્રેમ જાગૃત થાય છે. માટે જેનામાં એવો પ્રેમ આવેલો હોય તે માણસ જગતમાં મોટા માણસ થઇ પડે તેમાં કાંઇ નવાઈ નથી. કારણકે પ્રેમને માટે મહાત્માઓ એમ કહે છે કે,—

સૌ જીવો ઉપરનો પ્રેમ એ સ્વર્ગ છે. નિઃસ્વાર્થી પ્રેમ એ આત્માની વિશાળતા છે. ઉંચ હેતુઓમાંથી ઉત્પન્ન થએલો કુદરતી પ્રેમ એ આત્માનો વિકાસ છે. સમજણ પૂર્વક થયેલો પ્રેમ એ સ્વર્ગમાં ઉડવાનું વિમાન છે. પોતાના ખાનગી સ્વાર્થને દાબી દઇ બીજાઓને ખાતર અનેક જાતનાં કષ્ટો સહનકરે એ પ્રેમ સ્વર્ગનો પરવાનો છે. હૃદય ગુફામાંથી પ્રેમના ઝરાને અખંડ વહેવરાવ્યા કરવો એ હૃદયના ઉંડાણનું સર્ટિફિકેટ છે. સૌથી વધારેમાં વધારે સુગંધી ફેલાવી શકનાર જે અત્તર છે તે પ્રેમ છે. આવો ઉત્તમ પ્રેમ સંતોના હૃદયમાં રહે છે, ને દરરોજ વધ્યા કરે છે, માટે તેઓ મહાત્મા છે, અને પૂજનીય છે.

બંધુઓ! યાદ રાખજો કે, કોઈ અમુક ધર્મ પાળવામાં મહાત્માપણું નથી. પીળાં કપડાંમાં, ભગવાં કપડાંમાં, સફેદ કપડાંમાં કે કાળાં કપડાંમાં કાંઇ મહાત્માપણું નથી. માથું મુંડાવવામાં કે દાઢી રખાવવામાં કાંઈ મહાત્માપણું નથી. ઘરબાર તજી દેવામાં ને ભીખ માગવામાં કાંઇ મહાત્માપણું નથી. મંદિરોમાં બેસી જવામાં કે ગુફાઓમાં ભરાઇ રહેવામાં કાંઇ મહાત્માપણું નથી. શાસ્ત્રોનાં થોડાંક વચનો મોઢે ગોખી રાખવામાં અને પઢેલા પોપટની પેઠે ફરીથી તે બીજાઓને કહી સંભળાવવામાં કાંઇ મહાત્માપણું નથી. તિલકો, માળાઓ, જટાઓ અને એવાજ બીજા બહારના આડંબરોમાં કાંઈ મહાત્માપણું નથી. શરીરને વિના કારણ કષ્ટ આપવામાં ને વ્રત ઉપવાસ કરવામાંજ કાંઈ મહાત્માપણું નથી. બહારથી ખોટો સંતોષ રાખવામા અને અંદરથી અનેક ઘાટ મનમાં ઘડયા કરવામાં કાંઈ મહાત્માપણું નથી. ચેલાઓની પાસે પૂજા કરાવવામાં, સાષ્ટાંગ દંડવત્ કરાવવામાં, અને માણસોની પાસે ગાડીઓ ખેંચાવવામાં કાંઇ મહાત્માપણું નથી. મૂર્ખાઓના કાન ફુંકી દેવામાં કાંઈ મહાત્માપણું નથી. એકાદ નવો પંથ કાઢીને વંશપરંપરાનું લાકડું ઘાલી દેવામાં કાંઇ મહાત્માપણું નથી, હાલના વખતમા ઉપયોગી નહોય તેવી નકામી જુની ક્રિયાઓ કર્યા [illegible]ામાં કાંઇ મહાત્માપણું નથી, અને બહુ મોટી ઉમરમાં કાંઈ [illegible]ત્માપણું નથી, પણ મનુષ્ય જાત ઉપરના પ્રેમમાં તથા

"આત્મવત્ સર્વભૂતેષુ" જેવો મ્હારો આત્મા છે તેવોજ આનો આત્મા છે, એ પ્રમાણે સમજી તે મુજબ વરતવામાં મહાત્માપણું છે, અને જેટલે દરજ્જે એ ભાવના વિશાળ થાય તેટલે દરજ્જે મહાત્માપણું વધતું જાય છે. માટે જીંદગીની સાર્થકતા કરવા સારૂ આપણા આત્માનું કલ્યાણ કરવા સારૂ, અને આપણા બંધુઓને મદદ કરવા સારૂ આપણે મનુષ્ય જાત ઉપરના પ્રેમને ખીલવવો જોઇએ. અને પછી એ પ્રેમને વધારતે વધારતે જગતના સૌ જીવો ઉપરના પ્રેમને વધારવો જોઇએ. ત્યારેજ ઇશ્વરની કૃપા મેળવી શકાય છે, અને ત્યારેજ જીંદગીની સાર્થકતા થઇ શકે છે.

આ બધી વાતો જાણ્યા પછી ઘણાએ ભલા માણસોને એમ લાગી જાય છે કે, સૌની ઉપર પ્રેમ રાખવો એ બહુ સારી વાત છે. ને એ બહુ ઉંચી વાત છે, તેથી તેઓ એમ કરવા ઇચ્છે છે, પણ તેઓથી તેમ બની શકતું નથી, એટલે તેઓ મુંઝાય છે. અને પોતાનાથી બની શકતું તેનાં કારણો જાણવા ઇચ્છે છે. તેનાં કારણો માટે મહાત્માઓ એમ કહે છે કેઃ—

ગાયના આંચળોમાં દૂધ પણ હોય છે અને લોહી પણ હોય છે, તેમાંથી વાછડાઓ દૂધ પીએ છે અને ચાચડ, મચ્છર ઇતડી, ગીંગોડા વગેરે જંતુઓ લોહી પીએ છે તેઓને એમાંથી દૂધ લેતા આવડતું નથી. તેમજ જગતમાં જેટલા માણસો છે તથા એ સિવાય બીજા જેટલા [illegible] છે અને જેટલી વસ્તુઓ છે તે સૌમાં કેટલાક [illegible] વસ્તુઓ પણ હોય છે. મતલબ કે ગુણ વિનાના [illegible] પણ [illegible] પ્રાણી નથી, તેમજ અવગુણ વિનાનો [illegible] કોઇ પણ પ્રાણી નથી [illegible] નથી, તથા દરેક જીવમાં [illegible] અવગુણો [illegible] જેવા અથવા દૂધ [illegible] છે [illegible] માણસ [illegible] લેતા આવડે છે અને જે [illegible] માંકડ, મચ્છર, [illegible]

૯૮—જેના દેહમાં પ્રભુ વસતો હશે, તે માણસ કેમ છાનો રહેશે? બહુ જોર કરી કરીને એને દાબી રાખશો તોપણ તેમાંથી પ્રકાશ ઝળકી જશે.

શાસ્ત્રનો એવો સિદ્ધાંત છે કે, ભક્તો છુપા રહી શકતા નથી. ભક્તોને દાબી દેવા માટે દુનિયામાં સૌ ઠેકાણે, આ દેશમાં, ને આ કાળમાં પ્રયત્ન થાય છે, અને હજી થયાજ કરશે. કારણ કે ખરી ભક્તિ સામાન્ય લોકોથી જીરવાતી નથી, તેથી તેઓ ઉલ્ટા પ્રકારના ભક્તોની સામે થાય છે. જો કે બહારની નજરે જોતાં આપણને એમ લાગે છે કે, લોકોને ભક્તિ ગમે છે. તેઓ ભક્તોનાં વખાણ કરે છે. ભક્તોની પાછળ પાછળ ફરે છે. ભક્તોની વાતો કર્યા કરે છે, અને રોજ રોજ તથા નાના મોટા પ્રસંગોએ ધર્મની વિધિઓ પાળ્યા કરે છે, છતાં પણ એ બધું લીધુંપીધું હોય છે, એ બધું કામચલાઉ હોય છે, એ બધું ઉપરછલ્લું હોય છે. એ બધું રિવાજોને ખાતર તથા લોકાચારને ખાતર થયા કરે છે. એ બધું આબરૂને ખાતર થયા કરે છે, અને એ બધું કાંઇક લાભલોભે કર્યા કરે છે. એટલે તેમાં કાંઈ બહુ માલ હોતો નથી. પણ તેમ છતાં તેઓને ધર્મ ગમે છે, અને પોતાના કરતાં જરાક વધારે આગળ વધેલા હોય અને પોતાના રીતરિવાજો પ્રમાણે ચાલ્યા કરતા હોય તેવા ભક્તો તેઓને ગમે છે. પણ જે ખરા ભક્તો હોય છે, જે મહાન ભક્તો હોય છે, જે પ્રભુના વહાલા ભક્તો હોય છે, અને જે ઘણી જાતનાં બંધનોમાંથી છુટી ગએલા ભક્તો હોય છે તે ભક્તો તેમને ગમતા નથી. કારણ કે એવા આગળ વધેલા ભક્તો કાંઇ ગામડી લોકોના મત પ્રમાણે કે તેઓના રીતરિવાજ પ્રમાણે ચાલતા નથી, પણ તેઓ તો સત્યને આધારે ચાલે છે. તેઓ તો શાસ્ત્રના આધારે ચાલે છે. તેઓ તો પોતાના અનુભવના આધારે ચાલે છે. તેઓ તો સાહસ ખેડીને વિકટ રસ્તામાં પણ ચાલ્યા જાય છે. અને તેઓ તો પોતાની સાચી મસ્તી પ્રમાણે 'બ્રહ્માનંદ'ની ખુમારીમાં ચાલ્યા જાય છે. તેઓનો રસ્તો વહેવારીક લોકોના રસ્તા કરતાં જુદો હોય છે, તેથી મોહવાદી લોકો તેઓની રીતભાત જોઇને

ઠેકાણામાંથી પણ લોહી ચૂસે છે. એટલે કે ગુણવાળી બાબતોમાંથી પણ તેઓ અવગુણ શોધે છે. આમ હોવાથી તેઓ દુઃખી થાય છે. અને ગુણ શોધનારા જ્ઞાનીઓ સુખી થાય છે. કારણકે ગુણ જોવાથી જેનામાં ગુણ દેખાય તેની ઉપર પ્રેમ આવે છે, એથી મિત્રતા વધે છે, મદદ કરવાનું મન થાય છે, અને જેને માટે આપણે સારા વિચારો ધરાવીએ તે આપણે માટે પણ સારા વિચારો ધરાવે છે. તેથી તેઓને તથા આપણને બંનેને સુખ થાય છે. પણ એને બદલે જે માણસો બીજાઓના અવગુણ જોયા કરે છે તેઓના મનમાં દ્વેષ ઉત્પન્ન થાય છે. તેથી તેઓમાં વેરઝેર વધતાં જાય છે, અને આપણે બીજાઓનો એક વાંક કાઢીએ તો બીજાઓ આપણા ત્રણ વાંક કાઢી બતાવે છે. આમ થવાથી કલેશ વધતો જાય છે, તેથી પરિણામે દોષ જોનારને તથા જેના દોષ જોવામાં આવે તેને પણ બહુ નુકશાન થાય છે. અને તેમ છતાં આપણે તો હજી સુધી બીજાઓના દોષ જોવામાંજ રહી ગયેલા છીએ, તેથી આપણે સૌ ઉપર જેવો પ્રેમ રાખવો જોઇએ તેવો પ્રેમ રાખી શકતા નથી. પણ જે હરિજનો છે તેઓ બીજાઓના દોષ જોતા નથી, પણ જેનામાં બહુ મોટા દોષ હોય તેનામાં પણ ખાસ ચાહીને ગુણોને શોધે છે, એટલે તેઓને તેમાંથી પણ ગુણ જડે છે, તેથી તેઓ સૌની ઉપર અતિશય પ્રેમ રાખી શકે છે. માટે આપણે પણ જો સંત થવું હોય, પ્રભુને પગલે પગલે ચાલવું હોય, અને મહાત્માઓની આજ્ઞા માની અંતરની શાંતિ મેળવવી હોય ને પ્રભુપ્રેમ વધારવો હોય તો સૌ માણસો તથા સૌ વસ્તુઓ અને બીજા સૌ જીવોમાંથી ગુણ શોધવા જોઇએ, અને તેનો લાભ લેવો જોઈએ. જો એમ કરીએ તો આપણે ધર્મના રસ્તામાં જલદીથી આગળ વધી શકીએ તેમ છીએ. અને તેનાં અમૂલ્ય ફળ ચાખી શકીએ તેમ છીએ, માટે ભાઇઓ ને બ્હેનો! ગુણગ્રાહક થાઓ, સારગ્રાહી થાઓ. અને સૌની સાથે શુભ ભાવનાઓથી કામ લેતાં શીખો. એજ કલ્યાણનો રસ્તો છે.

–જેના દેહમાં પ્રભુ વસતો હશે, તે માણસ કેમ છાનો રહેશે? બહુ જોર કરી કરીને એને દાબી રાખશો તોપણ તેમાંથી પ્રકાશ ઝળકી જશે.

શાસ્ત્રનો એવો સિદ્ધાંત છે કે, ભક્તો છુપા રહી શકતા
ી. ભક્તોને દાબી દેવા માટે દુનિયામાં શા ઠેકાણે, શા
ામાં, ને શા કાળમાં પ્રયત્ન થાય છે, અને હજી થયાજ
ે. કારણ કે ખરી ભક્તિ સામાન્ય લોકોથી જીરવાતી નથી,
ી તેઓ ઈર્ષા પ્રકારના ભક્તોની સામે થાય છે. એ કે
ારની નજરે જોતા આપણને એમ લાગે છે કે. લોકોને
ક્તિ ગમે છે. તેઓ ભક્તોનાં વખાણ કરે છે. ભક્તોની પા-
જા પાઠ કરે છે. ભક્તોની વાતો કર્યા કરે છે, અને રોજ
ાજ તથા નાના મોટા પ્રસંગોએ ધર્મની વિધિઓ પાળ્યા કરે
, છતાં પણ એ બધું દીઠુંપાયું હોય છે, એ બધું કામ-
લાઉ હોય છે, એ બધું ઉપરછલ્લું હોય છે એ બધુ દિવા-
ને ખાતર તથા લોકાચારને ખાતર થયા કરે છે એ બધું
ાયકને ખાતર થયા કરે છે, અને એ બધુ [illegible] લાભે
ાભે કર્યા કરે છે એટલે તેમાં કાંઈ બહુ [illegible] નથી.
ણ તેમ છતા તેઓને ધર્મ ગમે છે, અને પોતાના કરતાં
[illegible] વધારે [illegible] વધેલા હોય અને પોતાના રીતરિવાજો
પ્રમાણે ચાલ્યા કરતા હોય તેવા [illegible] તેઓને ગમે છે પણ
જે ખરા ભક્તો હોય છે જે [illegible] હોય છે, જે જમાના
વધેલા ભક્તો હોય છે અને જે [illegible] જમાના [illegible] ગાથી
દૂરી ગએલા ભક્તો હોય છે તે [illegible] નથી.
કારણ કે એવા [illegible] લોકોના
મત પ્રમાણે કે તેઓના રીતરિવાજ [illegible] નથી, પણ
તેઓ તો [illegible] આધારે ચાલે છે તેઓ [illegible] શાસ્ત્રના આધારે
ચાલે છે. તેઓ તો પોતાના અનુભવના આધારે ચાલે છે તેઓ
તો [illegible] વિકટ [illegible] પણ [illegible] જાય છે અને
તેઓ તો પોતાની સાચી [illegible] પ્રમાણે [illegible] ગુફાનાં
ચાલ્યા જાય છે તેઓના [illegible] લોકોના [illegible] કરતાં
જુદા હોય છે, તેથી [illegible] લોકો તેઓની [illegible]

[illegible]

હો તો એવા મહાન મનુષ્યોને દાબી દેવાની કોશિશ કરશો માં. પણ તેઓને આગળ વધવા માટે તેઓનો રસ્તો સાફ કરવામાં મદદ કરો, અને તેઓને પગલે ચાલવાની કોશિશ કરો, એટલે તેઓની સાથે સાથે તમારૂં પણ બહુ સહેલાઇથી ભલું થઇ શકશે, એ નક્કી સમજજો. માટે ઉગતા સૂર્યને છાબડે ઢાંકવાની કોશિશ કરો માં. પણ તેને નમન કરો, એમાંજ કલ્યાણ છે.

૮૯–જીંદગીનું ઊંચામાં ઊંચી જાતનું સુખ ખરી શાંતિ ભોગવવામાં છે. ને મોક્ષનું ફળ પણ શાંતિજ છે: માટે આપણે ખરી શાંતિ ભોગવતાં શીખવું જોઇએ.

ધન શા માટે પેદા કરવામાં આવે છે એ તમે જાણો છો? શાંતિ ભોગવવા માટે ધન પેદા કરવામાં આવે છે. ધંધો રોજગાર શા માટે કરવામાં આવે છે? શાંતિ ભોગવવા માટે. ધન શા માટે મેળવવામાં આવે છે? શાંતિ ભોગવવા માટે. જ્ઞાન શા માટે મેળવવામાં આવે છે? શાંતિ ભોગવવા માટે. [illegible]

અને સ્વતંત્રતાથી વર્તાતું હોય, ત્યારે શાંતિ ભોગવી શકાય છે. કોઈ એમ માને છે કે જ્યારે બહુ લાંબું આયુષ્ય ભોગવાય ને નીરોગી શરીર રહે ત્યારે શાંતિ ભોગવી શકાય છે. અને કોઈ એમ કહે છે કે 'શાંતિ કાંઈ સુરમાં પડી નથી, એ તો એની ઉપર ઈશ્વરની કૃપા હોય તેનેજ શાંતિ મળે છે.

આવી રીતે શાંતિ માટે અનેક પ્રકારના વિચારો લોકોમાં ચાલ્યા કરે છે, પણ એ બધા વિચારો અપૂર્ણ છે, એ બધા વિચારો સ્વાર્થથી ભરેલા છે. એ બધા વિચારો સંજોગને આધારે રહેલા છે, એ બધા વિચારો ઢીલા પોચા છે, અને એ બધા વિચારો ઉપરછલા છે. ખરી શાંતિનું સ્વરૂપ કાંઈક જુદુંજ છે. માટે જો આપણને ખરી શાંતિ જોઈતી હોય, તો પ્રથમ તેનું ખરું સ્વરૂપ સમજવું જોઈએ. એ માટે મહાત્માઓ કહે છે કે,—

બાપુઓ! શાંતિ કાંઈ અમુક સ્થળમાં નથી, શાંતિ કાંઈ અમુક સ્થિતિમાં નથી, શાંતિ કાંઇ અમુક ઉમરમાં નથી, શાંતિ કાંઇ અમુક પુસ્તકમાં નથી. શાંતિ કાંઇ અમુક એકજ આશ્રમમાં કે એકજ મંદિરમાં નથી. શાંતિ કાંઈ એટલા ધનમાં કે એટલા અધિકારમાં નથી શાંતિ કાંઈ બધું મન માન્યું થાય તેમાં નથી, અને શાંતિ કાંઈ બહારનાં સાધનો ઉપર લટકી રહેલી નથી. પણ જે ખરી શાંતિ છે તે તો સ્વતંત્ર છે. એ શાંતિને દેશકાળનું બંધન નડતું નથી. એ શાંતિને સાધનોની ખોટ નડતી નથી. એ શાંતિને બહારની મદદ જોઈતી નથી. એ શાંતિ તો અનેક જાતની ઉપાધિઓની વચ્ચે પણ હોય છે, અને એ શાંતિ તો મહાન આફતોની અંદર પણ હોય છે. કારણકે જે ખરી શાંતિ છે તે કાંઈ જગતના બહારના વિષયોમાં નથી, પણ તે શાંતિ તો ઠરેલી બુદ્ધિમાં છે તે શાંતિ તો નિગ્રહ કરેલા મનમાં છે તે શાંતિ તો સાચા પ્રકારના જ્ઞાનમાં છે તે શાંતિ તો શુદ્ધ ચરિત્રમાં છે. તે શાંતિ તો ઉચ્ચ હેતુઓ ધ્યાનમાં રાખીને કામ કરવામાં છે. અને તે શાંતિ તો અંતરના ઊંડાણમાં છે. તે શાંતિ કાંઇ બહારની સગવડો ઉપર કે અગવડો ઉપર આધાર રાખતી નથી. પણ જે ખરી શાંતિ છે તે તો સર્વ દેશમાં, સર્વ કાળમાં, અને સર્વ સ્થિતિમાં સવ ઠેકાણે સર્વદા રહેલી છે. તેથી જેને ખરી શાંતિ ભોગવતાં આવડે તે

મહાત્માઓ તો સ્મશાનમાં પણ શાંતિ ભોગવી શકે છે. દેરૂણાનામાં પણ શાંતિ ભોગવી શકે છે. વહાલાં, સગાંઓનાં મરણ વખતે પણ શાંતિ ભોગવી શકે છે. પોતાના શરીરમાં ભયંકર મંદવાડ આવેલો હોય તે વખતે પણ શાંતિ ભોગવી શકે છે. કાંઈ મોટી આફત આવી પડેલી હોય ત્યારે પણ શાંતિ ભોગવી શકે છે. કાંઈ મોટા અકસ્માત્ બની જાય ને મોટી ઉથલપાથલ થઈ જાય ત્યારે પણ શાંતિ રાખી શકે છે. જ્યારે અતિશય ગરીબાઈ આવી પડે ત્યારે પણ શાંતિ રાખી શકે છે. જ્યારે અતિશય માનપાન મળે ને અતિશય મોટા લાભ મળે ત્યારે પણ શાંતિ રાખી શકે છે. જ્યારે ઘરમાં હોય ત્યારે પણ શાંતિ, જ્યારે ખુબ સારૂં સારૂં ખાવાનું મળે ત્યારે પણ શાંતિ, જ્યારે ભૂખ ખેંચવી પડે ને ઉપવાસો ખેંચવા પડે ત્યારે પણ શાંતિ, જ્યારે મંદિરોમાં પ્રાર્થનાઓ કરતા હોય ત્યારે પણ શાંતિ, અને જ્યારે કાંઇ ઉપાધિનાં કામકાજો કરતા હોય ત્યારે પણ શાંતિ, જ્યારે સુંદર પુષ્પના બિછાનામાં સૂતા હોય ત્યારે પણ શાંતિ, જ્યારે ઉજાગરા થતા હોય ત્યારે પણ શાંતિ જ્યારે પુષ્પના હારો પહેરાવતા હોય ત્યારે પણ શાંતિ, જ્યારે કોઈ અપમાન કરીને કડવાં વચનો સંભળાવતા હોય ત્યારે પણ શાંતિ, જ્યારે બધી જાતની અનુકૂળતાઓ હોય ત્યારે પણ શાંતિ અને જ્યારે બધી જાતની પ્રતિકૂળતાઓ હોય ત્યારે પણ શાંતિ. આવી રીતે દરેક સ્થિતિમાં જે શાંતિ ભોગવી શકે તેજ મહાત્મા કહેવાય છે. અને જ્યારે એવી શાંતિ ભોગવતાં આવડે ત્યારેજ જીંદગીની સાર્થકતા થાય છે. અને જ્યારે આવી રીતે દરેક અવસ્થામાં, દરેક પ્રસંગોમા અને દરેક સ્થળોમાં શાંતિ મળે ત્યારેજ તે ખરી શાંતિ કહેવાય છે. બહુ અનુકૂળતાઓ હોય ત્યારે જરાક વાર શાંતિ મળે પણ જ્યારે જરાક કાંઇક અડચણ આવી પડે ત્યારે શાંતિ ઉડી જાય એ કાંઇ ખરી શાંતિ કહેવાય નહિ. માટે ભાઇઓ ને બ્હેનો ! જો જીંદગીની સાર્થકતા કરવી હોય તો કોઈપણ અવસ્થામાં કે કોઈપણ સંજોગમાં નાશ ન પામે તેવી ખરી શાંતિ મેળવતાં શીખો. તેવી ખરી શાંતિ મેળવતાં શીખો.

૯૦—યાદ રાખજો કે દુઃખ કાંઈ ખરાબ નથી પણ તે ચેતવનાર છે. તથા હોંશિઆરી આપનાર છે.

દુઃખનું સ્વરૂપ બહુ વિકરાળ છે, માટે કોઈને દુઃખ ગમતું નથી. કારણકે પોતાનું ધાર્યું ન થાય તેનું નામ દુઃખ છે. પોતાની સગવડો ન સચવાય તેનું નામ દુઃખ છે. પોતાના સ્વભાવ પ્રમાણે ન વર્તાય તેનું નામ દુઃખ છે. પોતાની આબરૂને ધક્કો લાગે છે તેનું નામ દુઃખ છે. પોતાનું માન ન જળવાય તેનું નામ દુઃખ છે. પોતાની પ્રકૃતિથી વિરુદ્ધ ચાલવું પડે તેનું નામ દુઃખ છે. પોતાની ઇચ્છા મુજબ કામકાજ કે ધંધો રોજગાર કરવાનું ન બને તેનું નામ દુઃખ છે. પોતાને આધારે પડેલાં કુટુંબીઓને મદદ ન કરી શકાય તેનું નામ દુઃખ છે. સ્નેહીઓમાંથી કોઈ બેવફા નીવડે તેનું નામ દુઃખ છે. માનસિક કે શારીરિક વેદનાઓ ભોગવવી પડે તેનું નામ દુઃખ છે. સમાજના બંધના કે ધર્મના જે નિયમો પોતાને પસંદ ન પડતા હોય તેવા કાયદાઓમાં બધ્યું રહેવું પડે ને તેમ છતાં તેમાં કાંઈ સુધારો કરાવી શકાય નહિ તેનું નામ દુઃખ છે. કોઈ અકસ્માત બની જાય અને તેથી શરીરની, મનની, પૈસાની, કે આબરૂની નુકસાની ખમવી પડે તેનું નામ દુઃખ છે. દુકાળ, મરકી, કોલેરા, ધરતીકંપ, પવનનાં તોફાન, સમુદ્રનાં તોફાન, અતિવૃષ્ટિ વગેરે કુદરતી આફતો આવી પડે તેનું નામ દુઃખ છે, મનમાં જુદી જુદી જાતના વહેમો ભરાઈ ગયા હોય ને તેને લીધે વિના કારણ હેરાન થયા કરવું પડતું હોય તેનું નામ દુઃખ છે. અને જે વસ્તુ ખરેખરી રીતે જોતાં દુઃખદાયક ન હોય પણ ઉલટી સુખકારક હોય તેમાં પણ અજ્ઞાનતાને લીધે, જુના સંસ્કારોને લીધે, તથા પડી ગયેલી ટેવોને લીધે દુઃખ માન્યા કરવું તેનું નામ દુઃખ છે. અને નાનાં નાનાં દુઃખોને કલ્પના કરી કરીને બહુ વધારી મૂકવાં ને ભવિષ્યનાં દુઃખોને યાદ કરી તેનાથી ડર્યા કરવું તથા અગાઉના વખતમાં આવી ગયેલાં દુઃખોને યાદ કરી કરી દિલગીર થયા કરવું તેનું નામ દુઃખ છે. આવાં આવાં નાનાં મોટાં અનેક પ્રકારનાં દુઃખો હોય છે, અને તે દુઃખોના વિચારોમાં, દુઃખોના ચીલા પોતાના હૃદ-

યમાં પાડવામાં, તથા દુઃખની ભાવનાઓ વધારવામાંજ ઘણા માણસો પોતાની જીંદગી ખોઇ નાખે છે. કારણકે તેઓ એમ સમજતા નથી કે આ જગતમાં જેટલું દુઃખ છે તે કરતાં સુખ ઘણુંજ વધારે છે. એટલુંજ નહિ પણ આપણી જીંદગીમાં જેટલું દુઃખ છે તે કરતાં તેમાં સુખ ઘણુંજ વધારે છે. જેમકે આપણને બિલકુલ ખાવાનું નજ મળે એવા દિવસો તો કોઈકજ હોય છે, પણ સારૂં સારૂં ખાવાનું મળે એવા દિવસો ઘણા હોય છે. આપણને રહેવાનું સૂવાનું નજ મળે એવો વખત તો કયારેકજ આવે છે, પણ મજેની ચોખ્ખી ઊંઘ લેવાનું તો રોજ બને છે. આપણને કપડાં પહેરવાનાં ન મળે, એવું તો ભાગ્યેજ બને છે, પણ સારાં સારાં કપડાં પહેરવાનાં મળે એવા તો ઘણા દિવસો હોય છે. આપણું અપમાન થાય એવા પ્રસંગ તો કયારેકજ આવે છે, પણ આપણું માન રહે એવા પ્રસંગો તો વારે વારે આવે છે આપણને ન ગમે એવા રીત રીવાજો, નિયમો, કે કાયદાઓ તો કોઇકજ હોય છે, પણ આપણને ગમી જાય ને ફાયદો થાય તેવા નિયમો તથા કાયદાઓ તો ઘણાએ હોય છે આપણી સાથે જેને ન બનતું હોય તેવા માણસ તો કોઇકજ હોય છે પણ આપણને જેની સાથે બનતું હોય તેવા માણસો તો ઘણા હોય છે આપણને મંદવાડ આવે એવા દિવસો તો થોડાકજ હોય છે, પણ આપણે તનદુરસ્તી ભોગવીએ એવા દિવસો તો ઘણા હોય છે. અને યાદ રાખજો કે, આપણને નુકસાન થાય તેવા બનાવો આપણી જીંદગીમાં જેટલા બને છે તે કરતાં આપણને ફાયદો થાય તેવા બનાવો ઘણાજ વધારે બને છે અને તેમ છતાં આપણે "અમે દુઃખી છીએ" એવી ફરીયાદ હમેશાં કર્યા કરીએ છીએ, અને દુઃખનેજ મોટું મોટું માન્યા કરીએ છીએ તથા એમ માન્યા કરીએ છીએ કે, દુઃખને લીધેજ આપણું આગળ વધી શકતા. તથા પણ [illegible] કે, દુઃખ કાંઇ હમેશાં ખરાબ નથી જો દુઃખ ન હોય તો ઘણી વખત આપણી જીંદગી દોકડ ચાલી જાય છે. એમ ન થાય તે સમયે જે દુઃખ છે તે આપણને ચેતાવનાર છે, તથા હોશિઆરી આપનાર છે. માટે દુઃખ દુઃખ કરીને દુઃખથી દબાઈ જવું નહિ.

દુઃખથી દિલગીર થયા કરવું નહિ. દુઃખના બહુ વિચારો કર્યા કરવા નહિ અને દુઃખને બહુ વધારી મૂકવું નહિ, પણ દુઃખ-માંથી પણ સુખ મેળવવાની કાંઇક કુંચી મેળવી લેવી જોઇએ. દુઃખમાંથી પણ આગળ વધવાના કાંઇક ઉપાયો શોધી કાઢવા જોઈએ દુઃખમાંથી પણ ઈશ્વરનો ઉપકાર માનવાની તકો લેવી જોઈએ. દુઃખમાં પણ કાંઇક કાંઇક કુદરતના ઉમદા હેતુઓ રહેલા છે તે સમજતાં શીખવું જોઇએ. દુઃખની સખ્તાઈમાં પણ કાંઇક કોમળતા રહેલી છે તેનો અનુભવ લેતાં શીખવું જોઇએ. દુઃખના ઝેરમાં પણ સુખનું અમૃત ભળેલું છે, તેને જુદું પાડી તેનો લાભ લેતાં શીખવું જોઇએ અને હજારો સુખમાં પણ જે જ્ઞાન ન મળી શકે કે જે અનુભવ ન મળી શકે તે જ્ઞાન ને તે અનુભવ થોડાક દુઃખમાંથી પણ મળી શકે છે. માટે તે મેળવી લેવાની કોશિશ કરવી જોઇએ. કારણકે બહુ ચોખ્ખી રીતે સમજી લેજો કે, દુઃખ દેવાને ખાતરજ કાંઈ દુઃખ આવતું નથી. પણ તે જીવને ચેતાવવા માટે આવે છે. મનને મજબુત બનાવવા માટે દુઃખ આવે છે બુદ્ધિને ધક્કો મારી વિશાળ બનાવવા માટે દુઃખ આવે છે સગાવહાલાઓની પરીક્ષા કરી લેવા માટે દુઃખ આવે છે પોતાના અંતરની શાંતિનું માપ કરી લેવા માટે દુઃખ આવે છે. જ્ઞાનના ચાર-ત્રની કસોટી કરી લેવા માટે દુઃખ આવે છે તથા ધર્મનું બળ મેળવવા માટે અને ઈશ્વરની નજીક જઈ જવા માટે દુઃખ આવે છે એમ [illegible] થી [illegible] છે કે દુઃખ છે તે ચેતવનાર છે અને દુઃખ [illegible] તો આપણી [illegible] ચાલી જાય છે [illegible] સમજી લે કે જે દુઃખ છે તે [illegible] કોઈક સંજોગમાં [illegible] છે, પણ [illegible] દુઃખ ચેતવનાર છે [illegible] છે એમ દુઃખમાંથી પણ [illegible] અને દુઃખમાંથી પણ [illegible] [illegible] પછી ખુલ્લી [illegible] અને [illegible] [illegible]

શકયા એમ કહી શકાય. માટે દુઃખથી ગભરાઈ જાઓ માં. દુઃખથી દિલગીર થયા કરો માં. અને દુઃખને બહુ મોટું મોટું સમજ્યા કરો માં, પણ તેને ચેતાવનાર સમજી તેમાંથી સાર લેવાની કોશિશ કરો, સાર લેવાની કોશિશ કરો.

૬૧—આપણું ભલું કરવા સારૂ પ્રથમ આપણે એ જાણવું જોઇએ કે. કુદરતનો સ્વભાવ કેવો છે? કુદરતને શું ગમે છે? અને કુદરતની પરીક્ષા કેવી છે? તેનો ખુલાસો.

જગતમાં સૌ માણસોની સ્વાભાવિક રીતેજ એવી ઇચ્છા હોય છે કે, અમારૂં ભલું થાય તો સારૂં. એટલુંજ નહિ પણ આ જગતમાં જે જે દોડાદોડી થઇ રહી છે, જે જે પ્રવૃત્તિ થઇ રહી છે, અને જે જે ઉથલપાથલ થઈ રહી છે તે સૌ પોતપોતાની ઉન્નતિને માટે છે અને તેમ છતાં પણ આપણે જોઈએ છીએ કે, ખરેખરી રીતે તો બહુજ થોડા માણસો આગળ વધી શકે છે, બાકીના બધા તો જ્યાંના ત્યાંજ રહી જાય છે, અથવા તો બહુજ મહેનત પછી જરાકજ ફાવટો મેળવી શકે છે, અને કેટલાક તો ઉલટા પાછળ પડી જાય છે. એમ ન થાય ને ઝપાટાબંધ આગળ વધી શકાય તે માટે આપણે કુદરતનો સ્વભાવ, તેની પસંદગી અને તેની પરીક્ષાની રીતિ જાણવી જોઇએ કારણ કે આપણે કાંઈ કુદરત આપણા પોતાના ધારા પ્રમાણે ચાલવાથી આગળ વધી શકવાના નથી. પણ કુદરતના નિયમ પ્રમાણે ચાલવાથીજ આગળ વધી શકાય છે. એટલુંજ નહિ પણ જેટલે જેટલે દરજ્જે આપણે કુદરતથી વિરૂદ્ધ વર્તીએ છીએ તેટલે તેટલે દરજ્જે આપણી વધારે ખરાબી થાય છે માટે આપણે કુદરતની પસંદગી તથા તેના નિયમો જાણી લેવાની કોશિશ કરવી જોઈએ.

કુદરતનો સ્વભાવ કેવો છે ? એ માટે કુદરતના ભેદ સમજનાર વિદ્વાનો કહે છે કે, કુદરતનો સ્વભાવ બહુ સખત છે. તેની પસંદગી બહુજ ઉંચા પ્રકારની છે. અને તેની પરીક્ષા બહુજ

આકરી છે. જેમ તેમ ચલાવી લેતાં કુદરતને આવડતું નથી. તેને તો બધું સારામાં સારૂં ને નિયમપૂર્વક જોઇએ છે. આપલ-પોપલીયાપણું કુદરતને ગમતું નથી. ઉપલકીઆપણું કુદરતને ગમતું નથી. ઢીલાપોચાપણું કુદરતને ગમતું નથી. બહારના ઉપલક આડંબરો કુદરત સહન કરી શકતી નથી. નબળા-પણાને કુદરત નિભાવી શકતી નથી. કુદરત વિકારોને વશ થતી નથી. કુદરત કોઇની દયા ખાતી નથી. અને કોઇની ઉપર દયા કરતી નથી કે પોતે કોઇની દયા માગતી નથી. કુદરત કદિપણ પોતાના નિયમો ફેરવતી નથી. કુદરત કદિપણ હાએ હાપણું ચલાવતી નથી. કુદરત કદિપણ બહારના ધર્મમાં રહી જતી નથી કુદરતના કદિપણ અકસ્માત થતા નથી. આપણને જે અકસ્માત થતા લાગે છે તે પણ કાંઇક કુદરતના નિયમોના આધારેજ થયેલા હોય છે. અને કુદરત કોઇપણ વખત કોઇ પણ દેશ ઉપર કોઇપણ લોકો ઉપર કોઇપણ વ્યક્તિ ઉપર પક્ષપાત કરતી નથી [illegible] નાતાના [illegible] કાયદાઓ [illegible]

કુદરત [illegible] તેની બીજી બાજુ જોતાં એમ [illegible] છે [illegible] [illegible]

જગતના બીજા અનેક જીવોને પણ અનેક પ્રકારના લાભો થઇ શકે છે. માટે આપણે કુદરતના નિયમો જાણવા જોઇએ, ને તેની પરીક્ષામાં પાસ થવાની કોશિશ કરવી જોઈએ. અને યાદ રાખજો કે કુદરતની પસંદગી બહુ સખતમાં સખત છે. જે ઊંચામાં ઊંચી કળાઓ હોય તેજ તેની પાસે નભી શકે છે. જે ઉંચામાં ઉંચા તથા ભલામાં ભલા વિચારો હોય તેજ તેની અંદર ટકી શકે છે. બાકી બીજા બધા વિચારો તથા વસ્તુઓ એની મેળે મેળે ટુંક વખતની અંદર નાશ પામી જાય છે. તેમજ નીતિ તથા ધર્મની બાબતમાં પણ સમજી લેવું કે, જેની નીતિ ઊંચામાં ઊંચી જાતની હોય અને જેનો ધર્મ કુદરતના નિયમ પ્રમાણેનો હોય તે માણસ તથા તે પ્રજાઓ દુનિયામાં ફતેહ મેળવી શકે છે. પણ જેની નીતિ શિથિલ હોય, અને જેનો ધમ બહારનાં સાધનો ઉપર રહેલો હોય તેવી નીતિ તથા તેવો ધમ કુદરતમાં લાંબો વખત ટકી શકતો નથી માટે આપણે જે જે કામો કરવા હોય તે સારામાં સારાં કરવાં જોઇએ, ઊંચામાં ઊંચા હેતુથી કરવાં જોઇએ, અને બહુજ બારીકીથી તથા બહુજ ચોકસાઇથી કરવાં જોઇએ, અને તેમા કોઈ પણ જાતની ભુલ ન રહી જાય તેની ખાન સંભાળ રાખવી જોઇએ.

આપણે જે જે કળાઓ કે હુન્નરો શીખીએ તેના મૂળ સુધી પહોંચવા કોશિશ કરવી જોઇએ. કળાઓના ભેદો જાણવા જોઇએ, અને હજી તેમાં વધારેમાં વધારે ખુબી કેમ આવે તેની તજવીજ કરવી જોઇએ, કારણ કે આપણે જે કાંઈ કરીએ છીએ તથા જે કાંઈ જાણીએ છીએ તે તો બહુજ થોડામાં થોડું છે, પણ જે નથી જાણતા ને નથી કરતા તેવું તો અગાધ છે. એનું તો તળીયુંજ નથી. એનો તો કિનારોજ નથી. અને એનો તો છેડોજ નથી, તેથી આપણે જેટલું કરીએ તેની પાર બીજું કાંઇક કરવાનું હોયજ છે. અને તે પણ કરીએ એટલે તેની પાર તે કરતાં વધારે સારૂં કાંઇક કરવાનું હોયજ છે. અને તે પણ કરીએ એટલે [illegible] તેથી પણ સારૂં કાંઇક કરવાનું તયાર [illegible] અનંત !

[illegible]

આ જગતમાં ઘણો વખત રાખવા ઈચ્છતાં હો તો બને તેમ સારામાં સારી કરવાની કાળજી રાખજો, અને તમારી ઈચ્છાઓને કુદરતને ગમે તેવી બનાવજો, તો તે ટકી. પણ કોઈ લોકો વખાણે તે સારૂ કાંઈ તે ટકી શકશે. પણ જ્યારે કુદરતને ગમશે ત્યારે તે ટકી શકશે.

આવીજ રીતે નીતિ, ધર્મ, તથા ફિલસુફી અને જ્ઞાનનાં પુસ્તકોમાં પણ જે છેવટમાં છેવટની બાબતો હશે, કુદરતના નિયમ પ્રમાણેની વાતો હશે, અને જે સર્વ દેશમાં તથા સર્વ કાળમાં કામ લાગી શકે તેવી બાબતો હશે તેમ છતાં જે સહેલામાં સહેલું હશે, તથા વહેવારમાં ઉપયોગી થઇ શકે તેવું હશે તેટલું ટકી શકશે, અને બાકીનું બધું એની મેળે મેળે ધીમે ધીમે નાશ પામશે. કારણ કે, કોઇ પણ ઢીલીપોચી, નબળી, કે સંશયી વસ્તુને કુદરત ટકવા દેતી નથી. માટે જો ખરી રીતે આગળ વધવું હોય, અપાટો બંધ આગળ વધવું હોય, અને ઘણા કાળ સુધી ટકી શકે તેવાં કામ કરવાં હોય તો જેમ બને તેમ ખૂબ ઊંડા ઉતરીને કુદરતના ભેદો સમજીને, અને કુદરતને મદદમાં લઇને કામ કરો. એટલે તમારા વિચારો, તમારી કળાઓ, તમારાં કામો તથા તમારા ધંધા તમોને ઘણી મોટી ફતેહ અપાવી શકશે. માટે થોડા ઘણાથી, સાધારણપણાથી, કામચલાઉપણાથી, અને ગુજરાનનાં સાધન મળે એટલાથીજ રાજી થઇ જાઓ તેમાં, પણ ખૂબ ઊંડા ઉતરીને કુદરતની સખત પરીક્ષામાં પણ પાસ થવાય તેવી રીતનાં કામો કરો. એટલે પરમ કૃપાળુ પરમાત્મા તમોને જરૂર ફતેહ આપશેજ. માટે સારામાં સારૂં કરવાની કોશિશ કરો.



૯૨–ધર્મ પાળવામાં તથા નીતિ રાખવામાં ખોરાક પણ બહુ ઉપયોગી છે, છતાં પણ એ વાત ભુલી જઇએ છીએ. માટે હવે ખોરાકની બાબતમાં ધ્યાન આપવાની મહેરબાની કરો.

ઘણા માણસોને ધર્મ પાળવો બહુ ગમે છે છતાં પણ તેઓ જેવો જોઇએ તેવો ધર્મ પાળી શકતા નથી. ઘણા માણસોને નીતિ રાખવી બહુ ગમે છે છતાં પણ તેઓ નીતિમાન રહી શકતા નથી. તેમજ આ માણસોને તનદુરસ્ત રહેવું બહુ ગમે છે, છતાં પણ ઘણા માણસો તનદુરસ્તી ભોગવી શકતા નથી. આનું કારણ શું ? એનાં ઘણાં કારણો છે, પ[illegible] બધાં કારણોમાં એક મુખ્ય કારણ એ છે કે, ખાવા પીવાના બાબતનાં જેઓ બેદરકાર હોય છે અને એ સબબ[illegible] નિયમો જેઓ જાણતા નથી તેઓ પોતાની બહુ ઇચ્છા [illegible] પણ નીત, ધર્મ, કે આરોગ્યતા મેળવી શકતા નથી કારણ કે વૈદક શાસ્ત્રનો તથા મહાત્માઓના ને શાસ્ત્રનો એ સિદ્ધાંત છે કે. ખોરાકની અસર શરીર ઉપર તથા મન ઉપર તુરતજ થાય છે. તેથી જો સારી જાતના ખોરાક ખવાય તો તેની સારી અસર થાય છે. અને જો ખરાબ જાતનો ખોરાક ખવાય તો તેની ખરાબ અસર થાય છે માટે ખાવા પીવાની બાબતમાં હરિજનોએ બહુજ સંભાળ રાખવી જોઇએ

ખોરાકના મુખ્ય [illegible] પ્રકાર છે એમ [illegible] શ્રીકૃષ્ણ ભગવાને શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહેલું છે કે:

आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।

रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्त्विकप्रियाः ॥

[illegible]

જે [illegible] સાત્વિક હોય તેઓને [illegible] તેવા [illegible] વધારે તેવ, [illegible] વધારે તેવ, આરો[illegible] વધારે તેવ [illegible] વધારે તેવ [illegible] વધારે તેવા, [illegible] સુવાળા, [illegible] ટકી શકે તેવ, અને મનને રૂચે તેવા ખોરાક [illegible] છે

સત્વગુણી માણસોને આવી જાતનું ખાવું પીવું ગમે છે. અને જે માણસોએ આગળ વધવું હોય તથા રૂડી રીતે ધર્મ પાળવો હોય તેવા માણસોએ પોતાનામાં સત્વગુણ વધે તેમ કરવું જોઈએ. અને સત્વગુણ વધે તેમ કરવા સારૂ સત્વગુણી વસ્તુઓનું સેવન કરવું જોઈએ. સત્વગુણી વસ્તુઓ ખાવી જોઈએ એટલુંજ નહિ પણ જે સત્વગુણી વસ્તુઓ ખાવી તેમાં પણ મિતાહાર કરવો જોઈએ.

મિતાહાર એટલે શું ?

* મિતાહારપણું એટલે નિયમસર ખાવું અને જરૂર જોગું ખાવું એ મિતાહારપણાનો સાધારણ અર્થ છે. પણ એના વિશેષ અર્થમાં ઘણીએ બાબતોનો સમાવેશ થાય છે, જેમ કે, મિતાહારપણું એટલે નિયમસર ખાવું એટલુંજ નહિ પણ એ ખાવાનું પોતાના જાત મહેનતથી મેળવેલું હોવું જોઈએ સત્વગુણી હોવું જોઈએ. નીતિને રસ્તે મેળવેલું હોવું જોઈએ. તેમાંથી પોતાના ભાઈ બંધુઓનો ભાગ કહાડેલો હોવો જોઈએ. વખતે વખતથી ભૂખ લાગી હોય ત્યારેજ ખાવું જોઈએ. પોતાની જઠરાગ્નિના પ્રમાણમાં ખાવું જોઈએ. જેમ બને તેમ સાદામાં સાદો ખોરાક ખાવો જોઈએ. પોતાના શરીરને માફક આવે તેવો ખોરાક ખાવો જોઈએ પોતાના શુદ્ધ અંતઃકરણના વિચારોથી વિરૂદ્ધ ન હોય તેવો ખોરાક ખાવો જોઈએ અને આવા ઉત્તમ પ્રકારનું જે ખાવાનું હોય તે કેવળ ભગવાનને ધરેલું હોવું જોઈએ. ત્યારેજ તે મિતાહાર કહેવાય છે એટલું બધું [illegible] વખતના [illegible] કોઈથી ન બની શકે તો એટલું, ખરું ભૂખ લાગે ત્યારેજ ખાવું અને [illegible] ન ખાવું એટલું તો [illegible] કયાં બને છે?

સત્વગુણી ખોરાક ખાવો અને તેમાં પણ મિતાહારપણું રહેવું એ [illegible] સુખનું કારણ છે કારણ કે એ એટલી [illegible] ન રહે તો ખોરાકની અસરથી શરીર તથા મન બગડે છે, [illegible] રીતે [illegible] થઈ શકતું નથી.

* [illegible]

અને ઈશ્વરમાં ચિત્ત રહેતું નથી. માટે પ્રથમ ખાવા પીવાની બાબતમાં ધ્યાન રાખવું જોઈએ

બીજા વર્ગના જે લોકો છે તેઓ રજોગુણી કહેવાય છે. તેઓને કેવો ખોરાક ગમે છે? એ માટે પ્રભુએ કહેલું છે કે,–

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ।
आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ॥

અધ્યાય ૧૭ મા શ્લોક ૯ મો.

ખાવા પીવાની જે વસ્તુઓ તીખી હોય, ખાટી હોય, ખારી હોય, અને જે બહુ ઉનું હોય, ગરમ ગુણવાળું હોય, લુખું હોય, બળતરા થાય તેવું હોય, દુઃખ થાય તેવું હોય, શોક થાય તેવું હોય અને રોગ થાય તેવું હોય તેવું ખાવાપીવાનું રજોગુણી માણસોને ગમે છે.

હવે જે ઉતરતા પ્રકારના માણસો હોય તેઓનું ખાવું પીવું કેવું હોય? તે બતાવવા માટે પ્રભુ કહે છે કે, –

यातयामं गतरसं पूति पर्युषितं च यत् ।
उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् ॥

અધ્યાય ૧૭ મા શ્લોક ૧૦ મો

ઘણો વખત થયા જે રાંધી રાખેલું [illegible] જે [illegible] વિનાનું હોય, જે દુરગંધવાળું હોય, જે વાસેલું [illegible] જે એંઠું હોય, અને જે અપવિત્ર હોય તેવું ભોજન તમોગુણી માણસોને વહાલું હોય છે

આવી રીતે ભોજન [illegible] [illegible] [illegible] તથા [illegible] જણાઈ આવે છે [illegible] [illegible] [illegible] તથા મન [illegible] [illegible] થાય છે [illegible] [illegible] હોય, [illegible] [illegible] અને ઊંચી જાતના [illegible] [illegible] તેવી [illegible] હોય તો ખાવાપીવાના [illegible] નિયમ [illegible] જોઈએ. એ માટે [illegible] [illegible] કે

શરીરના જેટલા જાતના [illegible] થાય છે [illegible] મનના જેટલી જાતના વિકારો થાય છે તેનાથી [illegible]

કે અથવા મનને અનુકૂળ ન આવે તે બનાવી દેનારાં યંત્રો તેમાં તૈયાર છે, અને જે ચીજોની તેને જરૂર હોય તેની માગણી કુદરતનાં કાયદા પણ તેમાં તૈયાર છે. આવી રીતની શરીરની તથા આત્મા પોતાની વસ્તુઓની બનાવટ હોવાથી આપણને તે તેને, યથાર્થ ઉપયોગ કરતાં આવડે તો કોઇ પણ જાતના રોગ શરીરમાં થઈ શકે નહિ. તથા કોઇપણ જાતના વિકારો મનમાં આવી શકે નહિ. પણ આ બધા નિયમો આપણે જાણતા નથી તેને લીધેજ રોગના તથા વિકારોના ગુલામ છીએ, અને તેને લીધેજ વહેલા મરી જઇએ છીએ, તથા મોક્ષ મેળવવાની તક ગુમાવી દઇએ છીએ. અને યાદ રાખજો કે, આ બધી કાંઈ કલ્પિત વાતો નથી. પણ શ્રીમદ્ ભાગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહેલું છે કે, જો મોક્ષ મેળવવો હોય, તો પૂર્ણતા કરનારો યોગ સાધવો જોઇએ. અને એ યોગ કરવા માટે "યુક્તાહાર" એ વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઇએ, અને યુક્ત શબ્દનો સાચો અર્થ સમજવો જોઇએ. એ માટે શાસ્ત્રમાં કહેલું છે કે, યુક્ત આહાર એટલે સત્વગુણી આહાર, યુક્ત આહાર એટલે પ્રકૃતિને માફક આવે તેવો આહાર, યુક્ત આહાર એટલે પોતાની સ્થિતિ તથા દેશકાળ પ્રમાણેનો આહાર. યુક્ત આહાર એટલે જરૂર જેટલુંજ ખાવું તથા જરૂરને વખતેજ ખાવું. યુક્ત આહાર એટલે શરીરમાં કોઈ જાતના રસ વધ્યા હોય કે ઘટ્યા હોય તો તેને નિયમિત કરી દેય તેવો આહાર. યુક્ત આહાર એટલે નીતિથી તથા ધર્મથી મેળવેલો હોય તેવો આહાર. અને યુક્ત આહાર એટલે મોક્ષના માર્ગમાં મદદગાર થાય તેવો આહાર આવી જાતનું જે ખાણુંપીણું હોય તે યુક્ત આહાર કહેવાય છે અને જ્યારે એવો યુક્ત આહાર હોય ત્યારેજ ઈશ્વરને પામવાનો યોગ સાધી શકાય છે એવા યુક્ત આહાર વિના બહુ ઉપવાસ કરીને અથવા ખૂબ ખાઈને કાંઈ યોગ સાધી શકાય નહિ. માટે પોતાની પ્રકૃતિને અનુકૂળ આવે તેવો વાજબી આહાર શોધી લેવો જોઇએ. અને એ શોધવું તેમાં પણ કાંઇ મુશ્કેલી નથી. કારણકે વૈદક શાસ્ત્રમાં તથા ધર્મ શાસ્ત્રમાં એ માટે ઠેકાણે ઠેકાણે ખુલાસા આપેલા છે, અને એ બધા ખુલાસા

[illegible] અંતઃકરણની [illegible] તથા [illegible] છે, અને જો [illegible] [illegible] નથી છે. માટે જો [illegible] કેમ [illegible] છે, [illegible] "[illegible]" [illegible] નથી, [illegible] છે, [illegible] છે [illegible]

[illegible] કે [illegible] વિના [illegible] વાતો [illegible] નથી, [illegible] વિના [illegible] વાતો કરવાથી [illegible] નથી.

[illegible]

વખાણ કરાવવા માટે ઘણી જાતનાં છટકાંઓ માંડી બેઠા હોય તેવા કારભારીઓ તથા ધર્મગુરૂઓ અદ્વૈતની ને વેદાંતની વાતો કર્યા કરે છે, તથા "आत्मवत्सर्वभूतेषु" એ સિદ્ધાંતનો ઉપદેશ આપ્યા કરે છે. જે માણસોને ધર્મ સાથે કાંઈપણ લેવા દેવા ન હોય, જે માણસો જરા પણ ધર્મ પાળતા ન હોય, જેઓ ધર્મના ઊંડા ભેદો સમજતા ન હોય, જેનાં આચરણો સારાં ન હોય, જેનામાં શ્રદ્ધા ન હોય, ઈશ્વરસંબંધી જેના વિચારોમાં કાંઈપણ ઢંગધડો ન હોય, અને ધર્મ સંબંધી બાબતમાં જેનો મત કાંઈ પણ કામનો ન હોય તેવા માણસો પણ ધર્મની વાતો કર્યા કરે છે, અને ધર્મનાં વ્યાખ્યાનો આપવા તૈયાર થઈ જાય છે. તેમાં જે માણસની ગાંઠેથી રોટીનું છુટતું ન હોય, જે માણસે પોતાની પાસે ઘણી સગવડો છતાં પોતાની આખી જીંદગીમાં કાંઈપણ જાણવા જેવું શુભ કામ કર્યું ન હોય, જે માણસ પરમાત્માની મરજી સમજતા ન હોય, જે માણસ "હું ને મારી વહુ ને એમાં આવ્યું સહુ" એવા સાંકડા વિચારના હોય, અને જે માણસોના આચરણમાં જરાપણ મોટાઇ ઉદારતા ન હોય તેવા માણસો. પણ પરમાર્થની મોટી મોટી વાતો કર્યા કરે છે. એટલુંજ નહિ પણ જે માણસોથી કાંઈપણ બની શકતું ન હોય. જે માણસોમાં કામ લેવાની આવડત ન હોય, જે માણસોમાં ઘણી જાતના બંધનોમાં પડેલા હોય. જે માણસો દેશકાળને ન સમજતા હોય, જે માણસો જનસ્વભાવને ન સમજતા હોય, જે માણસોએ જોવા લાયક દુનિયાં ન જોઈ હોય, જે માણસો પોતાના આચાર વિચારમાં ઢીલાઢબ હોય, જે માણસોના પોતાની અંદર માલ ન હોય પણ બીજાઓના દોર્યા દોરાતા હોય અને જે માણસોને કાંઈ લાગવગ ન હોય, તેમજ જે માણસોએ જે બાબતનો અભ્યાસ કર્યો ન હોય તેવી બાબતોમાં પણ તેઓ પોતાનો મત આપવા તૈયાર થાય છે અને રાજકીય, સાંસારી, ધાર્મિક, તથા સુધારકવાળી બાબતો ઉપર તેઓ જાહેર સભામાં ભાષણ કરે છે, અને પોતાના પંડને, પોતાના ઘરને પોતાના કુટુંબને, પોતાની જાતને, તથા પોતાના ગામને તો સુધારી શકતા નથી, ને દેશને

તથા દુનિયાને સુધારી નાંખવાની વાતો કર્યા કરે છે પણ આવા માણસોને એક ભારતરાજ મહારાજ કહેતા કે,—

મીઠાઈની વાતો કર્યા કરવાથી કાંઈ પેટ ભરાઈ જતું નથી. જેમકે કોઈને કહીએ કે, જલેબીનો સ્વાદ બહુ સારો હોય છે, તેથી મગજને બહુ ફાયદો થાય છે. બાસુદી ખાવાથી શરીરમાં શક્તિ આવે છે. આંબાનો રસ લોહીને સુધારનાર છે, અને કેરી પૂરીની મજે કાંઈ ઓરજ છે. મોહનથારમાં કસ્તુરી નાખી હોય ને સોનાનો વરખ મિલાવ્યો હોય તો શિયાળાના દહાડામાં બહુ ફાયદો થાય છે. જેની જઠરાગ્નિ સારી હોય તેને માટે મેસુબ પણ બહુ સારો છે. કોળાંપાક ને બદામપાક પણ મગજને બહુ સારી પુષ્ટિ આપે છે. ઘારીપુરી તથા ખાજા-ઢોકળાની મજે પણ કાંઈ ઓર છે. નાળિએરની ચટણી તથા દ્રાક્ષની ચટણી પણ બહુ સારી બને છે. આવી આવી વાતો ચોપડીઓ વાંચી વાંચીને કરીએ પણ એ ચીજો ખાવાની તક ન લઈએ તો માત્ર વાતોથી કાંઈ પેટ ભરાય નહિ, તેમજ ધર્મની, આત્માના કલ્યાણની, દુનિયામાં આગળ વધવાની ને ફતેહ મેળવવાની વાતો કરીએ પણ તે એ પ્રમાણે વરતીએ નહિ, તેના ખરા રસ્તા જાણીએ નહિ, એ સંબંધી આસપાસની હકીકતો જાણીએ નહિ. અને એમાં તનમનથી ધ્યાન આપીએ નહિ તો માત્ર વાતો કર્યા કરવાથી કાંઈ બહુ ફાયદો થઈ જાય નહિ. હવે આપણે વાતોમાંજ ન રહી જવું જોઈએ, પણ કાંઈક કામ કરી બતાવવું જોઈએ કારણકે હાલના જમાનામાં પહેલા પેટની પેઠે ચીજોનું નામ લઈને તે પ્રમાણે બોલી નાખવું એ તો બહુ સહેલી વાત છે. પણ જે બોલતા હોય તેમાંથી જે સાર [illegible] અઘરી આનો પણ પાછી બનાવવું એ મુશ્કેલ છે માટે યાદ રાખજો કે, બોલી નાખવું એમાંજ કાંઈ ખુબી નથી, પણ બોલવા પ્રમાણે કાંઈક કરી બતાવવું એમાંજ ખુબી છે. માટે જે બોલવું તે બહુજ વિચારીને બોલવું જોઈએ. જે બાબત ઉપર બોલવું તે બાબતનો ખાસ અભ્યાસ કરીને તથા તેમાં બહુ ઊંડા ઉતરીને બોલવું જોઈએ. જે બોલવું તે વજનદાર થઈ પડે તથા સામા જીવ માણસો ઉપર તેની

અસર થાય તેવી રીતે બોલવું જોઈએ. જે બોલવું તે બોલવાની જોખમદારી સમજીને બોલવું જોઈએ. કેમકે શબ્દો એ કાંઈ જેમ તેમ ફેંકી દેવા જેવી વસ્તુ નથી. માટે જે બોલવાથી આપણને પોતાને તથા બીજાઓને ફાયદો થાય તેવી રીતનું બોલવું જોઈએ. અને બોલવા કરતાં પાળી બતાવવા ઉપર વધારે ધ્યાન આપવું જોઈએ. કારણકે શીરાઇ ખાધા વિના શીરાઇની વાતો કરવાથી જેમ પેટ ભરાય નહિ, તેમજ ધર્મની તથા દુનિયાની ને વેપાર ધંધાની વાતો કરવાથી તે પ્રમાણે કરી બતાવ્યા વિના કાંઈ ફાયદો થાય નહિ ને સુખી વાતોમાં કાંઈ [illegible] થઈ જાય નહિ. માટે 'અધુરા' વાતો માત્ર ન કરતાં [illegible] જેમ બને તેમ [illegible]



૯૪—સુખ બે જાતનાં છે. પહેલું ખરૂં સુખ ને બીજું ખોટું સુખ. તેમાં જે ખોટું સુખ છે તે બહારથી આવે છે અને તે અધૂરું હોય છે. [illegible] જે ખરૂં સુખ છે તે [illegible] હોય છે.

[illegible]

ઈશ્વરની સાથેની આપણી એકતા સમજવી
એ સૌથી ઉંચી વાત છે. કારણ કે જેમ
એકયતાની ભાવના વધારે તેમ ઈશ્વરના
ગુણ ને તેની શક્તિ આપણામાં વધારે
આવે છે, તેથી પૂર્ણતાએ પહોંચી શકાય
છે. માટે ઈશ્વર સાથેની એકયતા
જીંદગીનું તત્ત્વ છે.

ધર્મનો મુખ્ય હેતુ શું છે? અને જીંદગીની સાર્થકતા શેમાં છે? એ વાત આપણે બરોબર રીતે જાણી લેવી જોઈએ. કારણ કે એ જાણવાથી આપણને રસ્તો સમજાઇ જાય છે. કેટલે દૂર જવાનું છે તે સમજાઈ જાય છે. કયે ઠેકાણે મુકામ કરવાનું છે ને જણાઇ આવે છે. કેટલી ઝડપથી ચાલવું જોઇએ તથા હાલમાં કેટલી ઝડપથી ચાલીએ છીએ તે સમજાઈ જાય . અને આગળ વધવાથી શું શું લાભ થાય છે તે પણ સમજાઇ જાય છે. માટે આપણે ધર્મનું તત્ત્વ જાણવું જોઇએ.

ધર્મનું તત્ત્વ તથા જીંદગીની સાર્થકતા શેમાં છે તે સમજાવવા માટે જગતના સૌ મહાત્માઓ તથા સૌ ધર્મશાસ્ત્રો કહે છે, મનુષ્યે પોતાની પૂર્ણતાએ પહોંચવું, અને આત્માનો પૂર્ણ વિકાસ થવા દેવો, તથા તેને બધી જાતના બંધનોમાંથી મુક્ત કરવો તેનું નામ ધર્મનું તત્ત્વ છે. ને તેનું નામ જીંદગીની સાર્થકતા છે. આપણે પાપણીયાના પડયું રહેવું ને તત્ત્વ સમજ્યા વિના નાડનાયા પ્રવાહની પેઠે નીચી પાછળ ચાલ્યા કરવું તથા ઘાણીના બળદની પેઠે ફરતીના ઘરડમાં ફર્યા કરવું તેનું નામ કાંઈ જીંદગીની સાર્થકતા નથી પણ જીંદગીને સુધારવી, જીંદગીમાં મીઠાશ લાવવી, જીંદગીને ઉપયોગી બનાવવી, જીંદગીને કિંમતી બનાવવી, જીંદગીને કીર્તિવાન બનાવવી, જીંદગીને અમર બનાવવી, જીંદગીને પૂર્ણ બનાવવી, જીંદગીને પવિત્ર બનાવવી, જીંદગીને નિસ્પૃહી બનાવવી, જીંદગીને ઉત્તમતાવાળી બનાવવી. જીંદગીનું બીજી વસ્તુઓ ઉપર ધણીપણું સ્થાપવું. જીંદગીને મોક્ષના રસ્તામાં આગળ વધવા માટે પાયો

ફળ્યા કરવા પડે છે, તથા વળી ભાવની
ભરી પડે છે. ત્યારે જરાક જેટલું સુખ મળે, અને તે સુખ
પણ જરાકજ વાર રહે છે. માટે જે સુખ અજ્ઞાનથી મળે છે
તે સુખ અધુરાં તથા દુઃખથી ભરેલાં હોય છે, જેથી
અજ્ઞાનીઓજ ખડયા રહે છે. માટે છેવટ સુધી એવાં ઉપાધિ
વાળાં ને અધુરાં સુખોમાંજ ન રહી જવાય એ સંભાળજો.

હવે જ્ઞાનીઓનાં સુખો કેવાં હોય છે તે જાણ આપણે. જ્ઞાનીઓ બહારની વસ્તુમાંથી સુખ શોધતા નથી, પણ પોતાની ફરજો બજાવવામાંથી સુખ શોધે છે. જ્ઞાનીઓ જ્ઞાનની [illegible] સુખ શોધે છે. જ્ઞાનીઓ દયા, કોમળતા, સૌંદર્ય, [illegible] વગેરે અંદરની ઉત્તમ લાગણીઓના વિકાસમાંથી સુખ શોધે છે. જ્ઞાનીઓ પોતાના અંતરના સંતોષમાંથી સુખ શોધે છે. જ્ઞાનીઓ બીજાને મદદ કરવામાંથી પોતાનું સુખ શોધે છે. જ્ઞાનીઓ બહારની વસ્તુઓને પાસે રાખવામાંથી નહિ, પણ તે વસ્તુઓ [illegible] ત્યાગ કરવામાંથી સુખ શોધે છે. જ્ઞાનીઓ આત્માના ઊંચી [illegible] વિચારોમાંથી સુખ શોધે છે. જ્ઞાનીઓ ઊંચી [illegible] ભાવનાઓમાંથી સુખ શોધે છે. જ્ઞાનીઓ [illegible]



૮૫-ઈશ્વરની સાથેની આપણી એકતા સમજવી એ સૌથી ઉંચી વાત છે. કારણ કે જેમ ઐકયતાની ભાવના વધારે તેમ ઈશ્વરના ગુણ ને તેની શક્તિ આપણામાં વધારે આવે છે, તેથી પૂર્ણતાએ પહોંચી શકાય છે. માટે ઈશ્વર સાથેની ઐકયતા જીંદગીનું તત્ત્વ છે.

ધર્મનો મુખ્ય હેતુ શું છે? અને જીંદગીની સાર્થકતા શેમાં છે? એ વાત આપણે બરોબર રીતે જાણી લેવી જોઈએ કારણ કે એ જાણવાથી આપણને સ્હેજે સમજાઇ જાય છે કેટલે દૂર જવાનું છે તે સમજાઈ જાય છે કયે ઠેકાણે મુકામ કરવાનું છે તે જણાઇ આવે છે. કેટલી ઝડપથી ચાલવું જોઇએ તથા હાલમાં કેટલી ઝડપથી ચાલીએ છીએ તે સમજાઈ જાય છે. અને આગળ વધવાથી શું શું લાભ થાય છે તે પણ સમજાઇ જાય છે. માટે આપણે ધર્મનું તત્ત્વ જાણવું જોઇએ.

ધર્મનું તત્ત્વ તથા જીંદગીની સાર્થકતા શેમાં છે તે સમજવા માટે જગતના [illegible] છે કે, મનુષ્યે પોતાની પૂર્ણતાએ પહોંચવું, અને આત્માને [illegible] વિકાસ થવા દેવો. તથા તેને [illegible] જીંદગીની સાર્થકતા [illegible] તત્ત્વ સમજવા [illegible]

[illegible]

આપવી, જીંદગીમાં અનંતકાળની ખરેખરી શાંતિ ભરવી, અને આ જીંદગીની અંદરજ પોતાનું અસલ સ્વરૂપ સમજી જવું તથા તેને મેળવી લેવું એજ જીંદગીની સાર્થકતા છે, ને એજ ધર્મનું તત્વ છે.

ઉપર મુજબ ધર્મનું તત્વ તથા જીંદગીની સાર્થકતા જાણ્યા પછી હવે આપણે એ જાણવું જોઇએ કે, એવી સાર્થકતા આપણને કેમ મળી શકે? એના જવાબમાં દુનિયાના સૌ મતો તથા ધર્મશાસ્ત્રો કહે છે કે, આ જગતમાં જે એક પરમ તત્વ છે. જે તત્વમાંથી આ બધું બ્રહ્માંડ ઉત્પન્ન થયું છે, અને જે તત્વમાં અંતે સૌ સમાઇ જાય છે તે તત્વને જાણવું જોઈએ, ને તેની સાથે એકતા અનુભવવી જોઈએ, ત્યારેજ જીંદગીની સાર્થકતા થાય છે. એ પરમ તત્વને કોઇ ઈશ્વર કહે છે. કોઈ ખુદા કહે છે. કોઇ ગોડ કહે છે. કોઈ શિવ કહે છે. કોઇ શક્તિ કહે છે. કોઇ રામ કહે છે. કોઈ કૃષ્ણ કહે છે. કોઈ કુદરત કહે છે, અને કોઈ તેને અનિર્વચનીય એટલે કે વાણીથી કહી શકાય નહિ તેવું કહે છે. આવી રીતે જુદી જુદી ભાષામાં તથા જુદા જુદા ધર્મમાં એ પરમ તત્વનાં જુદાં જુદાં નામો હોય છે. પણ જુદા જુદા નામે તથા જુદી જુદી ક્રિયાઓ અને જુદા જુદા વિધિ નિષેધો મારફત તો લોકો એકજ પરમ તત્વને જાણવા તથા પામવા કરછે છે. કારણ કે, એ પરમ તત્વ છે. એ સર્વ શક્તિમાન છે. તે અનંત ગુણવાળું છે. તેની અંદર બીજરૂપે, વૃક્ષરૂપે, તથા ફળરૂપે સઘળું રહેલું છે. તે મોટામાં મોટું છે. તે અજન્મ છે. તે અનંત છે. તે એકજ છે. તે સર્વવ્યાપક છે. તે આપણી અંદર પણ છે, અને આપણી બહાર પણ છે. તેમાંથી સૌને પોષણ મળે છે. તે જીવોને જીવન આપનાર છે. તે જ્યોતિનું પણ જ્યોતિ છે. તેના જેવું બીજું કોઇપણ નથી. તે જુદા જુદા સંજોગમાં જુદ. જુદા રૂપે દેખાય છે. તે ગુમમાં ગુમ છે, તે પાસેમાં પાસે છે. તે દૂરમાં દૂર છે. તે સમજવામાં સહેલામાં સહેલું તથા મુશ્કેલમાં મુશ્કેલ છે. તે આપણા જીવનનો આધાર છે, ને તે સૌનું [illegible] છે. કારણ કે એમાંથીજ બધું છે. અને અંતે એમાંજ

લે! જાણી જવાનું છે. માટે એવા અલૌકિક તત્વને જાણવું, એવા પરમ તત્વને જાણવું, એવા અદ્દભુત તત્વને જાણવું, અને એવા મહાન તત્વને જાણવું તથા તેની સાથે એકતા અનુભવવી એજ જીંદગીની સાર્થકતા છે. અને એજ ધર્મનું છેવટમાં છેવટનું તત્વ છે. કારણ કે જેમ અગ્નિના સંયોગથી લાકડું તથા લોઢું પણ અગ્નિરૂપ બની જાય છે તેમ ઈશ્વર સાથેની એકતાથી માણસમાં પણ ઈશ્વરના ગુણ તથા તેની શક્તિઓ આવી જાય છે અને અંતે જતાં તેનો આત્મા ઈશ્વર રૂપ બની જાય છે. માટે યાદ રાખજો કે, જેટલે દરજ્જે જીવ ઈશ્વરની સાથે એકતા પામી શકે છે. તેટલે દરજ્જે તેનું જ્ઞાન તથા તેની શક્તિ વધતાં જાય છે. જેટલે દરજ્જે માણસ પરમ તત્વની સાથે એકતા પામી શકે છે તેટલે દરજ્જે તેને આડે આવતા પડદા ઉંચકાઈ જાય છે. તેટલે દરજ્જે તેનો ભય ભાગી જાય છે. તેટલે દરજ્જે તેનું હૃદય વિશાળ થઇ જાય છે, અને તેટલે દરજ્જે તે અખંડ શાંતિ તથા મહાન ઐશ્વર્ય ભોગવી શકે છે માટે જો આ બધું મેળવવું હોય ને જીંદગીની સાર્થકતા કરવી હોય તો પરમ તત્વની સાથે એકયતા કરતાં શીખો, પરમતત્વની સાથે ઐકયતા કરતાં શીખો.

૬૬—આપણી ઉપર રહેલી જવાબદારી સમજવા માટે તથા આપણી જીંદગી સુધારવા માટે આપણા મનનું બળ કેટલું છે અને તેનો સ્વભાવ કેવો છે તે બરોબર રીતે જાણી લેવું જોઇએ.

બંધુઓ ! આ દુનિયામાં અનેક જાતના જીવો છે. અસલના લોકોએ ચોરાશી લાખ જાતના જીવો છે એમ કહેલું છે, પણ એ બધી જાતના જીવોમાં માણસો સૌથી શ્રેષ્ઠ છે. અને મનુષ્યનો અવતાર સૌથી ઉત્તમમાં ઉત્તમ છે એ વાત દરેક ઠેકાણે બહુ ભાર મૂકીને કહેવામાં આવેલી છે. હવે વિચાર કરવો જોઇએ કે, જે માણસ ચોરાશી લાખ જાતના

જીવોમાં સૌથી શ્રેષ્ઠ હોય તે માણસની ઉપર જવાબદારી પણ કેટલી બધી મોટી હોય ? કેટલી બધી વિશાળ હોય, બધી અગત્યની હોય ? અને કેટલી બધી ઉત્તમ તથા હોય ? તેનો વિચાર કરવો જોઇએ. એ વિચારતાં એમ છે કે, જગતના બીજા સૌ જીવો કરતાં માણસોની ઉપર મોટી ગંભીર જવાબદારી રહેલી છે, અને એ મૂળ પાયો એ છે કે, દરેક માણસે પોતાની શક્તિના ણમાં તથા પોતાની સ્થિતિના પ્રમાણમાં દરેક ક્ષણે વધવું જોઈએ, જેમ બને તેમ પ્રભુના રસ્તામાં ચાલવું જોઈએ જેમ બને તેમ જ્ઞાનના માર્ગમાં ચાલવું જોઈએ. જેમ બને તેમ પ્રેમધર્મના માર્ગમાં ચાલવું જોઇએ. જેમ બને તેમ બીજાઓને મદદ કરવી જોઈએ. જેમ બને તેમ ઊંચામાં ઊંચી જાતનું જીવન ગાળવું જોઇએ. અને જેમ બને તેમ પોતાના આત્માની આડે આવનાં આવરણો ઓછાં થાય તેમ કરવું જોઇએ. જ્યારે એમ થાય ત્યારે આપણે આપણી ઉપરની જવાબદારી સમજ્યા કહેવાય. પણ આ બધું થવાનો આધાર મનની સ્થિતિ ઉપર છે માટે મનનું બળ કેટલું છે ? મનનો સ્વભાવ કેવો છે ? અને મનને કેમ સુધારવું ? એ હકીકત પ્રથમ જાણી લેવી જોઇએ.

બંધુઓ ? મહાત્માઓ કહે છે કે, મનનું બળ બેહદ છે. જગતમાં એવી કોઈ પણ વસ્તુ નથી કે જેને મન મેળવી ન શકે. મનનું બળ અલૌકિક છે. મનની શક્તિઓ અનેક છે. મનના જુસ્સાઓ ઘણા છે. મનમા અનેક જાતની લાગણીઓ રહેલી છે. મન બધી ઈન્દ્રિયો ઉપર હુકમ ચલાવી શકે છે. મન સ્વર્ગમાં જઈ શકે છે, અને મન નરકમાં પણ જઈ શકે છે. મન માયાના પડદાઓ રચી શકે છે, અને મન એ પડદાઓનો નાશ પણ કરી શકે છે. એટલુંજ નહિ પણ અનેક જાતના ચમત્કારો મનના બળથીજ કરી શકાય છે. અનેક જાતની સિદ્ધિઓ મનને વશ કરવામાંથી મેળવી શકાય છે, અને અનંત કાળનાં અખંડ સુખો પણ મનની મદદથીજ મેળવી શકાય છે. આવું અદ્ભુત બળ મનમાં રહેલું છે, માટે શાસ્ત્રોમાં

એમ કહેલું છે કે, મન શબ્દ ઉપરથી મનુષ્ય શબ્દની ઉત્પત્તિ થએલી છે. માટે મનનું બળ જાણ્યા પછી હવે મનનો સ્વભાવ જાણ્યો જોઈએ. તથા મન કેવી રીતે કામ કરે છે તેની કુંચીઓ જાણી લેવી જોઈએ. એ માટે મનનો અભ્યાસ કરનાર વિદ્વાનો કહે છે કેઃ—

મનનો સ્વભાવ બહુજ ચંચળ છે. તે ઇન્દ્રિયોને હચમચાવી નાખે છે. તે જેવા સંજોગોમાં આવે તેવું બની જાય છે. તે એક ક્ષણ પણ નવરૂં રહેતું નથી. તે સંકલ્પ વિકલ્પની સાથે કોટથાજ કરે છે. તે કોઇ વખત ન માનવા જોગ બાબતોને પણ માની લે છે, અને કોઈ કોઇ વખત માનવા જેવી બાબતોને પણ તે માનતું નથી. તે કોઇ કોઇ વખત બહુજ ઉંચે ચઢી જાય છે, અને વધુ બાગે તે નીચેને નીચેજ રહે છે. તેને અનેક જાતના પ્રપંચો ગમે છે. તેને ઇન્દ્રિયો સાથે તેના વિષયોમાં રમવાનો બહુ શોખ છે. તે ઘડીકમાં પકડાતું નથી. તે કોઇથી હારતું નથી. ને હારેલું કે મુઇ ગએલું દેખાય તેમ છતાં ફરીથી પાછું સજીવન થઇ જાય છે. તેનામાં ભરતી ઓટ થયા કરે છે. તે સ્થિતિસ્થાપક જેવું છે, અને તે કુદરતનું મદદગાર છે, તેમજ સેતાનનું પણ મદદગાર છે. એવું અટપટા સ્વભાવવાળું મન છે, ને તેમ છતાં બહુ બળવાન છે, અને જીંદગી સુધારવાની ચાવી તેનાજ હાથમાં છે. માટે હવે આપણે આપણા મનને સુધારવાના ઉપાયો જાણી લેવા જોઈએ

આપણે એમ સમજીએ છીએ કે બહારના સંજોગોને આધારે મન પોતાનો કારભાર ચલાવ્યા કરે છે. તેથી જો સંજોગો સારા હોય તો માણસ સારૂં થાય છે, અને સંજોગો નઠારા હોય તો માણસ ખરાબ થાય છે આ પ્રમાણે લોકો માન્યા કરે છે, પણ જેણે મનના સ્વભાવનો અભ્યાસ કરેલો છે તેઓ એમ કહે છે કે, બહારની વસ્તુઓ મન ઉપર અતિશય અસર કરી શકતી નથી. પણ મન પોતેજ જ્યારે મુંઝી જાય, મનને અંદરથી જ્યારે એ વસ્તુઓ ગમતી હોય ત્યારેજ તે વસ્તુઓ મન ઉપર અસર કરી શકે છે. મનને ન ગમતી

હોય તેવી ચીજો મન ઉપર અસર કરી શકતી નથી. હોવાથી મનની અંદર જે જે વાસનાઓ રહેલી હોય, જે વિચારો થતા હોય અને જે જે ઘાટ ઘડાયા કરતા હોય તે પ્રમાણે સંજોગો આવી મળે છે. અને તે પ્રમાણે બનાવો કરે છે. માટે આપણે આપણા મનને અંદરથી સુધારવાની કોશિશ કરવી જોઈએ. જેનાં મન અંદરથી મજબુત થયાં હોય અને જુદી જુદી ઉત્તમ ભાવનાઓમાં રચીપચી હોય તે માણસોની આગળ બહારના ગમે તેવા ખરાબ આવે તો પણ તેઓની ઉપર કાંઇ અસર થતી નથી. હુંજ નહિ પણ આપણે એમ પણ જોઈએ છીએ કે, કોઈ પણ વસ્તુ માટે અથવા કોઈ પણ બાબત માટે જ્યારે બહુ દૃઢતાપૂર્વક મનમાંથી એમ ઠરાવ કરીએ છીએ કે, ચીજ આપણે કરવીજ નથી. ત્યારે એ ચીજ માટે પછી ગમે તેટલાં સાધનો મળે તો પણ તે કરવાનું મન થતું નથી. કારણ કે અંદરથી મનનું ચક્કર બદલાઇ ગએલું હોય છે. તેથી બહારની વસ્તુઓ તેની ઉપર અસર કરી શકતી નથી. આવી રીતે દરેક બાબતો તથા દરેક પ્રસંગો માટે સમજવાનું છે, અને તેમાંથી એજ શીખી લેવાનું છે કે, જો આપણે આપણા મનને અંદરથી મજબુત બનાવીએ તો બહારના સંજોગો તેને અડચણ કરી શકતા નથી. માટે મનને અંદરથી મજબુત બનાવવું જોઈએ. અને તેને અંદરથી મજબુત બનાવવા માટે જે જાતનું જીવન ગાળવા આપણે ઇચ્છતા હોઈએ તે જાતના વિચારોમાં રમણ કર્યા કરવું જોઈએ, તે જાતના વિચારોનો અભ્યાસ કર્યા કરવો જોઈએ. તે જાતના વિચારોમાં રચ્યુંપચ્યું રહેવું જોઈએ, અને તે જાતની સોબતમાં રહેવું જોઇએ. એટલે ધીરે ધીરે તે જાતનું મનનું વલણ થઇ જાય છે. એ પછી બહારની વસ્તુઓ તેને બહુ અસર કરી શકતી નથી. માટે બહારની વસ્તુઓને તથા બહારના સંજોગોને સુધારી દેવાની જેટલી કોશિશ કરીએ છીએ તે કરતાં અંદરથી આપણા મનને સુધારવાની વધારે કોશિશ કરવી જોઈએ. કારણ કે બહારના સંજોગો સુધારવા એ વધારે મુશ્કેલ છે, બહાર

આ પ્રશ્નો સુધારવા એમાં બીજાઓને આધારે રહેવાનું હોય છે પણ પોતાના મનને અંદરથી સુધારવું તેમાં કાંઈ બીજાઓને આધારે રહેવું પડતું નથી. માટે એ કામ જલદીથી થઈ શકે એવું છે. એવું જો કરતાં આવડે તો જીંદગીની દિશાઓ ફેરવી નાખવામાં કાંઈ વાર લાગતી નથી, માટે જીંદગીને ઉત્તમ બનાવવા સારૂ પ્રથમ પોતાના મનને અંદરથી સુધારવાની કોશિશ કરો. અને અંદરથી મનને સુધારવા માટે કોઈ પણ ભલામાં સારા વિચારમાં તેને રોકી રાખવાની કોશિશ કરો. અને વારંવાર ફરી ફરીથી એ પ્રયત્ન કરો, એટલે ધીરે ધીરે અંદરનું મન સુધરી જશે, તેથી આગળ જતાં નવી જીંદગી આવી જશે, અને આખું જીવન બદલાઈ જશે. તે જાણે નવો અવતાર થયો હોય તેવું બની જશે માટે અંદરના મનને સુધારવાની કોશિશ કરો અંદરના મનને સુધારવાની કોશિશ કરો

૯૩-આપણા લોકો નસીબને બહુજ માને છે, માટે આપણી જીંદગીના સારા કે માઠા બનાવો બનવામાં નસીબની સત્તા કેટલી છે? તેનો ખુલાસો.

આપણા [illegible]

પછી અગ્નિની જરૂર પડે છે. ચુલાની જરૂર પડે છે. વાસણની જરૂર પડે છે. પાણીની જરૂર પડે છે. જુદી જુદી જાતના મસાલાઓની જરૂર પડે છે. રસોઈ કરનારની જરૂર પડે છે. અને રસોઈ બનાવવાના જ્ઞાનની જરૂર પડે છે. તથા અગ્નિ ઉત્પન્ન કરવાનાં સાધનો જેમ કે, લાકડાં, કોલસા, તેલ, ગેસ કે વીજળી વગેરેની જરૂર પડે છે. આવી આવી ઘણી ચીજોની મદદ હોય ત્યારે રસોઈ બની શકે છે. કાંઈ એકલા અનાજથી એકલા પાણીથી, એકલા અગ્નિથી, કે એકલા વાસણથી રસોઈ બની જતી નથી. તેમજ એકલા પ્રારબ્ધથી આપણી જીંદગીના સારા કે માઠા બનાવો બની જતા નથી. પણ જ્યારે તેની સાથે અનેક પ્રકારની બીજી સગવડો મળે ત્યારેજ તેમાંથી સારા કે માઠા બનાવો બને છે. જેમ કે:—

આપણું હાથે જે કાંઈ સારા કે માઠા બનાવો બને છે તેમાં પૂર્વના સંસ્કારોની મદદ હોય છે, એ વાત ખરી છે, પણ તેની સાથે બીજી ઘણી બાબતો હોય છે, અને તે બધી બાબતોને આપણે ભૂલી જવી જોઈએ નહિ આપણી ઉપર જેમ પૂર્વના સંસ્કારોની અસર થાય છે તેમજ આપણા માબાપોના ગુણ દોષની પણ અસર થાય છે આપણા કુટુંબના જે કે ઠીક જાતના સદ્‌ગુણો, દુર્ગુ[illegible] કે કેળ[illegible] આવતા [illegible] તેની પણ અસર થાય છે [illegible] પડતા જે કેટલી જાતના ખાન [illegible] હોય તેના પણ અસર [illegible] છે. આપણું [illegible]

[illegible]

રસ્તા ઉપર વિચાર કરવાનું તથા કામ કરવાનું સૂઝે છે માટે આપણા ઉપર નસીબની સત્તા કેટલી છે. આસપાસના સંજોગોની સત્તા કેટલી છે? અને આપણી સ્વતંત્રતા કેટલી છે? તથા પરમકૃપાળુ પરમાત્માની મદદ કેટલી છે? તેનો ખરો ખ્યાલ કરતાં શીખો. તેનો ખરો ખ્યાલ કરતાં શીખો. એટલે જીંદગી સુધારવામાં ઘણી મદદ મળશે. અને ઘણોજ ફાયદો થશે.

૯૮–મહાત્મા એટલે શું? અને મહાત્મા કોને કહેવા? તેનો ખુલાસો.

આજકાલ ઘણાએ જાતીના માણસોને તથા જેઓ આડંબરવાળા હોય, ભગવાં કપડાંવાળા હોય, જરા વાચાળ હોય, જેને સારી રીતે ધર્મની વાતો કરતાં આવડતી હોય, જેને જમાના અનુસાર ટીલાટપકાં રાખતાં આવડતું હોય, જેને વંશપરંપરાની ગુરૂની કે બાપની ગાદી મળી ગઈ હોય, જેને કાન ફુંકવાનો ધંધો કરતાં આવડતું હોય અને જેને લોકોની આંખો આંજતાં આવડતું હોય તેને બિચારા ભોળા અને અજ્ઞાન લોકો મહાત્મા કહે છે પણ વેદાન્તવેત્તા પંડિતો કહે છે કે, એવા લોકો મહાત્મા નથી, પણ મહા તમા કહેવાય છે અને તેનો અર્થ એમ કહે છે કે, મહા એટલે મોટું, અને તમ એટલે અંધારૂં. [illegible] મહાત્મા કહીએ [illegible] છે, અને ઘણું ખોટી [illegible] છે [illegible] ચરિત્ર શુદ્ધ ન હોય, [illegible] ન હોય, પોતાની [illegible] ચાલવાની [illegible] સમજતા હોય [illegible] તેથી વિરૂદ્ધની [illegible] જેઓમાં એકનો ત્યાગ કે [illegible] જ્ઞાન ન હોય, [illegible] ઉપનો પૂરો [illegible] ન હોય અને જેઓ [illegible] પોતાના [illegible] ઘડીકવારમાં

પગલે વધારવા સારૂ કરીનેજ લોકો પાસેથી પૈસા કઢાવવાની અનેક જાતની યુક્તિઓ કરતા હોય ને જાળ બીછાવતા હોય તેઓ મહાત્મા નથી, પણ તેઓ મહાતમા છે. એટલું જ નહિ પણ તેઓ સહેજ ઠગ કહેવાય છે. અથવા સોનેરી ટોળીવાળા ગણાય છે. ફેર માત્ર એટલોજ કે, સોનેરી ટોળીવાળાઓ કોઈ વખત કાયદાના બંધનોમાં સપડાઈ જાય છે, અને આવા સહેજ ઠગો-પોતાની મેળે પોતે મહાત્મા બની ગયેલા ધસર પટેલો કાયદાની ગુંચાલમાં આવતા નથી; એટલો તફાવત છે. બાકી લોકો પાસેથી પૈસા કઢાવવાની બાબતમાં તેઓ દરેક રીતે સોનેરી ટોળીને મજાતાજ હોય છે. માટે ભાઈઓ ને બહેનો! એવા સહેજ ઠગોને મહાત્મા સમજવાની ભૂલ કરશો માં, અને એવાઓની જાળમાં સપડાઈ જશોમાં.

ત્યારે હવે સવાલ એ છે કે, મહાત્મા એટલે શું? અને મહાત્મા કેવા હોય? એના જવાબમાં શાસ્ત્રો તથા ડાહ્યા માણસો કહે છે કે, જે પોતે હજી મનુષ્યના દેહમાં હોય છતાં જેનામાં ઈશ્વરી શક્તિ આવી ગયેલી હોય, અને જેને બીજાં કોઈ પણ જાતનાં બંધનો પોતાના બળથી બાંધી શકતાં ન હોય, પણ જે માત્ર પોતાના મનથીજ બંધાતા હોય અને જેનું ચારિત્ર ઘણું પવિત્ર હોય, તથા જેના [illegible] વિકાસ [illegible] હોય તે મહાત્મા કહેવાય છે [illegible] કામ એવું કે [illegible] વના જે મનુષ્યના જેવા [illegible] હોય છે છતાં પણ [illegible] પુરૂષાર્થના બળે તથા ચારિત્રના [illegible] જેનામાં [illegible] શક્તિ આવી ગઈ હોય તે મહાત્મા કહેવાય છે

[illegible]

પોતાના અખ્તીયારમાં રાખવા જેટલી હજી માણસોમાં સત્તા આવેલી નથી. એ શક્તિઓને જીરવવા જેટલું હજી માણસોમાં બળ આવેલું નથી. એ શક્તિઓના ભેદ સમજાઈ જાય તેટલો માણસોને હજી અનુભવ થયો નથી. અને એ શક્તિઓની આડે રહેલો પડદો ઉંચકાઇ જાય તેટલો હજી મનુષ્યમાં પુરૂષાર્થ નથી, માટે ઘણીએ મહાન શક્તિઓ સાધારણ મનુષ્યથી અદૃશ્ય રહે છે. આવી અદૃશ્ય રહેલી કુદરતી દૈવી શક્તિઓને જગતના કલ્યાણમાં વાપરવી એ મહાત્માપણું છે. આવી દૈવી શક્તિઓને સ્વર્ગમાંથી આ પૃથ્વી ઉપર ખેંચી લાવવી તેનું નામ મહાત્માપણું છે. જે માણસોને આવી અમૂલ્ય શક્તિઓની ખબર નથી તેને તે બાબતની ખબર પાડવી અને તેઓને એમ બતાવી દેવું કે. આવી અદ્ભૂત શક્તિઓ તમારામાં રહેલી છે, માટે તેનો લાભ લો એમ કરવું તેનું નામ મહાત્માપણું છે. મનુષ્યનો આત્મા કેટલી હદ સુધી છુટો થઈ શકે છે, કેટલી હદ સુધી આગળ વધી શકે છે, અને કેટલી હદ સુધી કુદરતના ભીતરમાં પેસી શકે છે, તે દુનિયાને બતાવી દેવું તથા શીખવી દેવુ તેનું નામ મહાત્માપણું છે એટલુંજ નહિ પણ બહારના કોઇપણ જાતનાં બધનો જેને પોતાના બળથી બાંધી શકે નહિ, પણ જે બધાં જાતના બધનોની પાર નીકળી જાય અને માત્ર પોતાની મરજી પડે તેટલાજ બંધનોમાં બંધાય, તે મહાત્મા કહેવાય છે મતલબ કે સારા માણસોમાં દયા, ધર્મ, નીતિ, સત્ય, ક્ષમા, ન્યાય, પરોપકાર વગેરે જે જે સારા ગુણો રહેલા હોય છે તે બધા ગુણો જેનામાં બહુજ સારી રીતે ખીલેલા હોય, એટલુંજ નહિ પણ એ સિવાય બીજા દૈવી ગુણો તથા દૈવી શક્તિઓ પણ જેનામા આવી ગઇ હોય તે મહાત્મા કહેવાય છે. આમ હોવાથી જે મહાત્માઓ હોય છે તે બીજાઓની પાસેથી કાંઇ પણ ચીજ લેવાની ઇચ્છા રાખતા નથી, પણ બને એટલા પોતાના સદ્ગુણો બીજાઓને આપેછે. અને જેમ પોતાના આત્માનો વિકાસ થયેલો છે તેમ બીજા લોકોના આત્માનો તેઓના પ્રમાણમાં વિકાસ થાય એવી જાતનાં કામો તેઓ કરે છે, માટે મહાત્મા

આ બધી વાતો ઉપરથી હવે સમજી શકાય તેમ છે કે, સાધારણ માણસોમાં અને મહાત્માઓમાં ઘણોજ તફાવત હોય છે. કારણકે સાધારણ માણસો પોતાના આત્માનો વિકાસ થવા દેતા નથી, પણ મહાત્માઓ પોતાના આત્માનો વિકાસ થવા દે છે. સાધારણ માણસો બીજાઓને આગળ વધારવાની કોશિશ કરતા નથી, એટલુંજ નહિ પણ ઉલટા જે આગળ વધતા હોય તેઓની પણ આડા આવ્યા કરે છે, પણ જે મહાત્માઓ છે તે પોતે દુઃખ ખમીને પણ બીજાઓને આગળ વધારવામાં મદદ કરે છે. સાધારણ માણસો અનેક જાતના નજીવા નજીવા બંધનોમાં એ બંધનોના બળને લીધેજ પડયા રહે છે, પણ જે મહાત્માઓ હોય તેઓ કોઇ પણ જાતનાં બંધનોમાં પડયા રહેતા નથી. ને કોઈ પણ જાતનાં બંધનો બળાત્કારથી તેઓને બાંધી રાખી શકતાં નથી. માત્ર પોતાની ખુશીથી અમુક કામ કરવા સારૂ અમુક જાતનાં બંધનો અમુક વખત સુધી તેઓ સ્વીકારે એ જુદી વાત છે.

કુદરતમાં મનુષ્ય જાતને માટે કેટલો બધો ખજાનો ભરેલો છે, અને કેટલી થોડી મહેનતમાં કેટલી બધી અમૂલ્ય વસ્તુ મળે છે તેનો ખ્યાલ સાધારણ ગામડી લોકોને હોતો નથી. પણ મહાત્માઓએ તો કુદરતનો અખૂટ ભંડાર જોયેલો હોય છે. તેથી તેઓના ચક્ષુમાં નવી રોશની આવી ગએલી હોય છે, તથા તેઓના અંતરમાં નવું બળ આવી ગએલું હોય છે. સાધારણ માણસોમા અસુરવૃત્તિનું પ્રાધાન્યપણું હોય છે તેથી તેઓ મોહમાં પડયા રહે છે, તમોગુણી રહે છે. હલકા પ્રકારના ટંટટમાં રહે છે, અને નાની નાની ચીજોથી રાજી થઇ જાય છે. પણ જે મહાત્માઓ હોય છે તેઓમાં દૈવી સંપત્તિનું પ્રાધાન્ય હોય છે તેથી તેઓ બીજા વહેવારીક સાધારણ માણસના કરતાં દરેક બાબતોમાં હજારોગણા શ્રેષ્ટ છે

વહેવારીક માણસોમાં આ દુનિયાદારીની શક્તિઓ પણ સારી રીતે ખીલેલી હોતી નથી ત્યારે બીજી વધારે ઉંચી શક્તિઓની તો વાતજ ક્યાં કરવી ! પણ એને માટે મહા

ત્માઓમાં પરમેશ્વરની અનેક શક્તિઓ સંપૂર્ણ રીતે ખીલવા ઉપરાંત બીજી દૈવી શક્તિઓ પણ બહુ સારી રીતે ખીલેલી હોય છે. અને જગતને તેનો બહુ મોટો લાભ મળે છે. માટે તેઓ મહાત્મા કહેવાય છે.

બંધુઓ ! ખરા મહાત્માઓમાં અને સાધારણ વહેવારી લોકોમાં આટલો બધો તફાવત હોય છે. માટે કોઈપણ સ્વાર્થી મૂર્ખશાઓને મહાત્મા સમજવાની ભૂલ કરો માં, પણ જેમ બને તેમ તમે પોતે આવી જાતના સાચા મહાત્મા બનવાની કોશિશ કરો. સાચા મહાત્મા બનવાની કોશિશ કરો.

૯૯—આપણે આપણી જીંદગીની કિંમત તથા જીંદગીના હેતુઓ સમજતા નથી, તેથી આપણે અધુરૂં, ટુંકું, ને ઉતરતાવાળું જીવન ગાળીએ છીએ, પણ યાદ રાખજો કે, કુદરત સાથેની એકતાવાળું, ઉંચું ને સંપૂર્ણતાવાળું જીવન કાંઈક જુદુંજ હોય છે.

બંધુઓ! [illegible]

મળે તથા મોજશોખનાં ઘણાં સાધનો મળે એટલાજ સારૂ કાંઈ આપણને જીંદગી આપવામાં આવી નથી. બે ચાર ચોપડી કે પાંચ સાત ચોપડી પરાણે પરાણે સમજ્યા વિના ભણી લઈએ અને તે પણ આપણી ખુશીથી નહિ પણ માબાપના દબાણથી, રાજ્યના કાયદાથી, કે માસ્તરની સખતાઈથી થોડુંક શીખી લઈએ એજ કાંઈ જીંદગીની સાર્થકતા નથી. મોટા વરઘોડા કાઢી નાતો જમાડીએ, અને રાંડો નચાવીએ એજ કાંઈ જીંદગીનો હેતુ નથી. ગમે તેવી ખરાબ સ્થિતિ હોય છતાં પણ લગ્ન કરી લઈએ, કજોડાં કરીએ, અને લાકડે માંકડું જોડી દઈએ એજ કાંઈ જીંદગીનો હેતુ નથી. બચ્ચાંઓને ઉછેરવાની, કેળવવાની તથા તેનું પાલનપોષણ કરવાની શક્તિ ન હોય છતાં પણ બચ્ચાં ઉત્પન્ન કર્યા કરવાં ને તેઓની જીંદગી બગાડવી એ કાંઇ જીંદગીના હેતુઓ નથી. ને એવું પાપ કરવાથી કાંઈ પ્રભુ રાજી થઇ જતો નથી. જીંદગીને ટકાવી રાખવા માટે જે જે જરૂરની વસ્તુઓ છે તે કરતાં ઘણી વધારે વસ્તુઓ ભેગી કર્યા કરવી અને તેને વૈભવ સમજ્યા કરવા, તથા એમાંજ છેવટ સુધી પડ્યું રહેવું એજ કાંઇ જીંદગીની સાર્થકતા નથી. રોગ વાળું ટુંકું જીવન જેમ તેમ પૂરૂં કરી નાખવું અને મરવાને વાસ્તેજ જીવતા હોઇએ તેવી રીતે જીવવું એ કાંઈ જીંદગીનો હેતુ નથી. ચ્હા, તમાકુ, કાફી, દારૂ, અફીણ વગેરે જે ચીજોની જીંદગીને જરૂર ન હોય તે ચીજોના વ્યસનમાં પડ્યું રહેવું ને પોતાની શક્તિઓને ઢીલી પાડી નાંખવી એ કાંઈ જીંદગીનો હેતુ નથી. ધર્મોની બહારની બનાવટી જાળમાં બંધાઈ રહેવું ને પોલંપોલના ગાડરીયા પ્રવાહ જેવો ધર્મ પાળ્યા કરવો એ કાંઈ જીંદગીનો હેતુ નથી. લોકાચારના ગુલામ થઈ બેસવું અને ગમે તેવી ખરાબ રૂઢીને પણ બહુ ચીવટથી વળગી રહેવું એજ કાંઈ જીંદગીનો હેતુ નથી. નાની નાની બાબતોમાં પણ જીવને દુઃખ દીધા કરવું ને વગર મફતની ચિંતા કર્યા કરવી એજ કાંઇ જીંદગીનો હેતુ નથી. સગાંઓ મરી જાય તેની પાછળ અતિશય શોક કર્યા કરવો ને રોયા કુટ્યા કરવું તથા તેનાજ ખ્યાલોમાં વખત ગુમાવી નાખવો એજ કાંઇ

જીંદગીનો હેતુ નથી. અને ભવિષ્યની ફીકરો કર્યા કરવી તથા બાપના બાપ ને તેના બાપને યાદ કરી કરીને રોયા કરવું એ કાંઇ જીંદગીનો હેતુ નથી. કારણ કે આવી આવી બાબતોમાં રહી જવાથી મન દુઃખી થયા કરે છે. આયુષ્ય ટુંકું થાય છે, જીંદગીની મોજ લેવી જોઇએ તે મોજ લઇ શકાતી નથી, અને જે વિશાળતા, જે સ્વતંત્રતા, જે પવિત્રતા, તથા જે મોટાઇ ભોગવવા માટે જીવાત્મા અહીં આવેલો છે તે બધું તે પોતે ભોગવી શકતો નથી, પણ નજીવાં બંધનોમાં રહી જાય છે.

ખરેખરૂં ઊંચી જાતનું જીવન કેવું હોય છે? આપણા વધેલા મહાન ભક્તોનું જીવન કેવું હોય છે? તત્વ સમજી ગએલા જ્ઞાનીઓનું જીવન કેવું હોય છે? અને પ્રભુ સાથે એકતા પામેલા મહાત્માઓનું જીવન કેવું હોય છે? તે હવે આપણે જાણવું જોઇએ.

તેઓની જીંદગી [illegible]વાળી હોય છે. તેઓની જીંદગી ભય વિનાની હોય છે. તેઓની જીંદગી રસ ભરેલી હોય છે, તેઓની જીંદગી આનંદવાળી હોય છે. તેઓની જીંદગી [illegible]વાળી હોય છે. તેઓની જીંદગી [illegible]વાળી હોય છે. તેઓની જીંદગી ચમત્કારોથી ભરેલી હોય છે. તેઓની જીંદગી નિરોગી હોય છે. તેઓની જીંદગી [illegible] હોય છે. તેઓની જીંદગી [illegible] પ્રમાણે પ્રેમવાળી હોય છે. તેઓની જીંદગી [illegible] ચાલનારી હોય છે. તેઓની જીંદગી [illegible] હોય છે. તેઓની જીંદગી [illegible] છે. તેઓની જીંદગી પવિત્ર હોય છે. તેઓની જીંદગી [illegible] હોય છે. તેઓની જીંદગી [illegible] હોય છે. તેઓની જીંદગી [illegible] હોય છે. તેઓ પોતાની જીંદગી [illegible] કરી શકે છે. તેમને નુકશાન [illegible] નથી. તેઓને પોતાની જીંદગી [illegible] મુશ્કેલી [illegible] નથી. તેઓની આડે અડચણો આવી શકતી નથી અને કદિ અડચણો આવે તો પણ તેઓને દુઃખ દઇ શકતી નથી. તેઓનો [illegible] સરળ ને સહેલો હોય છે. તેઓની જીંદગીના માર્ગમાં પ્રકાશ હોય છે, પોતાને કયે રસ્તે જવું છે એ તેઓ બરોબર રીતે જાણે છે. પોતાને કયે

હોય છે અને કંઈ કેટલો રસ્તો બાકી છે એ પણ તેઓ ઓળખી શકે છે. તેઓને પોતાની ઇચ્છાઓ આગળ આવી છે અને તેઓની ઇચ્છાઓ દૈવી તત્ત્વવાળી બની ગઈ છે, બીજું કંઈ નહિ પણ જેમ નદીના મોટા પ્રવાહમાં પડેલું તરણું કે લાકડું પોતાના કાંઈ પણ જોર વિના નદીના પ્રવાહના બળથી દીપિજ દીપિઓનું અને ઝડપથી સમુદ્ર તરફ ખેંચાતું જાય છે, તેમજ જે જ્ઞાનીઓએ પોતાની ઇચ્છાઓને કુદરતના પ્રવાહમાં તેને આધારે છોડી દીધી હોય તેની ઇચ્છા પણ પોતાના કાંઈ પણ જોર વિના કાંપી દઈને અને ઝડપથી પરમાત્મા તરફ દોડી જાય છે. જે આવું જીવન છે તે દિવ્ય જીવન કહેવાય છે, અને તેમાંથી આગળ જતાં પૂર્ણ જીવન બને છે. અને પૂર્ણ જીવન બનાવવું બીજ આપણી ઇચ્છાઓ ઉપર મુખ્ય હેતુ છે, માટે ઇચ્છાની કિંમત તથા ઇચ્છાના હેતુ સમજીને તેને ઉત્તમ બનાવવાની કોશિશ કરો. ઉત્તમ બનાવવાની કોશિશ કરો, અને એ કોશિશ કરવા માટે પ્રથમ તેને ધર્મના રસ્તામાં વાળો અથવા રસ્તામાં વાળો. જ્યારે પીડા વગરનું ઉંચું જીવન ભોગવી શકાશે.

જેઓ આબાદીની બાબતમાં તથા કર્તવ્યમાં બાહુજ રહી જાય છે તેઓ મોટા જ્ઞાની થવાની ધાર રાખતા નથી. પણ મોટા બાબ આમાં, દાખપણ સીધા કરવામાં ને મોટા પારસા કર્યો કરવામાં તેઓની ઇચ્છા બાકી જાય છે માટે એમ ન થાય તે સંભાળજો.

[illegible]

હોય, જેઓ ઉપર લોકોની શ્રદ્ધા બળિ હોય, જેઓ ઠીક સારી રીતે ભણેલા ગણેલા હોય, અને આ તો બહુ પવિત્ર છે એમ લોકો સમજતા હોય તેવા માણસો પણ જીંદગીની પવિત્રતાનો ખરો અર્થ સમજતા નથી, અને બહારની અધુરી તથા હલકી જાતની પવિત્ર ગણાતી વસ્તુઓમાંજ પડ્યા રહે છે, એ દિલગીરી છે. કારણ કે એવી નજીવી નજીવી બાબતોમાં વખત ગાળી નાખવાથી જે બહુ મહત્વની બાબતો હોય તે રહી જાય છે, અને જે બાબતો આવ જરૂરની ન હોય, જે બાબતો કર્યા વિના પણ ચાલી શકે તેમ હોય, જે બાબતોના હેતુ કે અર્થ ન સમજતા હોય, જે બાબતો કનિષ્ઠ અધિકારીઓને કરવા જેવી હોય, જે બાબતો શરૂઆતમાં જ કેનોને થોડોક વખત શીખવાની કે કરવાની હોય, અને જે બાબતમાં કાંઈ બહુ દમ ન હોય, તથા જે બાબતો મૂર્ખાઓ પણ કરી શકે તેવી હોય, એવી બાબતોમાં પણ આખર ઘરડા જણો તથા જ્ઞાનીઓ પડ્યા રહે છે, એ દિલગીરી છે. માટે મહાત્માઓ એમ કહે છે કે, -

જે કર્તવ્યો છે કે જે આવશ્યક પાળવાની છે તે વખત બચાવવા માટે તથા તેનો સદુપયોગ કરવા માટે છે. કંઈ વખત ગુમાવવા માટે નથી. તે બાબતો તંદુરસ્તી સાચવવા માટે છે, કાંઈ તંદુરસ્તી બગાડવા માટે નથી. તે બાબતો આ [illegible] વિકારો [illegible] માટે છે, કાંઈ [illegible] નિરર્થક [illegible] પડે તે માટે નથી. એ બાબતો [illegible] તથા [illegible] માટે છે કાંઈ એ [illegible] કરવાની [illegible] માટે નથી. એ બાબતો [illegible] આવશ્યક માટે છે. કાંઈ મનને [illegible] [illegible] પાડવા માટે કે [illegible] માટે નથી. એ બાબતો તેના હેતુઓ [illegible] કરવાની છે, [illegible] [illegible] કરવાની નથી. એ બાબતો [illegible] [illegible] માટે છે, [illegible] [illegible] માટે [illegible] નથી. [illegible] માટે નથી એ બાબતો [illegible] [illegible] છે. [illegible]

પકડયું," એવી રીતે કરવાની નથી, એ બાબતો પરમાર્થ શીખવા સારૂ કરવાની છે, કાંઇ એકલપેટા થવા સારૂ કરવાની નથી, એ બાબતો પોતાની પ્રકૃતિ પ્રમાણે કરવાની છે અને તે પોતાના સ્વભાવને તથા ટેવોને સુધારવા માટે કરવાની છે, કાંઇ પ્રકૃતિને બગાડવા માટે કરવાની નથી. એ બાબતો વસ્તુઓ ઉપરનો મોહ ઓછો કરવા સારૂ છે, કાંઇ જગતની વસ્તુઓ ઉપરનો મોહ વધારવા માટે નથી. એ બાબતો જરૂર હોય તેટલો વખત કરવાની છે, કાંઈ આખી જીંદગી સુધી કરવાની નથી. એ બાબતો સમજી સમજીને વિધિપૂર્વક કરવાની છે, કાંઈ વગર સમજણે પોતાના મનના ફાંટા પ્રમાણે કરવાની નથી. એ બાબતો આપણને વહેવારમાં તથા પરમાર્થમાં ઉપયોગી થાય તે સારૂ કરવાની છે, કાંઇ વહેવારમાંથી ખમી જવાય અને પરમાર્થનો પણ પત્તો ન લાગે તે સારૂ કરવાની નથી, અને તે બાબતો મહાન ઈશ્વરને ઓળખવા સારૂ તથા તેની નજીક જવા સારૂ કરવાની છે, કાંઈ તેનાથી વિમુખ થવા માટે કરવાની નથી. એટલુંજ નહિ પણ ઈશ્વરી રસ્તામાં ઉડવાની આપણા જીવાત્માને પાંખો મળે તે સારૂ એ બાબતો કરવાની છે, કાંઇ આપણો જીવાત્મા બંધાઈ રહે તે માટે કરવાની નથી,

હવે વિચાર કરો કે, આપણે જે જે આભડછેટની પાળના પડયા રહીએ છીએ તથા કર્મકાંડની જાળોમાં ગુંચાઈ રહીએ છીએ તેથી શું આપણા આત્માની ઉન્નતિ થાય છે? આ પ્રશ્ન આપણે આપણા મનને પૂછવા જોઇએ, અને કેવી રીતે સમજી લેવું જોઇએ કે, ધોકા પાટલા કરવામાં, [illegible] પીવામાં, લોટા માંજવામાં, છ[illegible]થી છેટાઈ જવામાં, "આ ચીજ ખપે ને આ ચીજ ન ખપે" એમ કથા કરવામાં, અને બહારના બનાવટી કર્મકાંડોમાં પડયા રહેવાથીજ કાંઇ જીવ[illegible] સુધરી શકતી નથી, પણ ઉલટો તો ઉલટો અમૂલ્ય વખત ફોકટ જાય છે, અને એમ થવાથી જે માણસો એવી એવી બહારની બાબતોમાં બહુ રહી જાય તે માણસો બહુ શાનાં કે બહુ ધીરા થવાની થઇ શકતા નથી માટે એવી ભુલ ન થવ

ઓ સંભાળજો. અને દેશકાળ ધ્યાનમાં રાખીને તથા પોતાની પ્રકૃતિ સમજીને પવિત્રતા જાળવવા માટે જેટલી બાબત જરૂરની હોય તેટલીજ વાત કરજો, પણ વિના કારણ બહારની બાબતોને બહુ વધારી દેશો માં. કારણ કે જો એવી બાબતોને વધારવા કરીએ તો પછી તેની કાંઇ હદજ રહેતી નથી. એટલુંજ નહિ પણ બીજી એ વાત પણ સમજી લેવા જેવી છે કે, બહારની નજીવી નજીવી ઉપલક પવિત્રતા કરતાં અંતરની કુદરતી પવિત્રતા સાંભાળવી શ્રેષ્ઠ છે. અને એ પવિત્રતા જ્ઞાનના બળથી તથા પોતાના બંધુઓની સેવા કરવાના જોર વડેથી મેળવી શકાય છે માટે એવી અંતરની સારી પવિત્રતા ઉપર વધારે ભાર [illegible] અને બહારની બનાવટી કર્મકાંડની પવિત્રતા ઉપર તથા [illegible] ઉપર અંકુશ [illegible] તો વધારે ઉંચી જાતનું પવિત્ર જીવન [illegible] હૃદયની વિશુદ્ધતા [illegible] હૃદયની [illegible] તેમ કરે.

[illegible] દુનીની માર્ગ કરતા થયા છે કે નહિ. [illegible] તેના નુકસાનો.

[illegible]

બરાબર થઈ છે કે નહિ, તેની ખાત્રી કરનારી સ્હેલી કુંચીઓ પણ આ જગતમાં અસલથી વપરાયા કરે છે, અને હવે તો દરેક બાબતમાં એની કુંચીઓ વપની જાય છે. જેમકે–

ગણિતના બહુ મ્હોટા મ્હોટા દાખલા ગણ્યા હોય તે સાચા છે કે નહિ, એ તપાસી જવાની બહુજ સ્હેલી કુંચીઓ હોય છે, તેથી જે દાખલા ગણતાં ઘણા કલાકો કે દિવસો લાગ્યા હોય, તે દાખલો સાચો છે કે ખોટો, એ તેની કુંચીઓ ઉપરથી મિનિટ બે મિનિટમાં કહી શકાય છે. કોઇ મ્હોટી નદી ઉપર રેલ્વેનો પુલ બાંધ્યા પછી તે પુલ બરોબર છે કે નહિ, રેલનું વજન ઝીલી શકે તેમ છે કે નહિ, પૂર વખતે ટકી શકે તેમ છે કે નહિ, વગેરે બાબતોની ખાત્રી કરવામાં આવે છે, અને એ ખાત્રી કરવાની યુક્તિ બહુ ટુંકી ને સ્હેલી હોય છે. આગબોટ તૈયાર થયા પછી તે દરિયામાં ઉતારવાને લાયક છે કે નહિ, તોફાનની સામે ટકી શકે તેમ છે કે નહિ, તેમાં બચાવનાં પૂરતાં સાધનો છે કે નહિ, એ બધી બાબતોની પ્રથમ ખાત્રી કરવામાં આવે છે. વિમાનને પ્રથમ ઉડાડવું હોય ત્યારે તે પવનની સામે ટકી શકે તેમ છે કે નહિ, કલાકના કેટલા માઇલ જઇ શકે તેમ છે, કેટલું વજન ઉપાડી શકે તેમ છે, એ બધાંની ટુંકી અને સ્હેલી યુક્તિયોથી ખાત્રી કરવામાં આવે છે. આવી રીતે દરેક ન્હાની મ્હોટી બાબતોની ટુંકી ને સ્હેલી કુંચીઓથી પ્રથમ પરીક્ષા કરવામાં આવે છે, કસોટી કરવામાં આવે છે, ખાત્રી કરવામાં આવે છે, અને પછી એ બાબતોને માનવામાં આવે છે. એ વિના અટકળે અટકળે માની લેવું, અને મનમાં ને મનમાં મોતીના ચોક પૂર્યા કરવા તેમાં કાંઈ વળે નહિ. એમ કરવામાં તો ઘણી વખત છેતરાઈ જવાય છે. અને તેમાં પણ હવે બુદ્ધિબળના જમાનામાં તો એવી પોલંપોલ ચલાવાય નહિ, કારણ કે દરેક ચીજની ખાત્રી કરવાની સ્હેલી કુંચીઓ જગતમાં તૈયાર છે.

બન્ધુઓ! જેમ જગતની જડવસ્તુઓ માટે આવી યુક્તિયો છે તેમજ ધર્મ પાળવાની પરીક્ષા માટે, આધ્યાત્મજ્ઞાનની પરીક્ષા માટે અને જીંદગીની સાર્થકતા થઈ છે કે નહિ,

૨૧. ૨. ૨૦

તે સમજવા માટે પણ એવી સહેલી કુંચીઓ છે. તે કુંચી આપણે જાણી લેઇએ, કારણ કે આપણે આપણા મનમાં એમ સમજતા રહીએ છીએ કે અમે બહુ ધર્મ પાળીએ છીએ, પણ ધર્મને તોલી જોવાનો કાંટો આપણી પાસે નથી; આપણે જે ધર્મ પાળીએ છીએ તે સાચો છે કે ખોટો, તેની ખાત્રી કરવાની ચાવી આપણી પાસે નથી, અને આપણું ઘણું મન પડ્યો છે કે કેટલો ધન પામ્યો છે, તે જાણવાનું ધર્મમાપકયંત્ર આપણી પાસે નથી. તેથી આપણે ભૂલ ખાઈએ છીએ અને પોતે [illegible] કરતા રહીએ છીએ. એના જ સારુ ભાઈ આપણે [illegible]

[illegible]

[illegible]

હાલમાં જે વસ્તુઓ આપણને જીવવિનાની લાગે છે તે વસ્તુઓ દિવ્યદૃષ્ટિથી ચૈતન્યવાળી લાગે છે. જે બહુજ ન્હાની વસ્તુઓ હાલમાં આપણને બિલકુલ દેખાતી નથી તેવી ચીજો દિવ્યદૃષ્ટિથી દેખી શકાય છે. હાલમાં બહુજ દૂરની વસ્તુઓ આપણને દેખાતી નથી તે દિવ્યદૃષ્ટિથી દેખાય છે. હાલમાં જે બાબતો, જે ભાવ [illegible], જે પાપો અને જ્ઞાનની જે કુંચીઓ આપણને બહુજ ન્હાની, સાધારણ કે નજીવી લાગે છે તે બધી બાબતો દિવ્યદૃષ્ટિથી બહુ મોટી જણાય છે, ને પ્રત્યક્ષ દેખાય છે. તેમજ ધન, માન, કીર્તિ, લોકલાજ, દેહનો મોહ, અહંભાવ, સ્વાર્થવૃત્તિ, દેશકાળ ભેદ, નાતજાતનાં બંધનો, [illegible] ને બીજી જે બાબતો હાલમાં બહુ મોટી મોટી દેખાય છે તે બધી બાબતો દિવ્યદૃષ્ટિથી ન્હાની ન્હાની ને કિંમત વગરની થઈ જાય છે; કારણ કે દિવ્યદૃષ્ટિનું બીજું નામ વિશ્વદર્શન છે, અને તેનું ત્રીજું નામ શિવનું ત્રીજું નેત્ર અથવા જ્ઞાનદૃષ્ટિ છે. એ ત્રીજા નેત્ર એટલે જ્ઞાનદૃષ્ટિમાં અગ્નિ રહેલો છે, ને દરેક [illegible] વસ્તુને બાળી નાખે છે ને આ શ્રીમદ્ભગવદ્ગીતામાં પણ કહેલું છે કે

> यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
> ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥
>
> અ૦ ૪, શ્લોક ૩૭.

હે અર્જુન! જલદી બળી જાય એવા લાકડાંને જેમ [illegible] દેદીપ્ય અગ્નિ તુરત બાળીને ભસ્મ કરી નાખે છે તેમ જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને બાળીને ભસ્મ કરી નાખે છે.

બંધુઓ! જ્ઞાનદૃષ્ટિ વિશ્વદૃષ્ટિ—દિવ્યદૃષ્ટિ [illegible]

ત્યારે તેમાંથી એક બહુ બોલકણી છોકરીએ કહ્યું કે–એટલું બધું મોણ ઘાલીને શું વાત કરે છે? જેવું હોય તેવું કહી દેને! "ફલાણા સુખના જેવું એ સુખ છે," એમ કહી દે, એટલે અમે સમજી લઈએ કે વરનું સુખ આવું હોય!

એ સાંભળીને તે પ્રેમીલી બાળાએ કહ્યું કે–બ્હેન! કોઈની પણ સાથે એ સુખની સરખામણી થઈ શકે તેમ નથી. એ સુખની વાતજ જુદી છે. તે હું તમને કેમ સમજાવી શકું? એ સુખ સમજાવતાં મને આવડતું નથી. એનો જ્યારે તમે પરણશો અને તમને લાયક વર મળશે ત્યારેજ એ પ્રેમનાં સુખની વાતો તમે સમજી શકશો. આ વાત કહેતી વખત પોતાના પતિનું સુખ યાદ આવી જવાથી તે બાળાની આંખમાં કાંઈક જુદુંજ તત્વ હતું, તેના ચ્હેરા ઉપર કાંઈક નોખુંજ નૂર હતું, તેની વાણીમાં કાંઈક અલૌકિક ભાવ હતો, તેની નાડીના ધબકારા જોવા જેવા હતા, તેના શ્વાસની ગતિ સમજવા જેવી હતી, અને તેના અંતરમાં જે સુંદર ને સ્વાભાવિક ચિત્રો ખડાં થયાં હતાં તે જોવા લાયક અને વંદન કરવા લાયક હતાં. આ બધી બાબતો તે અજ્ઞાન મુગ્ધાઓ કેવી રીતે સમજી શકે? ભલે તેની સહીપણીઓ હોય તોપણ લગ્ન થયા વિના–જાતિ અનુભવ થયા વિના પાનના પ્રેમના સુખની ખબર તેઓને કેવી રીતે પડી શકે? તેમજ બંધુઓ! દિવ્યદર્શનની- હરિદર્શનની ખુબી હાલમાં આપણે પણ ક્યાંથી સમજી શકીએ? એ તો જ્યારે પૂરો ધર્મ પાળીએ, સત્યધર્મ પાળીએ, દિવ્યલોચનીયાં મેળવીએ અને પછી દિવ્યદર્શન કરીએ ત્યારેજ તેની ખુબી સમજાય. એ વિના–જાતિઅનુભવ વિના કાંઈ વળે નહિ. માટે અર્જુનને દિવ્યચક્ષુ મળ્યાં હતાં તેવાં દિવ્યચક્ષુ આપણને મળે એવી તજવીજ કરો. કારણ કે દિવ્યદર્શન એ સ્વર્ગનું ઉત્તમમાં ઉત્તમ રત્ન છે, અને આપણી જીંદગીની સાર્થકતા થઈ છે કે નહિ, એ સમજવા માટે દિવ્યદૃષ્ટિ એ સ્હેલી ચાવી છે; માટે એ ખરી ચાવી મેળવવાની મહેનત કરો. અને એ ન મળે ત્યાં સુધી હરિદર્શન માટે સમજી સમજીને પ્રેમપૂર્વક પ્રાર્થના કરો કે–

સ્ત્રી ઉપયોગી નવું પુસ્તક.

સ્વર્ગની સુંદરીઓ.

હાલના જમાનાને બંધ બેસતી રીતે અને થોડું ભણેલી બાઇઓ પણ સ્હેલાઇથી સમજી શકે તથા હોંસે હોંસે વાંચવાનું મન થાય એવાં સ્ત્રી ઉપયોગી પુસ્તકો આપણી ભાષામાં બહુ થોડાં છે. આ પુસ્તક તેવી જાતનું કરવા પ્રયત્ન કર્યો છે. વાંચતાં વાંચતાં રસ પડી જાય અને મન ઉપર સચોટ અસર થઇ જાય એવાં દ્રષ્ટાંતો અને પાત્રો આ પુસ્તકમાં વર્ણવેલાં છે. મીસ રોઝનું પરમાર્થી જીવન, લલિતાબાઇનું રસોઇના રસાયણ વિષે ભાષણ, ધીરજબ્હેનને તેના પતિ સાથે થયેલો પત્ર વ્યવહાર, શિરોહીની રાજકુમારી અને કેશરીસિંહની વાત, 'મધુરીમિયાનું' જીવન અને પરમાર્થનાં કામો, આરોગ્યતા વિષે મનોહરીબ્હેનના વિચારો, મંજુલાદેવીની સંગીત મંડળી, બાળકોની મહત્તા તથા તેને ઉછેરવા અને કેળવવા વિષે ઉત્તમબ્હેનની વાતો, મર્યાદાગૌરીનું સ્ત્રી પુરૂષના સહવાસ વિષે ભાષણ, સ્ત્રીઓનો અવતાર શા માટે છે? એ વિષે સવિતાબ્હેનના વિચારો વગેરે બાબતો સાદી ને સ્હેલી રીતે વર્ણવેલી હોવાથી તે વાંચવામાં મન તલ્લીન થઇ જાય છે. તેમાંની અંદરનાં થોડાં પ્રકરણો તો વાંચો!